पञ्चशतप्रकरणप्रासाद-सूत्रणसूत्रधार-पूर्वधरमहर्षि-वाचकप्रवर-
श्री उमास्वाति-भगवत्-प्रणीतं स्वोपज्ञकारिका-भाष्ययोरुपरि चतुश्चत्वारिंशदधिक-
चतुर्दशशत-प्रकरणकर्तृ श्रीमद्-हरिभद्रसूरि-विरचितवृत्तिसमलङ्कृतम्

# श्री तत्त्वार्थाधिगम सूत्रम्

## અધ્યાય-૮


(ગુજરાતી અનુવાદ)





❊ ભાવાનુવાદકાર ❊


પૂ. આચાર્ય શ્રી વિજયરાજશેખરસૂરીશ્વરજી મહારાજા


# વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખર





(બે ભાગ)









(બે ભાગ)










(બે ભાગ)





(બે ભાગ)





(બે ભાગ)



# જશેખરસૂરીશ્વરજી મહારાજા આદિએ કરેલું સાહિત્ય સર્જન



॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રીમદ્ વિજય-દાન-પ્રેમ-રામચંદ્ર-હીરસૂરિ સદ્ગુરુભ્યો નમઃ ॥
॥ ऐं नमः ॥

શ્રી વિજય નેમિસૂરિ જ્ઞાન શાળા ... ની વાડી, અમદાવાદ

पञ्चशतप्रकरणप्रासाद-सूत्रणसूत्रधार-पूर्वधरमहर्षि-वाचकप्रवर
श्री उमास्वाति भगवत् प्रणीतं स्वोपज्ञकारिका-भाष्ययोरुपरि चतुश्चत्वारिंशदधिक
चतुर्दशशत प्रकरणकर्तृ श्रीमद् हरिभद्रसूरि विरचितवृत्तिसमलङ्कृतम्

# ॥ શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમ્ ॥

## અધ્યાય-૮

## (ગુજરાતી અનુવાદ)

* ભાવાનુવાદકાર *
પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર**
પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **હીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર**
પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **લલિતશેખરસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન**
અનેક ગ્રંથોના ભાવાનુવાદકાર
પ.પૂ.આ. શ્રીમદ્ વિજય **રાજશેખરસૂરીશ્વરજી મહારાજા**

* સંપાદક *
**પૂ. મુનિરાજ શ્રી ધર્મશેખરવિજયજી ગણી**

* સહયોગી *
**પૂ. મુનિરાજ શ્રી દિવ્યશેખરવિજયજી**

**પ્રથમ આવૃત્તિ : વિ.સં. ૨૦૭૦, વી.સં. ૨૫૪૦, નકલ : ૧૦૦૦**

* પ્રકાશક *
**શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ**
**પૂજ્ય આચાર્યશ્રી રાજશેખરસૂરિ ભાવાનુવાદ ભવન**
૪૯/૩૬, સીલ્વર લીફની સામે, કામતઘર રોડ, ભિવંડી-૪૨૧ ૩૦૫.

* પ્રાપ્તિ સ્થાન *
**હિન્દુસ્તાન મિલ સ્ટોર્સ**
૪૮૧, ગની એપાર્ટમેન્ટ, રતન ટોકીઝની સામે, આગ્રા રોડ, ભિવંડી-૪૨૧ ૩૦૫.
ફોન : (૦૨૫૨૨) ૨૩૨૨૬૬, મો. ૯૩૨૧૨ ૩૨૨૬૬

**મૂલ્ય : રૂા. ૧,૫૦૦/- (ભાગ : ૧ થી ૧૦)**

# સુકૃતમ્

વ્યાખ્યાન વાચસ્પતિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના સમુદાયવર્તી સિદ્ધહસ્ત લેખક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન તપસ્વી મુનિરાજ શ્રી પ્રશમપૂર્ણવિજયજી મહારાજ સાહેબની પાવન પ્રેરણાથી **'શ્રી ભાંડોત્રા જૈન સંઘ'** તરફથી શ્રી સંઘના જ્ઞાનનિધિમાંથી આ 'શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર' પુસ્તક પ્રકાશનનો સંપૂર્ણ લાભ લેવામાં આવેલ છે.

શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ તેની ખૂબ ખૂબ અનુમોદના કરે છે.

*** સૂચના ***

આ પુસ્તક જ્ઞાનદ્રવ્યમાંથી છપાવ્યું હોવાથી ગૃહસ્થે મૂલ્ય ચૂકવ્યા વિના આ પુસ્તકની માલિકી કરવી નહીં. વાંચવા માટે આ પુસ્તકનો ઉપયોગ કરવો હોય તો યોગ્ય નકરો જ્ઞાનભંડાર ખાતે આપવો જરૂરી જાણવો.



અગ્નિ સંસ્કાર ભૂમિ પર નવનિર્મિત
પ.પૂ.આ.ભ.શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજાનું ગુરુમંદિર
નિલમ વિહાર - પાલીતાણા

## * ભૂમિકા *

પ્રસ્તુત શાસ્ત્રનું (સૂત્રનું) મુખ્ય નામ તત્ત્વાર્થાધિગમ છે. આ શબ્દનો અર્થ સંબંધકારિકાની ૨૨મી કારિકાની ટીકામાં જણાવ્યો છે. પણ વર્તમાનમાં તેને તત્ત્વાર્થસૂત્ર એવા સંક્ષિપ્ત નામથી ઓળખવામાં આવે છે. આ ગ્રંથના કર્તા પૂજ્ય ઉમાસ્વાતિ મહારાજા છે. આ સૂત્રો ઉપર ભાષ્ય પણ તેમણે જ રચેલું છે. દિગંબરો "જ્યાં વસ્ત્ર ત્યાં મુક્તિ નહિ" એવી એમની માન્યતાને બાધ આવતો હોવાથી ભાષ્યને ઉમાસ્વાતિ મહારાજા કૃત માનતા નથી. તેઓ ભલે ન માને પણ કેટલીક દલીલો વગેરેના આધારે ભાષ્ય ઉમાસ્વાતિ મહારાજાનું જ છે એમ સિદ્ધ થાય છે. જિજ્ઞાસુએ એ દલીલો પ.પૂ. આચાર્ય શ્રીમદ્ આનંદસાગરસૂરીશ્વરજી મહારાજાએ લખેલા ઉપક્રમમાંથી જાણી લેવી. એ ઉપક્રમ આ ગ્રંથના પહેલા ભાગના અંતે મુદ્રિત કરવામાં આવ્યો છે.

### ગ્રંથનો પરિચય

આ ગ્રંથ મુખ્યતયા દ્રવ્યાનુયોગનો વિષય છે. જૈનશાસનમાં દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગ એમ ચાર અનુયોગ પ્રસિદ્ધ છે. અનુયોગ એટલે વ્યાખ્યાન કે વર્ણન. જેમાં જીવાદિ દ્રવ્યોના(=તત્ત્વોના) વ્યાખ્યાનની પ્રધાનતા હોય તે દ્રવ્યાનુયોગ. જેમાં આચારોનું વિશેષથી વર્ણન હોય તે ચરણકરણાનુયોગ. જેમાં ગણિત આવતું હોય તે ગણિતાનુયોગ. જેમાં ધર્મકથાનું વર્ણન આવતું હોય તે ધર્મકથાનુયોગ. આ ચાર અનુયોગોમાં દ્રવ્યાનુયોગ અને ચરણકરણાનુયોગ એ બે અનુયોગો મુખ્ય છે. તે બેમાં પણ અપેક્ષાએ દ્રવ્યાનુયોગનું મહત્ત્વ વધારે છે. પ્રસ્તુત તત્ત્વાર્થસૂત્ર દ્રવ્યાનુયોગની પ્રધાનતાવાળું છે. કારણ કે તેમાં જીવ વગેરે સાત દ્રવ્યોનું(=તત્ત્વોનું) વર્ણન છે. આથી આ ગ્રંથનું મહત્ત્વ ઘણું છે.

આ ગ્રંથને બરાબર સમજવાથી સમ્યગ્દર્શન પ્રગટે છે અને પ્રગટ થયેલું સમ્યગ્દર્શન દૃઢ અને નિર્મળ થાય છે. જેમકે પાંચમા અધ્યાયમાં

સૂત્ર ૩૨ "स्निग्धरूक्षत्वात् बन्धः" વગેરે સૂત્રોમાં કરેલું પુદ્ગલોના બંધનું વર્ણન આપણને સ્પષ્ટ સમજાવે છે કે સર્વજ્ઞ વિના બીજો કોઇ આવી બાબતો કહી શકે નહિ. આ તો માત્ર એક દૃષ્ટાંત રૂપે જણાવ્યું. બીજી ઘણી બાબતો એવી છે કે જે સર્વજ્ઞ વિના બીજો કોઇ કહી શકે નહિ.

**પ્રશ્ન–** ઉમાસ્વાતિ મહારાજા કયાં સર્વજ્ઞ હતા ? એ તો છદ્મસ્થ હતા એથી એમનું કહેલું સર્વજ્ઞોએ કહ્યું છે એમ કેમ કહી શકાય ?

**ઉત્તર–** પૂ. ઉમાસ્વાતિ મહારાજાએ આ બધું પોતાની મતિકલ્પનાથી નથી કહ્યું. કિંતુ તેમની પૂર્વે થયેલા વિદ્વાન અને મહાન આચાર્યોએ જે કહ્યું તેના આધારે કહ્યું છે. તેમની પૂર્વે થયેલા આચાર્યોએ પણ પોતાની પૂર્વે થયેલા મહાન જ્ઞાની આચાર્યોના કથન મુજબ કહ્યું છે એમ આગળ વધતાં વધતાં પૂર્વકાલીન આચાર્યોએ ગણધરોના ઉપદેશ મુજબ કહ્યું છે અને ગણધરોએ સર્વજ્ઞ ભગવંતે કહેલા ઉપદેશના આધારે કહ્યું છે. તેથી આ શાસ્ત્રના મૂળમાં સર્વજ્ઞ ભગવંત છે. જેના મૂળમાં સર્વજ્ઞ ભગવંત ન હોય તેવા અન્ય દર્શનકારોનું કથન સાચું ન ગણાય.

અહીં કહેવાનો આશય આ પ્રમાણે છે- જન્મથી અંધ હોય તેવા એક પુરુષે હાથીને સ્પર્શીને હાથી કેવો હોય તેનો નિર્ણય કર્યો. તેણે બીજા જન્મથી અંધ પુરુષને હાથી કેવા પ્રકારનો હોય તે કહ્યું. તેણે(=બીજાએ) ત્રીજાને કહ્યું. આમ જન્માંધ પુરુષોની ગમે તેટલી લાંબી પરંપરા સુધી હાથીના આકારનું વર્ણન થતું રહે તો પણ કોઇનેય હાથીના સાચા આકારનું જ્ઞાન ન થાય. કારણ કે પ્રથમ જન્માંધ પુરુષને હાથીના આકારનો સાચો નિર્ણય થયો નથી. આંખોથી દેખતો પુરુષ હાથીના આકારનો જેવો નિર્ણય કરી શકે તેવો નિર્ણય જન્માંધ પુરુષ ગમે તેટલો બુદ્ધિશાળી હોય તો પણ ન કરી શકે. (અહીં "જન્મથી અંધપુરુષની પરંપરા" કહેવાનું કારણ એ છે કે આ પરંપરામાં કોઇ પુરુષ દેખતો હોય તો તેને હાથીના સાચા આકારનું જ્ઞાન થવાનો સંભવ રહે પણ પરંપરામાં બધા જ જન્માંધ હોય એટલે કોઇનેય હાથીના સાચા સ્વરૂપનું(=આકારનું) જ્ઞાન ન થાય.)

તેવી રીતે પ્રસ્તુત જૈનદર્શન સિવાયના બધા જ દર્શનકારો છદ્મસ્થ હોવાથી તેમની ચાલેલી પરંપરામાં આવનારા બધા જ છદ્મસ્થ પુરુષોને આત્મા આદિ પદાર્થોના સાચા સ્વરૂપનું જ્ઞાન થતું નથી એટલે તેઓ "અમારી આટલી લાંબી પરંપરાથી આ જ્ઞાન અમને મળતું આવ્યું છે" એમ કહે તો પણ એમનું જ્ઞાન સત્ય નથી. (યોગબિંદુ ગા.૪૨૯ વગેરે)

જૈનદર્શનમાં તો આત્મા આદિને સાક્ષાત્ જાણનારા સર્વજ્ઞપુરુષથી પરંપરા ચાલી છે, એટલે જૈનદર્શનની સાચી પરંપરામાં આવેલું જ્ઞાન યથાર્થ છે, માટે આ તત્ત્વાર્થ સૂત્રને જાણવા માટે ખાસ પ્રયત્ન કરવો જોઈએ. આ ગ્રંથ માત્ર ૨૦૦ શ્લોકથી ઓછા પ્રમાણવાળો હોવા છતાં તેમાં સંપૂર્ણ જૈનશાસનનો સાર સમાવી દીધો છે. જાણે કે ગાગરમાં સાગરને સમાવી દીધો છે. તેથી જ કલિકાલસર્વજ્ઞ આ.શ્રીહેમચંદ્રસૂરિ મહારાજ સ્વરચિત સિદ્ધહેમ શબ્દાનુશાસનમાં અ.૨ પા.૨ સૂ.૩૯ માં <u>उपोमास्वातिं संग्रहीतारः</u>=ઘણા વિષયનો થોડામાં સંક્ષેપ કરવાના વિષયમાં ઉમાસ્વાતિ મહારાજા જેવા બીજા કોઈ શ્રેષ્ઠ નથી. એમ જણાવ્યું છે.

## ગ્રંથકારનો પરિચય

ગ્રંથકારની માહિતી ગ્રંથકારે પોતે ગ્રંથના અંતે પ્રશસ્તિમાં સંક્ષેપથી જણાવી છે. તે આ પ્રમાણે–

"જેમનો યશ જગતમાં પ્રગટ છે તે શિવશ્રી નામના વાચકમુખ્યના પ્રશિષ્ય અગ્યાર અંગોના જ્ઞાતા ઘોષનંદી ક્ષમાશ્રમણના શિષ્ય, વાચનાથી (ભણાવનારની અપેક્ષાએ) મહાવાચક શ્રમણ મુંડપાદના શિષ્ય, વિસ્તૃત કીર્તિવાળા મૂલ નામના વાચકાચાર્યના શિષ્ય કૌભીષણ ગોત્રવાળા સ્વાતિ નામના પિતા અને વાત્સી ગોત્રવાળી ઉમા નામની માતાના પુત્ર ન્યગ્રોધિકા ગામમાં જન્મેલા, કુસુમપુર (પાટલીપુત્ર) નામના શ્રેષ્ઠ નગરમાં વિચરતા, ઉચ્ચ નાગર શાખાના વાચક શ્રી ઉમાસ્વાતિજીએ ગુરુપરંપરાથી મળેલા ઉત્તમ અરિહંત વચનોને સારી રીતે સમજીને (શરીર-મનના) દુઃખોથી પીડિત તથા અસત્યઆગમથી

નષ્ટબુદ્ધિવાળા જગતને જોઇને જીવોની અનુકંપાથી સ્પષ્ટ અર્થવાળા આ તત્ત્વાર્થાધિગમ નામના શાસ્ત્રની રચના કરી."

આ વિશે હું વિશેષ વિવેચન લખતો નથી. કારણ કે બહુ વિસ્તારથી લખવું પડે. બહુ વિસ્તારથી લખાયેલા લખાણને વાંચવાનો રસ બહુ અલ્પજીવોને હોય છે તથા હું આંખની તકલીફના કારણે વિસ્તારથી લખવા માટે સમર્થ પણ નથી. આથી જિજ્ઞાસુઓએ આ વિશે વિશેષ માહિતી માટે "ઉમાસ્વાતિ મહારાજા ક્યારે થયા ? કયા વંશમાં થયા" ઈત્યાદિ વિગતો જૈનપરંપરાનો ઈતિહાસ ભાગ-૧ માંથી તથા પંડિત શ્રી સુખલાલજી કૃત તત્ત્વાર્થ વિવેચનવાળા પુસ્તકમાંથી તથા પૂ.આ. ભગવંત શ્રીકેસરસૂરિજી મહારાજાના સમુદાયનાં આ. શ્રીહેમપ્રભ-સૂરિજીના શિષ્ય વિદ્વાન મુનિ શ્રીઉદયપ્રભવિજયજીગણિવરે લખેલ સિદ્ધસેનગણિકૃત ટીકાના પ્રથમ અધ્યાયના ટીકાનુવાદમાં લખેલી ભૂમિકામાંથી તથા પ.પૂ. આગમોદ્ધારક શ્રીઆનંદસાગરસૂરિ મહારાજાએ લખેલ तत्त्वार्थकतृतन्मतनिर्णयः નામના પુસ્તકમાંથી જોઇ લેવું.

## ટીકાકાર મહર્ષિનો પરિચય

તત્ત્વાર્થકારિકા અને ભાષ્યની ટીકા કરનારા શ્રીહરિભદ્રસૂરિ મહારાજા જૈનશાસનમાં યાકિનીમહત્તરા ધર્મપુત્ર તરીકે પ્રસિદ્ધિને પામેલા અને ચૌદશો ગ્રંથના પ્રણેતા હરિભદ્રસૂરિ મહારાજા સમજવા. એમણે ડુપડુપિકા નામની ટીકા રચી છે. શબ્દકોષમાં ડુપડુપિકા શબ્દનો અર્થ જોવામાં આવ્યો નથી. પણ ડુપડુપિકા એટલે નાવડી એવો અર્થ મને જણાય છે. આ ટીકા પૂર્વે વિ.સં. ૧૯૯૨માં રતલામ નિવાસી શ્રેષ્ઠી ઋષભદેવજી કેસરીમલ જૈન શ્વેતાંબર સંસ્થા દ્વારા મુદ્રિત થઇ હતી. તેમાં લખાયેલા ઉપક્રમ પ્રમાણે આ ટીકા સૌથી પ્રાચીન છે. અર્થાત્ સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકાથી પણ પ્રાચીન છે, તેના કારણો [1]ઉપક્રમમાંથી જાણી લેવા તથા તત્ત્વાર્થસૂત્રના ભાષ્યના કર્તા પણ ઉમાસ્વાતિ મહારાજા હતા.

૧. ઉપક્રમ આ પુસ્તકને અંતે આપેલો છે.

તેના કારણો પણ ઉપક્રમમાંથી જાણી લેવા. ભવિષ્યમાં વિદ્વાનોને ઉપયોગી બને તે માટે આ ઉપક્રમ આ ગ્રંથના પ્રથમ ભાગના અંતમાં મુદ્રિત કરવામાં આવ્યો છે. આ. શ્રીહરિભદ્રસૂરિ મહારાજાએ છઠ્ઠા અધ્યાયના ત્રેવીસમાં સૂત્રના "વિનયસંપન્નતા" પદ સુધીની ટીકા કરી છે. ત્યાર પછી એમની ટીકા જોવામાં આવતી નથી. કદાચ એ દરમિયાન એ મહાપુરુષ બિમાર પડ્યા હોય અને કાળધર્મ પામ્યા હોય એ બનવા જોગ છે. બાકી રહેલી એ ટીકાને આચાર્યશ્રી યશોભદ્રસૂરિએ ઉદ્ધાર કરવાનો પ્રારંભ કર્યો. તેમણે ત્યાંથી(=વિનયસંપન્નતા પછીથી) દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્ર સુધીની ટીકા ઉદ્ધરી[૧] છે. બાકીની ટીકા તેમના શિષ્યે ઉદ્ધૃત કરી છે. આ વિગત દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્રની ટીકાના અંતે લખાયેલા પાઠથી સ્પષ્ટ થાય છે. આના ઉપરથી એ પણ નિશ્ચિત થાય છે કે સિદ્ધસેન ગણિની મોટી ટીકાથી આ ટીકા પ્રાચીન[૨] છે.

## અનુવાદ અંગેની માહિતી

વિ.સં. ૨૦૫૩માં મારું ચાતુર્માસ પાલીતાણામાં થયું. તે વખતે સાધુ-સાધ્વીજીઓએ મારી પાસે ચાતુર્માસમાં વાંચના આપવાની માંગણી કરી. આથી તત્ત્વાર્થસૂત્ર ઉપર વાચના આપવાનું નિશ્ચિત થયું. તત્ત્વાર્થસૂત્ર ઉપર વર્તમાનમાં સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકા અને શ્રીહરિભદ્રસૂરિકૃત નાની ટીકા એ બે ટીકાઓ પ્રસિદ્ધ છે. આ બે ટીકાઓને જોતાં મને લાગ્યું કે સિદ્ધસેન ગણિકૃત મોટી ટીકા ઘણી કઠિન છે. આથી હરિભદ્રસૂરિકૃત

---

૧. અહીં ઉદ્ધૃત=ઉદ્ધાર કર્યો એ શબ્દથી શું સમજવું ? દશમા અધ્યાયના છઠ્ઠા સૂત્રની વૃત્તિના અંતે લખેલા પાઠના આધારે મને એમ સમજાય છે કે સિદ્ધસેન ગણિકૃત ટીકામાંથી ઉદ્ધાર કર્યો છે. અહીં શબ્દશઃ ઉદ્ધાર કર્યો છે એમ ન સમજવું. કિંતુ જ્યાં સિદ્ધસેન ગણિકૃત ટીકામાં પાઠ લાંબા હોય તેને ટૂંકાવી દીધા, જ્યાં શબ્દની કઠિનતા હોય ત્યાં સરળ શબ્દો મૂક્યા અને ક્યાંક પોતાને યોગ્ય લાગ્યા તેવા શબ્દો મૂક્યા. આ રીતે તેમણે ઉદ્ધાર કર્યો એમ મને જણાય છે.

૨. શ્રીહરિભદ્રસૂરિએ અપૂર્ણ ટીકા લખી એ દરમ્યાન સિદ્ધસેન ગણિએ એ ટીકાને પૂર્ણ કરવાને બદલે સ્વતંત્ર પોતાની મોટી ટીકા લખી. પછી યશોભદ્રસૂરિએ એ ટીકાના આધારે હરિભદ્રસૂરિની બાકીનો ટીકાનો ઉદ્ધાર કર્યો.

નાની ટીકા ઉપર વાચના આપવાનો નિર્ણય કર્યો. શાશ્વતી ઓળી આદિના દિવસો સિવાય ચાર માસ સુધી નિયમિત વાચના ચાલી.

આ સમયે મેં શ્રી તત્ત્વાર્થસૂત્રની શ્રીહરિભદ્રસૂરિકૃત ટીકાનો અનુવાદ કરવાનો સંકલ્પ કર્યો પણ અન્ય ગ્રંથોના અનુવાદના કારણોસર આ અનુવાદ થઇ શક્યો નહિ. વિ.સં. ૨૦૬૪માં દહાણુ સ્ટેશનના ઈરાની રોડ ઉપર આવેલા ઉપાશ્રયમાં આનો અનુવાદ શરૂ કર્યો પણ તેમાં શારીરિક બિમારી આદિ ઘણા વિઘ્નો આવ્યા. આમ છતાં વિઘ્નો રૂપ ખડકો સાથે અથડાતી કુટાતી પણ આ અનુવાદ નૌકા ઘણા વિલંબથી પણ પૂર્ણતાના કિનારે આવેલી જોઇને મારું મન હર્ષવિભોર બની જાય એ સહજ છે.

આ અનુવાદમાં વિદ્વાનોને ઘણી ક્ષતિઓ દેખાશે, ક્યાંક વિસ્તારથી લખવાનું હોવા છતાં વિસ્તારથી ન લખ્યું હોય, ક્યાંક સંસ્કૃત શબ્દને અનુરૂપ ગુજરાતી શબ્દ લખવામાં ભૂલ કરી હોય, ક્યાંક ભાવાર્થ સમજવામાં નિષ્ફળ બન્યો હોઉં, ક્યાંક સૂત્ર-ટીકાનો અર્થ ખોટો થયો હોય ઇત્યાદિ ઘણી ક્ષતિઓ દેખાશે. આમ છતાં વિદ્વાનોને હું પૂ. ઉમાસ્વાતિ મહારાજાના શબ્દોમાં વિનંતી કરું છું કે–

पुत्रापराधवन्मम मर्षयितव्यं बुधैः सर्वम् । (પ્રશમરતિ ગા.૩૧૨)

પિતા પુત્રના અપરાધને માફ કરે તેમ વિદ્વાનોએ માફ કરવું.

હું એક તરફ મારી બુદ્ધિની મંદતાને જોઉં છું બીજી તરફ આ અનુવાદને જોઉં છું તો મારી સામે 'હું આ કેવી રીતે કરી શક્યો ?' એવો પ્રશ્નાર્થચિહ્ન ખડો થાય છે પણ મારા ઉપકારી સિદ્ધાંત મહોદધિ પ.પૂ.આ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા અને નિઃસ્પૃહતામૂર્તિ પરમ ગુરુદેવ શ્રીહીરસૂરીશ્વરજી મહારાજાની દિવ્ય કૃપાદૃષ્ટિનું સ્મરણ થતાં જ એ પ્રશ્નાર્થચિહ્ન અદૃશ્ય થઇ જાય છે. આથી આ પ્રસંગે એ બે મહાપુરુષોને હર્ષ ભરેલા હૃદયથી વંદન કરું છું તથા વર્ધમાનતપોનિધિ (વર્ધમાનતપ આયંબિલની ૧૦૦ + ૮૮ ઓળીના આરાધક) પૂ. ગુરુદેવ શ્રી લલિતશેખરસૂરીશ્વરજી મ.ને પણ ભાવભર્યું નમન કરું છું.

## સહાયકોનું સંસ્મરણ

અનુવાદ પૂર્ણ કરી દેવા માત્રથી કાર્ય પૂર્ણ થઇ જતું નથી. અનુવાદ તૈયાર થયા પછી જ્યાં સુધી પુસ્તક રૂપે પ્રકાશિત ન થાય ત્યાં સુધી ઘણી જવાબદારી વહન કરવાની હોય છે. મુનિ શ્રીધર્મશેખરવિજયજીએ આ બધી જવાબદારી પોતાના શિરે લઇને મને એ જવાબદારીમાંથી મુક્ત કર્યો. આમ કરીને તેમણે મારા પ્રત્યે રહેલા હાર્દિક ભાવની અભિવ્યક્તિ કરી છે. અર્થની કે શબ્દની અશુદ્ધિ ન રહે એ માટે એમણે પ્રથમ અધ્યાયથી આરંભી દશમા અધ્યાય સુધીનું મેટર શાંતિથી અને એકાગ્રતાથી વાંચ્યું. પછી પ્રુફ સંશોધનમાં પણ ઘણી મહેનત કરી રહ્યા છે. પ્રુફ સંશોધનમાં મુનિ દિવ્યશેખરવિજયજી પણ ઘણો સહયોગ આપી રહ્યા છે.

મને આંખની તકલીફ થયા પછી બધો અનુવાદ લખવામાં (હું બોલું અને તે લખે એ રીતે) તેમણે જ લખી આપ્યો છે. ટીકાના પ્રારંભના ચાર અધ્યાયના અનુવાદની પ્રેસકોપી મુનિ શ્રીહિતશેખરવિજયજીએ કરી છે. બાકીના સંપૂર્ણ ભાષ્યસહિત ટીકાના અનુવાદની પ્રેસકોપી મુનિ શ્રીસુમતિશેખરવિજયજીએ સુવાચ્ય અક્ષરોમાં તૈયાર કરી છે તથા કોઇ કોઇ સ્થળે અનુવાદ લખવાનો રહી ગયો હોય તે અનુવાદ પણ તેમણે લખી આપ્યો છે.

આ પ્રસંગે મને સાધુસેવા કરવાનો ગુણ જેના સ્વભાવમાં રહેલો છે તેવા મુનિ શ્રીકૈવલ્યદર્શનવિજયજી યાદ આવ્યા વિના રહેતા નથી. વિ.સં. ૨૦૬૪નાં વાપીનાં ચાતુર્માસમાં મને આવેલી બિમારીમાં તેમણે લગભગ બે મહિનાથી પણ અધિક સમય સુધી નિઃસ્વાર્થપણે મારી હાર્દિક સેવા કરી. મુનિ શ્રીદિવ્યશેખરવિજયજી માટે હું શું લખું ? અને કેટલું લખું ? એ પ્રશ્ન મને મૂંઝવી રહ્યો છે. એમના માટે ટૂંકમાં એટલું જ લખું છું કે શરીર અનેક તકલીફોથી ઘેરાતું જાય છે અને અત્યંત કૃશ બનતું જાય છે એવી અવસ્થામાં મારા માટે એ જ સર્વસ્વ છે. દરરોજ સવાર-બપોર-સાંજે એ ત્રણે સમયે માતા જેમ બાળકને ખવડાવે તેમ મને આહાર

વપરાવે છે અને એક પછી એક દવાઓ આપે છે. મને ક્યારેક આ દશ્યની સ્મૃતિ થાય છે ત્યારે મારી આંખો આંસુઓથી ભીની થઇ જાય છે.

મને જ્યારે ભૂતકાળની સ્મૃતિ થાય છે ત્યારે મુનિશ્રી (હમણા પંન્યાસ) રવિશેખરવિજયજી યાદ આવ્યા વિના રહેતા નથી. વર્ષો સુધી મારી સેવા કરીને મારી સંયમયાત્રામાં અને સાહિત્યયાત્રામાં સાથ આપ્યો છે.

વિ.સં. ૨૦૫૦માં શેષકાળમાં મને પૂના - ટીંબર માર્કેટમાં ગાઢ બિમારી આવી ત્યારે મેં જીવવાની આશા છોડી દીધી હતી તેવી અવસ્થામાં એકલા[૧] હાથે મારી સેવા કરનારા મુનિ શ્રીહર્ષશેખરવિજયજીને પણ હું કેમ ભૂલી શકું ?

સહવર્તી સર્વમહાત્માઓ મારી સેવા કરવામાં સદા ઉત્સુક રહે છે આમ છતાં મારું શારીરિક આરોગ્યનું પુણ્ય અત્યંત નબળું હોવાના કારણે જેમાં સમાધિ રાખવી કઠિન બની જાય તેવી નવી નવી તકલીફો ઉત્પન્ન થયા કરે છે. આમ છતાં આવા સેવાભાવી મહાત્માઓના પ્રભાવથી મારું સંપૂર્ણ જીવન સમાધિમય બની રહે એ જ અભ્યર્થના.

આ અનુવાદમાં ગ્રંથકારના આશયથી, ભાષ્યકારના આશયથી, ટીકાકારના આશયથી અને જિનાજ્ઞાથી વિરુદ્ધ કંઇ પણ લખાયું હોય તેનું મિચ્છા મિ દુક્કડં આપવાપૂર્વક મારી લેખિનીને અહીં થોભાવી દઉં છું.

**- આચાર્ય રાજશેખરસૂરિ**

**વિ.સં. ૨૦૬૬, આસો વદ-૧૨**

**કલ્પનગરી, મુંબઈ-મુલુંડ**

૧. આ સમયે મુનિ શ્રીધર્મશેખરવિજયજી પણ પૂના હતા, તેઓ કેમ્પમાં ગાઢ બિમારીના કારણે પથારીવશ થયેલા મુનિ શ્રીકર્મજિતવિજયજી મ.સા.ની સેવામાં રોકાયેલા હતા.

## ❋ સંપાદકની સંવેદના ❋

સિદ્ધાંત મહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના ગુરુકુલવાસમાં વસીને સિદ્ધહસ્ત ભાવાનુવાદકાર પરમ સંવેગી પૂજ્યપાદ ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખર સૂરીશ્વરજી મહારાજાએ ૫૫ વર્ષના નિર્મળ સંયમની ક્ષણોને સંયમ, સ્વાધ્યાય અને ગુરુસમર્પણભાવની પવિત્ર ગંગોત્રીમાં અવગાહન કરતાં લગભગ આઠ વર્ષના અલ્પ ચારિત્ર પર્યાયે તો અત્યંત કઠીન ગણાતા 'પએસબંધો' નામના કર્મગ્રંથ વિષયક ગ્રંથરત્નની ટીકા રચી. ત્યારથી પ્રારંભાયેલી પૂજ્યશ્રીની સાહિત્યયાત્રા અવિરત ચાલતી રહી. અત્યંત નાજુક નાદુરસ્તી વચ્ચે પણ આંતરિક મજબૂત લોખંડી મનોબળના કારણે આત્માને તંદુરસ્ત બનાવે તેવા કેટલાય ગ્રંથરત્નોના ભાવાનુવાદ, લેખન, સંપાદન, સંકલન કર્યા. સાહિત્યયાત્રાનું અંતિમ માઇલસ્ટોન કહીએ તો પ્રસ્તુત 'તત્ત્વાર્થાધિગમ સૂત્ર' આ ગ્રંથ સાથે અનેક ઘટનાઓ સંકળાયેલી છે. 'श्रेयांसि बहुविघ्नानि महतामपि जायते' આ ઉક્તિ આ સર્જનમાં સાર્થક નીવડી છે.

પ્રેસર (ઉંચું લોહીનું દબાણ)ની તકલીફ વધતાં તેની અસર પૂજ્યશ્રીની ચક્ષુ ઉપર થઇ. તાત્કાલિક ઉપાયો કરાવવા છતાં એક આંખે લગભગ દૃષ્ટિ જતી રહી. એક આંખથી પણ કામ ચાલું રહ્યું. તેમાં ભીવંડીના ચાતુર્માસ દરમિયાન બીજી આંખમાં મોતીયો ઉતરાવ્યો. લેન્સ જે નંબરનો હોવો જોઇએ તેના કરતાં જૂદો બેસાડ્યો. પરિણામે બીજી આંખે પણ લગભગ દેખાવાનું બંધ જેવું થયું. આ દરમિયાન તત્ત્વાર્થાધિગમ સૂત્રનો ભાવાનુવાદ ચાલું હતો. મુંબઇમાં ડૉ. સુજલ શાહ કે જેઓ પ્રભુશાસનના તત્ત્વજ્ઞાનના પરમ પિપાસુ, સાધુ વેયાવચ્ચના રસિયા હતા. તેમના સતત સતત પ્રયાસથી લગભગ ૧૫ ટકા જેટલી દૃષ્ટિનો ઉઘાડ થયો. જે અનુવાદનું કાર્ય બાકી હતું તેના વિશાળ કદના અક્ષરોવાળી ઝેરોક્ષ નકલો કરાવી. પૂજ્યશ્રીની આંખે ચોવીશ નંબરના ચશ્મા પહેરાવ્યા. બિલકુલ નિકટમાં લાવીને અક્ષરો વંચાય તેના આધારે પૂજ્યશ્રી તેઓશ્રીના વિનયી શિષ્ય મુ.શ્રી દિવ્યશેખર વિ.ને કહેતા જાય અને ગ્રંથનું કાર્ય આગળ વધતું જાય. આ રીતે દશ અધ્યાયનું કાર્ય પૂર્ણ થતાં ખ્યાલ આવ્યો કે પ્રારંભના પાંચ અધ્યાયના 'ભાષ્ય'નો અનુવાદ તો બાકી રહી ગયો છે. તે પણ આવી આંખે પૂજ્યશ્રીએ પૂર્ણ કરાવ્યો. સવાર થતાં જ ગુરુ-શિષ્યની જોડી આ કાર્યમાં જોડાઇ જાય એ સુખદ દૃશ્ય તો જેણે જોયું તે ધન્ય બન્યા ! જૈનશાસનના રાજા જેવું તૃતીયપદ મળ્યું હોવા છતાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાની પેલી પંક્તિ 'बाह्यदृष्टि प्रचारेषु मुद्रितेषु महात्मनः, अन्तरेवावभासन्ते स्फुटाः सर्वा समृद्धयः ॥ - જ્ઞાનસાર' ને પૂજ્યશ્રીએ સ્વજીવનની પ્રત્યેક ક્ષણોમાં સાર્થક કરી હતી.

અથાક પ્રયત્ને પૂર્ણ કરેલા અનુવાદ પછીની જે કાર્ય સિદ્ધિની સુખદ ક્ષણો હતી તેના સાક્ષી જે બન્યા હોય તે કહી શકે કે પૂજ્યશ્રી કેટલા પ્રસન્ન હતા !

સિદ્ધિની અનુભૂતિઓને અક્ષર દેહ આપીને પ્રસ્તાવના રૂપે લખવાનો જ્યારે અવસર આવ્યો તે ક્ષણે હું (મુનિ ધર્મ શે.વિ.) તથા મુ.શ્રી દિવ્ય શે.વિ. સામે બેઠા હતા. પૂજ્યશ્રી જેમ જેમ લખતા જતા હતા તેમ તેમ નેત્રો પણ સજળ બનતા જતા હતા. અત્યંત

સંવેદનશીલતાપૂર્વક લખાયેલી પ્રસ્તાવનામાં નાનામાં નાના સાધુએ કે કોઇ શ્રાવકે કંઈક મદદ કરી હોય તો તે બધાને સ્મૃતિપથમાં લીધા હતા.

અનુવાદનું કાર્ય પૂજ્ય ગુરુદેવશ્રીએ પૂર્ણ કર્યું તે વખતે એક પુણ્યાત્માને પત્ર દ્વારા જણાવ્યું હતું કે 'તત્ત્વાર્થાધિગમ સૂત્રનું અનુવાદનું કાર્ય પૂર્ણ થયું છે. પ્રેસમાં પણ મોકલી આપ્યું છે. છપાવવા વગેરેનું કાર્ય મારા શિષ્યાદિ સંભાળી લેશે. તેથી હવે ઉંમરના કારણે કે શારીરિક અસ્વસ્થતાને કારણે મારી ગેરહાજરી હોય તો પણ પુસ્તક છપાઇ જશે !' જાણે પૂજ્યશ્રીને પોતાના જીવનસમાપ્તિનો સંકેત મળી ગયો હશે !

અનુવાદ કરતી વખતે અનેક પ્રતોનો સહારો લેવાયો હતો. જે મુદ્રિત પ્રતના આધારે અનુવાદ શરૂ કર્યો હતો તેમાં ઘણી અશુદ્ધિઓ હતી, ક્યાંક ક્યાંક અનુસંધાન પણ મળતું નહોતું. વરસોથી અનુવાદની સિદ્ધહસ્તતાને કારણે પૂજ્યશ્રીએ પોતાના અનુભવથી તે તે પાઠોનું અન્ય અન્ય પ્રતોના આધારે અનુસંધાન ગોઠવી દીધું હતું. ખાસ કરીને 'શ્રી સિદ્ધસેન ગણિ' કૃત તત્ત્વાર્થની ટીકાના આધારે ઘણા સુધારા કર્યા હતા. શ્રુતોપાસિકા સાધ્વીજી શ્રી ચંદનબાળાશ્રીજી મહારાજે પણ હસ્તલિખિત પ્રત મેળવી આપવામાં ઘણી સહાય કરી હતી. આ રીતે અનુવાદ કરી શેષ કાર્ય છપાવવા વગેરેની જવાબદારી મને સોંપી પૂજ્ય ગુરુદેવશ્રી પાલિતાણા મુકામે વિ.સં. ૨૦૬૮ ના ચૈત્ર વદ ૪ ના સ્મૃતિશેષ થયા.

ગુરુદેવશ્રીની હાજરીમાં તો ક્યાંક ક્ષતિ રહી હોય તો પ્રમાર્જના કરાવવા માટે તુરંત તેમની પાસે દોડીને પહોંચી જતો હતો. હવે તેઓશ્રીની ગેરહાજરીમાં આ કાર્ય કોની પાસે કરવું ? તેમાં પૂ. બાપજી મહારાજાના સમુદાયના વિદ્વદ્વર્ય પૂ. આચાર્યદેવ શ્રી મુનિચન્દ્ર સૂ.મહારાજાને આ પ્રુફ સંશોધન માટે વિનંતિ કરતાં વરસોથી સાહિત્ય સંશોધનાદિ કારણે જેઓ પૂજ્યશ્રી સાથે આત્મીય ભાવે જોડાયેલા હતા તેથી આ અંગે હૃદયોદ્ગાર જણાવતાં એઓશ્રીએ જણાવ્યું કે 'ઋણ ચૂકવવાની સુંદર તક આપી.' પૂ. પંન્યાસશ્રી નયભદ્ર વિ.મહારાજે પણ પ્રુફ સંશોધન કર્યું. મુ.શ્રી દિવ્યશેખર વિજયજી તો સદા ઉપયોગી બન્યા રહે છે. મુ.શ્રી પદ્મશ્રમણ વિ.મહારાજે પણ પ્રુફો મેળવવામાં સહકાર આપ્યો. પૂજ્ય ગુરુદેવશ્રીએ કેટલાક સ્થળો જોવા માટે પ્રેમ-ભુવનભાનુ સૂ.મ.ના સમુદાયના વિદ્વાન પંન્યાસપ્રવર શ્રી યશોવિજયજી મહારાજને મેટર મોકલી આપ્યું હતું. તેમણે પણ કાર્ય ખંતથી કરી અનુવાદ મોકલ્યો તે પણ આ ગ્રંથમાં સમાવિષ્ટ છે.

મેટર પ્રેસમાં આપ્યા પછી ત્રણ ત્રણ વર્ષ પસાર થઇ ગયા. તેજસ પ્રિન્ટર્સના તેજસભાઇએ પણ ખૂબ ધીરજથી ચીવટપૂર્વક કાર્ય પૂર્ણ કર્યું છે. એક ગ્રંથરત્નનું સર્જન જ્યારે અનેક આરાધકોની સહાયથી પૂર્ણ થઇ રહ્યું છે ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીની હાજરીમાં ન થયાની અધુરાશ છે. છતાં પરમગુરુદેવ ગચ્છસ્થવિર પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખર સૂ.મહારાજાનું વાત્સલ્ય, પ્રેરણા, અવસરે કાર્યભારને વહેલી તકે પૂર્ણ કરવાની મળતી ટકોરે આ કાર્ય પૂર્ણ થઇ રહ્યાનો સંતોષ અનુભવું છું. આ સર્જનમાં જેનો જેનો સહકાર મળ્યો તે સહુનો હું ઋણી છું.

વિ.સં. ૨૦૭૦, પોષ સુદ ૬, સોમવાર, **- મુનિ ધર્મશેખર વિજયજી ગણિ**
તા. ૦૯-૦૧-૨૦૧૪, વર્ધમાનનગર, રાજકોટ

# ✻ વિષયાનુક્રમ ✻


વિષય પૃષ્ઠ

- ✦ મૂળસૂત્ર ........ 15
- ✦ આઠમો અધ્યાય ........ ૧
- ✦ કર્મબંધના હેતુઓ ........ ૨
- ✦ **સૂત્ર-૧ :** मिथ्यादर्शनाविरतिप्रमादकषाययोगा बन्धहेतवः ........ ૨
- ✦ બંધની વ્યાખ્યા ........ ૧૦
- ✦ **સૂત્ર-૨ :** सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलान् ........ ૧૦
- ✦ બંધનું સ્વરૂપ ........ ૧૫
- ✦ **સૂત્ર-૩ :** स बन्धः ........ ૧૫
- ✦ બંધના ભેદો ........ ૧૭
- ✦ **સૂત્ર-૪ :** प्रकृतिस्थित्यनुभावप्रदेशास्तद्विधयः ........ ૧૭
- ✦ પ્રકૃતિબંધના મૂળભેદો ........ ૨૨
- ✦ **સૂત્ર-૫ :** आद्यो ज्ञानदर्शनावरणवेदनीयमोहनीयायुष्कनामगोत्रान्तरायाः ........ ૨૨
- ✦ પ્રકૃતિબંધના ઉત્તરભેદોની સંખ્યા ........ ૨૬
- ✦ **સૂત્ર-૬ :** प्रञ्चनवद्व्यष्टाविंशतिचतुर्द्विचत्वारिंशद्द्विपञ्चभेदा यथाक्रमम् ........ ૨૬
- ✦ જ્ઞાનાવરણપ્રકૃતિના પાંચ ભેદો ........ ૨૮
- ✦ **સૂત્ર-૭ :** मत्यादीनां ........ ૨૮
- ✦ દર્શનાવરણપ્રકૃતિના નવ ભેદો ........ ૩૨
- ✦ **સૂત્ર-૮ :** चक्षुरचक्षुरवधिकेवलानां निद्रानिद्रानिद्राप्रचलाप्रचला ........ ૩૨
- ✦ વેદનીયકર્મના બે ભેદો ........ ૩૪
- ✦ **સૂત્ર-૯ :** सदसद्वेद्ये ........ ૩૪
- ✦ મોહનીયપ્રકૃતિના ભેદો ........ ૩૬
- ✦ **સૂત્ર-૧૦ :** दर्शनचारित्रमोहनीयकषायनोकषायवेदनीयाख्या ........ ૩૬
- ✦ કષાય (કોષ્ટક-૧) ........ ૫૫
- ✦ કષાય (કોષ્ટક-૨) ........ ૫૫
- ✦ કષાયના ગુણઘાત-સ્થિતિ-ગતિપ્રાપ્તિ (કોષ્ટક) ........ ૬૬
- ✦ આયુષ્યકર્મના ચાર ભેદો ........ ૭૦
- ✦ **સૂત્ર-૧૧ :** नारकतैर्यग्योनमानुषदैवानि ........ ૭૦
- ✦ નામકર્મના બેતાલીસ ભેદો ........ ૭૨
- ✦ **સૂત્ર-૧૨ :** गतिजातिशरीराङ्गोपाङ्गनिर्माणबन्धनसङ्घात ........ ૭૨
- ✦ છ સંઘયણનું ચિત્ર (આકૃતિ) ........ ૧૦૩
- ✦ ગોત્રકર્મના બે ભેદો ........ ૧૧૭

◆ **સૂત્ર-૧૩ :** उच्चैर्नीचैश्च ........ ૧૧૭
◆ અંતરાયકર્મના પાંચ ભેદો ........ ૧૧૯
◆ **સૂત્ર-૧૪ :** दानादीनां ........ ૧૧૯
◆ મૂળપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ ........ ૧૨૨
◆ જ્ઞાનાવરણ-દર્શનાવરણ-વેદનીયની ઉત્કૃષ્ટસ્થિતિ ........ ૧૨૩
◆ **સૂત્ર-૧૫ :** आदितस्तिसृणामन्तरायस्य च त्रिंशत्सागरोपमकोटीकोट्यः ........ ૧૨૩
◆ મોહનીયની ઉત્કૃષ્ટસ્થિતિ ........ ૧૨૪
◆ **સૂત્ર-૧૬ :** सप्ततिर्मोहनीयस्य ........ ૧૨૪
◆ નામ-ગોત્રની ઉત્કૃષ્ટસ્થિતિ ........ ૧૨૫
◆ **સૂત્ર-૧૭ :** नामगोत्रयोर्विंशतिः ........ ૧૨૫
◆ આયુષ્યની ઉત્કૃષ્ટસ્થિતિ ........ ૧૨૬
◆ **સૂત્ર-૧૮ :** त्रयस्त्रिंशत् सागरोपमाण्यायुष्कस्य ........ ૧૨૬
◆ ઉત્તરપ્રકૃતિઓનો જઘન્યસ્થિતિબંધ ........ ૧૨૭
◆ વેદનીયકર્મની જઘન્યસ્થિતિ ........ ૧૨૭
◆ **સૂત્ર-૧૯ :** अपरा द्वादशमुहूर्ता वेदनीयस्य ........ ૧૨૭
◆ નામ-ગોત્રની જઘન્યસ્થિતિ ........ ૧૩૧
◆ **સૂત્ર-૨૦ :** नामगोत्रयोरष्टौ ........ ૧૩૧
◆ બાકીના કર્મોની જઘન્યસ્થિતિ ........ ૧૩૩
◆ **સૂત્ર-૨૧ :** शेषाणामन्तर्मुहूर्तम् ........ ૧૩૩
◆ સ્થિતિબંધ (કોષ્ટક) ........ ૧૩૪
◆ રસબંધની વ્યાખ્યા ........ ૧૩૪
◆ **સૂત્ર-૨૨ :** विपाकोऽनुभावः ........ ૧૩૪
◆ સંક્રમ ........ ૧૪૧
◆ નામ પ્રમાણે કર્મનો વિપાક ........ ૧૪૫
◆ **સૂત્ર-૨૩ :** स यथानाम ........ ૧૪૫
◆ ફળ આપ્યા પછી કર્મની નિર્જરા ........ ૧૪૭
◆ **સૂત્ર-૨૪ :** ततश्च निर्जरा ........ ૧૪૭
◆ પ્રદેશબંધનું વર્ણન ........ ૧૫૦
◆ **સૂત્ર-૨૫ :** नामप्रत्ययाः सर्वतो योगविशेषात् ........ ૧૫૦
◆ પુણ્ય-પાપ પ્રકૃતિઓનો નિર્દેશ ........ ૧૬૨
◆ **સૂત્ર-૨૬ :** सद्वेद्यसम्यक्त्वहास्यरतिपुरुषवेदशुभायुर्नामगोत्राणि ........ ૧૬૨
◆ ભાવાનુવાદકારની પ્રશસ્તિ ........ ૧૬૭
◆ પરિશિષ્ટ - આઠકર્મ - ઉપમા - ફળ (કોષ્ટક) ........ ૧૬૮

## આઠમો અધ્યાય

मिथ्यादर्शनाविरतिप्रमादकषाययोगा बन्धहेतवः ॥८-१॥

सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलान् आदत्ते ॥८-२॥

स बन्धः ॥८-३॥

प्रकृतिस्थित्यनुभावप्रदेशास्तद्विधयः ॥८-४॥

आद्यो ज्ञानदर्शनावरणवेदनीयमोहनीयायुष्कनामगोत्रान्तरायाः ॥८-५॥

पञ्चनवद्व्यष्टाविंशतिचतुर्द्विचत्वारिंशद्द्विपञ्चभेदा यथाक्रमम् ॥८-६॥

मत्यादीनां ॥८-७॥

चक्षुरचक्षुरवधिकेवलानां निद्रानिद्रानिद्राप्रचलाप्रचलाप्रचलास्त्यान गृद्धिवेदनीयानि च ॥८-८॥

सदसद्वेद्ये ॥८-९॥

दर्शनचारित्रमोहनीयकषायनोकषायवेदनीयाख्यास्त्रिद्विषोडशनव-भेदाः सम्यग्मिथ्यात्वतदुभयानि कषायनोकषायौ अनन्तानुबन्ध्य-प्रत्याख्यानप्रत्याख्यानावरणसञ्ज्वलनविकल्पाश्चैकशः क्रोधमान-मायालोभा हास्यरत्यरतिशोकभयजुगुप्सास्त्रीपुंनपुंसकवेदाः ॥८-१०॥

नारकतैर्यग्योनमानुषदैवानि ॥८-११॥

गतिजातिशरीराङ्गोपाङ्गनिर्माणबन्धनसङ्घातसंस्थानसंहननस्पर्श-रसगन्धवर्णानुपुर्व्यगुरुलघूपघातपराघातातपोद्योतोच्छ्वासविहायोग-तयः प्रत्येकशरीरत्रससुभगशुभसूक्ष्मसुस्वरपर्याप्तस्थिरादेययशांसि सेतराणि तीर्थकृत्त्वं च ॥८-१२॥

उच्चैर्नीचैश्च ॥८-१३॥

दानादीनां ॥८-१४॥

आदितस्तिसृणामन्तरायस्य च त्रिंशत्सागरोपमकोटीकोट्यः परा स्थितिः ॥८-१५॥

सप्ततिर्मोहनीयस्य ॥८-१६॥

नामगोत्रयोर्विंशतिः ॥८-१७॥

त्रयस्त्रिंशत् सागरोपमाण्यायुष्कस्य ॥८-१८॥

अपरा द्वादशमुहूर्ता वेदनीयस्य ॥८-१९॥

नामगोत्रयोरष्टौ ॥८-२०॥

शेषाणामन्तर्मुहूर्तम् ॥८-२१॥

विपाकोऽनुभावः ॥८-२२॥

स यथानाम ॥८-२३॥

ततश्च निर्जरा ॥८-२४॥

नामप्रत्ययाः सर्वतो योगविशेषात् सूक्ष्मैकक्षेत्रावगाढस्थिताः सर्वात्मप्रदेशेष्वनन्तानन्तप्रदेशाः ॥८-२५॥

सद्वेद्यसम्यक्त्वहास्यरतिपुरुषवेदशुभायुर्नामगोत्राणि पुण्यमिति ॥८-२६॥

# શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમ્

## આઠમો અધ્યાય

**भाष्यावतरणिका–** उक्त आस्रवः । बन्धं वक्ष्यामः । तत्प्रसिद्ध्यर्थ-मिदमुच्यते–

**ભાષ્યાવતરણિકાર્થ–** આસ્રવ કહ્યો. બંધને કહીશું. બંધની પ્રસિદ્ધિ (=નિરૂપણ) માટે આ કહેવાય છે.

**टीकावतरणिका–** उक्ता आश्रवा इत्यादिना सम्बन्धमष्टमाध्याय-स्याचष्टे, उक्तो लक्षणविधानाभ्यामभिहितः 'कायवाङ्मनःकर्म्म योगः, स आश्रव' इत्यारभ्य सामान्यतोऽपि विशेषतश्च, सम्प्रति प्रस्तावायातं बन्धं वक्ष्याम इति, एतदुक्तं भवति–जीवाजीवाश्रवबन्धसूत्रक्रमेणाश्रवो व्याख्यातस्तस्यानन्तरो बन्धः, स लक्षणविधानाभ्यां अधुना व्याख्यायते, तदेतदनेन प्रतिपादयति । तत्प्रसिद्ध्यर्थमिदमुच्यते, तस्य बन्धस्य प्रसिद्धिः शब्दार्थनिरूपणं तत्प्रसिद्धये–तत्प्रसिद्ध्यर्थं तन्निरूपणार्थमुच्यते, इदमिति वक्ष्यमाणमिथ्यादर्शनादिपञ्चकं, ननु च बन्धः प्रस्तुतः तद्धेतुकथनमसम्बद्धमिव लक्ष्यते, नासम्बद्धं, यतो नाकारणा कार्यनिष्पत्तिः, बीजाद्धि प्रभवोऽङ्कुरस्य, प्रथमतरं च कारणमुपाददते कार्यार्थिनो, बन्धश्च कार्यं, कारणं तस्य मिथ्यादर्शनादि पञ्चकं प्रसिद्धमेवेति इयत्ता निर्धार्यते कारणानामनेन सूत्रेणेत्याह–

**ટીકાવતરણિકાર્થ–** આસ્રવ કહ્યો ઇત્યાદિથી આઠમા અધ્યાયના સંબંધને કહે છે– कायवाङ्मनःकर्मयोगः તથા स आस्रवः એ સૂત્રોથી પ્રારંભી લક્ષણથી અને વિધાનથી તથા સામાન્યથી અને વિશેષથી આસ્રવનું વ્યાખ્યાન કર્યું. તેની પછી તુરત બંધ છે. તેનું લક્ષણથી અને પ્રકારથી હવે વ્યાખ્યાન કરવામાં આવે છે. તેથી આનું(=બંધ વ્યાખ્યાનનું) આનાથી (=હવે કહેશે તેનાથી) પ્રતિપાદન કરે છે– બંધના શબ્દાર્થના નિરૂપણ માટે આ કહેવાય છે. 'આ' એટલે હવે કહેવાશે તે મિથ્યાત્વાદિ પાંચ.

**પૂર્વપક્ષ–** બંધ પ્રસ્તુત છે. તેના હેતુઓનું કથન સંબંધ વગરનું જણાય છે.

**ઉત્તરપક્ષ–** સંબંધ વગરનું નથી. કારણ કે કારણ વિના કાર્યની સિદ્ધિ થતી નથી. બીજથી અંકુરની ઉત્પત્તિ થાય છે. કાર્યના અર્થીઓ પહેલા કારણને ગ્રહણ કરે છે. બંધ કાર્ય છે. મિથ્યાદર્શન આદિ પાંચ તેના કારણ છે એ પ્રસિદ્ધ જ છે. આથી આ સૂત્રથી કારણોનું પરિમાણ નિશ્ચિત કરવામાં આવે છે. આથી સૂત્રકાર કહે છે–

**કર્મબંધના હેતુઓ–**

**मिथ्यादर्शनाविरतिप्रमादकषाययोगा बन्धहेतवः ॥८-१॥**

**સૂત્રાર્થ–** મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ કર્મબંધના કારણો છે. (૮-૧)

**भाष्यं–** मिथ्यादर्शनं अविरतिः प्रमादः कषाया योगा इत्येते पञ्च बन्धहेतवो भवन्ति । तत्र सम्यग्दर्शनाद्विपरीतं मिथ्यादर्शनम् । तद् द्विविधमभिगृहीतमनभिगृहीतं च ॥ तत्राभ्युपेत्यासम्यग्दर्शनपरिग्रहोऽभिगृहीतमज्ञानिकादीनां त्रयाणां त्रिषष्टीनां कुवादिशतानाम् । शेषमनभिगृहीतम् ॥

यथोक्ताया विरतेर्विपरीताऽविरतिः ॥ प्रमादः स्मृत्यनवस्थानं, कुशलेष्वनादरो, योगदुष्प्रणिधानं चैष प्रमादः ॥ कषाया मोहनीये वक्ष्यन्ते । योगस्त्रिविधः पूर्वोक्तः ॥ एषां मिथ्यादर्शनादीनां बन्धहेतूनां पूर्वस्मिन्पूर्वस्मिन्सति नियतमुत्तरेषां भावः । उत्तरोत्तरभावे तु पूर्वेषामनियम इति ॥८-१॥

**ભાષ્યાર્થ–** મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાયો અને યોગો આ જ પાંચ બંધના હેતુઓ છે.

તેમાં સમ્યગ્દર્શનથી વિપરીત મિથ્યાદર્શન છે. તે અભિગૃહીત અને અનભિગૃહીત એમ બે પ્રકારનું છે.

તેમાં જાણીને અસમ્યગ્દર્શનનો સ્વીકાર અભિગૃહીત છે. તે અજ્ઞાનિકો વગેરે ૩૬૩ કુવાદીઓને હોય. અન્ય અનભિગૃહીત છે.

યથોક્ત વિરતિથી વિપરીત અવિરતિ છે.

પ્રમાદ- યાદ ન રહેવું, કુશળોમાં અનાદર અને યોગદુષ્પ્રણિધાન આ પ્રમાણે આ પ્રમાદ છે.

કષાયો મોહનીયમાં કહેવાશે. યોગ ત્રણ પ્રકારનો પૂર્વે કહ્યો છે.

આ મિથ્યાદર્શનાદિ બંધહેતુઓના પૂર્વ પૂર્વના બંધ હેતુઓ હોય ત્યારે પછીના બંધહેતુઓ અવશ્ય હોય. પછી પછીના બંધહેતુઓ હોય ત્યારે પૂર્વના બંધહેતુઓ હોય એવો નિયમ નથી, અર્થાત્ ન હોય. (૮-૧)

**टीका–** मिथ्यादर्शनादयो योगान्ताः पञ्च कृतद्वन्द्वाः प्रथमाबहुवचनेन निर्दिष्टाः, मिथ्यादर्शनं तत्त्वार्थाश्रद्धानलक्षणं, अविरतिः-अनिवृत्तिः पापस्थानेभ्यो विरतिपरिणामाभावः, प्रमादस्त्विन्द्रियविकथाविकटनिद्रा-लक्षणः, कषायाः क्रोधमानमायालोभाः अनन्तानुबन्धिप्रभृतयः, योगो-मनोवाक्कायव्यापारस्वभावः, बन्धः कर्मवर्गणायोग्यस्कन्धानामात्मप्रदेशानां चान्योऽन्यानुगतिलक्षणः क्षीरोदकादेरिव सम्पर्को बन्धः, हेतुर्निमित्तं कारणं, बन्धस्य हेतवो बन्धहेतवः पञ्च मिथ्यादर्शनादयः, सामान्य-हेतवश्चैतेऽवगन्तव्याः सर्वकर्मबन्धस्य, विशेषहेतवस्तु ज्ञानावरणादे-र्व्याख्याताः षष्ठे 'तत्प्रदोषनिह्नवा'दिना सूत्रकलापेनेति ।

भाष्यकारस्तु पदविच्छेदेन पञ्चापि सामान्यप्रत्ययान् दर्शयति-'मिथ्यादर्शनमि'त्यादि मिथ्या-अलीकमयथार्थं दर्शनं दृष्टिरुपलब्धिरिति मिथ्यादर्शनं, विरमणं विरतिः-संयमो, न विरतिः अविरतिः-असंयमो हिंसाद्यनिवृत्तिरिति । प्रमाद्यत्यनेनेति प्रमादः-विकथादिकः, कर्मप्रकृति-ग्रन्थेषु तु प्रमादप्रत्ययः पृथग् नोक्तः, असंयमप्रत्ययेनैव संगृहीतत्वात् चतुर्विध एव प्रत्ययस्तत्राधीतः मिथ्यादर्शनासंयमकषाययोगाख्यः, इह त्वाचार्येण मन्दबुद्धिप्रतिपत्तिहेतोः पृथगुपन्यस्तः प्रमादप्रत्ययः, कष्यते यत्रात्मा शारीरमानसैः दुःखैः स कषः-संसारः, 'पुंसि संज्ञायां घः' तस्याया-उपादानकारणानि कषायाः-क्रोधादयः, युज्यतेऽनेनेति योगो,

नोकर्मणा योगद्रव्येणात्मेत्यर्थः, वीर्यान्तरायकर्म्मक्षयोपशमजनितेन वीर्य-पर्यायेण युज्यत इतियावत्, इतिशब्दोऽवधारणार्थः, एत एव पञ्च बन्ध-हेतवो भवन्ति सामान्यतः ।

'तत्रे'त्यादिना मिथ्यादर्शनादीनां स्वरूपं निरूपयति- तत्र तेषु पञ्चसु प्रत्ययेषु मिथ्यादर्शनस्वरूपं तावदिदं-सम्यग्दर्शनाद्विपरीतं मिथ्या-दर्शनमिति, तत्त्वार्थश्रद्धानलक्षणं सम्यग्दर्शनमुक्तं, तस्माद् सम्यग्दर्शना-द्विपरीतलक्षणं मिथ्यादर्शनं तत्त्वार्थाश्रद्धानं अयथार्थश्रद्धानमित्यर्थः, तद्विविधमित्यादि, तच्च मिथ्यादर्शनं द्विप्रकारम्-अभिगृहीतं अनभिगृहीतं च, चशब्दात् संदिग्धवचनम् अनभिगृहीतमिथ्यादर्शनभेदः संदिग्धमिति साक्षान्नोपात्तं,

'तत्रे'त्यादि, तयोरभिगृहीतानभिगृहीतयोः मिथ्यात्वयोरभिगृहीत-प्रपञ्चोऽयं-अभ्युपेत्येति, मत्यज्ञानादिबलेन किमपि परिकलय्या-सम्यग्दर्शनपरिग्रहो मिथ्यादर्शनपरिग्रहः तदभ्युपगमः, एतदेवैकं सत्यमिति प्रतिपत्तिरभिगृहीतमिथ्यात्वं, तदनेकभेदमित्याह-अज्ञानिकादीनामिति, अज्ञानमेषामभ्युपगमोऽस्तीति अज्ञानिकाः, अथवा अज्ञानेन चरन्ति दीव्यन्ति वा अज्ञानिकाः अज्ञानमेव पुरुषार्थसाधनमभ्युपयन्ति, न खलु तत्त्वतः कश्चित् सकलस्य वस्तुनो वेदिताऽस्तीति, ते चाज्ञानपक्षावलम्बिनः सप्तषष्टिभेदाः केनचिद् विशेषेण भिद्यमानप्रक्रियाकाः सुगतशिष्य-काणामष्टादशनिकायभेदवन्नानात्वं प्रतिपद्यन्ते, एतद्दर्शनभ्रमितचेतसश्च शकल्प-वात्कल-कुथुमि-सात्यमुद्गिन-नारायण-कठ-माध्यन्दिन-मौद-पिप्पलाद-बादरायण-आम्बिष्टकृदैरिकायन-जैमिनि-वसुप्रभृतयः सूरयो-ऽसन्मार्गं एनं प्रथयन्ति, आदिशब्दात् क्रियावादिनोऽक्रियावादिनो वैनयिकाश्च सूचिताः,

तत्र क्रियावादिनोऽशीत्युत्तरशतभेदाः मरीचिकुमारकपिलोलूकगार्ग्य-व्याघ्रभूतिवाद्वलिमाठरमोद्गल्यायनप्रभृत्याचार्यप्रतीयमानप्रक्रियाभेदाः,

अक्रियावादिनोऽपि चतुरशीतिविकल्पाः कोकुलकाण्ठेविद्धिकौशिक-हरिश्मश्रुमांथनिकरोमिकहारितमुंडाश्लाघनादिसूरिप्रपञ्चितप्रक्रियाकलापाः, वैनयिकास्तु द्वात्रिंशद्विकल्पाः वशिष्टपराशरजातुकर्णवाल्मीकि-रोमहर्षणिसत्यदत्तव्यासेलापुत्रौपमन्यचन्द्रदत्तायस्थूलप्रभृतिभिराचार्यैः प्रकाशितविनयसाराः,

एवमेतान् मिथ्यात्वभेदान् अभिधाय संकलयति भाष्यकृदेकराशितया त्रयाणामित्यादिना भाष्येण, त्रिशब्दः सङ्ख्यावचनः अन्यूनानधिकवृत्तिः, एवं शतशब्दोऽपि, कियतां शतानां ?, त्रयाणामित्याह, कियता राशिनाऽधिकानां ?, त्रिषष्टीनामित्याह, अभ्यधिकानां त्रिषष्ट्या, कुत्सिता वादिनः कुवादिनः, एकान्तग्रहग्रस्तत्वाद्यत्किञ्चित् प्रलपन्तीत्यर्थः, शेषमनभिगृहीतमिति, अभिगृहीतमिथ्यादर्शनाद्यदन्यत्-तत्त्वार्थाश्रद्धानं तदनभिगृहीतमिथ्यादर्शनम्, अनभिनिवेशमिथ्यात्वमित्यर्थः, यथोक्ताया इत्यादि, येन प्रकारेणाभिहिता सप्तमाध्यायादौ विरतिः हिंसानृतस्तेया-ब्रह्मपरिग्रहेभ्यो मनोवाक्कायकृतकारितानुमतिभिरुक्ता तस्या विरतेर्यथो-क्ताया विपरीता अविरतिर्हिंसादिषु प्रवृत्तिरसंयम इतियावत्,

मोक्षमार्गशैथिल्यमिन्द्रियदोषात् प्रमादः, प्रमाद इत्यनूद्य स्वरूपमाचष्टे-स्मरणं स्मृतिः पूर्वोपलब्धवस्तुविषया तस्याः अनवस्थानं-भ्रंशः विकथादिव्यग्रचित्तत्वादिदं विधायेदं कर्त्तव्यमिति नाध्येति, कुशलेष्वनादर इति, स्मरतोऽपि कुशलानामागमविहितानां क्रियाऽनुष्ठानानामनादरो-ऽनुत्साहोऽप्रवृत्तिरित्यर्थः, योगदुष्प्रणिधानं चेति, योगाः कायादि-व्यापारास्तान् दुष्टेन प्रणिधानेनार्त्तध्यानभाजा चेतसा समाचरत इति, चशब्दः समुच्चयार्थः, इत्येष प्रमाद इति, निगमनार्थं, पुनः प्रमादग्रहणं, एष त्रिप्रकारः प्रमादो भवति,

कषाया मोहनीये वक्ष्यन्त इति उक्तनिर्वचनाः कषायाः मोहनीय-कर्मणीहैवाध्याये उपरिष्टाद् वक्ष्यन्ते प्रपञ्चतः सप्रभेदाः, योगस्त्रिविधः

पूर्वोक्त इति त्रिप्रकारः पूर्वमुक्तः षष्ठेऽध्याये, एवमेते पञ्च सामान्यप्रत्ययाः सर्वकर्मबन्धहेतव इत्यर्थः, एषां पञ्चानामपि सामान्यप्रत्ययानां सूत्रक्रम-सन्निवेशिनां बन्धनिमित्तानां पूर्वस्मिन् सतीति वीप्सया नियतमुत्तरेषां भाव इति प्रतिपादयति, सति मिथ्यादर्शनप्रत्ययेऽवश्यं भाविनो-ऽविरत्यादयः चत्वारः, सत्यामविरतौ त्रयः प्रमादादयः, सति प्रमादे कषाययोगौ, सत्सु कषायेषु योगा इति, योगप्रत्यय एव सति नेतरे चत्वार इत्यादि विपरीतं भाव्यं यावत् न मिथ्यादर्शनप्रत्यय इत्येतदनेन प्रति-पादयति, उत्तरोत्तरभावे तु सर्वेषामनियम इति, अविरतिप्रमादकषाययोगेषु सत्सु न मिथ्यादर्शनप्रत्ययः, योगकषायप्रत्यययोः सतोः नावश्यमितरे त्रयः इत्यादि सुज्ञानमिति ॥८-१॥

**ટીકાર્થ–** મિથ્યાદર્શનથી આરંભી યોગ સુધીના પાંચ શબ્દોનો द्वन्द्व સમાસ કરીને પ્રથમા બહુવચનમાં નિર્દેશ કર્યો છે. મિથ્યાદર્શન=તત્ત્વભૂત પદાર્થોની શ્રદ્ધાનો અભાવ. અવિરતિ એટલે પાપસ્થાનોથી નિવૃત્તિનો અભાવ, અર્થાત્ વિરતિના પરિણામનો અભાવ. પ્રમાદ ઈન્દ્રિય, વિકથા, દારૂ, નિદ્રારૂપ છે. કષાયો=અનંતાનુબંધી વગેરે ક્રોધ-માન-માયા-લોભ. યોગ મન-વચન-કાયાના વ્યાપાર સ્વરૂપ છે. કાર્મણ-વર્ગણાના યોગ્ય સ્કંધોનો અને આત્મપ્રદેશોનો દૂધ-પાણી આદિની જેમ પરસ્પર અનુગતિરૂપ(=એક મેક થવા રૂપ) સંબંધ તે બંધ છે. હેતુ એટલે નિમિત્ત કે કારણ. આ સર્વકર્મબંધના સામાન્ય હેતુઓ જાણવા. જ્ઞાનાવરણ આદિના વિશેષ હેતુઓ તો છઠ્ઠા અધ્યાયમાં तत्प्रदोषनिह्नव વગેરે સૂત્ર સમૂહથી કહ્યા છે. ભાષ્યકાર પદોનો વિભાગ કરીને પાંચેય સામાન્ય હેતુઓને બતાવે છે–

**મિથ્યાદર્શન**=અયથાર્થ જ્ઞાન.

**અવિરતિ–** સંયમનો અભાવ, અર્થાત્ અસંયમ. અસંયમ એટલે હિંસાદિથી અનિવૃત્તિ.

**પ્રમાદ–** જેનાથી જીવ ઉન્મત્ત થાય(=ભૂલ કરે) તે પ્રમાદ. વિકથા વગેરે પ્રમાદ છે.

કર્મપ્રકૃતિ વગેરે ગ્રંથોમાં પ્રમાદ હેતુ જુદો કહ્યો નથી. અવિરતિ હેતુથી જ તેનો સંગ્રહ કર્યો છે. આથી કર્મપ્રકૃતિ વગેરે ગ્રંથોમાં મિથ્યાદર્શન, અવિરતિ, કષાય, યોગ નામના ચાર જ હેતુઓ કહ્યા છે. અહીં તો આચાર્યશ્રીએ મંદબુદ્ધિ જીવોના બોધ માટે પ્રમાદ હેતુ જુદો કહ્યો છે.

**કષાય–** જેનાથી આત્મા શારીરિક-માનસિક દુઃખોથી દુઃખી થાય તે કષ. કષ એટલે સંસાર. पुंसि संज्ञायां घः[1] (પા.અ.૩ પા.૩ સૂ.૧૧૮) એ સૂત્રથી કષ શબ્દ બન્યો છે. કષના(=સંસારના) આયો=ઉપાદાન કારણો તે કષાયો. ક્રોધ વગેરે કષાયો છે. (ક્રોધ વગેરે સંસારના ઉપાદાન કારણો છે.)

**યોગ–** જેનાથી આત્મા જોડાય તે યોગ, અર્થાત્ નોકર્મરૂપ[2] યોગદ્રવ્યથી આત્મા જોડાય છે. વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન કરાયેલ વીર્યપર્યાયથી આત્મા જોડાય છે એવો ભાવ છે. इति શબ્દ અવધારણ અર્થમાં છે. સામાન્યથી આ જ પાંચ બંધહેતુઓ છે.

तत्र ઇત્યાદિથી મિથ્યાદર્શન આદિના સ્વરૂપનું નિરૂપણ કરે છે- તે પાંચ હેતુઓમાં મિથ્યાદર્શનનું સ્વરૂપ આ છે- સમ્યગ્દર્શન તત્ત્વભૂત પદાર્થોની શ્રદ્ધારૂપ કહ્યું છે. સમ્યગ્દર્શનથી વિપરીત તત્ત્વભૂત પદાર્થોની અશ્રદ્ધારૂપ મિથ્યાદર્શન છે, અર્થાત્ મિથ્યાદર્શન એટલે અયથાર્થ શ્રદ્ધા.

'तद् द्विविधम्' इत्यादि તે મિથ્યાદર્શન અભિગૃહીત અને અનભિગૃહીત એમ બે પ્રકારનું છે. च શબ્દથી સંદિગ્ધ મિથ્યાત્વ કહ્યું છે. સંદિગ્ધ મિથ્યાત્વ અનભિગૃહીત મિથ્યાદર્શનનો ભેદ હોવાથી તેનું સાક્ષાત્ ગ્રહણ કર્યું નથી.

तत्र इत्यादि અભિગૃહીત અને અનભિગૃહીત મિથ્યાત્વ એ બેમાં અભિગૃહીત મિથ્યાત્વનો વિસ્તાર આ છે- મત્યજ્ઞાન આદિના બળથી કંઇક જાણીને આ જ એક સત્ય છે એ પ્રમાણેનો સ્વીકાર તે અભિગૃહીત

૧. સિદ્ધહેમશબ્દાનુશાસન ગ્રંથમાં पुन्नाम्नि घः (૫.૩.૧૩૦) એવું સૂત્ર છે.
૨. નોકર્મ એટલે કર્મથી ભિન્ન. જુઓ ભગવતી સૂત્ર ૩૪૯, ૩૫૫.

મિથ્યાત્વ છે. તે અનેક પ્રકારનું છે એમ કહે છે- 'अज्ञानिकादीनाम्' इति અજ્ઞાન એમનો સ્વીકાર છે તેથી અજ્ઞાનિકો. અથવા જેઓ અજ્ઞાનથી આચરે છે=વ્યવહાર કરે છે તે અથવા અજ્ઞાનથી જયની ઇચ્છા રાખે છે તે અજ્ઞાનિકો. અજ્ઞાનિકો અજ્ઞાનને જ પુરુષાર્થનું સાધન સ્વીકારે છે=માને છે. ખરેખર ! પરમાર્થથી સર્વવસ્તુનો જ્ઞાતા કોઈ નથી. અજ્ઞાનપક્ષનું આલંબન લેનારાઓના ૬૭ ભેદો છે. કોઈક વિશેષતાથી એમની ક્રિયાઓમાં ભેદ પડે છે. જેવી રીતે બુદ્ધના શિષ્યોના નિકાયન અઢાર ભેદ છે તેવી રીતે અજ્ઞાનિકો કોઈક વિશેષથી ભેદને સ્વીકારે છે. આ દર્શનથી એમનું ચિત્ત ભ્રાન્ત કરાયું છે તેવા શકલ્પ, વાત્કલ, કૌથુમિ, સાત્યમુદ્દિન, નારાયન, કઠ, માધ્યંદિન, મૌદ, પિપ્પલાદ, બાદરાયણ, આંબિષ્ઠ, કૃદૈરિકાયન, જૈમિનિ, વસુ વગેરે આચાર્યો આ મિથ્યામાર્ગનો પ્રચાર કરે છે. આદિ શબ્દથી ક્રિયાવાદીઓ, અક્રિયાવાદીઓ અને વૈનયિકોનું સૂચન કર્યું છે. તેમાં ક્રિયાવાદીઓના ૧૮૦ ભેદો છે. તેમાં મરીચિ, કુમાર, કપિલ, ઉલૂક, ગાર્ગ્ય, વ્યાઘ્રભૂતિ, વાદ્વલિ, માઠર, મૌદ્ગલ્યાયન વગેરે આચાર્યોના પ્રક્રિયાભેદો જણાઈ રહ્યા છે. અક્રિયાવાદીઓના ૮૪ ભેદો છે. તેમાં કોકુલ, કાંઠેવિદ્ધિ, કૌશિક, હરિશ્મશ્રુ, માંથનિક, રોમિક, હારિત, મુંડા, શ્લાઘન વગેરે આચાર્યોએ પ્રક્રિયા સમૂહનો વિસ્તાર કર્યો છે. વૈનયિકોના ૩૨ ભેદો છે. વશિષ્ટ, પરાશર, જાતુકર્ણ, વાલ્મીકિ, રોમહર્ષણિ, સત્યદત્ત, વ્યાસ, ઈલાપુત્ર, ઔપમન્ય, ચંદ્રદત્ત, આયસ્થૂલ વગેરે આચાર્યોએ વિનયનો સાર પ્રકાશિત કર્યો છે. આ પ્રમાણે આ મિથ્યાત્વભેદોને કહીને ભાષ્યકાર એક સંખ્યાથી त्रयाणाम् ઇત્યાદિ ભાષ્યથી સંકલન કરે છે. त्रि શબ્દ ઓછી નહિ અને વધારે નહિ એવો ચોક્કસ સંખ્યાવાચી છે. એ પ્રમાણે शत શબ્દ અંગે પણ જાણવું. કેટલા સો ? ત્રણસો. ત્રણસો સંખ્યા કેટલી સંખ્યાથી અધિક છે ? ૬૩થી અધિક છે, અર્થાત્ બધા ભેદો મળીને ૩૬૩ છે. ખોટાવાદીઓ તે કુવાદીઓ. કુવાદીઓ એકાંતરૂપ ગ્રહથી દબાયેલા હોવાથી ગમે તેમ બોલે છે.

'शेषमनभिगृहीतम्' इति અભિગૃહીત મિથ્યાત્વથી અન્ય જે તત્ત્વાર્થની અશ્રદ્ધા તે અનભિગૃહીત મિથ્યાદર્શન છે, અર્થાત્ અનભિનિવેશ મિથ્યાત્વ છે.

'यथोक्तायाः' इत्यादि સાતમા અધ્યાયના પ્રારંભમાં મન, વચન, કાયાથી ન કરવું, ન કરાવવું, ન અનુમોદવું એ ભાંગાથી હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહથી જે વિરતિ કહી છે તે વિરતિથી વિપરીત અવિરતિ છે, અર્થાત્ હિંસાદિમાં પ્રવૃત્તિ રૂપ અસંયમ છે.

ઇન્દ્રિયોના દોષથી મોક્ષમાર્ગમાં શિથિલતા એ પ્રમાદ છે. 'प्रमादः' એવા પદને ફરી કહીને પ્રમાદના સ્વરૂપને કહે છે- પૂર્વે જાણેલ વસ્તુ યાદ ન રહેવી, અર્થાત્ ચિત્ત વિકથા આદિમાં વ્યગ્ર હોવાથી આ કરીને પછી આ કરવું જોઇએ એ પ્રમાણે ન જાણવું=યાદ ન રહેવું તે સ્મૃત્યનવસ્થાન છે.

યાદ હોવા છતાં આગમવિહિત કુશળ(=શુભ)ક્રિયા કરવામાં ઉત્સાહનો અભાવ, અર્થાત્ ક્રિયામાં પ્રવૃત્તિનો અભાવ તે કુશળોમાં અનાદર છે.

યોગ એટલે કાયા આદિની પ્રવૃત્તિઓ. તે પ્રવૃત્તિઓને આર્તધ્યાનવાળા ચિત્તથી કરનારને યોગદુષ્પ્રણિધાન છે.

च શબ્દ સમુચ્ચય અર્થમાં છે. આ પ્રમાણે આ પ્રમાદ છે. ઉપસંહાર કરવા માટે ફરી પ્રમાદ શબ્દનું ગ્રહણ કર્યું છે. આ ત્રણ પ્રકારનો પ્રમાદ છે.

कषाया मोहनीये वक्ष्यन्ते इति જેમનો વ્યુત્પત્તિથી થતો અર્થ પૂર્વે (આ સૂત્રની ટીકામાં) કહ્યો છે તે કષાયો મોહનીયકર્મના વર્ણન પ્રસંગે આ જ અધ્યાયમાં (૧૦મા સૂત્રમાં) આગળ પ્રભેદોથી સહિત વિસ્તારથી કહેવાશે.

'योगस्त्रिविधः पूर्वोक्तः' इति છઠ્ઠા અધ્યાયમાં (પહેલા સૂત્રમાં) ત્રણ પ્રકારનો યોગ કહ્યો છે.

આ પ્રમાણે પાંચ સામાન્ય હેતુઓ છે, અર્થાત્ સર્વકર્મોના બંધના હેતુઓ છે.

સૂત્રમાં ક્રમથી મૂકેલા આ પાંચેય સામાન્ય બંધનિમિત્તોના પૂર્વ પૂર્વનું[1] બંધનિમિત્ત હોય ત્યાર પછીના બંધનિમિત્તો અવશ્ય હોય એમ જણાવે છે. મિથ્યાદર્શન હોય ત્યારે પછીના અવિરતિ વગેરે ચાર અવશ્ય હોય. અવિરતિ હોય ત્યારે પછીના પ્રમાદ વગેરે ત્રણ અવશ્ય હોય. પ્રમાદ હોય ત્યારે કષાય અને યોગો હોય. કષાયો હોય ત્યારે યોગો હોય. કેવળયોગ હેતુ હોય ત્યારે બીજા ચાર ન હોય ઇત્યાદિ વિપરીત રીતે મિથ્યાદર્શનહેતુ ન હોય ત્યાં સુધી વિચારવું. આ આનાથી જણાવે છે- उत्तरोत्तरभावे तु पूर्वेषामनियमः इति, પછી પછીના બંધહેતુઓ હોય ત્યારે પૂર્વના બંધ હેતુઓ ન હોય. અવિરતિ, પ્રમાદ, કષાય, યોગો હોય ત્યારે મિથ્યાદર્શન બંધહેતુ ન હોય. યોગ-કષાય એ બે બંધહેતુઓ હોય ત્યારે બીજા ત્રણ અવશ્ય ન હોય. ઇત્યાદિ સારી રીતે સમજી શકાય તેવું છે. (૮-૧)

**टीकावतरणिका—** एवमुपपादिते विस्तरेण बन्धहेतौ कर्मग्रहण-मुच्यते—

**ટીકાવતરણિકાર્થ—** આ પ્રમાણે વિસ્તારથી બંધહેતુનું સારી રીતે પ્રતિપાદન કર્યે છતે (હવે) કર્મગ્રહણ કહેવાય છે—

**બંધની વ્યાખ્યા—**

**सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलान् आदत्ते ॥८-२॥**

**સૂત્રાર્થ—** જીવ કષાય સહિત હોવાથી(=કષાયના કારણે) કર્મને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે. (૮-૨)

**भाष्यं—** सकषायत्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलान् आदत्ते । कर्मयोग्यानिति अष्टविधे पुद्गलग्रहणे कर्मशरीरग्रहणयोग्यानि । नामप्रत्ययाः सर्वतो योगविशेषादिति वक्ष्यते ॥८-२॥

**ભાષ્યાર્થ—** જીવ કષાયસહિત હોવાથી કર્મને યોગ્ય પુદ્ગલોને લે છે. કર્મને યોગ્ય એટલે આઠ પ્રકારના પુદ્ગલ ગ્રહણમાં કાર્મણ શરીરને યોગ્ય. તે પુદ્ગલો કર્મોના નામોનાં કારણ છે, સર્વ દિશાઓમાંથી ગ્રહણ

૧. वीप्सया એ પ્રયોગનો અર્થ આ છે -पूर्वस्मिन् पूर्वस्मिन् એમ બે વાર પ્રયોગ વીપ્સાના કારણે છે.

કરે છે અને યોગવિશેષથી ગ્રહણ કરે છે એ પ્રમાણે (અ.૮ સૂ.૨૫માં) કહેશે. (૮-૨)

**टीका–** कषायाः क्रोधादयोऽनन्तानुबन्ध्यादिभेदाः सह कषायैः सकषायः तद्भावः सकषायत्वं तस्मात् सकषायत्वाद्धेतोः, हेतौ पञ्चमी, जीवः-द्रव्यात्मा कर्त्ता, स्थित्युत्पत्तिव्ययपरिणतिलक्षणः, सति च कर्तृत्वे कर्मबन्धफलानुभवौ, क्रियत इति कर्माष्टप्रकारं तस्य योग्या-नौदारिकादिवर्गणास्वष्टासु ज्ञानावरणादिकर्मयोग्याननन्तानन्तप्रदेशस्कन्धां-श्चतुःस्पर्शान्, एतदेव च पुद्गलग्रहणेन स्पष्टयति, पूरणगलनलक्षणाः पुद्गलाः स्कन्धीभूतास्तानादत्ते, न पुनः क्रियामात्रं कर्म । कर्म हि पौद्गलमिष्टं रूपादिमदिति, आदत्त इति करोति कर्म आत्मप्रदेशेषु लगयति कर्मेति ।

अमुमेवार्थं भाष्येण स्पष्टयति, 'सकषायत्वादि'त्यादिना पदच्छेदोऽपि हि व्याख्याङ्गमन्यथा वटवृक्षे तिष्ठतीत्यादिषु निश्चय एव न स्याद्, अतः सामान्यं न्यायमाश्रित्य भाष्ये पदच्छेदद्वारेणार्थमाचष्टे, मिथ्यादर्शनादयः कर्मबन्धस्याष्टप्रकारस्य सामान्यहेतवोऽभिहिता एव प्रथमसूत्रे, किमर्थं पुनः कषायग्रहणं भेदेनेति, उच्यते, कषायाणां प्रधानहेतुत्वप्रतिपादनार्थं, तत्रामर्षोऽप्रीतिर्मन्युलक्षणः क्रोधः, स्वगुणकल्पनानिमित्तत्वात् अप्रणतिर्मानः, परातिसन्धाननिमित्तः, छद्मप्रयोगो माया, तृष्णापिपासा-ऽभिष्वङ्गास्वादलक्षणो लोभः, अत्रैककोऽनन्तानुबन्धी, संसारानु-बन्धीत्यर्थः, एवमप्रत्याख्यानः प्रत्याख्यानावरणः सञ्ज्वलनश्चेति, त एते पापिष्टा बन्धहेतवः, संसारस्थितेर्मूलकारणमाजवंजवीभावलक्षणायाः कष्टतमाः प्राणिनामनपराधवैरिणो, यथोक्तमार्षे-

"कोहो अ माणो य अणिग्गहीआ, माया य लोभो अ पवड्ढमाणा ।
चत्तारि एए कसिणा कसाया, सिंचंति मूलाइं पुणब्भवस्स ॥१॥

तहा- जं अइदुक्खं लोए जं च सुहं उत्तमं तिहुयणंमि ।
तं जाण कसायाणं वुड्ढिक्खयहेउअं सव्वं ॥२॥

एवं सकषायत्वं बन्धहेतुत्वेनोपात्तं, हेतुश्च धर्मिणो भवति, स च धर्मी जीव इत्याह, कषायपरिणामो हि परिणन्तुरात्मनो, न त्वपरिणामस्य सर्वगतस्याक्रियस्येति, यथाह-

जीवस्तु कर्मबन्धनबद्धो वीरस्य भगवतः कर्त्ता ।
सन्तत्याऽनाद्यं च तदिष्टं कर्मात्मनः कर्तुः ॥१॥

संसारानादित्वात् बन्धस्यानादिता भवति सिद्धा ।
अत एव कर्म मूर्त्तं नामूर्त्तं बन्धनमभीष्टम् ॥२॥"

कर्मणो योग्यानिति, एतद् व्याचष्टे- अष्टविध इत्यादिना, अष्टप्रकारे पुद्गलग्रहणे औदारिकवैक्रियाहारकतैजसभाषाप्राणापानमनःकर्मभेदेन पुद्गलाः परमाणवो द्विप्रदेशादयश्च स्कन्धाः यावदचित्तमहास्कन्धाः एतेषु ये योग्याः पुद्गलास्तेषामष्टविधे ग्रहणे सति विशिनष्टि- कर्मशरीरयोग्यानित्यर्थः, कर्मैवाष्टविधं शरीरमुक्तमतः स्वार्थे कार्मणमिति (अण्) प्रत्ययः, कर्मैव कार्मणं, कर्मसंघात इत्यर्थः, ते पुनरादीयमानाः पुद्गलाः कर्त्रात्मना किं नाम्नां कर्म्मणां प्रत्यया भवन्ति कारणतां प्रतिपद्यन्ते, क्व वा व्यवस्थिताः कुतो वा योगविशेषादित्याद्युपक्रम्येदमुक्तं नामप्रत्ययाः सर्वतो योगविशेषादिति वक्ष्यते, खल्वयमर्थः, सर्वकर्मणामन्वर्थसंज्ञा नाम संज्ञेत्यनर्थान्तरं, तद्यथा-ज्ञानावरणमित्यादि, ज्ञानमाव्रियते येन कर्मणा तज्ज्ञानावरणं, एवं सर्वत्र नामान्वर्थवाच्यं- तस्यान्वर्थनाम्नो ज्ञानावरणादेः प्रत्ययाः-कारणानि, न हि तान् पुद्गलानन्तरेण ज्ञानावरणादिसंज्ञाः सिद्ध्यन्तीति । तथा सर्वासु दिक्षु व्यवस्थिताः कायवाङ्मनोयोगानां च तीव्रादिपरिणामविशेषादित्यादि सर्वमिहैवाध्याये प्रदेशबन्धनिरूपणे व्याख्यास्यत उपरिष्टादिति ॥८-२॥

**ટીકાર્થ–** અનંતાનુબંધી આદિ ભેદવાળા ક્રોધ વગેરે કષાયો છે. કષાયોથી સહિત તે સકષાય. તેનો ભાવ તે સકષાયત્વ. સકષાયત્વ હેતુથી પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. અહીં હેતુમાં [1]પંચમી વિભક્તિ છે. જીવ એટલે દ્રવ્યરૂપ આત્મા. આત્મા ઉત્પત્તિ, સ્થિતિ, વ્યયની પરિણતિરૂપ લક્ષણવાળો છે. આત્મામાં (કર્મનું) કર્તૃત્વ હોય ત્યારે કર્મબંધ અને ફળનો અનુભવ હોય. જે કરાય તે કર્મ. કર્મ આઠ પ્રકારનું છે. તેને ઔદારિક વગેરે આઠ વર્ગણાઓમાં રહેલા, જ્ઞાનાવરણીય આદિ કર્મને યોગ્ય, અનંતાનંત પ્રદેશવાળા અને ચાર સ્પર્શવાળા સ્કંધોને જીવ ગ્રહણ કરે છે. આને જ પુદ્‌ગલ શબ્દના ઉલ્લેખથી સ્પષ્ટ કરે છે- જે પૂરણ-ગલન સ્વભાવવાળા હોય તે પુદ્‌ગલો. સ્કંધરૂપે બનેલા પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. કર્મ માત્ર ક્રિયારૂપ નથી. કર્મ રૂપાદિવાળું પૌદ્‌ગલિક ઈષ્ટ છે. લે છે એટલે કર્મને કરે છે. કર્મ કરે છે એટલે કર્મને આત્મપ્રદેશોમાં લગાડે છે=એકમેક કરે છે. આ જ અર્થને ભાષ્યથી સ્પષ્ટ કરે છે-

પદચ્છેદ પણ વ્યાખ્યાનું અંગ(=સાધન) છે. અન્યથા **वटवृक्षे तिष्ठति** ઇત્યાદિમાં નિશ્ચય જ ન થાય. (વટરૂપ વૃક્ષમાં રહે છે કે વટના વૃક્ષમાં રહે છે એવો નિશ્ચય ન થાય. જો વટના વૃક્ષમાં રહે છે એવો પદચ્છેદ હોય તો વટ નામના માણસના વૃક્ષમાં રહે છે એવો અર્થ પણ સંભવે. એથી પદચ્છેદ વિના અર્થનો નિશ્ચય ન થાય.)

આથી સામાન્ય ન્યાયને(=પદચ્છેદ વ્યાખ્યાનું અંગ છે એ ન્યાયને) આશ્રયીને ભાષ્યમાં પદચ્છેદ દ્વારા અર્થને કહે છે(=અર્થ કહ્યો છે.)

**પ્રશ્ન–** પ્રથમ સૂત્રમાં મિથ્યાદર્શન વગેરે આઠ પ્રકારના કર્મના બંધના હેતુઓ કહ્યા જ છે. તો પછી અલગથી કષાયનું ગ્રહણ શા માટે કર્યું ?

**ઉત્તર–** ઉક્ત પાંચ હેતુઓમાં કષાયો મુખ્ય છે એ જણાવવા માટે અહીં કષાયોનો અલગથી ઉલ્લેખ કર્યો છે. ચાર કષાયોમાં ક્રોધ અમર્ષ, અપ્રીતિ, મન્યુરૂપ છે, અર્થાત્ અમર્ષ વગેરે શબ્દો ક્રોધ શબ્દના પયાર્યો

૧. **हेत्वर्थैस्तृतीयाद्याः** (સિદ્ધહેમ ૨-૨-૧૧૮) એ સૂત્રથી અહીં હેતુમાં પંચમી વિભક્તિ થઇ છે.

છે. સ્વગુણોની કલ્પનાના નિમિત્તથી(=નમવા યોગ્યને) નમવું નહિ તે માન છે. બીજાને છેતરવા માટે કપટને યોજવો=કરવો તે માયા છે. લોભ, તૃષ્ણા, પિપાસા, અભિષ્વંગ, આસ્વાદરૂપ છે, અર્થાત્ તૃષ્ણા વગેરે શબ્દો લોભ શબ્દના પર્યાયો છે. એક એક કષાય અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલનરૂપ છે. અનંતાનુબંધી એટલે સંસારના અનુબંધવાળા. (અનુબંધના ફળ અને પરંપરા એમ બે અર્થ છે. બંને અર્થ અહીં ઘટી શકે છે.)

આ કષાયો અત્યંત પાપી છે, બંધના હેતુઓ છે, સદા માટે રહેનારી[1] સંસારસ્થિતિનું મૂલકારણ છે, અતિશય કષ્ટરૂપ અને જીવોના અપરાધ વિના શત્રુઓ છે. પરમર્ષિના રચેલા ગ્રંથમાં કહ્યું છે કે- "નહિ જીતેલા ક્રોધ અને માન તથા વૃદ્ધિ પામતા માયા અને લોભ, આ ચારે ક્લિષ્ટ કષાયો (અશુભભાવોરૂપ જળ વડે કર્મબંધ કરાવીને) પુનર્જન્મના મૂળિયાને સિંચે છે." (દશવૈકા. અ.૮ ગા.૪૦) તથા "લોકમાં જે અતિશય દુઃખ છે અને ત્રણ ભુવનમાં ઉત્તમ સુખ છે તે બધું કષાયોની વૃદ્ધિના અને ક્ષયના કારણે છે."

આ પ્રમાણે કષાયોનું બંધના હેતુરૂપે ગ્રહણ કર્યું છે. હેતુ ધર્મીનો હોય. ધર્મી જીવ છે એમ ભાષ્યકાર કહે છે- કષાયપરિણામ પરિણમનારા આત્માનો છે, નહિ પરિણમનારા, સર્વગત અને અક્રિય(=ક્રિયા નહિ કરનાર) આત્માનો નથી. કહ્યું છે કે "કર્મબંધનથી બંધાયેલો જીવ કર્તા છે, કર્તા આત્માનું કર્મ પ્રવાહથી અનાદિ છે. આમ મહાવીર ભગવાનને ઈષ્ટ છે=સંમત છે." "સંસાર અનાદિ હોવાથી બંધ અનાદિ સિદ્ધ થાય છે. આથી જ કર્મ મૂર્ત(=રૂપી) છે, અમૂર્ત બંધન ઈષ્ટ નથી."

"कर्मणो योग्यान्" इति આ વિષયને 'अष्टविधः' ઇત્યાદિથી કહે છે- ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, ભાષા, પ્રાણાપાન, મનઃ, કર્મ એ આઠ ભેદોથી પુદ્ગલગ્રહણ આઠ પ્રકારનું છે. પુદ્ગલો એટલે પરમાણુઓ અને દ્વિપ્રદેશથી પ્રારંભી અચિત્ત મહાસ્કંધ સુધીના સ્કંધો. આ પુદ્ગલોમાં

૧. आजवंजवीभाव=સદા માટે રહેનારી.

જે પુદ્‌ગલો યોગ્ય છે તેમને આઠ પ્રકારના ગ્રહણમાંથી જુદા કરે છે- કાર્મણ શરીરને યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. આઠ પ્રકારના કર્મને જ શરીર કહ્યું છે. આથી કાર્મણ એવો શબ્દ સ્વાર્થમાં अण् પ્રત્યય લાગવાથી થયો છે. કર્મ એ જ કાર્મણ, અર્થાત્ કર્મસંઘાત. કર્તા આત્મા વડે ગ્રહણ કરાતા એ પુદ્‌ગલો કર્મોના નામોનાં કારણ છે=કર્મોના નામોની કારણતાને સ્વીકારે છે. પુદ્‌ગલો ક્યાં રહેલા છે ? કયા યોગ વિશેષથી ગ્રહણ કરે છે ? ઇત્યાદિ ભૂમિકા કરીને આ કહ્યું છે- नामप्रत्ययाः सर्वतो योगविशेषाद् । આ અર્થ હવે કહેવાશે. સર્વ કર્મોની સંજ્ઞા અન્વર્થ(=નામ પ્રમાણે અર્થવાળી) છે. નામ અને સંજ્ઞા એ બંનેનો એક અર્થ છે. તે આ પ્રમાણે- કર્મના જ્ઞાનાવરણ ઇત્યાદિ નામ છે. જે કર્મથી જ્ઞાન આવરાય છે(=રોકાય છે) તે જ્ઞાનાવરણ. આ પ્રમાણે બધા સ્થળે અન્વર્થ નામ કહેવું. પુદ્‌ગલો તે અન્વર્થ નામવાળા જ્ઞાનાવરણીય આદિનાં કારણો છે. તે પુદ્‌ગલો વિના જ્ઞાનાવરણ આદિ નામો સિદ્ધ થતા નથી. તથા પુદ્‌ગલો સર્વદિશાઓમાં રહેલા છે. કાયા, વચન, મનોયોગના તીવ્રાદિ પરિણામવિશેષથી ગ્રહણ કરે છે ઇત્યાદિ સઘળું આ જ અધ્યાયમાં આગળ પ્રદેશબંધના નિરૂપણમાં વિશેષથી કહેવાશે. (૮-૨)

**टीकावतरणिका—** एवं बन्धहेतुं निरूप्याधुना बन्धस्वरूपनिरूपणायाह—

**ટીકાવતરણિકાર્થ—** આ પ્રમાણે બંધહેતુનું નિરૂપણ કરીને હવે બંધ સ્વરૂપનું નિરૂપણ કરવા માટે કહે છે—

**બંધનું સ્વરૂપ—**

**स बन्धः ॥८-३॥**

**સૂત્રાર્થ—** તે જ કર્મનો બંધ છે, અર્થાત્ કાર્મણવર્ગણાના કર્મને યોગ્ય પુદ્‌ગલોનો આત્માની સાથે ક્ષીર-નીરવત્ કે લોહાગ્નિવત્ એકમેક રૂપે સંબંધ તે બંધ છે. (૮-૩)

**भाष्यं—** स एष कर्मशरीरपुद्गलग्रहणकृतो बन्धो भवति । स पुनश्चतुर्विधः ॥८-३॥

**ભાષ્યાર્થ–** તે આ બંધ કર્મશરીરવડે પુદ્ગલોના ગ્રહણથી કરાયેલો છે. વળી- તે બંધ ચાર પ્રકારે છે. (૮-૩)

**टीका–** बन्धनं बन्धः-परस्पराश्लेषः प्रदेशपुद्गलानां क्षीरोदकवत् प्रकृत्यादिभेदः, बध्यते वा येनात्मा अस्वतन्त्रतामापाद्यते ज्ञानावरणादिना स बन्धः पुद्गलपरिणामः, एनमेव चार्थं भाष्यकारः स्पष्टयति-स एष इत्यादिना एष लोलीभूत आत्मप्रदेशकर्मपुद्गलपिण्डः स इत्यनेन परामृष्यते, एष इति नान्यः, तस्यैवानुसन्धानमाचष्टे, आत्मप्रदेशानां पुद्गलानां चान्योऽन्यानुगतिलक्षण एव बन्धो भवति, कर्मशरीरमिति कार्मणशरीरमात्मैक्याद्योगकषायपरिणतियुक्तमपरकर्मयोग्यपुद्गलग्रहणे-आत्मसात्करणे एकत्वपरिणामापादने समर्थम्, एवं च कर्मशरीरेण पुद्गलानां यद्ग्रहणं गृहीतिस्तत्कृतो बन्ध इति भावनीयं, सः पुनश्चतुर्विधः इत्यनेनोत्तरसूत्रसम्बन्धं कथयति,

लक्षणविधानाभ्यां जीवादिपदार्थसप्तकव्याख्या प्रस्तुता, तत्र लक्षणतः प्रतिपादितो बन्धः, सम्प्रति लक्षितस्य विधानं वाच्यं, अतः स एव उक्तलक्षणको बन्ध एकरूपोऽपि कार्यभेदात् प्रकृत्यादिविभागमासादयत्यवस्थाभेदाद्वा, यथा पृथग्जनाः क्रौर्यनीचैस्त्वलोभादिभेदान्नानात्वं प्रतिपद्यन्ते तद्वद्बन्धोऽपीति, पुनःशब्दो बन्धं विशिनष्टि, द्रव्यभावभेदे सति भावबन्ध इति, चतस्रो विधा यस्य स चतुर्विधः-चतुःप्रकारः ॥८-३॥

**ટીકાર્થ–** બાંધવું તે બંધ. આત્મપ્રદેશોનો અને કર્મપુદ્ગલોનો દૂધ-પાણીની જેમ પરસ્પર સંબંધ તે બંધ. બંધના પ્રકૃતિ આદિ ભેદો છે. અથવા જ્ઞાનાવરણીય વગેરે જેનાથી આત્મા પરાધીનતાને પમાડાય છે, તે બંધ છે. બંધ પુદ્ગલના પરિણામરૂપ છે. આ જ અર્થને ભાષ્યકાર 'स एष' ઇત્યાદિથી સ્પષ્ટ કરે છે–

सः એવા પદથી ચંચળ થયેલા આત્મપ્રદેશોના અને કર્મપુદ્ગલોના પિંડનો પરામર્શ કરાય છે. 'एष' इति આ જ છે, અન્ય નથી. एषः પદથી

તેના=स એ પદના જ અનુસંધાનને કહે છે. આત્મપ્રદેશોનો અને પુદ્ગલોનો પરસ્પર એકમેક સંબંધ જ બંધ છે. 'कर्मशरीरम्' इति આત્માની સાથે એકતાના કારણે યોગ-કષાયોના પરિણામથી યુક્ત એવું કાર્મણ શરીર અન્ય કર્મયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરવામાં=આત્મસાત્ કરવામાં, અર્થાત્ આત્માની સાથે એકતારૂપ પરિણામને પ્રાપ્ત કરાવવામાં સમર્થ છે. આ પ્રમાણે કર્મશરીરથી પુદ્ગલોનું જે ગ્રહણ તેનાથી કરાયેલો બંધ છે.

'તે બંધ ચાર પ્રકારનો છે' એવા ઉલ્લેખથી ઉત્તરસૂત્રના સંબંધને કહે છે. લક્ષણ અને વિધાનથી(=પ્રકારથી) જીવાદિ સાત પદાર્થોની વ્યાખ્યા પ્રસ્તુત છે. તેમાં લક્ષણથી(=સ્વરૂપથી) બંધ કહ્યો. હવે લક્ષિત બંધનું વિધાન કહેવું જોઈએ. જેનું લક્ષણ કહી દીધું છે તે બંધ એકરૂપ હોવા છતાં કાર્યભેદથી કે અવસ્થાભેદથી પ્રકૃતિ આદિ વિભાગને પ્રાપ્ત કરે છે. જેમકે જુદા જુદા માણસો ક્રૂરતા, અધમતા અને લોભ આદિના ભેદથી જુદાપણાને પામે છે તેવી રીતે બંધ પણ (કાર્યભેદ વગેરેથી) જુદાપણાને પામે છે.

પુનઃ શબ્દ બંધને વિશેષ કરે છે. તે આ પ્રમાણે- બંધના દ્રવ્ય અને ભાવ એ બે ભેદોમાં અહીં ભાવબંધ જાણવો. (૮-૩)

**टीकावतरणिका–** तत्प्रकारनिरूपणायेदमाह–

**ટીકાવતરણિકાર્થ–** બંધના પ્રકારોનું નિરૂપણ કરવા માટે આ કહે છે–

**બંધના ભેદો–**

## प्रकृतिस्थित्यनुभावप्रदेशास्तद्विधयः ॥८-४॥

**સૂત્રાર્થ–** બંધના પ્રકૃતિ, સ્થિતિ, અનુભાવ(=રસ) અને પ્રદેશ એ ચાર પ્રકાર છે. (૮-૪)

**भाष्यं–** प्रकृतिबन्धः, स्थितिबन्धः, अनुभावबन्धः, प्रदेशबन्धः इति ॥८-४॥

**ભાષ્યાર્થ–** પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાવબંધ અને પ્રદેશબંધ એમ બંધના ચાર પ્રકારો છે. (૮-૪)

**टीका—** प्रकृत्यादयः कृतद्वन्द्वाः भवनविभक्त्या निर्दिष्टाः, तत्र प्रकृतिर्मौलं कारणं मृदिव घटादिभेदानामेकरूपपुद्गलग्रहणं, अतः प्रक्रियन्तेऽस्याः सकाशात् इति प्रकृतिः, (स्वभाववचनो वा प्रकृतिशब्दः, दुष्टप्रकृतिर्दुष्टस्वभावं इति प्रसिद्धेः ।)क्रमनियमस्तु शेषविकल्पप्रसूतेरादौ प्रकृतिबन्धः, उपात्तस्यावस्थानकालपरिच्छेदात्ततः स्थितिबन्धः, सत्यां स्थितौ फलदानक्षमत्वादनुभावबन्धः, ततः कर्मपुद्गलपरिमाणलक्षणः प्रदेशबन्धः, स बन्ध इत्यत्र बन्धस्य प्रस्तुतत्वात् तच्छब्देन परामर्शः, विधिर्विधानं भेदस्तस्य विधयस्तद्विधयो-बन्धभेदा इति, एतद्भाष्यकृता विवृतमेव प्रत्येकमभिसम्बध्नता बन्धशब्दं, तत्र यथोक्तप्रत्ययसद्भावे सति पुद्गलादानं प्रकृतिबन्धः-कर्मात्मनोरैक्यलक्षणः, ततश्चात्मनोऽध्यवसायविशेषादनाभोगपूर्वकादाहारपरिणामवत् कर्मपरिणतिः स्थित्यादिलक्षणा, तथा चोक्तमेव-कर्मपुद्गलराशेः कर्त्रा परिगृहीतस्यात्मप्रदेशेष्ववस्थानं स्थितिः अध्यवसायनिर्वर्त्तितः कालविभागः, कालान्तरावस्थाने सति विपाकवत्ताऽनुभावबन्धः, समासादितपरिपाकावस्थस्य बदरादेरिवोपभोग्यत्वात् सर्वदेशघात्येकद्वित्रिचतुःस्थानशुभाशुभ-तीव्रमन्दादिभेदेन वक्ष्यमाणः, ततस्तस्य कर्त्तुः स्वप्रदेशेषु कर्मपुद्गलद्रव्यपरिमाणनिरूपणं प्रदेशबन्धः, अत्र च पारमार्षप्रवचनविदः कणिकागुडघृतकटुभाण्डादिद्रव्यविकारं मोदकमुदाहरन्ति प्रकृत्यादिबन्धनिरूपणाय, तथाहि-चित्रः पुद्गलपरिणामः कर्तुरध्यवसायानुगृहीत इति भाष्यते, मोदको हि वातपित्तहरो बुद्धिवर्धनः, स मोहकारणं मादक इत्यनेकेनाकारेण परिणमते जीवसंयोगात्, तथा कर्मवर्गणायोग्यपुद्गलराशिरप्यात्मसम्बन्धात् कश्चिद् ज्ञानमावृणोति, अपरो दर्शनं स्थगयति, अन्यः सुखदुःखानुभवहेतुरित्यादि योज्यं, भूयस्तस्यैवाविपन्नगन्धररसादेरविनाशित्वेनावस्थानं स्थितिः, आह च-

"इति कर्मणः प्रकृतयो मौल्यश्च तथोत्तराश्च निर्दिष्टाः ।
तासां यः स्थितिकालनिबन्धः स्थितिबन्ध उक्तः सः ॥१॥"

तस्यैव च स्निग्धमधुराद्येकद्विगुणादिभावोऽनुभावः, यथाऽऽह-

"तासामेव विपाकनिबन्धो यो नामनिर्वचनभिन्नः ।
स रसोऽनुभावसंज्ञस्तीव्रो मन्दोऽथ मध्यो वा ॥१॥"

पुनस्तस्यैव कणिकादिपरिमाणान्वेषणं प्रदेशः, कर्मणोऽपि पुद्गल-परिणामनिरूपणं प्रदेशबन्ध इति, यथोक्तं-

"तेषां पूर्वोक्तानां स्कन्धानां सर्वतोऽपि जीवेन ।
सर्वैर्देशैर्योगविशेषाद् ग्रहणं प्रदेशाख्यं ॥१॥
प्रत्येकमात्मदेशाः कर्मावयवैरनन्तकैर्बद्धाः ।
कर्माणि बध्नतो मुञ्चतश्च सातत्ययोगेन ॥२॥"

इतिः कर्मणो मौलबन्धभेदेयत्ताप्रदर्शनार्थः, ज्ञानावरणादिकर्मणामष्टा-नामपि प्रकृत्यादिभेद एव मौलमिति ॥८-४॥

**ટીકાર્થ–** પ્રકૃતિ આદિ શબ્દોનો દ્વન્દ્વ સમાસ કરીને પ્રથમા વિભક્તિમાં નિર્દેશ કર્યો છે. જેવી રીતે ઘટ આદિ ભેદોનું મૂલ કારણ માટી છે તેવી રીતે પ્રકૃતિ (બંધના) ભેદોનું મૂલ કારણ છે. જીવ એકસરખા પુદ્ગલોનું ગ્રહણ કરે છે (પછી તે પુદ્ગલોમાં પ્રકૃતિ વગેરે નિશ્ચિત થાય છે. તેમાં પહેલાં પ્રકૃતિ નિશ્ચિત થાય છે. પછી સ્થિતિ વગેરે નિશ્ચિત થાય છે.) આથી એની પાસેથી(=એના દ્વારા) પ્રકારો કરાય છે એથી પ્રકૃતિ છે. (અથવા પ્રકૃતિ શબ્દ સ્વભાવવચનવાળો છે, અર્થાત્ પ્રકૃતિ શબ્દનો સ્વભાવ અર્થ છે. કેમકે માણસ દુષ્ટપ્રકૃતિવાળો છે=દુષ્ટસ્વભાવવાળો છે એવી લોકમાં પ્રસિદ્ધિ છે.)[1]

ક્રમનો નિયમ આ પ્રમાણે છે- અન્ય વિકલ્પોની ઉત્પત્તિની આદિમાં પ્રકૃતિબંધ થાય. ગ્રહણ કરેલાના અવસ્થાન કાળનો નિર્ણય થતો હોવાથી

૧. કાઉંસમાં લીધેલી ટીકા જરૂરી જણાવાથી શ્રી સિદ્ધસેનગણિકૃત ટીકામાંથી લીધી છે.

પછી સ્થિતિબંધ થાય. સ્થિતિ થયે છતે ફળ આપવાને સમર્થ થવાના કારણે અનુભાવ બંધ થાય. પછી કર્મપુદ્ગલોના પરિણામરૂપ પ્રદેશ બંધ થાય.

**स बन्धः** એ સ્થળે બંધ પ્રસ્તુત હોવાથી આ સૂત્રમાં तद् શબ્દથી બંધનો પરામર્શ થાય. વિધિ, વિધાન, ભેદ એ શબ્દોનો એક અર્થ છે. तद् विधयः એટલે બંધના ભેદો. આનું વિવરણ બંધશબ્દને પ્રત્યેક શબ્દની સાથે જોડતા ભાષ્યકારે કર્યું છે.

તેમાં પૂર્વે કહેલા બંધના કારણો હોય ત્યારે પુદ્ગલોનું ગ્રહણ પ્રકૃતિબંધ છે. પ્રકૃતિબંધ એટલે કર્મ અને આત્મા એ બેની (દૂધ-પાણીની જેમ) એકતા. ત્યારબાદ જેમ અનાભોગપૂર્વક આહારનો (રસાદિ) પરિણામ થાય તેમ આત્માના અનાભોગપૂર્વકના અધ્યવસાયવિશેષથી સ્થિતિ આદિ રૂપ કર્મપરિણામ થાય છે. તે પ્રમાણે કહ્યું જ છે કે કર્તાવડે ગ્રહણ કરાયેલ કર્મપુદ્ગલસમૂહનું આત્મપ્રદેશોમાં અવસ્થાન એ સ્થિતિ છે. સ્થિતિ એટલે અધ્યવસાયથી નિશ્ચિત કરાયેલ કાળવિભાગ. અન્યકાળમાં અવસ્થાન થયે છતે વિપાક(ફળ) એ અનુભાવબંધ છે. જેણે પરિપાક અવસ્થાને પ્રાપ્ત કરી છે તે અનુભાવબંધ પાકેલા બોર આદિની જેમ ઉપભોગ કરવા લાયક છે, અર્થાત્ કાળનો પરિપાક થયા પછી અનુભાવબંધનું ફળ ભોગવવું પડે છે. આથી અનુભાવબંધ સર્વઘાતી-દેશઘાતી, એકસ્થાન, દ્વિસ્થાન, ત્રિસ્થાન, ચતુઃસ્થાન, શુભ-અશુભ, તીવ્ર-મંદ વગેરે ભેદો જણાવવાપૂર્વક હવે કહેવાશે. ત્યારબાદ પ્રદેશબંધ કરનારના આત્મપ્રદેશોમાં પુદ્ગલદ્રવ્યોના પરિમાણનું નિરીક્ષણ કરવું તે પ્રદેશબંધ છે, અર્થાત્ આઠ પ્રકૃતિઓમાં કર્માણુઓની વહેંચણી એ પ્રદેશબંધ છે.

અહીં પરમર્ષિઓના વચનને જાણનારાઓ પ્રકૃતિ આદિ બંધને વિચારવા માટે કણિયા, ગોળ, ઘી, તીખાશવાળા વસાણા વગેરે દ્રવ્યોના વિકારરૂપ મોદકનું દૃષ્ટાંત કહે છે. તે આ પ્રમાણે- કર્તાના અધ્યવસાયથી અનુગ્રહ કરાયેલો પુદ્ગલપરિણામ વિચિત્ર છે એમ કહેવામાં આવે છે. (સ્વભાવ-) મોદક વાત-પિત્તનો નાશક છે અને બુદ્ધિવર્ધક છે. તે મોહનું

કારણ છે, હર્ષકારક છે. આ રીતે મોદક જીવના સંયોગથી અનેક આકારે પરિણમે છે. તે પ્રમાણે કાર્મણવર્ગણાને યોગ્ય પુદ્‌ગલસમૂહ પણ આત્માના સંબંધથી કોઈક જ્ઞાનને આવરે, બીજો દર્શનને ઢાંકે છે, અન્ય સુખ-દુઃખનું કારણ બને છે. ઈત્યાદિ યોજના કરવી તથા જેના ગંધ, રસ વગેરે નાશ પામતા નથી તેવા મોદકની જ અવિનાશીપણે અવસ્થાન એ સ્થિતિ છે. કહ્યું છે કે- આ પ્રમાણે કર્મની મૂળ અને ઉત્તર પ્રકૃતિઓ કહી છે. તેમના સ્થિતિકાળનો જે હેતુ છે તેને સ્થિતિબંધ કહ્યો છે. (૧) તેના જ સ્નિગ્ધ, મધુર આદિ અને એકગુણ, દ્વિગુણ વગેરેની સત્તા તે અનુભાવ છે.

કહ્યું છે કે, "તે પ્રકૃતિઓના જ વિપાકનો જે હેતુ છે અને નામની વ્યુત્પત્તિથી ભિન્ન છે(=નામની વ્યુત્પત્તિ પ્રમાણે ભિન્ન ભિન્ન છે) તે રસ અનુભાવ સંજ્ઞાવાળો છે અને તીવ્ર, મધ્યમ, જઘન્ય છે."

મોદકના જ કણિયા વગેરેના પરિમાણની તપાસ કરવી તે પ્રદેશ છે. કર્મના પણ પુદ્‌ગલના પરિમાણનું નિરીક્ષણ કરવું તે પ્રદેશબંધ છે. કહ્યું છે કે, "જીવ વડે પૂર્વોક્ત તે સ્કંધોનું સર્વ દિશામાંથી સર્વ આત્મપ્રદેશોથી યોગવિશેષથી કરાતા ગ્રહણની પ્રદેશ સંજ્ઞા છે." (૧)

"સતત કર્મોને બાંધતા અને છોડતા જીવનો પ્રત્યેક (આત્મ)પ્રદેશ અનંતકર્માણુઓથી બંધાયેલો છે." (૨)

इति શબ્દ મૂળ પ્રકૃતિબંધના ભેદોનું પરિમાણ બતાવવા માટે છે. જ્ઞાનાવરણીય આઠેય કર્મોનો પ્રકૃતિ આદિ ભેદ જ મૂળ ભેદ છે. (૮-૪)

**भाष्यावतरणिका–** तत्र–

**ભાષ્યાવતરણિકાર્થ–** તેમાં–

**टीकावतरणिका–** उत्तरसूत्रसम्बन्धार्थस्तत्रशब्दः, तत्र तेषु चतुर्षु प्रकृत्यादिलक्षणेषु बन्धभेदेषु प्रथमो भेद उच्यते, स च द्वेधा मूलप्रकृतिबन्धः उत्तरप्रकृतिबन्धश्च ॥ मूलप्रकृतिबन्धप्रतिपत्त्यर्थमिदं वचनं–

**ટીકાવતરણિકાર્થ–** तत्र શબ્દ પછીના સૂત્રની સાથે સંબંધ જોડવા માટે છે. પ્રકૃતિ આદિ રૂપ તે ચાર બંધભેદોમાં પ્રથમ ભેદ કહેવાય છે. બંધ

મૂલપ્રકૃતિબંધ અને ઉત્તરપ્રકૃતિબંધ એમ બે પ્રકારે છે. મૂલપ્રકૃતિબંધના બોધ માટે આ વચન છે–

**પ્રકૃતિબંધના મૂળ ભેદો–**

## आद्यो ज्ञानदर्शनावरणवेदनीयमोहनीयायुष्कनामगोत्रान्तरायाः ॥८-५॥

**સૂત્રાર્થ–** આદ્યના=પ્રકૃતિબંધના જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય એમ આઠ ભેદો છે. (૮-૫)

**भाष्यं–** आद्य इति सूत्रक्रमप्रामाण्यात्प्रकृतिबन्धमाह- सोऽष्टविधः। तद्यथा- ज्ञानावरणं, दर्शनावरणं, वेदनीयं, मोहनीयं, आयुष्कं, नाम, गोत्रं, अन्तरायमिति ॥८-५॥

**ભાષ્યાર્થ–** આદ્ય એવા શબ્દપદથી સૂત્રક્રમના પ્રામાણ્યથી પ્રકૃતિબંધને કહે છે- મૂળ પ્રકૃતિબંધ આઠ પ્રકારનો છે. તે આ પ્રમાણે- જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય. (૮-૫)

**टीका–** आदौ भव आद्योऽनन्तरातीतसूत्रविन्याससंश्रयणात्, ज्ञान-दर्शनयोरावरणशब्दः प्रत्येकमभिसम्बध्यते, ज्ञानावरणं दर्शनावरणमिति, ज्ञानमवबोधलक्षणो विशेषविषयः पर्याय आत्मनः, तथा दर्शनपर्यायः सामान्योपलम्भलक्षणः, तयोरावरणं आच्छादनमावृत्तिः आवरणमाव्रियते वाऽनेनेति भावकरणयोर्व्युत्पत्तिः, सुखदुःखस्वरूपेणानुभवितव्यत्वा-द्वेदनीयमिति कर्मसाधनं, मोहयति मोहनं वा मुह्यतेऽनेनेति वा मोहनीयं, एत्यनेन गत्यन्तराणीत्यायुः, आयुरेव चायुष्कं, स्वार्थे कन्, नामयतीति नाम, प्रह्वयत्यात्मानं गत्याद्यभिमुखमिति, नम्यते वा-प्रह्वीक्रियतेऽनेनेति वा नाम, कर्त्तरि करणे वा व्युत्पाद्यते, गोत्रं उच्चनीचभेदलक्षणं तद्गच्छति-प्राप्नोत्यात्मेति गोत्रं, अन्तर्द्धायतेऽनेनात्मनो वीर्यलाभादीति अन्तरायः अन्तर्द्धानं वाऽऽत्मनो वीर्यादिपरिणामस्येत्यन्तरायः 'कुत्यलुटो

बहुल'मिति लक्षणसद्भावात् सर्वत्र साधिमा प्रतिपत्तव्यः, तुल्यार्थत्वात् संकीर्यन्ते संज्ञा इति चेत्तन्न, प्रसिद्धतरत्वाद्गोसर्पादिसंज्ञावत्, एवमेते ज्ञानावरणादयः कृतद्वन्द्वाः प्रथमया निर्दिष्टाः, क्रमस्त्वेषामर्थापेक्षः,

तथा च ज्ञानदर्शनावरणोदयजनिता सर्वसत्त्वानां भवव्यथा, तां च वेदयमानोऽपि मोहाभिभूतत्वान्न विरज्यते, अविरक्तश्च देवमानुषतिर्यङ्-नारकायुषि वर्त्तते, न चानामकं जन्म, जन्मवन्तश्चानुस्यूताः सदैव गोत्रेण, तत्र संसारिणां सुखलेशानुभवः सान्तरायः सर्व इत्यन्तरायनिर्देशः,

आद्य इति सूत्रक्रमप्रामाण्यादित्यादि भाष्यं आद्यः प्रथमो मूल-प्रकृतिबन्धः, इतिकरणः शब्दपदार्थकः, सूचनात् सूत्रम्, अनेकभेदं कर्म यतः सूचयति, क्रमः सन्निवेशस्तस्य प्रामाण्यम्, अन्यप्रमाणत्वादिवत् समासः, तस्मात्, सूत्रक्रमप्रामाण्यादिति हेत्वर्था पञ्चमी, प्रकृतिबन्धमिति सामान्याभिधानेऽपि मूलप्रकृतिबन्धमेव काक्वा प्रतिपादयति सूत्रकारः, यतः-पञ्चनवेत्यादिनोत्तरप्रकृतिबन्धं वक्ष्यति, स मूलप्रकृति-बन्धोऽष्टप्रकारः, तद्यथा, ज्ञानावरणमित्यादि, गतार्थं भाष्यं, इतिकरणः शुभाशुभस्य कर्मण इयत्ताप्रतिपत्तये प्रायोजीति ॥८-५॥

**ટીકાર્થ–** આદિમાં થયેલો તે આદ્ય. અનંતર અતીત સૂત્રની રચનાના આશ્રયથી આદ્ય છે, અર્થાત્ હમણાં જ કહેલા ચોથા સૂત્રમાં જણાવેલા ચાર ભેદોની અપેક્ષાએ આદ્યભેદ સમજવો. જ્ઞાન અને દર્શન એ પ્રત્યેક શબ્દની સાથે આવરણ શબ્દનો સંબંધ કરવામાં આવે છે. તેથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ એમ થાય. બોધસ્વરૂપ જ્ઞાન આત્માનો વિશેષ વિષયવાળો પર્યાય છે, અર્થાત્ વસ્તુનો વિશેષરૂપે બોધ તે જ્ઞાન. તથા દર્શનપર્યાય સામાન્ય બોધરૂપ છે, અર્થાત્ વસ્તુનો સામાન્યથી બોધ તે દર્શન. આવરણ, આચ્છાદાન, આવૃત્તિ આ શબ્દોનો એક અર્થ છે. આવરવું તે આવરણ, અહીં ભાવમાં વ્યુત્પત્તિ છે. અથવા જેનાથી આવરાય તે આવરણ. અહીં કરણમાં વ્યુત્પત્તિ છે. સુખ-દુઃખ રૂપે

અનુભવવા યોગ્ય હોવાથી વેદનીય. (वेद्यते=अनुभूयते यद् तद् वेदनीयम्) અહીં કર્મકારકમાં વ્યુત્પત્તિ છે. જે મોહ પમાડે છે, મોહ પામવો અથવા જેનાથી મોહ પમાય તે મોહનીય. જેનાથી અન્ય ગતિઓમાં જાય તે આયુસ્. આયુસ્ એ જ [1]આયુષ્ક. અહીં સ્વાર્થમાં कन् પ્રત્યય છે. નમાવે છે તેથી નામ. આત્માને ગતિ આદિની તરફ નમાવે (=વાળે છે) તેથી નામ. અથવા જેનાથી નમાવાય છે તે નામ. કર્તાકારકમાં કે કરણકારકમાં વ્યુત્પત્તિ કરાય છે. ગોત્ર ઉચ્ચ-નીચ એવા ભેદ સ્વરૂપ છે. આત્મા ઉચ્ચ-નીચ સ્વરૂપને પામે છે તેથી ગોત્ર. જેનાથી આત્માના વીર્ય અને લાભ વગેરે છુપાવાય છે તે અંતરાય. અથવા આત્માના વીર્યાદિ પરિણામનું અંતર્ધાન થવું=અદૃશ્ય થવું તે અંતરાય. कृत्यलुटो बहुलम् (પા.અ.૩ પા.૩ સૂ.૧૧૩) એવું સૂત્ર[2] હોવાથી બધા શબ્દોની વ્યુત્પત્તિ સારી[3]=સત્ય જાણવી. કેમકે કોઈપણ વ્યુત્પત્તિમાં અર્થ સમાન છે. (જે શબ્દને સિદ્ધ કરનાર અન્ય કોઈ સૂત્ર ન હોય તો પણ આ સૂત્રથી એ શબ્દની સિદ્ધિ થાય છે. જેમકે મોહનીય. प्रवचनीयादयः એ સૂત્રથી કર્તા અર્થમાં अनीय પ્રત્યય આવે છે. છતાં અહીં मुह्यतेऽनेनेति મોહનીય એમ કરણ અર્થમાં પણ આ સૂત્રથી अनीय પ્રત્યય થયો.)

**પ્રશ્ન–** (संकीर्यन्ते संज्ञाः=) સંજ્ઞાઓ પ્રકૃતિ-પ્રત્યયના મિશ્રણથી થતી હોય છે, એની વ્યુત્પત્તિ કરવાની જરૂર નથી.

**ઉત્તર–** ગો-સર્પ આદિ સંજ્ઞાઓની જેમ જ્ઞાનાવરણ આદિ સંજ્ઞાઓ અત્યંત પ્રસિદ્ધ હોવાથી વ્યુત્પત્તિ હોય. જેમ કે, ગાય પ્રસિદ્ધ છે તેથી ગો શબ્દ गच्छतीति गौः એવી વ્યુત્પત્તિથી સિદ્ધ થાય છે, તેમ सर्पतीति सर्पः ।

આ પ્રમાણે આ જ્ઞાનાવરણાદિ શબ્દોનો દ્વન્દ્વ સમાસ કરીને પ્રથમા વિભક્તિથી નિર્દેશ કરાયો છે. એમનો ક્રમ તો અર્થની અપેક્ષાએ છે.

૧. यावादिभ्यः कः (સિદ્ધહેમ ૭-૩-૨૫) એ સૂત્રથી સ્વાર્થમાં क પ્રત્યય આવ્યો છે.
૨. સિદ્ધહેમશબ્દાનુશાસન વ્યાકરણમાં बहुलम् (૫-૧-૨) એવું સૂત્ર છે.
૩. साधिमा શબ્દ पृथ्वादेरिमन् वा (૭-૧-૫૮) એ સૂત્રથી ભાવ અર્થમાં इमन् પ્રત્યય લાગવાથી બન્યો છે.

તે આ પ્રમાણે- સર્વ જીવોની ભાવપીડા જ્ઞાન-દર્શનાવરણના ઉદયથી ઉત્પન્ન કરાયેલી છે. (આથી પહેલાં જ્ઞાન-દર્શનાવરણ પછી વેદનીય.) જીવ ભાવવ્યથાને વેદતો=અનુભવતો હોવા છતાં મોહથી પરાભવ પામેલો હોવાથી વિરાગને પામતો નથી. (માટે વેદનીય પછી મોહનીય છે.) વિરાગ નહિ પામેલો તે દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરકના આયુષ્યમાં રહે છે, અર્થાત્ તેને દેવગતિ આદિનું આયુષ્ય બંધાય છે. (આથી મોહનીય પછી આયુષ્યનો નિર્દેશ કર્યો છે.) જન્મ નામ વિના ન હોય. (આથી આયુષ્ય પછી નામકર્મ છે.) જન્મવાળા જીવો સદાય ગોત્રની સાથે સંબંધવાળા હોય છે. (આથી નામકર્મ પછી ગોત્રનો ઉલ્લેખ છે.) ગોત્રમાં સંસારીઓને સુખલેશનો સઘળો અનુભવ અંતરાય સહિત હોય છે. (માટે ગોત્ર પછી અંતરાયકર્મનો નિર્દેશ છે.)

आद्य इति सूत्रक्रमप्रामाण्याद् ઇત્યાદિ ભાષ્ય છે–

આદ્ય એટલે પ્રથમ મૂળપ્રકૃતિબંધ. इति નો પ્રયોગ શબ્દપદના અર્થ માટે છે, અર્થાત્ आद्यः એવો જે શબ્દપદ છે તેને જણાવનારો છે. જે સૂચન કરે (વિશેષ વર્ણન ન કરે) તે સૂત્ર. ક્રમ=રચના. તેના પ્રામાણ્યથી. અન્યપ્રમાણત્વની જેમ અહીં સમાસ છે, અર્થાત્ જેમ અન્યપ્રમાણત્વ સમાસ થયો છે તેવી રીતે અહીં सूत्रक्रमप्रामाण्याद् એમ સમાસ થયો છે. सूत्रक्रमप्रामाण्याद् એ સ્થળે હેતુ અર્થમાં પંચમી વિભક્તિ છે. અહીં प्रकृतिबन्धम् એ પ્રમાણે સામાન્યથી કહ્યું હોવા છતાં અર્થાપત્તિથી સૂત્રકાર મૂલપ્રકૃતિ બંધને જ જણાવે છે. કારણ કે 'पञ्च नव' ઇત્યાદિથી ઉત્તર પ્રકૃતિબંધને કહેશે. તે મૂલપ્રકૃતિબંધ આઠ પ્રકારનો છે. તે આ પ્રમાણે- જ્ઞાનાવરણ ઇત્યાદિ. ભાષ્યનો અર્થ જણાઇ ગયો છે. इति શબ્દનો પ્રયોગ શુભ-અશુભ કર્મનું પરિમાણ જણાવવા માટે કર્યો છે. (૮-૫)

**भाष्यावतरणिका–** किञ्चान्यत्–

**ભાષ્યાવતરણિકાર્થ–** વળી બીજું–

**टीकावतरणिका–** किञ्चान्यदित्यादिना सूत्रस्थं सम्बन्धमाचष्टे, न केवलं प्रकृतिबन्धो मूलविशेषणः, उत्तरोपपदविशेषणश्चेत्यनेन प्रतिपादयन्नाह–

**ટીકાવતરણિકાર્થ–** 'વળી બીજું' ઇત્યાદિથી સૂત્રમાં રહેલા સંબંધને કહે છે. પ્રકૃતિબંધ કેવળ મૂળ વિશેષણવાળો જ નથી, અર્થાત્ મૂળ પ્રકૃતિબંધ જ નથી કિંતુ પ્રારંભમાં મૂકાતા ઉત્તર એવા વિશેષણવાળો પણ છે, અર્થાત્ ઉત્તરપ્રકૃતિબંધ પણ છે એમ આનાથી પ્રતિપાદન કરતા સૂત્રકાર કહે છે–

**પ્રકૃતિબંધના ઉત્તરભેદોની સંખ્યા–**

**पञ्चनवद्व्यष्टाविंशतिचतुर्द्विचत्वारिंशद्द्विपञ्चभेदा यथाक्रमम्**

**॥८-६॥**

**સૂત્રાર્થ–** જ્ઞાનાવરણ વગેરે આઠ મૂળપ્રકૃતિના અનુક્રમે ૫, ૯, ૨, ૨૮, ૪, ૪૨, ૨ અને ૫ ભેદો છે. (૮-૬)

**भाष्यं–** स एष प्रकृतिबन्धोऽष्टविधोऽपि पुनरेकशः पञ्चभेदः नवभेदः द्विभेदः अष्टाविंशतिभेदः चतुर्भेदः द्विचत्वारिंशद्भेदः द्विभेदः पञ्चभेद इति यथाक्रमं प्रत्येतव्यम् । इत उत्तरं यद्वक्ष्यामः ॥८-६॥

**ભાષ્યાર્થ–** તે આ આઠેય પ્રકારનો પ્રકૃતિબંધ ફરી એક એક પાંચ ભેદવાળો, નવ ભેદવાળો, બે ભેદવાળો, અઠ્યાવીસ ભેદવાળો, ચાર ભેદવાળો, બેતાલીસ ભેદવાળો, બે ભેદવાળો અને પાંચ ભેદવાળો છે એમ યથાક્રમ જાણવું. અહીંથી આગળ જે કહીશું. (૮-૬)

**टीका–** पञ्चादीनां कृतद्वन्द्वानां भवनविभक्त्या निर्देशः, एते भेदाः पञ्चादयो यासां मूलप्रकृतीनां ताः पञ्चादिभेदाः, यथाक्रममित्यनन्तरसूत्रक्रमं प्रत्यवमृशति, अनन्तरसूत्रक्रमप्रामाण्याद् ज्ञानावरणाद्यभिसम्बन्धः, तांश्च पञ्चकादिकान् भेदान् स्वभावतः प्रति मूलप्रकृतिं वक्ष्यति, ता एव मूलप्रकृतीरभिसम्बन्धयन्नाह–'स एष प्रकृतिबन्धोऽष्टविधोऽपी'त्यादि

आत्मपुद्गलद्रव्यस्यान्वयित्वात् स इत्यनेन सामान्यमात्रपरामर्षः, एष इत्यन्वयिनः परिणामविशेषप्रतिपत्तिः, प्रकृतिबन्ध इति मूलप्रकृतिबन्धोऽष्टप्रकारोऽपि भूयः एकैको ज्ञानावरणादिः पञ्चादिभेदो मन्तव्यः, क्रमेण भाष्यकृद्दर्शयति-पञ्चभेद इत्यादिना भाष्येण, उत्तरभेदानां सङ्ख्याप्रदर्शनमिति । तत्र पञ्चभेदो ज्ञानावरणप्रकृतिबन्धः क्रमेण यावत् पञ्चभेदोऽन्तरायप्रकृतिबन्ध इत्येवमेतद्यथाक्रमं प्रत्येतव्यं, इतः प्रभृत्युत्तरकालं यदभिधास्याम इति ॥८-६॥

**ટીકાર્થ–** पञ्च આદિનો દ્વન્દ્વ સમાસ કરીને પ્રથમ વિભક્તિથી નિર્દેશ કર્યો છે. મૂળપ્રકૃતિઓ પાંચ વગેરે ભેદવાળી છે. यथाक्रमम् એવા શબ્દપદથી અનંતર સૂત્રમાં કહેલા ક્રમનો પરામર્શ કરે છે. અનંતર સૂત્રમાં જણાવેલા ક્રમના પ્રામાણ્યથી જ્ઞાનાવરણ આદિનો पञ्च આદિની સાથે સંબંધ છે. દરેક મૂળપ્રકૃતિના પાંચ આદિ ભેદોને સ્વરૂપથી(=તે તે પ્રકૃતિનું સ્વરૂપ જણાવવાપૂર્વક) તે જ મૂળપ્રકૃતિઓને (ઉત્તરપ્રકૃતિઓની સાથે) સંબંધ જોડતા ભાષ્યકાર કહે છે–

"स एष प्रकृतिबन्धोऽष्टविधोऽपि" ઇત્યાદિ, આત્મદ્રવ્ય અને પુદ્ગલદ્રવ્ય અન્વયી(=અનુસરનારું) હોવાથી स એવા પદથી માત્ર સામાન્યનો પરામર્શ થાય. एषः એવા પદથી અન્વયીના પરિણામ વિશેષનો બોધ થાય છે. પ્રકૃતિબંધ એટલે મૂળપ્રકૃતિબંધ. આઠેય પ્રકારનો મૂળપ્રકૃતિબંધ ફરી જ્ઞાનાવરણાદિ એક એક પાંચ આદિ ભેદવાળો જાણવો. આને ક્રમથી ભાષ્યકાર पञ्चभेदः ઇત્યાદિ ભાષ્યથી બતાવે છે- पञ्चभेदः ઇત્યાદિથી ઉત્તરભેદોની સંખ્યા બતાવી છે. તેમાં જ્ઞાનાવરણ પ્રકૃતિબંધના પાંચ ભેદો છે, યાવત્ અંતરાયકર્મના પાંચ ભેદો છે એમ ક્રમશઃ જાણવું. અહીંથી આગળ જે કહીશું તે આ પ્રમાણે છે. (૮-૬)

**भाष्यावतरणिका–** तद्यथा–

**ભાષ્યાવતરણિકાર્થ–** તે આ પ્રમાણે છે–

**टीकावतरणिका–** तद्यथेत्यनेन सूत्रं सम्बध्नाति, पञ्चादिभेदा ज्ञानावरणादयोऽभिहितास्तद् यथा ते व्यवस्थिता येन क्रमेण स्वरूपेण च पञ्चादिभेदास्तथाऽष्टावपि मूलप्रकृतयः प्रतिपदं प्रदर्श्यन्त इत्याह–

**ટીકાવતરણિકાર્થ–** તે આ પ્રમાણે એવા કથનથી સૂત્રનો (આગળના સૂત્રની સાથે) સંબંધ કરે છે. જ્ઞાનાવરણ વગેરે પ્રકૃતિઓ પાંચ આદિ ભેદવાળી કહી. તે પાંચ આદિ ભેદો જે ક્રમથી રહેલા છે, જેવા સ્વરૂપથી રહેલા છે તે પ્રમાણે આઠેય મૂળપ્રકૃતિઓ પદે પદે (=એક એક સૂત્રમાં) બતાવાય છે. એથી કહે છે–

**જ્ઞાનાવરણ પ્રકૃતિના પાંચ ભેદો–**

**मत्यादीनाम् ॥८-७॥**

**સૂત્રાર્થ–** મતિ આદિ પાંચ જ્ઞાનના પાંચ આવરણો એ જ્ઞાનાવરણના પાંચ ભેદો છે. (૮-૭)

**भाष्यं–** ज्ञानावरणं पञ्चविधं भवति । मत्यादीनां ज्ञानानामावरणानि पञ्च विकल्पांश्चैकश इति ॥८-७॥

**ભાષ્યાર્થ–** જ્ઞાનાવરણ પાંચ પ્રકારનું છે. મતિ આદિ જ્ઞાનોના આવરણો પાંચ છે અને એક એકના વિકલ્પો છે. (૮-૭)

**टीका–** मतिरादिर्येषां श्रुतावधिमनःपर्यायकेवलज्ञानानामिति, तद्गुण-संविज्ञानो बहुव्रीहिः, तानि मत्यादीनि तेषां मत्यादीनामावरणं, मत्या-दीन्याव्रियन्तेऽनेनेति, अपरे तु प्रतिपदं पञ्चापि पठन्ति–मतिश्रुता-वधिमनःपर्यायकेवलानामिति, एवं चापार्थकः पाठो लक्ष्यते, यतो-ऽनन्तरसूत्रे पञ्चादि भेदा ज्ञानावरणादय इत्यवधृतमेव, निर्ज्ञाताश्च स्वरूपतः प्रथमाध्याये व्याख्यातत्वादत आदिशब्द एव युक्तः भाष्य-कारोऽप्येवमेव सूत्रार्थमावेदयते– तेषां मत्यादीनां ज्ञानानां पञ्चैवावरणानि भवन्ति, तानि तु प्रतीतान्येव, तद्यथा–मतिज्ञानावरणं श्रुतज्ञानावरणं अवधिज्ञानावरणं मनःपर्यायज्ञानावरणं केवलज्ञानावरणमिति,

तत्र आत्मनो ज्ञस्वभावस्य-प्रकाशस्वरूपस्य ज्ञानावरणक्षयोपशमक्षय-समुद्भवाः प्रकाशविशेषा मतिज्ञानादिव्यपदेश्याः पर्याया बहुविकल्पाः, तत्र ज्ञानावरणस्य स्वस्थाने यावन्तो विकल्पाः सम्भवन्ति सर्वे ते ज्ञानावरणग्रहणेनैव ग्राह्या इति भाष्यार्थः, विकल्पा भेदाः, तद्यथा-इन्द्रियानिन्द्रियनिमित्तत्वादवग्रहादयो मतिज्ञानस्य, अङ्गानङ्गादिविकल्पाः श्रुतज्ञानस्य, भवक्षयोपशमजप्रतिपात्यादिविकल्पाश्चावधिज्ञानस्य, ऋजु-विपुलमतिविकल्पौ मनःपर्यायज्ञानस्य, सयोगायोगभवस्थादिविकल्पाः केवलज्ञानस्येति, तत्रेन्द्रियनिमित्तं श्रोत्रादिपञ्चकसमुद्भवं क्षयोपशमजं ज्ञानं योग्यदेशावस्थितस्वविषयग्राहि, अनिन्द्रियं तु मनोवृत्तिरोघज्ञानं च, तदेतन्मतिज्ञानमाव्रियते येन तन्मतिज्ञानावरणं, देशघाति लोचनपटल-वच्चन्द्रप्रकाशाभ्रादिवद्वा, तथा श्रोत्रेन्द्रियोपलब्धिः श्रुतं, शेषेन्द्रिय-मनोविज्ञानं च श्रुतग्रन्थानुसारि स्वार्थाभिधानप्रत्यलं श्रुतज्ञानं, तदनेक-भेदमाचक्षते प्रवचनाभिज्ञाः, यथाह-

"जावंति अक्खराइं अक्खरसंजोग जत्तिआ लोए ।
एवइआ पयडीओ सुअनाणे होंति नायव्वा ॥१॥"

तस्यावृत्तिः श्रुतज्ञानावरणम्, एतदपि देशघातीति, अधोगतबहुतर-पुद्गलद्रव्यावधानादवधिः, पुद्गलद्रव्यमर्यादयैव वाऽऽत्मनः क्षयो-पशमजः प्रकाशाविर्भावोऽवधिः-इन्द्रियनिरपेक्षः साक्षात् ज्ञेयग्राही लोकाकाशप्रदेशमानप्रकृतिभेदः, तदावरणमवधिज्ञानावरणमिदमपि देशघात्येव, तथाऽऽत्मनो मनोद्रव्यपर्यायान्निमित्तीकृत्य यः प्रतिभासो मनुष्यक्षेत्राभ्यन्तरवर्त्ति पल्योपमासङ्ख्येयभागावच्छिन्नपश्चात्पुरस्कृत-पुद्गलद्रव्यसामान्यविशेषग्राही मनःपर्यायज्ञानसंज्ञस्तस्यावरणं देशघाति मनःपर्यायज्ञानावरणं, समस्तावरणक्षयाविर्भूतमात्मप्रकाशतत्त्वमशेषद्रव्य-पर्यायग्राहि केवलज्ञानं, तदाच्छादनकृत् केवलज्ञानावरणमेतच्च सर्वघातीति ॥८-७॥

**ટીકાર્થ–** મતિ જેમની આદિમાં છે તે મત્યાદિ, આદિ પદથી શ્રુત, અવધિ, મનઃપર્યાય, કેવળજ્ઞાન એ ચાર જ્ઞાનનું ગ્રહણ કરવું. અહીં તદ્ગુણસંવિજ્ઞાન બહુવ્રીહિ[1] છે. મતિ આદિ જ્ઞાનોને આવરણ હોય છે. મતિ આદિ જેનાથી આવરાય તે આવરણ.

બીજાઓ તો સૂત્રમાં દરેક પદને=પાંચેય પદોને બોલે છે. તે આ પ્રમાણે- मति-श्रुताऽवधि-मनःपर्याय-केवलानाम् । અર્થાત્ मत्यादीनाम् એ પાઠના સ્થાને मति-श्रुताऽवधि-मनःपर्याय-केवलानाम् એવો પાઠ કહે છે. આવો પાઠ નિરર્થક જણાય છે. કારણ કે અનંતર સૂત્રમાં જ્ઞાનાવરણ આદિ પાંચ આદિ ભેદવાળા છે એમ નિશ્ચય કર્યો જ છે તથા એ ભેદો સ્વરૂપથી જણાઈ ગયેલા છે. કારણ કે પ્રથમ અધ્યાયમાં તેમનું વ્યાખ્યાન કર્યું છે. આથી आदि શબ્દ જ યુક્ત છે.

તે મતિ આદિ જ્ઞાનોનાં પાંચ જ આવરણો છે. તે પ્રસિદ્ધ જ છે. તે આ પ્રમાણે- મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવનરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યાયજ્ઞાનાવરણ અને કેવલજ્ઞાનાવરણ. તેમાં જાણવાના સ્વભાવવાળા પ્રકાશ સ્વરૂપ આત્માના જ્ઞાનાવરણના ક્ષયોપશમ-ક્ષયથી ઉત્પન્ન થયેલા પ્રકાશવિશેષો મતિજ્ઞાન આદિ રૂપે વ્યવહાર કરવા યોગ્ય છે. મતિજ્ઞાન આદિ પર્યાયો ઘણાં વિકલ્પોવાળા છે. તેમાં જ્ઞાનાવરણના સ્વસ્થાનમાં જેટલા વિકલ્પો સંભવે તે જ્ઞાનાવરણના ગ્રહણથી જ ગ્રહણ કરવા એ પ્રમાણે ભાષ્યનો અર્થ છે. વિકલ્પો એટલે ભેદો. તે આ પ્રમાણે- અવગ્રહાદિ ભેદો ઇન્દ્રિય-અનિન્દ્રિયના નિમિત્તથી થતા હોવાથી મતિજ્ઞાનના છે. અંગ-અનંગ આદિ ભેદો શ્રુતજ્ઞાનના છે. ભવજ, ક્ષયોપશમજ, પ્રતિપાતી આદિ ભેદો અવધિજ્ઞાનના છે. ઋજુમતિ અને

---

૧. બહુવ્રીહિ સમાસના તદ્ગુણસંવિજ્ઞાન અને અતદ્ગુણસંવિજ્ઞાન એમ બે પ્રકાર છે. સમાસમાં આવતાં પદાર્થો यस्य પદમાં હોય તો તે બહુવ્રીહિ તદ્ગુણસંવિજ્ઞાન છે. જેમકે लम्बौ कर्णौ यस्य सः लम्बकर्णो चैत्रः । અહીં લાંબા બે કાન ચૈત્રમાં રહેલા છે. પ્રસ્તુતમાં येषाम् પદમાં મતિ અને શ્રુત આદિ ચાર જ્ઞાન આવી જાય છે. चित्रा गावो यस्य स चित्रगुः चैत्रः । અહીં यस्य પદમાં ચિત્ર ગાયો નથી તેનાથી અલગ છે. માટે અતદ્ગુણ સંવિજ્ઞાન બહુવ્રીહિ છે.

વિપુલમતિ મનઃપર્યાયજ્ઞાનના ભેદો છે. સયોગ, અયોગ, ભવસ્થ આદિ વિકલ્પો કેવળજ્ઞાનના છે. તેમાં શ્રોત્ર આદિ પાંચ ઈન્દ્રિયોથી અને ક્ષયોપશમથી થનારું ઈન્દ્રિયનિમિત્ત જ્ઞાન યોગ્ય દેશમાં રહેલા વિષયને ગ્રહણ કરે છે. મનથી થનારું અને ઓઘજ્ઞાન અનિન્દ્રિયજ્ઞાન છે. તે આ મતિજ્ઞાન જેનાથી આવરાય=ઢંકાય તે મતિજ્ઞાનાવરણ. મતિજ્ઞાનાવરણ દેશઘાતી છે, આંખે બાંધેલા પાટા જેવું કે ચંદ્ર પ્રકાશને ઢાંકનારા વાદળ આદિ જેવું છે. તથા શ્રોત્રેન્દ્રિયથી થનારું જ્ઞાનશ્રુત છે તથા અન્ય ઈન્દ્રિયોથી અને મનથી થતું શ્રુત ગ્રંથાનુસારી જ્ઞાન શ્રુતજ્ઞાન છે. આવું શ્રુતજ્ઞાન પોતાના અર્થને કહેવામાં સમર્થ છે. પ્રવચનમાં કુશળ પુરુષો શ્રુતજ્ઞાનને અનેક ભેદવાળું કહે છે. કહ્યું છે કે, "લોકમાં જેટલા અક્ષરો છે અને જેટલા અક્ષરસંયોગો છે. એટલા ભેદો શ્રુતજ્ઞાનમાં જાણવા."

આ પણ દેશઘાતી છે. નીચે રહેલા ઘણા પુદ્ગલદ્રવ્યોને જાણવાથી અવધિ કહેવાય છે. અથવા પુદ્ગલદ્રવ્યની મર્યાદાથી જ આત્મામાં ક્ષયોપશમથી થનારી પ્રકાશની ઉત્પત્તિ અવધિ છે. આ જ્ઞાન ઈન્દ્રિયથી નિરપેક્ષ છે. આત્માદ્વારા જ સાક્ષાત્ જ્ઞેયને ગ્રહણ કરનારું છે. લોકાકાશના જેટલા પ્રદેશો છે તેટલા એના ભેદો છે. તેનું આવરણ તે અવધિજ્ઞાનાવરણ. આ જ્ઞાન પણ દેશઘાતી જ છે. મનોદ્રવ્યના પર્યાયોને નિમિત્ત કરીને આત્માને જે જ્ઞાન થાય તે મનઃપર્યાયજ્ઞાન છે. આ જ્ઞાન મનુષ્યલોકમાં રહેલા મનોદ્રવ્યના પર્યાયોને જાણે છે. કાળથી (पश्चात्=) ભૂતકાળના અને પુરસ્કૃત ભવિષ્યના પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધીના મનોદ્રવ્યના પર્યાયોને જાણે છે. મનોવર્ગણાના પુદ્ગલદ્રવ્યોને વિશેષથી ગ્રહણ કરે છે=જાણે છે. તેનું દેશઘાતી આવરણ તે મનઃપર્યાયજ્ઞાનાવરણ. સઘળા આવરણોના ક્ષયથી પ્રગટ થયેલું અને સઘળા દ્રવ્યપર્યાયોને ગ્રહણ કરનારું આત્મપ્રકાશરૂપ તત્ત્વ કેવળજ્ઞાન છે. તેને આવરનારું આવરણ તે કેવલજ્ઞાનાવરણ. આ સર્વઘાતી છે. (૮-૭)

**टीकावतरणिका—** सम्प्रति दर्शनावरणोत्तरप्रकृतिप्रतिपिपादयिषया सूत्रमाह—

**ટીકાવતરણિકાર્થ–** હવે દર્શનાવરણની ઉત્તરપ્રકૃતિઓનું પ્રતિપાદન કરવાની ઈચ્છાથી સૂત્રને કહે છે–

**દર્શનાવરણ પ્રકૃતિના ભેદો–**

**चक्षुरचक्षुरवधिकेवलानां निद्रा-निद्रानिद्रा-प्रचला-प्रचलाप्रचला-स्त्यानगृद्धिवेदनीयानि च ॥८-८॥**

**સૂત્રાર્થ–** ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવલ એ ચાર દર્શનના ચાર આવરણો તથા નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા અને સ્ત્યાનગૃદ્ધિ એ પાંચ વેદનીય એમ દર્શનાવરણ પ્રકૃતિના નવ ભેદો છે. (૮-૮)

**भाष्यं–** चक्षुर्दर्शनावरणं, अचक्षुर्दर्शनावरणं, अवधिदर्शनावरणं, केवलदर्शनावरणं, निद्रावेदनीयं, निद्रानिद्रावेदनीयं, प्रचलावेदनीयं, प्रचलाप्रचलावेदनीयं, स्त्यानगृद्धिवेदनीयमिति दर्शनावरणं नवभेदं भवति ॥८-८॥

**ભાષ્યાર્થ–** ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવળદર્શનાવરણ, નિદ્રાવેદનીય, નિદ્રાનિદ્રાવેદનીય, પ્રચલાવેદનીય, પ્રચલાપ્રચલાવેદનીય અને સ્ત્યાનર્દ્ધિવેદનીય એમ દર્શનાવરણના નવ ભેદો છે. (૮-૮)

**टीका–** चक्षुरादयः कृतद्वन्द्वाः षष्ठ्या निर्दिष्टाः, प्रस्तुतावरणसम्बन्धात् वेदनीयसम्बन्धनिराकरणप्रतिपत्तेश्च, दर्शनावरणप्रकृतिसामर्थ्याच्चक्षुरादयो दर्शनशब्देन सहाभिसम्बन्ध्याः, निद्रादयः पञ्च स्त्यानगृद्ध्यन्ताः कृतद्वन्द्वाः वेदनीयशब्दोत्तरनिर्दिष्टाः समानाधिकरणप्रतिपत्त्यर्थं, पश्यत्यनेनात्मेति चक्षुः, सर्वमेवेन्द्रियमात्मनः सामान्यविशेषावबोधस्वभावस्य करणद्वारं, तद्द्वारकं च सामान्यमात्रोपलम्भनमात्मपरिणतिरूपं चक्षुर्दर्शनं, तल्लब्धिघाति चक्षुर्दर्शनावरणं, शेषेन्द्रियमनोविषयमविशिष्टमचक्षुर्दर्शनं तल्लब्धिघाति अचक्षुर्दर्शनावरणं, अवधावपि प्रथमसम्पाते सामान्यमात्रोपलम्भनमवधिदर्शनं, केवलदर्शनमपि सामान्योपयोगलक्षणं, एतयोरावरणमवधिदर्शनावरणं केवलदर्शनावरणं च ।

स्वापो-निद्रा सुखप्रतिबोधलक्षणा वेदनीयम्-अनुभवनीयं, निद्रा चासौ वेदनीयं चेति सर्वत्र समानाधिकरणं, दुःखप्रतिबोधलक्षणा निद्रानिद्रा, उपविष्टशयनलक्षणा प्रचला, चङ्क्रमणमाचरतः शयनं प्रचलाप्रचला, स्त्यानगृद्धिः स्त्यायतीति स्त्यानं स्तिमितचित्तो नातीव विकस्वरचेतन आत्मा स्त्यानस्य स्वापविशेषे सति गृद्धिः-आकाङ्क्षा मांसमोदकदन्ताद्युदाहरणप्रसिद्धा, स्त्यानर्द्धिरिति वा पाठः, तदुदयाद्धि महाबलोऽर्द्धचक्रवर्त्तितुल्यबलः प्रकर्षप्राप्तौ भवति, अन्यथा जघन्यमध्यमावस्थाभाजोऽपि संहननापेक्षया सम्भवत्येवेति स्त्यानस्य ऋद्धिः स्त्यानर्द्धिरिति, चशब्दः समुच्चयवृत्तिः, दर्शनावरणभेदाश्चक्षु-र्दर्शनावरणादयो निद्रावेदनीयादयश्चेति वाक्यार्थः, उक्तार्थानुगाम्येव भाष्यं-चक्षुर्दर्शनावरणमित्यादि गतार्थं, दर्शनावरणं नवभेदं भवतीत्यन्ते निगमितं नवभेदमेवेति ॥८-८॥

**ટીકાર્થ—** પ્રસ્તુતમાં આવરણનો સંબંધ હોવાથી અને વેદનીયનો સંબંધ ચક્ષુ આદિની સાથે નથી એવો બોધ થાય એ માટે ચક્ષુ આદિ શબ્દોનો દ્વન્દ્વ સમાસ કરીને છઠ્ઠી વિભક્તિથી નિર્દેશ કર્યો છે. દર્શનાવરણ પ્રકૃતિના સામર્થ્યથી(=દર્શનાવરણની પ્રકૃતિઓ હોવાથી) ચક્ષુ આદિ શબ્દોનો દર્શન શબ્દની સાથે સંબંધ કરવો. નિદ્રાથી આરંભી સ્ત્યાનગૃદ્ધિ શબ્દોનો દ્વન્દ્વસમાસ કરીને સમાનાધિકરણ સમાસનો બોધ થાય એ માટે નિદ્રાદિ શબ્દો પછી વેદનીયનો નિર્દેશ કર્યો છે. આત્મા જેનાથી જુએ તે ચક્ષુ. સઘળીય ઇન્દ્રિયો સામાન્ય-વિશેષ બોધના સ્વભાવવાળા આત્માનું કરણદ્વાર છે. ચક્ષુદ્વારા આત્મપરિણતિરૂપ માત્ર સામાન્યબોધ તે ચક્ષુદર્શન. તેની લબ્ધિનો જે ઘાત કરે તે ચક્ષુદર્શનાવરણ. શેષ ઇન્દ્રિયો અને મન દ્વારા સામાન્યબોધ તે અચક્ષુદર્શન. તેની લબ્ધિનો જે ઘાત કરે તે અચક્ષુદર્શનાવરણ. અવધિમાં પણ પ્રથમ સંપાતમાં માત્ર સામાન્ય બોધ તે અવધિદર્શન. કેવળદર્શન પણ સામાન્ય ઉપયોગવાળું છે. તે બેનું આવરણ તે અવધિદર્શનાવરણ અને કેવલદર્શનાવરણ.

સુખપૂર્વક જાગી શકાય તેવી ઊંઘ તે નિદ્રા. વેદનીય એટલે અનુભવવા યોગ્ય. નિદ્રા નિદ્રા છે અને વેદનીય છે એમ બધામાં સમાનાધિકરણ છે. અર્થાત્ નિદ્રા વગેરે પાંચની સાથે વેદનીયનો કર્મધારય સમાસ છે. કષ્ટપૂર્વક જાગી શકાય તેવી ઊંઘ તે નિદ્રાનિદ્રા. બેઠા બેઠા ઊંઘ આવે તે પ્રચલા. ચાલતાં ચાલતાં ઊંઘ આવે તે પ્રચલાપ્રચલા. એકઠું કરે(=ધારેલું કામ કરે) તે સ્ત્યાન. સ્ત્યાન એટલે જેની ચેતના અત્યંત વિકસ્વર બની નથી તેવો સ્થિરચિત્તવાળો આત્મા. સ્ત્યાનની નિદ્રાવિશેષ થયે છતે ગૃદ્ધિ=આકાંક્ષા તે સ્ત્યાનગૃદ્ધિ. સ્ત્યાનગૃદ્ધિ માંસ, મોદક, દાંત વગેરે ઉદાહરણોથી પ્રસિદ્ધ છે અથવા સ્ત્યાનર્દ્ધિ એવો પાઠ છે. તેના ઉદયથી અતિશય બળની પ્રાપ્તિ થતાં વાસુદેવના બળ સમાન મહાબળી થાય છે. અન્યથા સંહનનની અપેક્ષાએ જઘન્યબળવાળો કે મધ્યમબળવાળો પણ સંભવે છે. સ્ત્યાનની ઋદ્ધિ તે સ્ત્યાનર્દ્ધિ. च શબ્દ સમુચ્ચય અર્થમાં છે. તેથી ચક્ષુદર્શનાવરણ વગેરે અને નિદ્રાવેદનીય વગેરે એમ વાક્યાર્થ થાય. ઉક્ત અર્થને જ અનુસરનારું ભાષ્ય આ પ્રમાણે છે–

"चक्षुर्दर्शनावरणीयम्" ઇત્યાદિ ભાષ્યનો અર્થ સમજાઇ ગયેલો છે. દર્શનાવરણ નવ ભેદોવાળું જ છે એમ અંતે ઉપસંહાર કર્યો છે. નવ ભેદોવાળું જ છે. (૮-૮)

**टीकावतरणिका–** सम्प्रति यत्तदागमे प्रसिद्धं वेदनीयत्वेन तृतीय-मूलप्रकृतिरूपं तदुत्तरप्रकृतिविवक्षया सूत्रकार आह–

**ટીકાવતરણિકાર્થ–** હવે આગમમાં ત્રીજી મૂલપ્રકૃતિ તરીકે જે વેદનીયકર્મ પ્રસિદ્ધ છે તેને તેની ઉત્તરપ્રકૃતિઓને કહેવાની ઇચ્છાથી સૂત્રકાર કહે છે–

**વેદનીયકર્મના બે ભેદો–**

**सदसद्वेद्ये ॥८-९॥**

**સૂત્રાર્થ–** સદ્‌વેદ્ય=સાતાવેદનીય અને અસદ્‌વેદ્ય=અસાતાવેદનીય એમ વેદનીયપ્રકૃતિના બે ભેદ છે. (૮-૯)

**भाष्यं–** सद्वेद्यं असद्वेद्यं च वेदनीयं द्विभेदं भवति ॥८-९॥

**ભાષ્યાર્થ–** સદ્વેદ્ય અને અસદ્વેદ્ય એમ વેદનીયના બે ભેદો છે. (૮-૯)

**टीका–** उत्तरप्रकृतिभेदमात्रस्य विवक्षितत्वात् प्रथमैव, सद्वेद्यमसद्वेद्यं चेति वेदनीयमूलप्रकृतेरुत्तरप्रकृतिद्वयं भवति, तत्राभिमतमिष्टमात्मनः कर्तुरुपभोक्तुर्मनुजदेवादिजन्मसु शरीरमनोद्वारेण सुखपरिणतिरूपमागन्तुकानेकमनोज्ञद्रव्यक्षेत्रकालभावसम्बन्धसमासादितपरिपाकावस्थमतिबहुभेदं यदुदयाद्भवति तदाचक्षते सद्वेदनीयम्, अभिहितविपरीतमसद्वेदनीयं, एवंविधार्थानुसारि च भाष्यम्-सद्वेद्यमित्यादि, सच्छब्दः प्राशंस्ये, प्रशंसा चात्मनोऽभिमतविषयत्वं, असच्छब्दस्तद्वैपरीत्ये, चशब्द उत्तरप्रकृतिसमुच्चितौ, वेदनीयं-वेद्यं, द्विभेदं-द्विप्रकारं, भवतीति ॥८-९॥

**ટીકાર્થ–** માત્ર ઉત્તરપ્રકૃતિના ભેદોને કહેવાનું ઈષ્ટ હોવાથી પ્રથમા વિભક્તિ જ છે. સદ્વેદ્ય અને અસદ્વેદ્ય. વેદનીય મૂલપ્રકૃતિની ઉત્તરપ્રકૃતિઓ બે છે. તેમાં ઉપભોગ કરનાર જીવને અનુકૂળ, પ્રિય, મનુષ્ય-દેવ આદિ ભવમાં શરીર-મન દ્વારા સુખપરિણામરૂપ, આવનારા અનેક મનોહર દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવના સંબંધથી પરિપાક અવસ્થાને જેણે પ્રાપ્ત કરી છે તેવું અતિશય ઘણા ભેદવાળું જેના ઉદયથી થાય તેને સદ્વેદનીય કહે છે. કહેલાથી વિપરીત અસદ્વેદનીય છે. આવા પ્રકારના અર્થને અનુસરનારું ભાષ્ય આ પ્રમાણે છે–

'सद्वेद्यम्' इत्यादि સત્ શબ્દ પ્રશંસાના અર્થમાં છે. જીવના અનુકૂળ વિષયવાળું હોવાથી પ્રશંસા છે. અસત્ શબ્દ તેનાથી વિપરીત અર્થમાં છે. च શબ્દ ઉત્તરપ્રકૃતિના સમુચ્ચય માટે છે. જે વેદવા યોગ્ય હોય તે વેદ્ય. બે ભેદવાળું એટલે બે પ્રકારવાળું છે. (૮-૯)

**टीकावतरणिका–** सम्प्रति चतुर्थमूलप्रकृतेर्मोहनीयनाम्न उत्तरप्रकृतिप्रपञ्चख्यापनायाह सूत्रं–

**ટીકાવતરણિકાર્થ–** હવે મોહનીય નામની ચોથી મૂલપ્રકૃતિઓને વિસ્તારથી જણાવવા માટે સૂત્રને કહે છે–

**મોહનીયપ્રકૃતિના ભેદો–**

**दर्शनचारित्रमोहनीयकषायनोकषायवेदनीयाख्यास्त्रिद्वि-षोडशनवभेदाः सम्यग्मिथ्यात्वतदुभयानि कषायनोकषायौ अनन्तानुबन्ध्यप्रत्याख्यानप्रत्याख्यानावरणसञ्ज्वलनविकल्पा-श्चैकशः क्रोधमानमायालोभा हास्यरत्यरतिशोकभयजुगुप्सा-स्त्रीपुंनपुंसकवेदाः ॥८-१०॥**

**સૂત્રાર્થ–** મોહનીયકર્મના મુખ્ય બે ભેદો છે- (૧) દર્શનમોહનીય અને (૨) ચારિત્રમોહનીય. દર્શનમોહનીયના ત્રણ ભેદો છે- (૧) સમ્યક્ત્વમોહનીય (૨) મિથ્યાત્વમોહનીય અને (૩) મિશ્રમોહનીય. ચારિત્રમોહનીયના (૧) કષાયમોહનીય અને (૨) નોકષાયમોહનીય એમ બે ભેદો છે. કષાયમોહનીયના મુખ્ય ચાર ભેદો છે- (૧) ક્રોધ (૨) માન (૩) માયા અને (૪) લોભ. ક્રોધ વગેરે દરેક કષાયના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન એમ ચાર ચાર ભેદો હોવાથી કષાયના કુલ ૧૬ ભેદો છે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ. અપ્રત્યાખ્યાન ક્રોધ, માન, માયા, લોભ. પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભ. સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ. નોકષાય મોહનીયના નવ ભેદો છે. હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ. (આમ મોહનીય-પ્રકૃતિના કુલ અઠ્યાવીસ ભેદો છે.) (૮-૧૦)

**भाष्यं–** त्रिद्विषोडशनवभेदा यथाक्रमम् । मोहनीयबन्धो द्विविधो दर्शनमोहनीयाख्यश्चारित्रमोहनीयाख्यश्च । तत्र दर्शनमोहनीयाख्यस्त्रिभेदः तद्यथा- मिथ्यात्ववेदनीयं, सम्यक्त्ववेदनीयं, सम्यग्मिथ्यात्ववेदनीय-मिति । चारित्रमोहनीयाख्यो द्विभेदः कषायवेदनीयं नोकषायवेदनीयं चेति । तत्र कषायवेदनीयाख्यः षोडशभेदः । तद्यथा- अनन्तानुबन्धी क्रोधो मानो माया लोभः, एवमप्रत्याख्यानकषायः प्रत्याख्यानावरणकषायः

सञ्ज्वलनकषाय इत्येकशः क्रोधमानमायालोभाः षोडश भेदाः ॥ नोकषायवेदनीयं नवभेदम् । तद्यथा- हास्यं, रतिः, अरतिः, शोकः, भयं, जुगुप्सा, पुरुषवेदः, स्त्रीवेदः, नपुंसकवेद इति नोकषायवेदनीयं नवप्रकारम् ॥ तत्र पुरुषवेदादीनां तृणकाष्ठकरीषाग्नयो निदर्शनानि भवन्ति । इत्येवं मोहनीयमष्टाविंशतिभेदं भवति ॥

अनन्तानुबन्धी सम्यग्दर्शनोपघाती। तस्योदयाद्धि सम्यग्दर्शनं नोत्पद्यते । पूर्वोत्पन्नमपि च प्रतिपतति । अप्रत्याख्यानकषायोदयाद्विरतिर्न भवति । प्रत्याख्यानावरणकषायोदयाद्विरताविरतिर्भवति, उत्तमचारित्रलाभस्तु न भवति । सञ्ज्वलनकषायोदयाद्यथाख्यातचारित्रलाभो न भवति ॥

क्रोधः कोपो रोषो द्वेषो भण्डनं भाम इत्यनर्थान्तरम् । तस्यास्य क्रोधस्य तीव्रमध्यविमध्यमन्दभावाश्रितानि निदर्शनानि भवन्ति । तद्यथा- पर्वतराजिसदृशः भूमिराजिसदृशः वालुकाराजिसदृश उदकराजिसदृश इति ।

तत्र पर्वतराजिसदृशो नाम । यथा प्रयोगविस्रसामिश्रकाणामन्यतमेन हेतुना पर्वतराजिरुत्पन्ना नैव कदाचिदपि संरोहति, एवमिष्टवियोजना-निष्टयोजनाभिलषितालाभादीनामन्यतमेन हेतुना यस्योत्पन्नः क्रोध आमरणान्न व्ययं गच्छति, जात्यन्तरानुबन्धी निरनुनयस्तीव्रानुशयोऽ-प्रत्यवमर्शश्च भवति स पर्वतराजिसदृशः । तादृशं क्रोधमनुमृता नरकेषू-पपत्तिं प्राप्नुवन्ति ॥

भूमिराजिसदृशो नाम । यथा भूमेर्भास्कररश्मिजालादात्तस्नेहाया वाय्वभिहताया राजिरुत्पन्ना वर्षापेक्षसंरोहा परमप्रकृष्टाष्टमासस्थितिर्भवति, एवं यथोक्तनिमित्तो यस्य क्रोधोऽनेकविधस्थानीयो दुरनुनयो भवति स भूमिराजिसदृशः । तादृशं क्रोधमनुमृतास्तिर्यग्योनावुपपत्तिं प्राप्नुवन्ति ॥

वालुकाराजिसदृशो नाम । यथा वालुकायां काष्ठशलाकाशर्करा-दीनामन्यतमेन हेतुना राजिरुत्पन्ना वाय्वीरणाद्यपेक्षसंरोहा अर्वाग् मासस्य

रोहति, एवं यथोक्तनिमित्तोत्पन्नो यस्य क्रोधोऽहोरात्रं पक्षं मासं चातुर्मास्यं संवत्सरं वावतिष्ठते स वालुकाराजिसदृशो नाम क्रोधः । तादृशं क्रोधमनुमृता मनुष्येषूपपत्तिं प्राप्नुवन्ति ॥

उदकराजिसदृशो नाम । यथोदके दण्डशलाकाङ्गुल्यादीनामन्यतमेन हेतुना राजिरुत्पन्ना द्रवत्वादपामुत्पत्त्यनन्तरमेव संरोहति एवं यथोक्तनिमित्तो यस्य क्रोधो विदुषोऽप्रमत्तस्य प्रत्यवमर्शेनोत्पत्त्यनन्तरमेव, व्यपगच्छति स उदकराजिसदृशः । तादृशं क्रोधमनुमृता देवेषूपपत्तिं प्राप्नुवन्ति । येषां त्वेष चतुर्विधोऽपि न भवति ते निर्वाणं प्राप्नुवन्ति ।

मानः स्तम्भो गर्व उत्सेकोऽहङ्कारो दर्पो मदः स्मय इत्यनर्थान्तरम् । तस्यास्य मानस्य तीव्रादिभावाश्रितानि निदर्शनानि भवन्ति । तद्यथा- शैलस्तम्भसदृशः अस्थिस्तम्भसदृशः दारुस्तम्भसदृशः लतास्तम्भसदृश इति । एषामुपसंहारो निगमनं च क्रोधनिदर्शनैर्व्याख्यातम् ॥

माया प्रणिधिरुपधिर्निकृतिराचरणं, वञ्चना, दम्भः, कूटं, अतिसन्धानमनार्जवमित्यनर्थान्तरम् । तस्या मायायास्तीव्रादिभावाश्रितानि निदर्शनानि भवन्ति । तद्यथा- वंशकुणसदृशी, मेषविषाणसदृशी, गोमूत्रिकासदृशी निर्लेखनसदृशीति । अत्राप्युपसंहारनिगमने क्रोध-निदर्शनैर्व्याख्याते ॥

लोभो रागो गार्ध्यमिच्छा मूर्च्छा स्नेहः काङ्क्षाभिष्वङ्ग इत्यनर्थान्तरम् । तस्यास्य लोभस्य तीव्रादिभावाश्रितानि निदर्शनानि भवन्ति । तद्यथा- लाक्षारागसदृशः कर्दमरागसदृशः, कुसुम्भरागसदृशो, हरिद्रारागसदृश इति । अत्राप्युपसंहारनिगमने क्रोधनिदर्शनैर्व्याख्याते ।

एषां क्रोधादीनां चतुर्णां कषायाणां प्रत्यनीकभूताः प्रतिघातहेतवो भवन्ति । तद्यथा- क्षमा क्रोधस्य, मार्दवं मानस्य, आर्जवं मायायाः, सन्तोषो लोभस्येति ॥८-१०॥

**ભાષ્યાર્થ–** અનુક્રમે ત્રણ, બે, સોળ અને નવ ભેદો છે. મોહનીયનો બંધ દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એમ બે પ્રકારનો છે. તેમાં દર્શનમોહનીયના ત્રણ ભેદ છે. તે આ પ્રમાણે- મિથ્યાત્વવેદનીય, સમ્યક્ત્વવેદનીય અને સમ્યગ્મિથ્યાત્વવેદનીય.

ચારિત્રમોહનીય કષાયવેદનીય અને નોકષાયવેદનીય એમ બે પ્રકારનો છે.

કષાયવેદનીય સોળ પ્રકારનું છે. તે આ પ્રમાણે- અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ એ પ્રમાણે અપ્રત્યાખ્યાનકષાય, પ્રત્યાખ્યાનાવરણ-કષાય અને સંજ્વલનકષાય એ દરેકના ક્રોધ, માન, માયા, લોભ એમ સોળ ભેદો થાય.

નોકષાયવેદનીય નવ પ્રકારનું છે. તે આ પ્રમાણે- હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ - આ પ્રમાણે નોકષાયવેદનીય નવ પ્રકારનું છે.

તેમાં પુરુષવેદ આદિનાં (ક્રમશઃ) તૃણ-અગ્નિ, કાષ્ઠ-અગ્નિ અને છાણ-અગ્નિ દૃષ્ટાંતો છે. આ પ્રમાણે મોહનીય અઠ્ઠાવીસ ભેદવાળું છે.

અનંતાનુબંધીકષાય સમ્યક્ત્વનો ઘાત કરે છે. તેના ઉદયથી સમ્યગ્દર્શન ઉત્પન્ન થતું નથી અને પૂર્વે ઉત્પન્ન થયેલું પણ નાશ પામે છે. અપ્રત્યાખ્યાનકષાયના ઉદયથી વિરતિ ન થાય. પ્રત્યાખ્યાનાવરણ-કષાયના ઉદયથી દેશવિરતિ થાય છે, ઉત્તમ ચારિત્રનો લાભ ન થાય. સંજ્વલનકષાયના ઉદયથી યથાખ્યાતચારિત્રની પ્રાપ્તિ ન થાય.

ક્રોધ, કોપ, રોષ, દ્વેષ, ભંડન, ભામ આ પ્રમાણે એક અર્થ છે. તે ક્રોધના તીવ્ર, મધ્યમ, વિમધ્યમ, મંદ ભાવોને આશ્રયીને દૃષ્ટાંતો છે. તે આ પ્રમાણે- ક્રોધ પર્વતરેખા સમાન, પૃથ્વીરેખા સમાન, રેતીરેખા સમાન અને જલરેખા સમાન છે.

'પર્વતરેખા સમાન' એ શબ્દોનો અર્થ આ પ્રમાણે છે- જેવી રીતે પ્રયોગ, સ્વાભાવિક, પ્રયોગ-સ્વાભાવિક એ ત્રણમાંથી કોઈપણ એક

હેતુથી પર્વતમાં પડેલી ફાટ ક્યારે પણ સંધાતી નથી એ પ્રમાણે ઈષ્ટ-વિયોગ, અનિષ્ટસંયોગ, ઈષ્ટની અપ્રાપ્તિ આદિ કોઈ એક હેતુથી ઉત્પન્ન થયેલો જેનો ક્રોધ મરણ સુધી દૂર ન થાય, અન્ય જન્મના અનુબંધવાળો નિરનુનય તીવ્ર વૈરવાળો અને અપ્રત્યવમર્શ હોય તેનો ક્રોધ પર્વત રેખા સમાન છે. આવા ક્રોધ સહિત મરેલા જીવો નરકોમાં ઉત્પત્તિને પામે છે.

'પૃથ્વીરેખા સમાન' એ શબ્દોનો અર્થ આ પ્રમાણે છે- જેવી રીતે સૂર્યના કિરણસમૂહથી ચૂંસાયેલા સ્નેહ(પાણી)વાળી અને વાયુથી હણાયેલી ભૂમિમાં ઉત્પન્ન થયેલી ફાટ(=રેખા) વર્ષાદથી સંધાઈ જાય છે અને વધારેમાં વધારે આઠ માસની સ્થિતિવાળી હોય છે, એ પ્રમાણે યથોક્ત નિમિત્તવાળો, અનેક પ્રકારના સ્થાનવાળો અને મુશ્કેલીથી શાંત થઈ શકે તેવો જેનો ક્રોધ છે તે પૃથ્વીની રેખા સમાન છે. તેવા ક્રોધસહિત મૃત્યુ પામેલા જીવો તિર્યંચયોનિમાં ઉત્પન્ન થાય છે.

'રેતીરેખા સમાન' એ શબ્દોનો અર્થ આ પ્રમાણે છે- જેવી રીતે રેતીમાં કાષ્ઠ-સળી-કાંકરા આદિમાંથી કોઈ એક હેતુથી ઉત્પન્ન થયેલી રેખા (=ફાટ) વાયુની પ્રેરણા આદિ કારણથી માસની અંદર સંધાઈ જાય છે=પૂરાઈ જાય છે, તેમ યથોક્ત નિમિત્તવાળો જેનો ક્રોધ અહોરાત્ર, પક્ષ, માસ, ચારમાસ કે એક વર્ષ સુધી રહે છે તે ક્રોધ રેતીની રેખા સમાન છે. તેવા ક્રોધસહિત મરેલા જીવો મનુષ્યમાં ઉત્પત્તિ પામે છે.

'જલરેખા સમાન' એ શબ્દોનો અર્થ આ પ્રમાણે છે- જેવી રીતે પાણીમાં દંડ, સળી, આંગળી આદિમાંથી કોઈ એક કારણથી ઉત્પન્ન થયેલી રેખા(=લીસોટો) પાણી પ્રવાહી હોવાથી ઉત્પત્તિ પછી તુરત જ પુરાઈ જાય છે તેમ યથોક્ત નિમિત્તથી વિદ્વાન એવા અપ્રમત્ત જીવમાં ઉત્પન્ન થયેલો ક્રોધ ઉત્પત્તિ પછી પશ્ચાત્તાપથી તુરત જ દૂર થાય છે તે જલરેખા સમાન છે. તેવા ક્રોધસહિત મૃત્યુ પામેલા જીવો દેવોમાં ઉત્પન્ન થાય છે.

જે જીવોને આ ચારેય પ્રકારનો ક્રોધ નથી તે જીવો મોક્ષને પામે છે.

માન, સ્તંભ, ગર્વ, ઉત્સેક, અહંકાર, દર્પ, મદ, સ્મય એ પ્રમાણે એક જ અર્થ છે.

તે આ માનના તીવ્રાદિ ભાવોને આશ્રયીને દૃષ્ટાંતો છે. તે આ પ્રમાણે- માન પથ્થરના સ્તંભ સમાન, અસ્થિસ્તંભ સમાન, કાષ્ઠસ્તંભ સમાન, લતાસ્તંભ સમાન છે. આ દૃષ્ટાંતોના ઉપસંહારનું અને નિગમન(=ઘટાવવું તે)નું વ્યાખ્યાન ક્રોધના દૃષ્ટાંતોથી કર્યું છે.

માયા, પ્રણિધિ, ઉપધિ, નિકૃતિ, આચરણ, વંચના, દંભ, કૂટ, અતિસંધાન અને અનાર્જવ આ પ્રમાણે એક અર્થ છે.

તે માયાના તીવ્રાદિ ભાવોને આશ્રયીને દૃષ્ટાંતો છે. તે આ પ્રમાણે- માયા વાંસમૂળ સમાન, ઘેટાના શિંગડા સમાન, ગોમૂત્રિકા સમાન અને નિર્લેખન સમાન છે. અહીં પણ ઉપસંહાર અને નિગમનનું ક્રોધના દૃષ્ટાંતોથી વ્યાખ્યાન કર્યું છે.

લોભ, રાગ, ગાર્ધ્ય, ઇચ્છા, મૂર્છા, સ્નેહ, કાંક્ષા, અભિષ્વંગ એ પ્રમાણે એક અર્થ છે.

તે લોભના તીવ્ર વગેરે ભાવોને આશ્રયીને દૃષ્ટાંતો છે. તે આ પ્રમાણે- લોભ લાક્ષારાગ (કિરમજી રંગ) સમાન, ગાડાના પૈડાની મળીના રંગ સમાન, દીવાની મેશના રંગ સમાન અને હળદરના રંગ સમાન છે. અહીં પણ ઉપસંહાર અને નિગમનનું વ્યાખ્યાન ક્રોધના દૃષ્ટાંતોથી કર્યું છે.

આ ક્રોધાદિ ચાર કષાયોના શત્રુરૂપ એવા પ્રતિઘાત હેતુઓ છે. તે આ પ્રમાણે- ક્રોધનો ક્ષમા, માનનો માર્દવ, માયાનો આર્જવ, લોભનો સંતોષ પ્રતિઘાત હેતુ છે.(૮-૧૦)

**टीका–** मोहनीयमूलप्रकृतेरष्टाविंशतिरुत्तरप्रकृतयः संग्रहभेदरूपाः सूत्रेणैव निर्दिष्टाः, मोहनीयशब्दः प्रत्येकमभिसम्बध्यते, दर्शनमोहनीयं चारित्रमोहनीयमिति संग्रहेण निर्देशः, पुनश्चारित्रमोहनीयमुत्तरभेदापेक्षया संग्रहेणैव निर्दिष्टं, तद्भेदाख्यानं तु कषायवेदनीयं नोकषायवेदनीयमिति, दर्शनमोहनीय इत्यादिका आख्या यासामुत्तरप्रकृतीनां तास्तथा निर्दिष्टाः, तासां भेदप्रतिपादनार्थमाह–त्रिद्विषोडशनवभेदा इति निर्देशक्रमेणैव त्र्यादयो भेदा यासां तास्तथोक्ताः, दर्शनमोहनीयोत्तरप्रकृतिस्त्रिभेदा,

चारित्रमोहनीयोत्तरप्रकृतिर्द्विभेदा, तौ चामू विकल्पौ-कषायवेदनीयं षोडशभेदं, नोकषायवेदनीयं नवभेदमिति, एवमेता उत्तरप्रकृतयो अष्टाविंशतिः सूचिता मोहनीयमूलप्रकृतेः ।

अधुना त्र्यादिभेदान् सूत्रेणैव प्रतिपादयति सम्यक्त्वमिथ्यात्वतदुभयानीति, सम्यक्त्वं मिथ्यात्वं तदुभयमिति द्वन्द्वनिर्देशः, तत्त्वार्थश्रद्धानलक्षणं सम्यक्त्वं, तद्विपरीतं मिथ्यात्वं, तदुभयमिति सम्यग्मिथ्यात्वं, तत्त्वार्थश्रद्धानाश्रद्धानलक्षणं, एवमेतत् त्रिविधं दर्शनमोहनीयं सूचितं, कषायाकषायावित्यनेन चारित्रमोहनीयभेदद्वयाख्यानं, अनन्तानुबन्धिप्रभृतिकषायास्त एव मोहनीयं, अकषाया हास्यादयः केवलाः कषायसम्पर्कशून्याः स्वकार्यासमर्था इत्यकषायाः, सदैव हि कषायसंसक्ताश्चारित्रमोहनीयव्यपदेश्याः, अल्पकषायकार्यत्वादकषाया इति, तत्र कषायमोहनीयभेदप्रदर्शनार्थमाह सूत्रशकलं-अनन्तानुबन्ध्यप्रत्याख्यानप्रत्याख्यानावरणसञ्ज्वलनविकल्पाश्चैकशः क्रोधमानमायालोभा इति, अनन्तः-संसारस्तमनुबध्नन्तीति तच्छीलाश्चेत्यनन्तानुबन्धिनः क्रोधादयः, अविद्यमानं प्रत्याख्यानं येषामुदये ते त्वप्रत्याख्यानाः क्रोधादयः, अपरे पुनरावरणशब्दमत्रापि सम्बध्नन्ति, अप्रत्याख्यानावरणा इति, अल्पं प्रत्याख्यानमप्रत्याख्यानं-देशविरतिः तदप्यावृण्वन्ति, किमुत सर्वप्रत्याख्यानमिति, मूलगुणप्रत्याख्यानविघातवर्तिनः प्रत्याख्यानावरणाः क्रोधादयः, स्वल्पनिमित्तप्राप्तावपि युगपत् सञ्ज्वलनाः, सञ्ज्वलनाः क्रोधादयः, एवं चानन्तानुबन्ध्यादीनामेकैकशः क्रोधमानमायालोभाख्या विकल्पा भवन्ति, अनन्तानुबन्धिनः क्रोधादयः, एवमप्रत्याख्यानाः प्रत्याख्यानावरणाः सञ्ज्वलनाश्चेति, एवमेते षोडशभेदाः कषायवेदनीयाः सूचिताः, हास्येत्यादिना सूत्रावयवेन नोकषायवेदनीयमाचष्टे नवभेदम्, एतदष्टाविंशतिविधमावेदितं मोहनीयं कर्म सूत्रेणेति, अधुना भाष्यमनुश्रियते-त्रिद्विषोडशनवभेदा यथाक्रममित्यादि भाष्यं, उक्तार्थं

चैतद्भाष्यं, दर्शनचारित्रकषायनोकषायप्रकृतयः क्रमेण त्रिद्विषोडशनव-भेदाः, अनेनाष्टाविंशतिविधता प्रतिपादिता मोहनीयस्य, मोहनीयबन्ध इत्यादि, यथोक्तकारकप्रसिद्धो मोहशब्दः द्विप्रकारो-दर्शनमोहनीयाख्यः चारित्रमोहनीयाख्यश्च, तत्त्वार्थश्रद्धानं दर्शनं, तन्मोहनात् दर्शनमोहनीयं, प्राणातिपातादिविरतिः चारित्रं तन्मोहनात् चारित्रमोहनीयं, तत्र दर्शन-मोहनीयाख्यस्त्रिभेद इत्यादि, तत्र तयोर्दर्शनचारित्रमोहनीययोर्दर्शन-मोहनीयाख्यस्त्रिभेदः प्रकृतिबन्धस्तावदुच्यते, तद्यथेत्यादिना, तमेव प्रदर्शयति-मिथ्यात्ववेदनीयमित्यादि, तत्र दर्शनमोहनीयत्रैविध्ये सत्यपि बन्धो भवत्येकविध एव-तत्त्वार्थाश्रद्धानलक्षणमिथ्यात्ववेदनीयस्य, न सम्यग्मोहनीयस्य, नापि सम्यग्मिथ्यात्वमोहनीयस्येति, यतो मिथ्यात्व-पुद्गला एवैकरूपबद्धाः सन्तः कर्त्रात्मनोऽध्यवसायविशेषात् सर्वथा शोधिता मिथ्याभावपरिणामं त्याजिता सम्यग्मिथ्यात्वपरिणतिं वा प्रापिताः सम्यक्त्व-सम्यक्त्वमिथ्यात्वव्यपदेशभाजो भवन्तीति, नत्वेवंविधा एव बध्यन्ते, दरविशुद्धास्तु सम्यग्मिथ्यात्वव्यपदेशभाज इति, यथाऽऽह-

"मिथ्यात्वस्य ह्युदये जीवो विपरीतदर्शनो भवति ।
न च तस्मै सद्धर्मः स्वदते पित्तोदये घृतवत् ॥१॥

यथोक्तक्रमेण च मिथ्यात्वशुद्धौ ग्रन्थिभेदसमनन्तरं सम्यक्त्वावाप्तिः, ततश्च

"सम्यक्त्वगुणेन ततो विशोधयति कर्म तच्च मिथ्यात्वम् ।
यद्वच्छकृत्प्रभृतिभिः शोध्यन्ते कोद्रवा मदनाः ॥१॥
यत् सर्वथापि तत्र विशुद्धं तद्भवति कर्म सम्यक्त्वम् ।
मिश्रं तु दरविशुद्धं भवत्यशुद्धं च मिथ्यात्वं ॥२॥

मदनक्रोद्रवास्तु त्र्यवस्थाः अविशुद्धविशुद्धदरविशुद्धा इति दृष्टान्तीकृताः मिथ्यात्वसम्यक्त्वसम्यग्मिथ्यात्वेषु, मिथ्यात्वोदयाच्च तत्त्वार्थाश्रद्धा भवति, विपरीतदृष्टित्वात्, यथाह-

"ननु कोद्रवान् मदनकान् भुक्त्वा नात्मवशतां नरो याति ।
शुद्धादी न च मुह्यति मिश्रगुणश्चापि मिश्रादी ॥१॥"

गुणगुणिनोरैक्यात्तदुदयानुगुणपरिणामवर्तित्वात् पीतमद्यहृत्पूरभक्षण-पित्तोदयाद् व्याकुलीकृतान्तःकरणपुरुषवद्यथावस्थितार्थरुचिप्रतिघात-कारिणा मिथ्यात्वेनान्यथैतत् प्रतिपद्यते, यथाह-

"मिच्छत्ततिमिरपच्छाइअदिट्ठी रागदोससंजुत्ता ।
धम्मं जिणपण्णत्तं भव्वावि नरा न रोयंति ॥१॥
मिच्छादिट्ठी जीवो उवइट्ठं पवयणं न सद्दहइ ।
सद्दहइ असब्भावं उवइट्ठं वा अणुवइट्ठं ॥२॥
पयमक्खरं च एक्कं जो न रोएइ सुत्तनिद्दिट्ठं ।
सेसं रोअंतोवि हि मिच्छद्दिट्ठी मुणेअव्वो ॥३॥"

सूत्रं तु प्रतिविशिष्टपुरुषप्रणीतमेव श्रद्धागोचर इति, यथोक्तम्-

"अर्हत्प्रोक्तं गणधरदृब्धं प्रत्येकबुद्धदृब्धं च ।
स्थविरग्रथितं च तथा प्रमाणभूतं त्रिधा सूत्रम् ॥१॥
श्रुतकेवली च तस्मादधिगतदशपूर्वकश्च तौ स्थविरौ ।
आप्ताज्ञाकारित्वाच्च सूत्रमितरत् स्थविरदृब्धं ॥२॥"

अथवा-

"तं मिच्छत्तं जमसद्दहणं तच्चाण जाण भावाणं ।
संसइअमभिग्गहिअं अणभिग्गहियं च तं तिविहं ॥१॥"

सम्प्रति सम्यक्त्ववेदनीयं शुद्धपुद्गलप्रत्ययस्तत्त्वार्थश्रद्धानपरिणाम आत्मनः, स चौपशमिकादिभेदेन पञ्चधा प्राग् व्याख्यातः, स औपशमिकसास्वादनवेदकक्षायोपशमिकक्षायिकाख्यः, तत्रोपशान्ते दर्शनमोहसप्तके भवत्यौपशमिकं सदैव सम्यक्त्वमन्तर्मुहूर्तकालावच्छिन्नं, उपशमसम्यक्त्वं हि नित्यमेवोपहन्यतेऽनन्तानुबन्धिभिः, यथाह-

"संयोजनोदयश्चेत् स्यादासाद्येत नाम सम्यक्त्वम् ।
तस्य तु विशुद्ध्यतस्तदभावात् सम्यक्त्वमनवद्यम् ॥१॥"

क्षायोपशमिकसम्यक्त्वपुद्गलचरमग्रासानुभवकाले वेदकसम्यक्त्वं, उदितमिथ्यात्वपुद्गलक्षये अनुदितमिथ्यात्वोपशमे च क्षायोपशमिकमुक्तं, क्षायिकं तु निरवशेषदर्शनमोहक्षये भवति सम्यक्त्वं, न च विशुद्ध-पुद्गलक्षये तत्त्वार्थश्रद्धानलक्षणस्य परिणामस्याभावः, यथाह-

"प्रक्षीणे तर्हि सम्यक्त्वे, सम्यग्दृष्टिः कथं मतः ? ।
क्षयो द्रव्यस्य तत्रेष्टः, परिणामस्य न क्षयः ॥१॥"

सम्यक्त्वमिथ्यात्ववेदनीयमधुनोच्यते, प्रथमतः सम्यक्त्वमुत्पादयन् करणत्रयं विधायोपशमसम्यक्त्वं प्रतिपद्यते, ततो मिथ्यात्वदलिकं त्रिपुञ्जीत्वेन परिणमयति शुद्धमिश्राशुद्धत्वेन, यथाह-

"सम्यक्त्वगुणेन ततो विशोधति कर्म तच्च मिथ्यात्वम् ।
यद्वत् शकृत्प्रभृतिभिः शोध्यन्ते कोद्रवा मदनाः ॥१॥"

सम्यग्मिथ्यात्वं च तद् वेदनीयं चेत्येवं पूर्वयोरपि द्रष्टव्यं, इतिशब्दो दर्शनमोहेयत्ताप्रतिपत्तये दर्शनमोहनीयप्रकृतिबन्धमाख्याय सम्प्रति चारित्रमोहप्रकृतिबन्धाचिख्यासया जगाद-चारित्रमोहनीयाख्यो द्विविध इत्यादि, द्विविकल्पश्चारित्रमोहनीयप्रकृतिबन्धः, कषायवेदनीयं नोकषायवेदनीयं चेति, एतावद्भेदं मूलतश्चारित्रमोहनीयं, यथाक्रमं तत्स्वरूपाख्यानायाह-तत्रेत्यादि, तयोश्चारित्रमोहभेदयोः कषायवेदनीया-ख्यस्तावदयं षोडशभेदः, तद्यथेत्यनेन भेदानावेदयते, अनन्तानुबन्धी क्रोध इत्यादि, अनन्तः संसारो नारकतिर्यक्मनुजदेवजन्मजरामरण-परम्परालक्षणः तदनुबन्धादनन्तानुबन्धिनः संयोजनाश्च क्रोधमानमाया-लोभाः, तत्र क्रोधः-अप्रीतिलक्षणः, मानो गर्वः, माया-शाठ्यं, लोभो गार्द्ध्यं, तृष्णेत्यनर्थान्तरम्, आह च-

"संयोजयन्ति यन्नरमनन्तसङ्ख्यैर्भवैः कषायास्ते ।
संयोजनतानन्तानुबन्धिता वाप्यतस्तेषां ॥१॥"

अनन्तानुबन्धिनां च तावत् पर्वतराजिशैलस्तम्भघनवंशमूलकृमिलाक्षारागोदाहरणानि, एवमप्रत्याख्यानावरणकषायश्चतुर्द्धा क्रोधादिभेदेनेत्यतिदिश्यते, प्रत्याख्यानं द्विविधं-सर्वविरतिलक्षणं देशविरतिलक्षणं च, तत्र देशविरतिलक्षणमल्पं तदावरणकषायः-प्रत्याख्यानावरणकषायः, सामर्थ्यादपिशब्दः समुच्चायार्थो लभ्यते, ये स्वल्पमावृण्वन्ति प्रत्याख्यानं ते सर्वविरतिलक्षणमावृण्वन्त्येवेति नास्ति चित्रं, कषाय इति जातिविवक्षायामेकवचननिर्देशः, आह च-

"आवृण्वन्ति प्रत्याख्यानं स्वल्पमपि येन जीवस्य ।
तेनाप्रत्याख्यानावरणास्ते निर्विशेषोक्त्या ॥१॥

नञ् हि अत्र अल्पार्थः उपमानार्थो वा, तेन प्रत्याख्यानावरणवदप्रत्याख्यानावरणः, यथोक्तं-

"प्रत्याख्यानावरणसदृशत्वाद्वा तत्तथा भवति सिद्धम् ।
यत्त्वब्राह्मणवचने तत्सदृशः पुरुष एवेष्टः ॥१॥"

एषामुदये सम्यक्त्वलाभः, सर्वदेशविरतिलक्षणं तु प्रत्याख्यानं नास्ति। प्रत्याख्यानावरणकषाय इति तथैवातिदेशः, प्रत्याख्यानशब्देनात्र सर्वविरतिपरिग्रहः, तदावरणाः प्रत्याख्यानावरणाः, प्रतिशब्दः प्रतिषेधवचनः, प्रतिषेधस्याख्यानं-प्रकाशनमाचार्यादिसन्निधौ भावतः सर्वान् प्राणिनो न हन्मि यावज्जीवमित्यादि प्रत्याख्यानं, तदेवम्प्रकारं स्थगयतीति प्रत्याख्यानावरणः, यथाह-

"सर्वप्रत्याख्यानं येनावृण्वन्ति तदभिलषतोऽपि ।
तेन प्रत्याख्यानावरणास्ते निर्विशेषोक्त्या ॥१॥"

प्रत्याख्यानपरीणामजन्मविघातकारित्वात् प्रत्याख्यानावरणाः, न तु सत एव प्रत्याख्यानस्येति वाक्यार्थः, तथा चाहुः पूज्याः-

"नासंतस्सावरणं ण सतोऽभव्वादिविरमणपसंगा ।
पच्चक्खाणावरणा तम्हा तस्संभवावरणा ॥१॥
उदये विरतिपरिणई न होइ जेसिं खयाइओ होइ ।
पच्चक्खाणावरणा ते इह जह केवलावरणं ॥२॥"

एतदुदयवर्त्तिनश्च द्वादशविधगृहधर्मावाप्तिः, यथाह-

"श्रावकधर्मो द्वादशभेदः सञ्जायते ततस्तस्य ।
पञ्चत्रिचतुःसङ्ख्यो व्रतगुणशिक्षामयः शुद्धः ॥१॥"

सञ्ज्वलनकषायस्वरूपाख्यानायाह-सञ्ज्वलनकषाय इति, समस्त-पापस्थानविरतिभाजमपि यतिं दुःसहपरीषहसम्पाते युगपत् सञ्ज्वलयन्तीति सञ्ज्वलनाः, यथाह-

"सञ्ज्वलयन्ति यतिं यत् संविग्नं सर्वपापविरतिमिति ।
तस्मात् सञ्ज्वलना इत्यप्रशमकरा निरुच्यन्ते ॥१॥"

इतिशब्दः कषायवेदनीयेयत्तामाह, 'एकश' इति एकैकस्य अप्रत्याख्यानप्रत्याख्यानावरणसञ्ज्वलनकषायस्य क्रोधादयो भेदाश्चत्वारश्चत्वार इति, तत्र अप्रत्याख्यानक्रोधाद्युदाहरणानि भूराज्यस्थिमेषश्रृङ्गकर्दमरागाः प्रत्याख्यानावरणक्रोधादेः रेणुराजिकाष्ठगोमूत्रमार्गखञ्जनरागाः सञ्ज्वलनक्रोधादेः जलराशितिनिसलतावलेहहरिद्रारागाः, एवमेते षोडश भेदाः कषायवेदनीयस्येति । प्रस्तावप्राप्तं नोकषायवेदनीयमुच्यते । नोकषायवेदनीयं नवभेदमिति कषायैकदेशत्वात् कषायविशेषत्वाद्वा नोकषायाः-हास्यादयः, मिश्रार्थो वा नोशब्दः, कषायसहवृत्तय एते स्वकार्यनिर्वर्तनप्रत्यलाः, न ह्यमीषां पृथक् सामर्थ्यमस्ति, यद्दोषश्च यः कषायस्तत्-सहचारिणः एतेऽपि तत्तद्दोषा एव भवन्ति, एतदुक्तं भवति-अनन्तानुबन्ध्यादिसहचरितास्तत्स्वभावका एव जायन्ते, तस्मादेतेऽपि चरणोपघातकारित्वात् तत्तुल्यतयैव ग्राह्याः, तथा अन्येनाप्यवाचि-

"कषायसहवर्तित्वात्, कषायप्रेरणादपि ।
हास्यादिनवकस्योक्ता, नोकषायकषायता ॥१॥"

तद्यथेत्यनेन नवापि नोकषायान् स्वरूपेणाख्यातुमुपक्रमते, तत्र हास्यनोकषायमोहोदयात् सनिमित्तमनिमित्तं वा हसति-स्मयते रङ्गावतीर्णनटवत्, रतिमोहोदयाद् बाह्याभ्यन्तरेषु वस्तुषु रतिः-प्रीतिः आसक्तिः इष्टेषु वा शब्दादिविषयेषु, अरतिमोहोदयादेतेष्वेवाप्रीतिररतिः, शोकमोहोदयात् परिदेवते हन्ति च स्वमस्तकाद्यवयवान् निःश्वसिति रोदिति स्तनति लोटते भुवः पीठ इत्यादि, भयमोहोदयाद् त्रसत्युद्विजते वेपत इत्यादि, जुगुप्सामोहनीयोदयात् शुभाशुभद्रव्यविषयं व्यलीक-मुपजायत इत्यादि, पुरुषवेदमोहोदयादनेकाकारासु स्त्रीष्वभिलाष आम्र-फलाभिलाष इवोद्रिक्तश्लेष्मणः, तथा 'संकल्पजास्वपी'त्यादि, स्त्रीवेद-मोहोदयात् नानाकारेषु पुरुषेष्वभिलाषः, संकल्पजेषु चेत्यादि, नपुंसक-वेदमोहो बहुभेदः, तदुदयाद् कस्यचित् स्त्रीपुरुषद्वयविषयोऽप्यभिलाषः किल प्रादुर्भवति, धातुद्वयोदये मार्जितादिद्रव्याभिलाषवत्, कस्यचित्तु पुरुषेष्वेवाभिलाषः संकल्पजनित चानेकरूप इत्यादि, इतिकरणो नोकषायेयत्ताप्रदर्शनार्थः, उक्तमेवमेतन्नोकषायवेदनीयं नवप्रकारम् ।

एषां पुरुषादिवेदानां त्रयाणामपि तीव्रादिपरिणामसंसिद्ध्यर्थं दृष्टान्तानाविश्चिकीर्षुराह- तत्रेत्यादि, पुरुषवेदादीनामिति क्रमनियममाचष्टे, तृणादयः कृतद्वन्द्वाः, प्रत्येकमग्निशब्देन सहाभिसम्बन्ध्यन्ते, निदर्शनानि दर्श्यन्त इति दृष्टान्ता भवन्ति, एतानि च कृतसन्निवेशक्रमात्, तत्र पुरुषवेदमोहोऽग्नेर्भृशं ज्वलतः समासादितप्रतिक्रियस्याश्वेव प्रशमो जायते, समासादिततृणपूलकस्येव नातीवस्थास्नुरनुबन्धः, स्त्रीवेदजात-वेदसस्तु बहुतरकालावस्थायिनः सम्भाषणस्पर्शनेन्धनाभिवर्द्धितस्य चिराय प्रशमो जायते, दृढतरखादिरादिकाष्ठप्रवृद्धज्वालाकलापज्वलनस्येव, नपुंसकवेदमहामोहसप्तार्चिषस्तु समासादितोदयस्य महानगरदाहदहन-

तुल्यस्य कारीषकृशानोरिवान्तर्दिशि जृम्भमाणदीप्ततरकरणनिकरस्य बहुतरकालेनास्य प्रशमो भवति, सम्प्रत्युपसंहरति-एवमित्यादि, उक्तेन प्रकारेण द्वित्रिषोडशनवभेदलक्षणेनाष्टाविंशतिभेदमुक्तं मोहनीयं ॥

सम्प्रति अनन्तानुबन्ध्यादिकषायाणामुदयेऽयमात्मा सम्यक्त्वादि-सामायिकानां क्व किं लभते किं वा न लभत इति प्रतिपिपादयिषुराह-अनन्तानुबन्धीत्यादि अनन्तानुबन्धिकषायोदयः सम्यग्दर्शनमुपहन्ति, तद्विधपरिणामोत्पादमेव निरुणद्धीत्यर्थः, एतदेव स्पष्टयति-तस्योदयाद् सम्यग्दर्शनं नोत्पद्यते, प्रागवाप्तमपि प्रतिपततीति, अप्रत्याख्यानेत्यादि, सर्वदेशलक्षणाया विरतेरभावः, प्रत्याख्यानेत्यादि, देशविरतिर्भवति, उत्तमचारित्रं-सर्वस्मात् प्राणातिपाताद् विरमामि इत्येवंरूपं तस्य लाभो न भवतीति, तुशब्दोऽवधारणार्थः, न जातुचिदेव भवतीति, सञ्ज्वल-नेत्यादि, सञ्ज्वलनकषायोदये त्वकषायचारित्रलाभो नास्ति, पूर्वोद्दिष्ट-सामायिकेभ्योऽनन्तरमथाख्यातं-क्रियाविशेषः, अथाख्यातचारित्रं साक्षा-दनन्तरं कारणं मुक्तेरिति, यथाख्यातचारित्रं वा येन प्रकारेण यथा भगवद्भिराख्यातमकषायं चारित्रं भवतीति, सर्वे वा कषायाः संसारे हिण्डयन्ति जीवमिति काक्वा प्रतिपादयति, यतस्तेषामुदये प्रतिविशिष्ट-ज्ञानक्रियावाप्तिरेव न समस्तीति, उपशान्तक्षीणकषायस्य हि यथाख्यात-मिष्यते, तत्राप्युपशान्तकषायस्य कदाचित् पातोऽपि विशुद्धिस्थानात् कुतश्चिन्निमित्तात् शक्यते, क्षीणकषायस्य तु नास्ति प्रतिपातः,

शास्त्रे पर्यायशब्दैरपि क्रोधादिकषायाणां व्यवहारोऽस्तीत्यतस्तत्प्रदर्शनं क्रोध इत्यादि, क्रोधनं क्रोधः-अप्रीतिः, कोपनं कोपः-पूर्वावस्थातोऽन्यथा परिणामः, रोषणं रोषः तत्परिणामेनारुषितत्वादात्मनः, द्वेषनं द्वेषः तत्परिणामस्य वचनद्वारेण प्रदर्शनात्, कायद्वारेण निर्देशात्, भण्डनं कलहः, भाम इति क्रोधविशेषः ईर्ष्यालक्षणः, एवमादयः शब्दाः क्रोधार्थप्रतिपादकत्वादेकार्थाभिधायित्वादनर्थान्तरमिति ।

अधुनाऽनन्तानुबन्ध्यादिभेदस्यैकैकस्य क्रोधादेस्तीव्रादिभावप्रदर्शनार्थं निदर्शनान्याह भाष्यकारः-तद्यथेत्यादिना चतुर्णामपि क्रमेणानन्तानुबन्ध्य-प्रत्याख्यानप्रत्याख्यानावरणसञ्ज्वलनानां क्रोधमानमायालोभानामेकैकस्य चतुर्विधत्वं दर्शयति, पर्वतराजीसदृशः इत्यादि, पर्वतः पाषाण-पुञ्जस्तदेकदेशोऽप्युपचाराच्छिलाविभागः पर्वतः तत्र राजी-भिदा पर्वतराजी तया सदृशः पर्वतराजीसदृशः, शिलायां राजी उत्पन्ना यावच्छिला तावदवतिष्ठते, न च तस्याः सन्धानमस्ति, एवमनन्तानुबन्धी क्रोधः समुत्पन्नो भवापेक्षया यावत्तत्र जीवति तावदप्यनुवर्त्तते, न तस्यास्त्यु-पसंहरणोपायः, तदनु मरणाच्च भूयसा नरकगतिः, अप्रत्याख्यानस्तु भूमिराजीसदृशः संवत्सरमात्रकालानुबन्धी, भूमौ हि राज्युत्पन्ना वर्षास्व-वश्यंतया सा निधनमायातीति क्रोधोऽप्येवमुत्पन्नो वर्षाभ्यन्तरेऽवश्यमेव प्रशाम्यतीति । प्रत्याख्यानावरणस्तु वालुकाराजीसदृशः, वालुकायां हि राजी उत्पन्ना प्रकर्षतः चतुर्मासाभ्यन्तरे भूयः संधत्ते, क्रोधोऽप्येवं प्रत्याख्यानावरणश्चतुर्मासाभ्यन्तरं नियमेनोपशाम्यतीति । सञ्ज्वलन-क्रोधाग्निरुत्पन्नः पाक्षिकप्रतिक्रमणकाले प्रकर्षतो विध्यापयतीति उदकराजीसदृश इति समाख्यायते, अस्य चोदकराजीसादृश्यात् पक्षमात्रकालसूचनं विज्ञेयं,

तत्र पर्वतराजीसदृशो नामेत्यादिना ग्रन्थेनोदाहरणानि भावयति, प्रयोगः-पुरुषव्यापारः, विश्रसा-स्वभावः, विमिश्रकग्रहणादुभयपरिग्रहः, पुरुषव्यापारस्वभावाभ्यां इति, एषां त्रयाणामन्यतमेन हेतुनेति सम्बन्धः, सम्प्रति क्रोधोत्पत्तेः निमित्तमाख्याति-'इष्टार्थवियोजनादनिष्टार्थसंयोजनाद-भिलषितालाभादि'त्यादीनां कारणानामन्यतमेन हेतुना यस्योत्पन्नः क्रोध इत्यादि, भवान्तरमप्यनुबध्नाति, निरनुनयः इत्यनुनयः-परचाटुकरणादि-क्रिया तदभावान्निरनुनयः, अप्रत्यवमर्श इत्यविद्यमानपश्चात्तापपरिणामः, शेषं गतार्थं, भूमिराजीसदृशो नामेत्यादि अप्रत्याख्यानकषायानाश्रित्योच्यते,

आत्तस्नेहाया इति गृहीतापीतस्नेहायाः वायुना वाऽभ्याहताया इत्यनेकं कारणं भूमिराजेरावेदयति, जघन्येनाष्टमासस्थितिरुत्कर्षेण वर्षस्थितिरिति, एवं यथोक्तनिमित्त इत्यादिना दृष्टान्तेन दार्ष्टान्तिकमर्थं समीकरोतीति, शेषं सुज्ञानं, वालुकाराजीसदृशो नामेत्यादि सुज्ञानं, जघन्येनाहोरात्रमुत्कर्षेण संवत्सरपरिमाणोऽपीति शेषं गतार्थं, उदकराजीसदृशो नामेत्यादि, प्रायः सुज्ञानं, विदुष इति क्रोधपरिणामाभिज्ञस्य, पश्चात्तापः प्रत्यवमर्षः दुष्टं कृतमित्यादिकः, शेषं सुज्ञानं,

येषामित्यादि, अनन्तानुबन्ध्यादिचतुर्विधक्रोधक्षपणान्मुक्तिरवश्यं-भाविनीति,

सम्प्रति मानचातुर्विध्यप्रदर्शनायाह- मान इत्यादि सर्वदाऽऽत्मपूजा-काङ्क्षत्वान्मानः, स्तम्भनात् स्तम्भोऽवनतेरभावात्, गर्वो जात्यादिः, उत्सेको ज्ञानादिभिराधिक्येऽभिमानः आत्मनः, अहङ्कारो अहमेव रूप-सौभाग्यादिसम्पन्न इति, दर्पो बलकृतः मद्यादिमदवदनालापदर्शनान्मदः, परोपहसनप्रायत्वात् स्मयः, सर्व एते मानविशेषा इत्येतेऽनर्थान्तरमिति ।

क्रोधस्येवास्यापि तीव्रादिभावदर्शनायाह- तस्यास्येत्यादि, तस्येति पूर्वोद्दिष्टस्यास्येति पर्यायभेदेन निर्दिष्टस्य, आदिग्रहणान्मन्दो, मध्यम-स्वभावः आत्मनः परिणतिविशेषः, अनन्तानुबन्ध्यादिषु क्रमेण शैलस्तम्भ-सदृश इत्याद्युदाहरणानि योज्यानि, एषामित्यादिना अतिदिशति, उपसंहार उपनयः, यथा शैलस्तम्भस्तथा अनन्तानुबन्धीत्यादिक्रमेण, तस्मात् कुतश्चिन्निमित्तादुत्पन्नो मान आमरणान्न व्ययं गच्छति, जात्यन्तरानुबन्धी निरनुनयोऽप्रत्यवमर्षश्च भवति शैलस्तम्भसदृशः, तादृशं मानमनुसृता नरकेषूपपत्तिं प्राप्नुवन्तीति निगमनग्रन्थः, चशब्दः समुच्चितौ, एवमस्थिस्तम्भसदृश इत्यादिष्वपि यथायोगमुपनयनिगमने वक्तव्ये ।

माया प्रणिधिरित्यादि मीयतेऽनया जन्तोस्तिर्यग्योन्यादिजन्मेति माया, प्रणिधिर्व्रतापरिणतावासक्तिः, प्रणिधानं बाह्यचेष्टयोपधीयते छाद्यत

इत्युपधिः-अन्यथापरिणामः चित्तस्य, निष्क्रियतेऽनया परः परिभूयत इति निकृतिः, आचर्यते-निगम्यते भक्ष्यते वा परस्तयोपायभूतयेत्याचरणं, तथा च वृकमार्जारगृहकोकिलादयः प्रसिद्धाः, परे विप्रलभ्यन्ते यया सा वञ्चना, दम्भनं दम्भो-वेषवचनाद्यनुमेयः, कुट्यते-दह्यते अमुना परः परिणामान्तरेणेति कूटं, सत्त्वग्रहणयन्त्रं वा कूटं तद्वद् यः परिणामः, अतिसन्धीयतेऽनेन पर इत्यतिसन्धानं, अतीवानुप्रविश्य सन्धानं-अन्तरङ्गताप्रदर्शनं, ततो विनाशः, ऋजोर्भाव आर्जवं तद्विपरीतमनार्जवं कायमनोवक्रता, इतिशब्द एवार्थे, एवमेतान्येकार्थाभिधायीनि नामानीति। तस्या इत्यादि गतार्थं, वंशकुडङ्गो-वंशमूलं अतिकुटिलमृजुकर्त्तुमशक्य-मुपायशतेनापि, शेषा गतार्था प्रायः, निर्ल्लेखनं-वर्धक्यवलेखनी-धारोल्लिखितं तत्तु कुटिलं, अत्रापीत्यादि गतार्थम् ।

लोभो राग इत्यादि लुभ्यत्यनेन जीव इति लोभः, आत्मरञ्जनाद्रागः, आप्तेषु वस्तुषु गार्द्ध्यमभिरक्षणादिकार्यं गृद्धिलक्षणं, इच्छा-अभिलाषः त्रैलोक्यविषयः, मूर्च्छा प्रकर्षप्राप्ता मोहवृद्धिः, स्निह्यतेऽनेनेति स्नेहः, पुत्रपत्न्यादिषु प्रीतिविशेषः, भविष्यत्कालोपादानविषया काङ्क्षा, अभिष्वङ्गो बाह्याभ्यन्तरोपकरणविषयाभिमुखः, सङ्गः सक्तिः, शेषं पूर्ववत् । लाक्षारागसदृश इत्यादि, अनन्तानुबन्ध्यादयः क्रमेण योज्याः, शेषं गतार्थम् ।

एषां क्रोधादीनामित्यादि, प्रकृतानुपयोगित्वादसम्बन्ध इवायं लक्ष्यते ग्रन्थः, मोहनीयोत्तरप्रकृतिस्वरूपाख्यानमारब्धं, तत्र क्रोधादिप्रत्यनीकाः क्षमादयः इति कः प्रस्तावः ?, उच्यते, मोहनीयप्रधानानि कर्माणि सर्वदेशोपघातद्वारेण जन्तोर्नरकादिभवप्रपञ्चप्रापणे विजृम्भन्ते, मोहस्तत्र तावत्कषायजनितः, कषायवशाद्धि बन्धस्थितिविशेषः सर्वदुःखावाप्तिश्च, यथोक्तम्-

"जं अइदुक्खं लोए जं च सुहं उत्तमं तिहुअणम्मि ।
तं जाण कसायाणं वुड्ढिक्खयहेउअं सव्वं ॥१॥"

अतस्तत्संवरणोपायभूताः क्षमादयो भाष्यकारेणोपन्यस्ताः, सततमेतेऽभ्यसनीयाः कर्मणां लाघवमिच्छता मुमुक्षुणा, भाष्यं गतार्थं प्रायः, प्रत्यनीकाः शत्रव उच्यन्ते पुरुषाः, भूतशब्दः उपमानार्थः, शत्रव इवोच्छेदनसाधर्म्यात्, एतदेव स्पष्टयति–प्रतिघातहेतवो भवन्तीति, अत्र च मिथ्यादर्शनमाद्यकषायाश्च द्वादश सर्वघातिन्यः प्रकृतयः, सञ्ज्वलना नोकषायाश्च देशघातिन्यः । ननु च सूचनात् सूत्रमिति लघु विधेयं सूत्रं, तच्चैवं भवति–दर्शनचारित्रमोहनीयकषायनोकषायवेदनीयाख्यास्त्रिद्विषो–डशनवभेदाः, इत्येवं विवक्षितार्थसंग्रहः स्यात्, तत्रेदमुक्तं

'दुर्व्याख्यानो गरीयांश्च, मोहो भवति बन्धनः ।
न तत्र लाघवादीष्टं, सूत्रकारेण दुर्वचम् ॥१॥" इति ॥८-१०॥

**ટીકાર્થ–** મૂલપ્રકૃતિ મોહનીયના સંક્ષેપના ભેદરૂપ (પેટા ભેદરૂપ) અઠ્યાવીસ ઉત્તરપ્રકૃતિઓનો સૂત્રથી જ નિર્દેશ કર્યો છે. મોહનીય શબ્દનો પ્રત્યેકની સાથે સંબંધ કરવામાં આવે છે. દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એમ સંક્ષેપથી નિર્દેશ છે. ફરી ચારિત્રમોહનીયનો (કષાય-નોકષાયનો) ઉત્તરભેદોની અપેક્ષાએ સંક્ષેપથી જ નિર્દેશ કર્યો છે. ચારિત્રમોહનીયના ભેદોનું કથન તો કષાયવેદનીય અને નોકષાય-વેદનીય એ પ્રમાણે કર્યો છે. દર્શનમોહનીય ઇત્યાદિ આખ્યા (નામ) જે ઉત્તરપ્રકૃતિઓનું છે તે ઉત્તરપ્રકૃતિઓ સૂત્રમાં તે પ્રમાણે નિર્દેશ કરાયેલી છે. તે ઉત્તરપ્રકૃતિઓના ભેદોનું પ્રતિપાદન કરવા માટે કહે છે- त्रिद्विषोडशनवभेदा इति, નિર્દેશના ક્રમથી જે ત્રણ વગેરે ભેદો જે ઉત્તર-પ્રકૃતિઓના છે તે ઉત્તરપ્રકૃતિઓ તે પ્રમાણે (સૂત્રમાં) કહી છે. દર્શનમોહનીયની ઉત્તરપ્રકૃતિના ત્રણ ભેદો છે. ચારિત્રમોહનીયની ઉત્તરપ્રકૃતિના બે ભેદો છે. તે બે ભેદો આ છે- કષાયવેદનીય અને નોકષાયવેદનીય. કષાયવેદનીયના સોળ ભેદો છે. નોકષાયવેદનીયના

નવ ભેદો છે. આ પ્રમાણે મોહનીયની મૂલપ્રકૃતિની આ અઠ્યાવીસ ઉત્તરપ્રકૃતિઓ સૂચિત કરી છે.

હવે ત્રણ વગેરે ભેદોને સૂત્રથી જ જણાવે છે- 'सम्यक्त्व, मिथ्यात्व, तदुभयानि' इति સમ્યક્ત્વ, મિથ્યાત્વ અને તદુભય એમ દ્વન્દ્વ સમાસથી નિર્દેશ છે. સમ્યક્ત્વ તત્ત્વભૂતપદાર્થોની શ્રદ્ધારૂપ છે. તેનાથી વિપરીત મિથ્યાત્વ છે. તદુભય એટલે સમ્યક્ત્વ-મિથ્યાત્વ. તે તત્ત્વભૂતપદાર્થોની શ્રદ્ધા-અશ્રદ્ધારૂપ છે. આ પ્રમાણે ત્રણ પ્રકારનું સમ્યક્ત્વ સૂચિત કર્યું. कषायाकषायौ એવા પદથી ચારિત્રમોહનીયના બે ભેદોનું કથન કર્યું છે. અનંતાનુબંધી વગેરે કષાયો એ જ મોહનીય છે. કષાયના સંપર્કથી રહિત એકલા હાસ્યાદિ અકષાયો પોતાનું કાર્ય કરવા સમર્થ નથી માટે અકષાય છે. તે સદાય કષાયના સંસર્ગથી જ ચારિત્રમોહનીયરૂપે વ્યવહાર કરવા યોગ્ય થાય છે. અલ્પ કષાયનું કાર્ય હોવાથી અકષાય એમ કહેવાય છે. તેમાં કષાયમોહનીયના ભેદોને બતાવવા માટે સૂત્રના એક વિભાગને કહે છે- अनन्तानुबन्ध्यप्रत्याख्यानप्रत्याख्यानावरणसञ्ज्वलनविकल्पाश्चैकशः क्रोध-मान-माया-लोभाः इति, અનંત એટલે સંસાર. સંસારનો અનુબંધ કરે છે=પરંપરા કરે છે અને અનુબંધ કરવાના સ્વભાવવાળા છે તેથી ક્રોધ વગેરે અનંતાનુબંધી છે. જેમના ઉદયમાં પ્રત્યાખ્યાન નથી તે ક્રોધાદિ અપ્રત્યાખ્યાન છે. બીજાઓ અહીં પણ અપ્રત્યાખ્યાનાવરણ એમ આવરણ શબ્દનો સંબંધ કરે છે. અલ્પ પ્રત્યાખ્યાન તે અપ્રત્યાખ્યાન. અપ્રત્યાખ્યાન એટલે દેશવિરતિ. આ કષાયો દેશવિરતિને પણ રોકે છે તો પછી સર્વવિરતિ માટે તો શું કહેવું ? મૂલગુણપ્રત્યાખ્યાનના વિઘાતમાં વર્તતા ક્રોધાદિ પ્રત્યાખ્યાનાવરણ છે. અલ્પ પણ નિમિત્ત મળતાં એકી સાથે સળગી ઊઠે તે ક્રોધ વગેરે સંજ્વલન છે. આ પ્રમાણે અનંતાનુબંધી આદિ એક એકના ક્રોધ, માન, માયા, લોભ નામના ભેદો છે. અનંતાનુબંધી ક્રોધ વગેરે, અપ્રત્યાખ્યાન ક્રોધ વગેરે, પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ વગેરે, સંજ્વલન ક્રોધ વગેરે. આ પ્રમાણે આ સોળ ભેદો કષાયમોહનીયના સૂચવ્યા.

## કષાયો કોના જેવા

| કષાયો | કોના જેવા | કોના જેવા | કોના જેવા | કોના જેવા |
|---|---|---|---|---|
| અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ | અનંતાનુબંધી જેવા | અપ્રત્યાખ્યાન જેવા | પ્રત્યાખ્યાનાવરણ જેવા | સંજ્વલન જેવા |
| અપ્રત્યાખ્યાન ક્રોધ-માન-માયા-લોભ | અનંતાનુબંધી જેવા | અપ્રત્યાખ્યાન જેવા | પ્રત્યાખ્યાનાવરણ જેવા | સંજ્વલન જેવા |
| પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ-માન-માયા-લોભ | અનંતાનુબંધી જેવા | અપ્રત્યાખ્યાન જેવા | પ્રત્યાખ્યાનાવરણ જેવા | સંજ્વલન જેવા |
| સંજ્વલન ક્રોધ-માન-માયા-લોભ | અનંતાનુબંધી જેવા | અપ્રત્યાખ્યાન જેવા | પ્રત્યાખ્યાનાવરણ જેવા | સંજ્વલન જેવા |

## કષાયો કોના જેવા

| કષાયો | ક્રોધ કોના જેવો | માન કોના જેવો | માયા કોના જેવી | લોભ કોના જેવો |
|---|---|---|---|---|
| અનંતાનુબંધી | પર્વતરેખા જેવો | પથ્થરસ્તંભ જેવો | ગાઢવાંસના મૂળ જેવી | કીરમજીના રંગ જેવો |
| અપ્રત્યાખ્યાન | પૃથ્વીરેખા જેવો | અસ્થિસ્તંભ જેવો | ઘેટાના શિંગડા જેવી | ગાડાની મળી જેવો |
| પ્રત્યાખ્યાનાવરણ | રેતીરેખા જેવો | કાષ્ઠસ્તંભ જેવો | ગોમૂત્રિકા જેવી | કાજળ જેવો |
| સંજ્વલન | જલરેખા જેવો | નેતરલતા જેવો | વાંસની છાલ જેવી | હળદરના રંગ જેવો |

हास्य ઇત્યાદિ સૂત્રાવયવથી નોકષાયમોહનીયના નવ ભેદોને કહે છે. આ પ્રમાણે મોહનીયકર્મના અઠ્ઠાવીસ ભેદો સૂત્રથી જણાવ્યા. હવે ભાષ્યને અનુસરવામાં આવે છે–

त्रि-द्वि-षोडश-नव भेदा यथाक्रमम् ઇત્યાદિ ભાષ્ય છે. આ ભાષ્યનો અર્થ કહેવાઇ ગયો છે. દર્શન, ચારિત્ર, કષાય, નોકષાય પ્રકૃતિઓના અનુક્રમે ત્રણ, બે, સોળ અને નવ ભેદો છે. આનાથી મોહનીયના અઠ્ઠાવીસ ભેદોનું પ્રતિપાદન કર્યું.

'मोहनीयबन्ध' इत्यादि મોહ(=મોહનીય) શબ્દનો (આઠમા અધ્યાયના પાંચમા સૂત્રમાં) કારકથી વ્યુત્પત્તિથી થતો અર્થ સિદ્ધ કર્યો છે. મોહના દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એમ બે ભેદો છે. તત્ત્વભૂત પદાર્થોની શ્રદ્ધા તે દર્શન. દર્શનમાં મુંઝાવવાના કારણે દર્શનમોહનીય છે. પ્રાણાતિપાત આદિથી વિરતિ એ ચારિત્ર છે. ચારિત્રમાં મુંઝાવવાના કારણે ચારિત્રમોહનીય છે. "तत्र दर्शनमोहनीयाख्यस्त्रिभेदः" इत्यादि, દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એ બેમાં દર્શનમોહનીયનો ત્રણ પ્રકારનો પ્રકૃતિબંધ 'तद्यथा' ઇત્યાદિથી કહેવાય છે. તેને જ બતાવે છે- 'मिथ्यात्ववेदनीयम्' इत्यादि, દર્શનમોહનીયના ત્રણ પ્રકાર હોવા છતાં બંધ એક પ્રકારનો જ છે. તત્ત્વભૂત પદાર્થોની અશ્રદ્ધારૂપ મિથ્યાત્વ-વેદનીયનો જ બંધ થાય છે. સમ્યક્ત્વમોહનીયનો અને સમ્યગ્મિથ્યાત્વ-મોહનીયનો બંધ થતો નથી. કારણ કે કેવળ મિથ્યાત્વરૂપે જ બંધાયેલા મિથ્યાત્વના પુદ્ગલો કર્તા આત્માના અધ્યવસાયવિશેષથી સર્વથા શુદ્ધ કરાયેલા અને એથી મિથ્યાત્વપરિણામનો ત્યાગ કરાયેલા સમ્યક્ત્વ તરીકે વ્યવહારને પામે છે અને સમ્યગ્મિથ્યાત્વ પરિણામને પમાડાયેલા સમ્યગ્મિથ્યાત્વ તરીકે વ્યવહારને પામે છે. પણ એવા જ પ્રકારના બંધાતા નથી. કંઇક શુદ્ધ થયેલા મિથ્યાત્વપુદ્ગલો સમ્યગ્મિથ્યાત્વ એવા વ્યવહારને પામે છે. કહ્યું છે કે- "મિથ્યાત્વના ઉદયમાં જીવ વિપરીત શ્રદ્ધાવાળો થાય છે. જેમ પિત્તના ઉદયમાં(=પિત્તના પ્રકોપમાં) ઘી ઉપર

રુચિ થતી નથી તેમ તેને સત્યધર્મ ઉપર રુચિ થતી નથી.” ગ્રંથિભેદ પછી યથોક્ત ક્રમથી મિથ્યાત્વની શુદ્ધિ થતાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. પછી ‘જેવી રીતે મદ(=ઘેન) કરનારા કોદરા છાણ વગેરેથી શુદ્ધ કરાય છે તે રીતે સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી સમ્યક્ત્વગુણથી મિથ્યાત્વકર્મને શુદ્ધ કરાય છે. (૧) “તેમાં જે સંપૂર્ણ વિશુદ્ધ થાય છે તે સમ્યક્ત્વકર્મ છે. જે કંઈક વિશુદ્ધ થાય છે તે મિશ્ર છે અને તદ્દન અશુદ્ધ છે તે મિથ્યાત્વ છે.”

અવિશુદ્ધ-વિશુદ્ધ-કંઈક શુદ્ધ એમ ત્રણ અવસ્થાવાળા મદન કોદરા અનુક્રમે મિથ્યાત્વ, સમ્યક્ત્વ, સમ્યગ્મિથ્યાત્વમાં દૃષ્ટાંત રૂપ છે. મિથ્યાત્વના ઉદયથી તત્ત્વભૂત પદાર્થોની અશ્રદ્ધા થાય છે. કારણ કે તેની દૃષ્ટિ વિપરીત હોય છે. કહ્યું છે કે- “મદનકોદરાનું ભક્ષણ કરીને મનુષ્ય આત્મવશ રહેતો નથી. શુદ્ધકોદરાનું ભક્ષણ કરનાર મોહ પામતો નથી=ઘેનમાં આવતો નથી. મિશ્રકોદરાનું ભક્ષણ કરનાર મિશ્ર-ગુણવાળો(=અલ્પ ઘેનવાળો) થાય છે.” ગુણ અને ગુણી એક હોવાથી અને જીવ ઉદય પ્રમાણે પરિણામમાં રહેતો હોવાથી પીધેલા દારૂથી અને ધતૂરાના ભક્ષણથી પિત્તનો ઉદય થવાના કારણે વ્યાકુળ કરાયેલા અંતઃકરણવાળા પુરુષની જેમ, યથાવસ્થિત પદાર્થની રુચિનો નાશ કરનારા મિથ્યાત્વથી જીવ તત્ત્વને બીજી રીતે(=જેવા સ્વરૂપે નથી તેવા સ્વરૂપે) સ્વીકારે છે. કહ્યું છે કે- “મિથ્યાત્વરૂપ અંધકારથી આચ્છાદિત દૃષ્ટિવાળા અને રાગ-દ્વેષથી સંયુક્ત ભવ્ય પણ મનુષ્યો જિનોક્તધર્મ ઉપર રુચિ કરતા નથી. (૧) મિથ્યાદૃષ્ટિ જીવ ઉપદેશેલા પ્રવચનની શ્રદ્ધા કરતો નથી. ઉપદેશેલા કે નહિ ઉપદેશેલા અસત્ય પદાર્થની શ્રદ્ધા કરે છે. (૨) જે પુરુષ સૂત્રોક્ત એકપદની કે એકઅક્ષરની (પણ) શ્રદ્ધા કરતો નથી તે બાકીના પદોની શ્રદ્ધા કરતો હોવા છતાં મિથ્યાદૃષ્ટિ જાણવો. (૩)” સૂત્ર તો વિશિષ્ટપુરુષે રચેલું જ શ્રદ્ધાનો વિષય છે, અર્થાત્ વિશિષ્ટપુરુષે રચેલું જ સૂત્ર શ્રદ્ધા કરવા યોગ્ય છે. કહ્યું છે કે- “અરિહંતે કહેલું અને ગણધરોએ રચેલું, પ્રત્યેકબુદ્ધોએ રચેલું અને સ્થવિરોએ રચેલું એમ ત્રણ પ્રકારનું સૂત્ર પ્રમાણભૂત છે. (૧) શ્રુતકેવલી

અને શ્રુતકેવલીની પાસે દશપૂર્વ ભણનાર તે બે સ્થવિર છે. સ્થવિરોએ બીજું જે રચેલું હોય તે આપ્તાજ્ઞાને કરનારું હોવાથી(=આપ્તાજ્ઞાને કહેનારું હોવાથી) સૂત્ર છે. (૨)"

અથવા "સત્ય પદાર્થોની જે અશ્રદ્ધા તેને તું મિથ્યાત્વ જાણ. તે મિથ્યાત્વ સાંશયિક, અભિગૃહીત અને અનભિગૃહીત એમ ત્રણ પ્રકારનું છે."

હવે સમ્યક્ત્વનું વર્ણન કરવામાં આવે છે- સમ્યક્ત્વવેદનીયના શુદ્ધ પુદ્ગલોના કારણે થતો આત્માનો તત્ત્વભૂત પદાર્થોની શ્રદ્ધારૂપ પરિણામ સમ્યક્ત્વ છે. તે ઔપશમિક આદિ ભેદથી પાંચ પ્રકારે છે. તેનું વ્યાખ્યાન પહેલાં કર્યું છે. તેના ઔપશમિક, સાસ્વાદન, વેદક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક એવા નામ છે. તેમાં દર્શનમોહસપ્તક ઉપશાંત થયે છતે ઔપશમિક સમ્યક્ત્વ થાય છે. તેનો કાળ સદાય અંતર્મુહૂર્ત પ્રમાણ છે. ઉપશમ સમ્યક્ત્વ સદાય અનંતાનુબંધી કષાયોથી હણાય છે, અર્થાત્ અનંતાનુબંધી કષાયોનો જ્યાં સુધી ઉદય હોય ત્યાં સુધી ઉપશમસમ્યક્ત્વ પ્રગટતું નથી. કહ્યું છે કે "જો સંયોજનાનો(=અનંતાનુબંધી કષાયોનો ઉદય હોય તો જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત ન કરે. વિશુદ્ધ થતા જીવને સંયોજનાનો અભાવ હોવાથી નિર્દોષ સમ્યક્ત્વ હોય." ક્ષાયોપશમિક સમ્યક્ત્વના પુદ્ગલોના છેલ્લા ગ્રાસના(=અંશના) અનુભવકાળે વેદક સમ્યક્ત્વ હોય. ઉદયમાં આવેલા મિથ્યાત્વપુદ્ગલોના ક્ષયમાં અને ઉદયમાં નહિ આવેલા મિથ્યાત્વ પુદ્ગલોના ઉપશમમાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કહ્યું છે. ક્ષાયિક સમ્યક્ત્વ તો સંપૂર્ણ દર્શનમોહના ક્ષયમાં થાય છે.

**પૂર્વપક્ષ–** "સમ્યક્ત્વ અત્યંત ક્ષીણ થયે છતે સમ્યગ્દષ્ટિ કેવી રીતે હોય ?

**ઉત્તરપક્ષ–** ત્યાં દ્રવ્યનો(=સમ્યક્ત્વમોહનીયના પુદ્ગલોનો) ક્ષય અભિપ્રેત છે, પરિણામનો ક્ષય અભિપ્રેત નથી."

હવે સમ્યક્ત્વ-મિથ્યાત્વવેદનીયને કહેવામાં આવે છે. સર્વપ્રથમ સમ્યક્ત્વને ઉત્પન્ન કરતો જીવ ત્રણ કરણ કરીને ઉપશમસમ્યક્ત્વને પામે છે. પછી મિથ્યાત્વના દલિકોને શુદ્ધ, મિશ્ર, અશુદ્ધ એમ ત્રણ પુંજ રૂપ

પરિણમાવે છે=ત્રણ પુંજ કરે છે. કહ્યું છે કે "પછી જેવી રીતે મદ(=ઘેન) કરનારા કોદરા છાણ વગેરેથી શુદ્ધ કરાય છે તેવી રીતે સમ્યક્ત્વગુણથી મિથ્યાત્વકર્મ વિશુદ્ધ કરાય છે." સમ્યગ્મિથ્યાત્વ છે અને તે વેદનીય (=વેદવા યોગ્ય) છે એવો કર્મધારય સમાસ છે. પૂર્વના બે વેદનીયમાં પણ આ પ્રમાણે જાણવું. इति શબ્દ દર્શનમોહનીયના પરિણામના બોધ માટે છે.

દર્શનમોહનીયપ્રકૃતિના બંધને કહીને હવે ચારિત્રમોહપ્રકૃતિના બંધને કહેવાની ઈચ્છાથી કહે છે–

चारित्रमोहनीयाख्यो द्विविधः इत्यादि ચારિત્રમોહનીયપ્રકૃતિનો બંધ કષાયવેદનીય અને નોકષાયવેદનીય એમ બે પ્રકારે છે. મૂળભેદની અપેક્ષાએ ચારિત્રમોહનીય આટલા ભેદવાળું છે. અનુક્રમે તેના સ્વરૂપનું વ્યાખ્યાન કરવા માટે કહે છે- 'तत्र' इत्यादि, ચારિત્રમોહના બે ભેદમાં કષાયવેદનીયના સોળ ભેદો છે. तद्यथा એવા ઉલ્લેખથી ભેદોને જણાવે છે. अनन्तानुबन्धी क्रोधः इत्यादि અનંત એટલે નારક, તિર્યંચ, મનુષ્ય, દેવોમાં જન્મ, મરણ, જરાની પરંપરારૂપ સંસાર. તેનો અનુબંધ કરવાના કારણે अनन्तानुबन्धी, ક્રોધ, માન, માયા, લોભરૂપ સંયોજના. ક્રોધ એટલે અપ્રીતિ. માન એટલે ગર્વ. માયા એટલે શઠતા. લોભ એટલે ગૃદ્ધિ. ગૃદ્ધિ અને તૃષ્ણા એ બેનો એક અર્થ છે. કહ્યું છે કે તે કષાયો મનુષ્યને અનંત સંખ્યાવાળા ભવોની સાથે જોડે છે એથી તેમની સંયોજનતા કે અનંતાનુબંધિતા છે. (૧) અનંતાનુબંધીના સ્વરૂપને બતાવવા અનુક્રમે પર્વતરેખા, પથ્થરસ્તંભ, ઘનવંશમૂળ અને કૃમિલાક્ષા રંગ (કીરમજી રંગ)ના દૃષ્ટાંતો છે.

એ પ્રમાણે અપ્રત્યાખ્યાનાવરણકષાય ક્રોધાદિના ભેદથી ચાર પ્રકારે છે એમ અતિદેશ કરવામાં આવે છે. પ્રત્યાખ્યાન સર્વવિરતિ અને દેશવિરતિ એમ બે પ્રકારનું છે. તેમાં દેશવિરતિ પ્રત્યાખ્યાન અલ્પ છે. તેને આવરનાર કષાય પ્રત્યાખ્યાનાવરણકષાય છે. સામર્થ્યથી अपि શબ્દ

સમુચ્ચય અર્થવાળો પ્રાપ્ત કરાય છે=યોજાય છે. જે પ્રત્યાખ્યાન અત્યંત અલ્પ પ્રત્યાખ્યાનને આવરે છે તે સર્વવિરતિ પ્રત્યાખ્યાનને આવરે જ એમાં આશ્ચર્ય નથી. कषायः એ પ્રમાણે એકવચનમાં નિર્દેશ જાતિની વિવક્ષાથી છે. કહ્યું છે કે, "જે કારણથી જીવના અત્યંત અલ્પ પણ પ્રત્યાખ્યાનને આવરે છે=રોકે છે તે કારણથી તે કષાયો વિશેષવચન વિના દેશવિરતિ રોકે છે કે સર્વવિરતિને રોકે છે એવા ભેદ વિના પ્રત્યાખ્યાનાવરણ છે." અહીં नञ् અલ્પ અર્થવાળો કે ઉપમાન અર્થવાળો છે. પ્રત્યાખ્યાનાવરણની જેમ અપ્રત્યાખ્યાનાવરણ છે. કહ્યું છે કે- "પ્રત્યાખ્યાનાવરણ સમાન હોવાથી અપ્રત્યાખ્યાનાવરણ શબ્દ તે તે પ્રમાણે સિદ્ધ થાય છે. અબ્રાહ્મણ એવા વચનમાં બ્રાહ્મણ સમાન પુરુષ જ અભિપ્રેત છે." આ કષાયોના ઉદયમાં સમ્યક્ત્વનો લાભ થાય પણ સર્વવિરતિ કે દેશવિરતિ પ્રત્યાખ્યાન ન હોય.

પ્રત્યાખ્યાનાવરણ વિષે પણ તે જ પ્રમાણે અતિદેશ કરવામાં આવે છે. પ્રત્યાખ્યાન શબ્દથી અહીં સર્વવિરતિનું ગ્રહણ કરવું. સર્વવિરતિને આવરનારા=રોકનારા કષાયો પ્રત્યાખ્યાનાવરણ છે. પ્રત્યાખ્યાનાવરણ શબ્દમાં પ્રતિશબ્દ પ્રતિષેધવચનવાળો છે, અર્થાત્ પ્રતિશબ્દનો પ્રતિષેધ અર્થ છે. આચાર્યાદિની પાસે ભાવથી યાવજ્જીવ સર્વ પ્રાણીઓને હું ન હણું ઇત્યાદિ પ્રતિષેધનું આખ્યાન=પ્રકાશન કરવું તે પ્રત્યાખ્યાન. આવા પ્રકારના પ્રત્યાખ્યાનને રોકે તે પ્રત્યાખ્યાનાવરણ. કહ્યું છે કે- "જે કારણથી સર્વવિરતિને ઇચ્છતા પણ જીવના સર્વવિરતિના પ્રત્યાખ્યાનને રોકે છે તે કારણથી તે કષાયો વિશેષવચન વિના પ્રત્યાખ્યાનાવરણ છે." પ્રત્યાખ્યાનના પરિણામની ઉત્પત્તિમાં વિઘાત(=વિઘ્ન) કરનારા હોવાથી પ્રત્યાખ્યાનાવરણ છે, વિદ્યમાન પ્રત્યાખ્યાનના આવરણ નથી. પૂજ્યોએ કહ્યું છે કે- "એકાંતે અવિદ્યમાન પ્રત્યાખ્યાનનું આવરણ હોતું નથી. (કેમકે અવિદ્યમાનનું આવરણ માનવામાં આવે તો અવિદ્યમાન એવા ખરવિષાણનું પણ આવરણ માનવું જોઈએ.) તથા વિદ્યમાન પ્રત્યાખ્યાનનું પણ આવરણ નથી હોતું. કેમકે અભવ્યોને પણ (પ્રત્યાખ્યાન હોવાથી)

વિરતિનો પ્રસંગ આવે. તેથી પ્રત્યાખ્યાનના પરિણામને આવરે=રોકે તે પ્રત્યાખ્યાનાવરણ કહેવાય છે." (આ વિષયને દૃષ્ટાંતથી સમજાવે છે-) "કેવળ જ્ઞાનાવરણના ક્ષયથી જેમ કેવળજ્ઞાન થાય તેમ જે કષાયના ઉદયથી વિરતિપરિણામ ન થાય પણ ક્ષય આદિથી થાય તે અહીં પ્રત્યાખ્યાનાવરણ કહેવાય છે." (વિ.આ.ગા.૧૨૩૬-૧૨૩૭)

પ્રત્યાખ્યાનાવરણના ઉદયવાળાને બાર પ્રકારના ગૃહસ્થધર્મની પ્રાપ્તિ થાય. કહ્યું છે કે- "પ્રત્યાખ્યાનાવરણના ઉદયથી જીવને પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો એમ બાર પ્રકારનો શુદ્ધ શ્રાવકધર્મ ઉત્પન્ન થાય છે."

સંજ્વલનકષાયના સ્વરૂપને કહેવા માટે કહે છે- सञ्ज्वलनकषायाः इति સર્વપાપસ્થાનોની વિરતિને સેવનારા પણ સાધુને દુઃસહપરીષહ આવતા એકી સાથે અશાંત કરે છે એથી સંજ્વલન છે. કહ્યું છે કે- "જે કારણથી સર્વપાપોની વિરતિવાળા સંવિગ્ન સાધુને અશાંત કરે છે તેથી સંજ્વલન=અશાંતિ કરનારા કહેવાય છે. इति શબ્દ કષાયવેદનીયના પરિમાણને કહે છે."

एकशः એક એકના=અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલનના ક્રોધ વગેરે ચાર ચાર ભેદો છે. તેમાં અપ્રત્યાખ્યાન ક્રોધ આદિના પૃથ્વીરેખા, અસ્થિ, ઘેટાના શિંગડાં અને ગાડાના[1] પૈડાની મળીનો રંગ દૃષ્ટાંતો છે. પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ આદિનાં રેતીમાં રેખા, કાષ્ઠસ્તંભ, ગૌમૂત્રિકા, કાજળ દૃષ્ટાંતો છે. સંજ્વલન કષાયના, જલરેખા, નેતરલતા, વાંસની છાલ[2] હરિદ્રારંગ દૃષ્ટાંતો છે.

આ પ્રમાણે કષાયવેદનીયના આ સોળ ભેદો છે. હવે અવસરને પામેલું નોકષાયવેદનીય કહેવાય છે.

---

૧. ટીકામાં કર્દમ શબ્દ છે. કર્દમનો કાદવ અર્થ થાય. બીજા ગ્રંથોમાં "ગાડાના પૈડાની મળીનો રંગ" જણાવેલ છે. આથી ગાડાના પૈડાની મળી પણ એક પ્રકારનો કાદવ છે. આથી અહીં કર્દમનો "ગાડાના પૈડાની મળી" એવો અર્થ કર્યો છે.

૨. પ્રાકૃત શબ્દકોષમાં અવલેહનો 'વાંસની છાલ' અર્થ કરાવ્યો છે.

શ્રી વિજય નેમિસૂરિ-જ્ઞાન ભંડાર

"नोकषायवेदनीयं नव भेदम्" इति કષાયના એક ભાગરૂપ હોવાથી કે કષાયવિશેષ હોવાથી હાસ્ય વગેરે નોકષાય છે અથવા નો શબ્દ મિશ્ર અર્થવાળો છે. કષાયની સાથે રહેલા જ હાસ્યાદિ પોતાનું કાર્ય કરવા સમર્થ થાય છે. એમનું અલગ સામર્થ્ય નથી. જે કષાય જે દોષવાળો હોય તેની સાથે આ હાસ્યાદિ પણ તે તે દોષવાળા જ થાય છે. અહીં આ કહેવાનું થાય છે- અનંતાનુબંધી આદિની સાથે રહેલા હાસ્યાદિ અનંતાનુબંધી આદિના જ સ્વભાવવાળા થાય છે. તેથી આ હાસ્યાદિ પણ ચારિત્રનો ઉપઘાત કરનારા હોવાથી કષાયોની સમાન જ જાણવા. બીજાએ પણ તે પ્રમાણે કહ્યું છે- "કષાયોની સાથે રહેતા હોવાથી અને કષાયોને પ્રેરણા કરતા હોવાથી(=કષાયોના ઉદયમાં નિમિત્ત બનતા હોવાથી) હાસ્યાદિ નવને નોકષાય કહ્યા છે."

તદ્યથા એવા ઉલ્લેખથી નવેય નોકષાયના સ્વરૂપને કહેવા માટે પ્રારંભ કરે છે- તેમાં હાસ્યમોહના ઉદયથી નિમિત્તથી કે નિમિત્ત વિના નાટ્યભૂમિમાં ઉતરેલા(=આવેલા) નટની જેમ હસે છે. રતિમોહના ઉદયથી બાહ્ય-અભ્યંતર વસ્તુઓમાં રતિ=પ્રીતિ થાય અથવા ઈષ્ટ શબ્દાદિ વિષયોમાં આસક્તિ થાય. અરતિમોહના ઉદયથી આ જ વસ્તુઓમાં અપ્રીતિ થાય. શોકમોહના ઉદયથી વિલાપ કરે, સ્વમસ્તક વગેરે અવયવોને હણે, નિઃસાસા નાખે, રડે, અવાજ કરે, પૃથ્વીપીઠમાં આળોટે ઈત્યાદિ. ભયમોહના ઉદયથી ત્રાસ પામે, ઉદ્વેગ પામે, કંપે વગેરે. જુગુપ્સામોહના ઉદયથી શુભ-અશુભ દ્રવ્યોમાં અપ્રીતિ થાય વગેરે.

પુરુષવેદના ઉદયથી જેમ અતિશય કફવાળાને આમ્રફળનો અભિલાષ થાય તેમ અનેક પ્રકારની સ્ત્રીઓમાં (મૈથુન સેવનનો) અભિલાષ થાય. તથા સંકલ્પથી ઉત્પન્ન થનારી(=મનથી કલ્પેલી) સ્ત્રીઓમાં પણ અભિલાષ થાય. સ્ત્રીવેદના ઉદયથી વિવિધ પ્રકારના પુરુષોમાં (મૈથુન સેવનનો) અભિલાષ થાય. તથા સંકલ્પથી ઉત્પન્ન થનારા(=મનથી કલ્પેલા) પુરુષોમાં પણ અભિલાષ થાય. નપુંસકવેદ ઘણા ભેદવાળો છે.

તેના ઉદયથી કોઇને બે ધાતુના[1] ઉદયમાં માર્જિત[2] આદિ દ્રવ્યના અભિલાષની જેમ સ્ત્રી-પુરુષ બંનેમાં પણ અભિલાષ પ્રગટે. કોઇને તો પુરુષોમાં જ અભિલાષ થાય. સંકલ્પથી ઉત્પન્ન થયેલો અભિલાષ પણ અનેક પ્રકારનો છે. इति શબ્દનો પ્રયોગ નોકષાયના પરિમાણને બતાવવા માટે છે. આ પ્રમાણે આ નવ પ્રકારનું નોકષાયવેદનીય કહ્યું.

આ પુરુષવેદ આદિ ત્રણેયના તીવ્રાદિ પરિણામની સારી રીતે સિદ્ધિ કરવા માટે દૃષ્ટાંતોને પ્રગટ કરવાની ઇચ્છાવાળા ભાષ્યકાર કહે છે–

'पुरुषवेदादीनाम्' એ પ્રમાણે ક્રમના નિયમને કહે છે. તૃણ આદિ શબ્દોનો દ્વન્દ્વ સમાસ કર્યો છે. દરેક શબ્દનો અગ્નિ શબ્દની સાથે સંબંધ છે. જે બતાવાય તે નિદર્શન. નિદર્શનો છે=દૃષ્ટાંતો છે. આ દૃષ્ટાંતો શબ્દોની કરેલી રચનાના ક્રમથી છે. તેમાં પુરુષવેદ તીવ્રતાથી બળતા અગ્નિની જેમ પ્રતિકાર કરી લીધા પછી તુરત શાંત થાય છે. અતિશય સળગાવેલા ઘાસના પૂળાની જેમ એનો સંબંધ વધારે સમય રહેતો નથી. ઘણા કાળ સુધી રહેનારા અને સંભાષણ-સ્પર્શનરૂપ કાષ્ઠથી વૃદ્ધિ પામેલા સ્ત્રીવેદરૂપ અગ્નિનો પ્રશમ લાંબા કાળે થાય છે. અત્યંત દૃઢ ખેર આદિના કાષ્ઠથી અત્યંત વૃદ્ધિ પામેલા જ્વાળાસમૂહવાળા અગ્નિની જેમ સ્ત્રીવેદ લાંબા કાળે શાંત થાય છે. મહાનગરને બાળનારા અગ્નિ જેવા અને ઉદયને પામેલા નપુંસકવેદ મહામોહરૂપ અગ્નિનો ઘણા કાળે પ્રશમ થાય છે. દિશાઓમાં વધી રહેલા અત્યંત પ્રદીપ્ત અગ્નિકણના સમૂહવાળા છાણના અગ્નિની જેમ નપુંસકવેદનો પ્રશમ અતિશય ઘણા કાળે થાય છે.

હવે ઉપસંહાર કરે છે- 'एवम्' इत्यादि, ઉક્ત રીતે બે-ત્રણ-સોળ-નવ ભેદોના સ્વરૂપથી(=સ્વરૂપના વર્ણનથી) અઠ્ઠાવીસ ભેદોવાળું મોહનીય કર્મ કહ્યું.

---

૧. આયુર્વેદમાં વાત, પિત્ત, કફ એ ત્રણને પણ ધાતુ કહેલ છે. એ ત્રણમાંથી કોઈપણ બે ધાતુનો એકી સાથે પ્રકોપ થાય તે બે ધાતુનો ઉદય કહેવાય.

૨. માર્જિત એક પ્રકારનું ભક્ષ્ય છે. તેમાં દહીં, ઘી, મરી, મધ વગેરે ચીજો તથા કપૂરની સુગંધી દેવાય છે. (ભગવદ્ગોમંડલ)

હવે આ આત્મા અનંતાનુબંધી આદિ કષાયોના ઉદયમાં સમ્યક્ત્વ આદિ સામાયિકોમાંથી ક્યારે કયું સામાયિક પામે છે અને કયું સામાયિક પામતો નથી એ પ્રમાણે પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા ભાષ્યકાર કહે છે–

'अनन्तानुबन्धी' इत्यादि, અનંતાનુબંધી કષાયનો ઉદય સમ્યગ્દર્શનને હણે છે, અર્થાત્ તેવા પ્રકારના પરિણામની ઉત્પત્તિને જ રોકે છે, આને જ સ્પષ્ટ કરે છે- તેના ઉદયથી સમ્યગ્દર્શન ઉત્પન્ન થતું નથી, પૂર્વે પ્રાપ્ત થયેલું પણ સમ્યગ્દર્શન નાશ પામે છે. 'अप्रत्याख्यान' इत्यादि, સર્વવિરતિ-દેશવિરતિનો અભાવ હોય છે. 'प्रत्याख्यान' इत्यादि, દેશવિરતિ હોય છે, સર્વ પ્રાણાતિપાતથી વિરમું છું એવા ઉત્તમ ચારિત્રનો લાભ થતો નથી. तु શબ્દ અવધારણ અર્થમાં છે. પ્રત્યાખ્યાનાવરણ-કષાયના ઉદયથી યથાખ્યાતચારિત્ર ક્યારેય થતું નથી. 'सञ्ज्वलन' इत्यादि, સંજ્વલનકષાયના ઉદયમાં તો કષાયરહિત ચારિત્રનો લાભ થતો નથી. પૂર્વોક્ત સામાયિકોની પછી અથાખ્યાત=ક્રિયાવિશેષ છે. અથાખ્યાતચારિત્ર મુક્તિનું અનંતર સાક્ષાત્ કારણ છે અથવા યથાખ્યાતચારિત્ર શબ્દ છે. યથા એટલે ભગવાને જે રીતે કહ્યું છે તે રીતે ચારિત્ર તે યથાખ્યાતચારિત્ર. યથાખ્યાત એટલે કષાયરહિત ચારિત્ર. અથવા સઘળા કષાયો સંસારમાં ભ્રમણ કરાવે છે એમ અર્થાપત્તિથી જણાવે છે. કારણ કે તેના ઉદયમાં વિશિષ્ટ જ્ઞાન અને ક્રિયાની પ્રાપ્તિ થતી નથી. ઉપશાંતકષાય અને ક્ષીણકષાય જીવને જ યથાખ્યાતચારિત્ર ઇચ્છાય છે. તેમાં પણ ઉપશાંતકષાય જીવનું કોઇક નિમિત્તથી ક્યારેક વિશુદ્ધિ સ્થાનથી પતન પણ શક્ય છે. ક્ષીણકષાયવાળા જીવનું પતન થતું નથી.

શાસ્ત્રમાં પર્યાયવાચી શબ્દોથી ક્રોધાદિ કષાયોનો વ્યવહાર છે. એથી પર્યાયવાચી શબ્દોને બતાવવામાં આવે છે–

'क्रोधः' इत्यादि, ગુસ્સો કરવો તે ક્રોધ. ક્રોધ એટલે અપ્રીતિ. કુપિત થવું તે કોપ. કોપ એટલે પૂર્વાવસ્થાથી જુદા પરિણામ. રોષે ભરાવું તે રોષ. કેમકે રોષના પરિણામથી આત્મા રોષવાળો બને છે. દ્વેષ કરવો તે દ્વેષ. કેમકે વચન દ્વારા દ્વેષના પરિણામને બતાવે છે. કાયા દ્વારા દ્વેષનો

નિર્દેશ કરે છે. ભંડન એટલે કલહ. ભામ એ ઈર્ષ્યારૂપ ક્રોધવિશેષ છે. इत्यादि શબ્દો ક્રોધના અર્થનું પ્રતિપાદન કરનારા હોવાથી એક અર્થને કહેનારા છે તેથી એક જ અર્થવાળા છે.

હવે અનંતાનુબંધી આદિ ભેદવાળા ક્રોધાદિ એક એકના તીવ્ર વગેરે ભાવ બતાવવા માટે ભાષ્યકાર 'तद्यथा' ઈત્યાદિથી દૃષ્ટાંતોને કહે છે- ક્રમથી અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાનાવરણ, સંજ્વલનના ક્રોધ, માન, માયા, લોભના એક એકના ચાર પ્રકારોને બતાવે છે. "पर्वतराजी सदृशः" इत्यादि પર્વત એટલે પથ્થરનો ઢગલો. તેનો એક દેશ જે શિલાવિભાગ, તે શિલાવિભાગ પણ ઉપચારથી પર્વત કહેવાય. પર્વતમાં રાજી એટલે ફાડ. પર્વતરાજીની સમાન તે પર્વતરાજીસમાન. શિલામાં પડેલી ફાટ શિલા જ્યાં સુધી હોય ત્યાં સુધી રહે છે. તેને સાંધી શકાતી નથી. એ પ્રમાણે ઉત્પન્ન થયેલો અનંતાનુબંધી ક્રોધ ભવની અપેક્ષાએ જીવ જ્યાં સુધી જીવે છે ત્યાં સુધી તેની સાથે રહે છે. તેને રોકવાનો કોઈ ઉપાય નથી. ત્યારબાદ મરણથી ફરી નરકગતિ થાય. અપ્રત્યાખ્યાનક્રોધ પૃથ્વીરેખા સમાન છે. એક વર્ષ સુધી રહે છે. પૃથ્વીમાં ઉત્પન્ન થયેલી ફાડ વર્ષાઋતુમાં અવશ્ય નાશ પામે છે. એ પ્રમાણે ઉત્પન્ન થયેલો ક્રોધ પણ એક વર્ષમાં અવશ્ય શાંત થાય છે. પ્રત્યાખ્યાનાવરણક્રોધ રેતીરેખા સમાન છે. રેતીમાં ઉત્પન્ન થયેલી રેખા ઉત્કૃષ્ટથી ચાર માસમાં (પવન આદિથી) ફરી સંધાઈ જાય છે. એ પ્રમાણે પ્રત્યાખ્યાનાવરણક્રોધ પણ ચાર માસમાં અવશ્ય ઉપશમને પામે છે. ઉત્પન્ન થયેલ સંજ્વલન ક્રોધાગ્નિ ઉત્કૃષ્ટથી પાક્ષિકપ્રતિક્રમણના કાળે બુઝાવી દેવાય છે. આથી જલરેખા સમાન છે એમ કહેવાય છે. આ ક્રોધ જલરેખા સમાન હોવાથી પક્ષ જેટલા કાળનું સૂચન કરે છે.

तत्र पर्वतराजी सदृशो नाम ઈત્યાદિ ગ્રંથથી ઉદાહરણોને વિચારે છે. પ્રયોગ એટલે પુરુષ વ્યાપાર. વિસ્રસા એટલે સ્વાભાવિક. विमिश्रक શબ્દના ઉલ્લેખથી પ્રયોગ અને વિસ્રસા એ ઉભયનું ગ્રહણ કર્યું છે. આ ત્રણમાંના કોઈપણ એક હેતુથી એ પ્રમાણે સંબંધ છે.

હવે ક્રોધની ઉત્પત્તિના નિમિત્તને કહે છે- ઇષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ અને ઇષ્ટની અપ્રાપ્તિ ઇત્યાદિ કારણોમાંથી કોઇ પણ એક કારણથી જેને ક્રોધ ઉત્પન્ન થયો હોય તેને ભવાંતરમાં પણ અનુસરે છે. અનુનય એટલે બીજાને પ્રિય બોલવું વગેરે ક્રિયા. તેના અભાવથી નિરનુનય. અપ્રત્યવમર્શ એટલે પશ્ચાત્તાપના પરિણામથી રહિત. અન્ય ભાષ્યનો અર્થ સમજાઇ ગયેલો છે.

'भूमिराजीसदृशो नाम' इत्यादि, અપ્રત્યાખ્યાનકષાયને આશ્રયીને કહેવાય છે. 'आत्तस्नेहा' इति જેણે પહેલાં સ્નેહને ગ્રહણ કર્યું છે અને પછી સ્નેહને પીધું છે. (પોતાનામાં એકમેક કરી દીધું છે) તેવી પૃથ્વીમાંથી, અથવા વાયુથી હણાયેલી પૃથ્વીમાંથી. આ પ્રમાણે પૃથ્વીરેખાના અનેક કારણોને જણાવે છે. અપ્રત્યાખ્યાનાવરણકષાયની જઘન્ય આઠ માસની અને ઉત્કૃષ્ટથી એક વર્ષની સ્થિતિ છે. एवं 'यथोक्तनिमित्त' ઇત્યાદિથી દૃષ્ટાંતની સાથે દાર્ષ્ટાન્તિક અર્થને સમાન કરે છે=ઘટાવે છે. શેષ ભાષ્ય સરળતાથી સમજાઇ જાય તેવું છે.

'वालुकाराजीसदृशो नाम' इत्यादि, રેતીની રેખા સમાન ઇત્યાદિ ભાષ્ય સુખપૂર્વક સમજી શકાય તેવું છે. આ ક્રોધ જઘન્યથી અહોરાત્ર પ્રમાણ અને ઉત્કૃષ્ટથી સંવત્સર પ્રમાણ પણ છે.

અન્ય ભાષ્યનો અર્થ સમજાઇ ગયેલો છે.

'उदकराजीसदृशो नाम' ઇત્યાદિ ભાષ્ય પ્રાયઃ સુખેથી સમજી શકાય તેવું છે. વિદ્વાનનો એટલે ક્રોધપરિણામને જાણનારનો. પ્રત્યવમર્શ એટલે

| કષાય | ગુણઘાતક | સ્થિતિ | ગતિપ્રાપ્તિ |
|---|---|---|---|
| અનંતાનુબંધી | સમ્યક્ત્વ | યાવજ્જીવ | નરક |
| અપ્રત્યાખ્યાન | દેશવિરતિ | એક વર્ષ | તિર્યંચ |
| પ્રત્યાખ્યાનાવરણ | સર્વવિરતિ | ચાર માસ | મનુષ્ય |
| સંજ્વલન | યથાખ્યાતચારિત્ર | ૧૫ દિવસ | દેવ |

હા ! મેં ખોટું કર્યું. ઈત્યાદિ પશ્ચાત્તાપ. શેષ ભાષ્ય સારી રીતે સમજી શકાય તેવું છે.

'येषाम्' इत्यादि, અનંતાનુબંધી આદિ ચાર પ્રકારના ક્રોધનો ક્ષય કરવાથી અવશ્ય મુક્તિની પ્રાપ્તિ થશે.

હવે માનના ચાર પ્રકારોને બતાવવા માટે કહે છે–

'मानः' इत्यादि, સદા સ્વપૂજાની આકાંક્ષા હોવાથી માન. અક્કડ રહેવાથી સ્તંભ. કેમકે નમવાનો અભાવ છે. જાતિ આદિનો ગર્વ. જ્ઞાનાદિથી અધિક(=ચઢિયાતો) હોવાથી પોતાને અભિમાન થાય એ ઉત્સેક છે. હું જ રૂપ-સૌભાગ્ય આદિથી સંપન્ન છું એવો ભાવ તે અહંકાર છે. બળના કારણે કરાયેલો માન દર્પ છે. દારૂ આદિના નશાવાળાની જેમ દુષ્ટ આલાપો જોવામાં આવતા હોવાથી મદ કહેવાય છે. બીજાઓને ઉપહાસ કરવા જેવો હોવાથી સ્મય કહેવાય છે. આ બધા પર્યાયો માનવિશેષ હોવાથી એક અર્થવાળા છે.

ક્રોધની જેમ માનના તીવ્રાદિ ભાવોને બતાવવા માટે કહે છે–

'तस्यास्य' इत्यादि तस्य એટલે પૂર્વે જેનો પર્યાયભેદથી નિર્દેશ કર્યો છે તે માનકષાયના. 'તીવ્ર આદિ' એ સ્થળે આદિ શબ્દથી મંદ અને મધ્યમનું ગ્રહણ કરવું. ભાવ એટલે આત્માનો પરિણામવિશેષ. પથ્થરસ્તંભસમાન આદિ દૃષ્ટાંતો ક્રમશઃ અનંતાનુબંધી આદિમાં યોજવા. एषाम् ઈત્યાદિથી ભલામણ કરે છે. ઉપસંહાર એટલે ઉપનય. (ન્યાયના પંચાવયવ વાક્યમાનું ચોથું વાક્ય. તે આ પ્રમાણે-) જેવી રીતે પથ્થરસ્તંભ છે તે રીતે અનંતાનુબંધીકષાયો છે, ઈત્યાદિ ક્રમશઃ કહેવું. તેથી કોઈક નિમિત્તથી ઉત્પન્ન થયેલો પથ્થરસ્તંભસમાન માન મૃત્યુ સુધી નાશ પામતો નથી, અન્ય જન્મમાં સાથે આવે છે, અનુનયથી(=પ્રિય બોલવું વગેરેથી) રહિત અને અપ્રત્યવમર્શ(=પશ્ચાત્તાપના પરિણામથી રહિત) હોય છે. તેવા માનસહિત મરેલા જીવો નરકમાં ઉત્પન્ન થાય છે. આ નિગમન ગ્રંથ છે. च શબ્દ સમુચ્ચય અર્થમાં છે. એ પ્રમાણે અસ્થિસ્તંભસમાન ઈત્યાદિમાં પણ યથાયોગ્ય ઉપનય અને નિગમન કહેવા.

'माया प्रणिधिः' इत्यादि જીવના તિર્યંચયોનિ આદિમાં જન્મનું જેનાથી અનુમાન કરી શકાય તે માયા. વ્રતના અપરિણામમાં આસક્તિ તે પ્રણિધિ. પ્રણિધાન પ્રણિધિ. બાહ્યચેષ્ટાથી જે ઢંકાવાય તે ઉપધિ. ઉપધિ=ચિત્તના(=બાહ્યચેષ્ટાથી) જુદા પરિણામ. જેનાથી બીજો નિકાર=પરાભવ પમાડાય તે નિકૃતિ. ઉપાયરૂપ જેનાથી બીજો આચરાય=ચલાવાય=ભક્ષણ કરાય તે આચરણ. તે પ્રમાણે (માયાથી બીજાનું ભક્ષણ કરનારા તરીકે) વરુ, બિલાડો, ગિરોળી વગેરે પ્રસિદ્ધ છે. બીજાઓ જેનાથી છેતરાવાય તે વંચના. કપટ કરવું તે દંભ. વેષ અને વચન આદિથી દંભનું અનુમાન કરી શકાય છે. બીજો જેનાથી અન્ય પરિણામ વડે કૂટાય=બાળી શકાય તે કૂટ. અથવા કૂટ એટલે જીવોને પકડવાનું યંત્ર. તેના જેવો જે પરિણામ તે કૂટ. બીજો જેનાથી છેતરાય તે અતિસંધાન, અતિશય અંદર પ્રવેશીને સંધાન કરવું=દોસ્તી કરવી અને પોતાના હૃદયમાં શું છે તે ન બતાવવું, પછી તેનો વિનાશ કરવો. ઋજુ(=સરળ)નો ભાવ તે આર્જવ. તેનાથી વિપરીત અનાર્જવ, અર્થાત્ કાયા અને મનની વક્રતા. इति શબ્દ 'જકાર' અર્થમાં છે. આ પ્રમાણે આ નામો એક જ અર્થને કહેનારાં છે.

तस्याः ઇત્યાદિનો અર્થ સમજાઇ ગયેલો છે. વંશકુડંગ એટલે વાંસના મૂળિયાં. વાંસના મૂળિયાં અતિશય વાંકા હોય છે. જેથી સેંકડો ઉપાયોથી પણ સરળ કરી શકાતાં નથી. શેષ શબ્દો લગભગ સમજાઇ ગયેલા છે. નિર્લેખન એટલે કાદવ આદિને કાઢવાનું સાધન. આ સાધન સુથારની અવલેખનીની(=છોલવા વગેરેના સાધનની) ધારથી તીક્ષ્ણ કરેલું હોય છે અને વક્ર હોય છે. 'अत्रापि' ઇત્યાદિનો અર્થ સમજાઇ ગયેલો છે.

'लोभो रागः' इत्यादि, જીવ જેનાથી લોભાઇ જાય=લલચાઇ જાય તે લોભ. આત્માને રંગવાથી રાગ. પ્રાપ્ત વસ્તુઓમાં ગૃદ્ધિ તે ગાર્ધ્ય. પ્રાપ્ત વસ્તુઓનું રક્ષણ કરવું વગેરે ગૃદ્ધિનું લક્ષણ છે. ઇચ્છા એટલે અભિલાષ. જીવને ત્રણેય લોકની વસ્તુઓની ઇચ્છા થાય છે. મૂર્છા એટલે અતિશય

મોહવૃદ્ધિ. જીવ જેનાથી સ્નિગ્ધ થાય તે સ્નેહ, અર્થાત્ પુત્ર-પત્ની આદિમાં પ્રીતિવિશેષ એ સ્નેહ છે. ભવિષ્યકાળમાં કોઇ વસ્તુ લેવાની ઇચ્છા તે કાંક્ષા. બાહ્ય-અભ્યંતર ઉપકરણોમાં થતો રાગ=આસક્તિ તે અભિષ્વંગ છે. શેષ પૂર્વવત્ જાણવું.

'लाक्षारागसदृशः' इत्यादि, અનંતાનુબંધી વગેરે ક્રમશઃ યોજવા. શેષ ભાષ્યનો અર્થ સમજાઇ ગયેલો છે.

'एषां क्रोधादीनाम्' इत्यादि,

**પૂર્વપક્ષ–** પ્રસ્તુતમાં ઉપયોગી ન હોવાથી આ(=एषां क्रोधादीनाम् ઇત્યાદિ) ગ્રંથ સંબંધ વગરનો હોય એમ જણાય છે. મોહનીયની ઉત્તર પ્રકૃતિઓનું સ્વરૂપ કહેવાનું શરૂ કર્યું છે. તેમાં ક્ષમાદિ ક્રોધાદિના શત્રુરૂપ છે એમ કહેવાનો કયો અવસર છે ?

**ઉત્તરપક્ષ–** કર્મોમાં મોહનીયકર્મ પ્રધાન છે. મોહનીયકર્મ દેશથી કે સર્વથી ઉપઘાત કરવા દ્વારા જીવને નરકાદિભવોનો વિસ્તાર પ્રાપ્ત કરાવવામાં પ્રફુલ્લિત થાય છે. મોહ કષાયથી ઉત્પન્ન કરાય છે. કષાયના કારણે સ્થિતિબંધમાં[1] ભેદ પડે છે અને સર્વદુઃખોની પ્રાપ્તિ થાય છે. કહ્યું છે કે- "લોકમાં જે અતિશય દુઃખ છે અને ત્રણ ભુવનમાં જે ઉત્તમ સુખ છે તે સઘળું કષાયોની વૃદ્ધિ અને ક્ષયના કારણે જાણ." આથી કષાયોના નિરોધના ઉપાયરૂપ ક્ષમાદિનો ભાષ્યકારે ઉલ્લેખ કર્યો છે. કર્મોની લઘુતાને ઇચ્છતા મુમુક્ષુએ સતત ક્ષમાદિનો અભ્યાસ કરવો જોઇએ.

ભાષ્યનો અર્થ પ્રાયઃ સમજાઇ ગયો છે. પ્રત્યનીકો એટલે શત્રુ-પુરુષો. ભૂત શબ્દ ઉપમાન અર્થવાળો છે. કેમકે શત્રુની જેમ ઉચ્છેદ કરવા રૂપ સમાનતા છે. આને જ ભાષ્યકાર સ્પષ્ટ કરે છે- ક્ષમા વગેરે કષાયોના પ્રતિઘાતના હેતુઓ છે.

---

૧. જેટલા અંશે કષાયો તીવ્ર હોય તેટલા અંશે દેવાયુ, મનુષ્યાયુ, તિર્યંચાયુ એ ત્રણ આયુષ્ય સિવાયની ૧૧૭ પ્રકૃતિઓની સ્થિતિ લાંબી બંધાય. જેટલા અંશે કષાયો મંદ હોય તેટલા અંશે તે ૧૧૭ પ્રકૃતિઓની સ્થિતિ ટૂંકી બંધાય. (નરકાયુ સિવાયના ત્રણ આયુષ્યોમાં ઉલટું છે. જેમ વિશુદ્ધિ વધારે તેમ તે ત્રણની સ્થિતિ દીર્ઘ બંધાય.)

અહીં મિથ્યાદર્શન અને આદ્ય બાર કષાયો સર્વઘાતી પ્રકૃતિઓ છે. સંજ્વલન કષાયો અને નોકષાયો દેશઘાતી પ્રકૃતિઓ છે.

**પૂર્વપક્ષ–** સૂચન કરવાના કારણે સૂત્ર કહેવાય છે. આથી સૂત્ર નાનું કરવું જોઇએ. નાનું સૂત્ર આ પ્રમાણે થાય- दर्शनचारित्रमोहनीयकषायनो-कषायवेदनीयाख्यास्त्रिद्विषोडशनवभेदाः આ પ્રમાણે સૂત્ર કરવાથી વિવક્ષિત અર્થનો સંગ્રહ થઇ જાય.

**ઉત્તરપક્ષ–** "મોહ દુઃખથી વ્યાખ્યાન કરી શકાય તેવો અને મહાન બંધન છે. (તેથી) મોહના વર્ણનમાં સૂત્રકારને દુઃખપૂર્વક કહી શકાય તેવું લાઘવ વગેરે ઇષ્ટ નથી." (૮-૧૦)

**टीकावतरणिका–** सम्प्रति क्रमप्राप्तस्यायुष्ककर्मणश्चत्वार्युत्तरप्रकृति-स्वरूपाण्यभिधित्सुराह–

**ટીકાવતરણિકાર્થ–** હવે ક્રમથી પ્રાપ્ત આયુષ્યકર્મની ચાર ઉત્તર-પ્રકૃતિઓના સ્વરૂપને કહેવાની ઇચ્છાવાળા સૂત્રકાર કહે છે–

**આયુષ્યકર્મના ચાર ભેદો–**

## नारकतैर्यग्योनमानुषदैवानि ॥८-११॥

**સૂત્રાર્થ–** નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ આ ચાર પ્રકારે આયુષ્ય છે. (૮-૧૧)

**भाष्यं–** आयुष्कं चतुर्भेदं-नारकं तैर्यग्योनं मानुषं दैवमिति ॥८-११॥

**ભાષ્યાર્થ–** નરકનું, તિર્યંચયોનિનું, મનુષ્યનું અને દેવનું એમ ચાર પ્રકારનું આયુષ્ય છે. (૮-૧૧)

**टीका–** नारकादीनि कृतद्वन्द्वानि प्रथमाबहुवचनेन निर्दिष्टानि, यस्योदयात् प्रायोग्यप्रकृतिविशेषानुसहायीभूत आत्मा नारकादिभावेन जीवति यस्य च क्षयात् मृत उच्यते तदायुः, आह च-

"स्वानुरूपाश्रवोपात्तं, पौद्गलं द्रव्यमात्मना ।
जीवनं यत्तदायुष्कमुत्पादाद्यस्य जीवति ॥१॥"

आयुषश्चान्नादयः उपग्राहकाः प्रथमबद्धस्येति, तस्यैवम्भूतस्य कर्मण उत्तरप्रकृतिचतुष्टयं वर्ण्यते, आयुष्कं चतुर्भेदमित्यादि भाष्यं, आनीयन्ते शेषप्रकृतयस्तस्मिन्नुपभोगाय जीवेनेत्यायुः शाल्योदनादिव्यञ्जनविकल्पा इव कांस्यपात्र्याधाराः भोक्तुः परिकल्प्यन्ते, आनीयते वा तेन तद्भवान्तर्भावी प्रकृतिगण इत्यायुः रज्जुबद्धेक्षुयष्टिभारकवत्, आयतते वा शरीरधारणप्रतिबन्ध इत्यायुः निगडादिवत्, आयुरेवायुष्कं, चतुर्गतित्वात् संसारस्य चतुर्भेदं, तद्भेदप्रदर्शनार्थमाह-नारकमित्यादि । तत्र नरका-उत्पत्तियातनास्थानानि पृथिवीपरिणतिविशेषाः तत्सम्बन्धिनः सत्त्वा अपि तास्थ्यान्नरकाः तेषामिदमायुर्नारकं, तिर्यग्योनयः एकद्वित्रिचतुः पञ्चेन्द्रियास्तेषामिदं तैर्यग्योनं, मनुष्याः संमूर्च्छनगर्भजास्तेषामिदं मानुषं, देवानां भवनवास्यादीनामिदं दैवं, इतिशब्दः आयुःप्रकृतीयत्ताप्रतिपत्तये ॥८-११॥

**ટીકાર્થ–** નારક વગેરે શબ્દોનો દ્વન્દ્વ સમાસ કરીને પ્રથમા બહુવચનથી નિર્દેશ કર્યો છે. જેના ઉદયથી પ્રાયોગ્ય પ્રકૃતિવિશેષોની સહાયવાળો થયેલો આત્મા નારકાદિ ભાવથી જીવે છે અને જેના ક્ષયથી મરેલો કહેવાય છે તે આયુષ્ય. કહ્યું છે કે- "આત્મા વડે પોતાને અનુરૂપ આસ્રવથી જે પુદ્ગલદ્રવ્ય ગ્રહણ કરાયું છે અને જેના ઉત્પાદથી(=ઉદયથી) જીવ જીવન જીવે છે તે આયુષ્ય છે."

પ્રથમ બાંધેલા આયુષ્યના અન્ન વગેરે ઉપકારક છે. આવા પ્રકારના આયુષ્યકર્મની ચાર ઉત્તરપ્રકૃતિઓનું વર્ણન કરવામાં આવે છે–

"आयुष्कं चतुर्भेदम्" ઇત્યાદિ ભાષ્ય છે. જેવી રીતે કાંસાના પાત્ર વગેરે આધારમાં ભોજન કરનારના કલમી ચોખાના ભાત વગેરે અને વિવિધ શાકો કલ્પાય છે=રખાય છે તેવી રીતે જીવવડે તેમાં (=આયુષ્યવાળા જીવનમાં) ઉપભોગ કરવા માટે અન્ય પ્રકૃતિઓ લવાય છે માટે આયુસ્ છે અથવા તે ભવમાં થનારો(=બંધાયેલ) પ્રકૃતિગણ દોરડામાં બાંધેલા શેરડીના ભારાની જેમ લવાય છે માટે આયુસ્ છે.

અથવા બેડીની જેમ શરીરધારણરૂપ પ્રતિબંધ કરવામાં પ્રયત્ન કરે છે માટે આયુસ્ છે. આયુસ્ એ જ આયુષ્ક. સંસાર ચાર ગતિવાળો હોવાથી આયુષ્યના ચાર ભેદ છે. તેના ભેદ બતાવવા માટે કહે છે–

'नारकम्' इत्यादि, તેમાં નરક એટલે ઉત્પત્તિનાં યાતનાસ્થાનો. તે સ્થાનો પૃથ્વીના પરિણામવિશેષ છે. તેના સંબંધવાળા જીવો પણ તેમાં રહેતા હોવાથી નારકો કહેવાય છે. તેમનું આ આયુષ્ય નારક આયુષ્ય કહેવાય છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય જીવો તિર્યંચયોનિવાળા છે. તેમનું આયુષ્ય તૈર્યગ્યોન કહેવાય છે. મનુષ્યો સંમૂર્ચ્છન અને ગર્ભજ છે. તેમનું આયુષ્ય માનુષ કહેવાય છે. ભવનવાસી વગેરે દેવોનું આયુષ્ય દૈવ કહેવાય છે. इति શબ્દ આયુષ્યની પ્રકૃતિઓના પરિમાણના બોધ માટે છે. (૮-૧૧)

**टीकावतरणिका–** सम्प्रति नामकर्मोत्तरप्रकृतिभेदख्यापनायाह–

**ટીકાવતરણિકાર્થ–** હવે નામકર્મની ઉત્તરપ્રકૃતિઓના ભેદને જણાવવા માટે કહે છે–

**નામકર્મના ભેદો–**

**गतिजातिशरीराङ्गोपाङ्गनिर्माणबन्धनसङ्घातसंस्थानसंहनन-स्पर्शरसगन्धवर्णानुपुर्व्यगुरुलघूपघातपराघातातपोद्योतोच्छ्वास-विहायोगतयः प्रत्येकशरीरत्रससुभगशुभसूक्ष्मसुस्वरपर्याप्त-स्थिरादेययशांसि सेतराणि तीर्थकृत्त्वं च ॥८-१२॥**

**સૂત્રાર્થ–** ગતિ, જાતિ, શરીર, અંગોપાંગ, નિર્માણ, બંધન, સંઘાત, સંસ્થાન, સંહનન, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, આનુપૂર્વી, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, આતપ, ઉદ્યોત, ઉચ્છ્વાસ, વિહાયોગતિ, પ્રત્યેક-શરીર-સાધારણશરીર, ત્રસ-સ્થાવર, સુભગ-દુર્ભગ, સુસ્વર-દુઃસ્વર, શુભ-અશુભ, સૂક્ષ્મ-બાદર, પર્યાપ્ત-અપર્યાપ્ત, સ્થિર-અસ્થિર, આદેય-અનાદેય, યશ-અયશ અને તીર્થંકરપણું એમ કુલ બેતાલીસ (૪૨) ભેદો નામકર્મના છે. (૮-૧૨)

**भाष्यं–** गतिनाम जातिनाम शरीरनाम अङ्गोपाङ्गनाम निर्माणनाम बन्धननाम सङ्घातनाम संस्थाननाम संहनननाम स्पर्शनाम रसनाम गन्धनाम वर्णनाम आनुपूर्वीनाम अगुरुलघुनाम उपघातनाम पराघातनाम आतपनाम उद्योतनाम उच्छ्वासनाम विहायोगतिनाम । प्रत्येकशरीरादीनां सेतराणां नामानि । तद्यथा– प्रत्येकशरीरनाम साधारणशरीरनाम त्रसनाम स्थावरनाम सुभगनाम दुर्भगनाम सुस्वरनाम दुःस्वरनाम शुभनाम अशुभनाम सूक्ष्मनाम बादरनाम पर्याप्तनाम अपर्याप्तनाम स्थिरनाम अस्थिरनाम आदेयनाम अनादेयनाम यशोनाम अयशोनाम तीर्थकरनाम इत्येतद् द्विचत्वारिंशद्विधं मूलभेदतो नामकर्म भवति ।

उत्तरनामानेकविधम् । तद्यथा– गतिनाम चतुर्विधं, नरकगतिनाम तिर्यग्योनिगतिनाम मनुष्यगतिनाम देवगतिनामेति ॥

जातिनाम्नो मूलभेदाः पञ्च । तद्यथा– एकेन्द्रियजातिनाम द्वीन्द्रियजातिनाम त्रीन्द्रियजातिनाम चतुरिन्द्रियजातिनाम पञ्चेन्द्रियजातिनामेति ॥

एकेन्द्रियजातिनामानेकविधम् । तद्यथा– पृथिवीकायिकजातिनाम अप्कायिकजातिनाम तेजःकायिकजातिनाम वायुकायिकजातिनाम वनस्पतिकायिकजातिनामेति ॥

तत्र पृथिवीकायिकजातिनामानेकविधम् । तद्यथा– शुद्धपृथिवी–शर्करा–वालुकोपल–शिला–लवणा–ऽय–स्त्रपु–ताम्र–सीसक–रूप्य–सुवर्ण–वज्र–हरिताल–हिङ्गुलक–मनःशिला–सस्यकाञ्चन–प्रवालका–ऽभ्रपटला–ऽभ्रवालिकाजातिनामादि गोमेदक–रुचकाङ्क–स्फटिक–लोहिताक्ष–जलावभास–वैडूर्य–चन्द्रकान्त–सूर्यकान्त–जलकान्त–मसारगल्लाश्मगर्भ–सौगन्धिक–पुलका–ऽरिष्ट–काञ्चन–मणिजातिनामादि च ॥

अप्कायिकजातिनामानेकविधम् । तद्यथा– उपक्लेदा–ऽवश्याय–नीहार–हिम–घनोदक–शुद्धोदकजातिनामादि ॥

तेजःकायिकजातिनामानेकविधम्। तद्यथा- अङ्गार-ज्वाला-ऽलाता-ऽर्चि-र्मुर्मुर-शुद्धाग्निजातिनामादि ।

वायुकायिकजातिनामानेकविधम्। तद्यथा- उत्कलिका-मण्डलिका-झञ्झका-घनसंवर्तकजातिनामादि ॥

वनस्पतिकायिकजातिनामानेकविधम्। तद्यथा- कन्द-मूल-स्कन्ध-त्वक्-काष्ठ-पत्र-प्रवाल-पुष्प-फल-गुल्म-गुच्छ-लता-वल्ली-तृण-पर्व-काय-शेवाल-पनक-वलक-कुहनजातिनामादि ॥

एवं द्वीन्द्रियजातिनामानेकविधम्। एवं त्रीन्द्रियचतुरिन्द्रियपञ्चेन्द्रिय-जातिनामादीन्यपि ॥

शरीरनाम पञ्चविधम्। तद्यथा- औदारिकशरीरनाम वैक्रियशरीरनाम आहारकशरीरनाम तैजसशरीरनाम कार्मणशरीरनामेति ॥

अङ्गोपाङ्गनाम त्रिविधम् । तद्यथा- औदारिक(शरीरा)ङ्गोपाङ्गनाम वैक्रियशरीराङ्गोपाङ्गनाम आहारकशरीराङ्गोपाङ्गनाम । पुनरेकैकमनेकविधम् । तद्यथा- अङ्गनाम तावत् शिरोनाम उरोनाम पृष्ठनाम बाहुनाम उदरनाम पादनाम ॥ उपाङ्गनामानेकविधम्। तद्यथा- स्पर्शनाम रसनाम घ्राणनाम चक्षुर्नाम श्रोत्रनाम। तथा मस्तिष्क-कपाल-कृकाटिका-शङ्ख-ललाट-तालु-कपोल-हनु-चिबुक-दशनौष्ठ-भ्रूनयन-कर्ण-नासाद्युपाङ्गनामानि शिरसः। एवं सर्वेषामङ्गानामुपाङ्गानां नामानि ॥

जातिलिङ्गाकृतिव्यवस्थानियामकं निर्माणनाम ॥

सत्यां प्राप्तौ निर्मितानामपि शरीराणां बन्धकं बन्धननाम । अन्यथा हि वालुकापुरुषवदबद्धानि शरीराणि स्युरिति ।

बद्धानामपि च सङ्घातविशेषजनकं प्रचयविशेषात्सङ्घातनाम दारुमृत्पिण्डायःपिण्डसङ्घातवत् ॥

संस्थाननाम षड्विधम्। तद्यथा- समचतुरस्त्रनाम न्यग्रोधपरिमण्डल-नाम सादिनाम कुब्जनाम वामननाम हुण्डनामेति ॥

संहनननाम षड्विधम् । तद्यथा- वज्रर्षभनाराचनाम अर्धवज्रर्षभ-नाराचनाम नाराचनाम अर्धनाराचनाम कीलिकानाम सृपाटिकानामेति ॥

स्पर्शनामाष्टविधं कठिननामादि ॥ रसनामानेकविधं तिक्तनामादि ॥ गन्धनामानेकविधं सुरभिगन्धनामादि ॥ वर्णनामानेकविधं कालकनामादि ॥

गतावुत्पत्तुकामस्यान्तर्गतौ वर्तमानस्य तदभिमुखमानुपूर्व्या तत्प्रापण-समर्थमानुपूर्वीनामेति । निर्माणनिर्मितानां शरीराङ्गोपाङ्गानां विनिवेशक्रम-नियामकमानुपूर्वीनामेत्यपरे ॥

अगुरुलघुपरिणामनियामकमगुरुलघुनाम ॥

शरीराङ्गोपाङ्गोपघातकमुपघातनाम, स्वपराक्रमविजयाद्युपघातजनकं वा ।

परत्रासप्रतिघातादिजनकं पराघातनाम ॥ आतपसामर्थ्यजनकमातपनाम ॥

प्रकाशसामर्थ्यजनकमुद्योतनाम ॥

प्राणापानपुद्गलग्रहणसामर्थ्यजनकमुच्छ्वासनाम ॥

लब्धिशिक्षर्द्धिप्रत्ययस्याकाशगमनस्य जनकं विहायोगतिनाम ॥

पृथक्शरीरनिर्वर्तकं प्रत्येकशरीरनाम ।

अनेकजीवसाधारणशरीरनिर्वर्तकं साधारणशरीरनाम ।

त्रसभावनिर्वर्तकं त्रसनाम ।

स्थावरभावनिर्वर्तकं स्थावरनाम ।

सौभाग्यनिर्वर्तकं सुभगनाम ।

दौर्भाग्यनिर्वर्तकं दुर्भगनाम ।

सौस्वर्यनिर्वर्तकं सुस्वरनाम ।

दौःस्वर्यनिर्वर्तकं दुःस्वरनाम ।

शुभभावशोभामाङ्गल्यनिर्वर्तकं शुभनाम ।

तद्विपरीतनिर्वर्तकमशुभनाम ।

सूक्ष्मशरीरनिर्वर्तकं सूक्ष्मनाम ।

बादरशरीरनिर्वर्तकं बादरनाम ॥

पर्याप्तिः पञ्चविधा । तद्यथा- आहारपर्याप्तिः शरीरपर्याप्तिः इन्द्रियपर्याप्तिः प्राणापानपर्याप्तिः भाषापर्याप्तिरिति । पर्याप्तिः क्रियापरिसमाप्तिरात्मनः । तत्र शरीरेन्द्रियवाङ्मनःप्राणापानयोग्यदलिकद्रव्याहरणक्रियापरिसमाप्तिराहारपर्याप्तिः । गृहीतस्य शरीरतया संस्थापनक्रियापरिसमाप्तिः शरीरपर्याप्तिः । संस्थापनं रचना घटनमित्यर्थः । त्वगादीन्द्रियनिर्वर्तनक्रियापरिसमाप्तिरिन्द्रियपर्याप्तिः । प्राणापानक्रियायोग्यद्रव्यग्रहणनिसर्गशक्तिनिर्वर्तनक्रियापरिसमाप्तिः प्राणापान-पर्याप्तिः । भाषायोग्यद्रव्यग्रहणनिसर्गशक्तिनिर्वर्तनक्रियापरिसमाप्तिर्भाषा-पर्याप्तिः । मनस्त्वयोग्यद्रव्यग्रहणनिसर्गशक्तिनिर्वर्तनक्रियासमाप्तिर्मनःपर्याप्ति-रित्येके । आसां युगपदारब्धानामपि क्रमेण समाप्तिरुत्तरोत्तरसूक्ष्मत्वात्, सूत्रदार्वादिकर्तनघटनवत् ॥ यथासङ्ख्यं च निदर्शनानि - गृहदलिकग्रहण-स्तम्भस्थूणाद्वारप्रवेशनिर्गमस्थानशयनादिक्रियानिर्वर्तनानीति । पर्याप्तिनिर्वर्तकं पर्याप्तिनाम,

अपर्याप्तिनिर्वर्तकमपर्याप्तिनाम । अपर्याप्तिनाम तत्परिणामयोग्यदलिक-द्रव्यमात्मना नोपात्तमित्यर्थः ॥

स्थिरत्वनिर्वर्तकं स्थिरनाम । विपरीतमस्थिरनाम ।

आदेयभावनिर्वर्तकमादेयनाम । विपरीतमनादेयनाम ।

यशोनिर्वर्तकं यशोनाम । विपरीतमयशोनाम ।

तीर्थकरत्वनिर्वर्तकं तीर्थकरनाम ।

तांस्तान्भावान्नामयतीति नाम । एवं सोत्तरभेदो नामकर्मभेदोऽनेकविधः प्रत्येतव्यः ॥ ८-१२ ॥

**ભાષ્યાર્થ–** ગતિનામ, જાતિનામ, શરીરનામ, અંગોપાંગનામ, નિર્માણનામ, બંધનનામ, સંઘાતનામ, સંસ્થાનનામ, સંહનનનામ, સ્પર્શનામ, રસનામ, ગંધનામ, વર્ણનામ, આનુપૂર્વીનામ, અગુરુલઘુનામ,

ઉપઘાતનામ, પરાઘાતનામ, આતપનામ, ઉદ્યોતનામ, ઉચ્છ્વાસનામ, વિહાયોગતિનામ, ઇતર સહિત પ્રત્યેક શરીર વગેરેના નામો આ પ્રમાણે છે- પ્રત્યેકશરીરનામ, સાધારણશરીરનામ, ત્રસનામ, સ્થાવરનામ, સુભગનામ, દુર્ભગનામ, સુસ્વરનામ, દુઃસ્વરનામ, શુભનામ, અશુભનામ, સૂક્ષ્મનામ, બાદરનામ, પર્યાપ્તનામ, અપર્યાપ્તનામ, સ્થિરનામ, અસ્થિરનામ, આદેયનામ, અનાદેયનામ, યશોનામ, અયશોનામ અને તીર્થંકરનામ. આ પ્રમાણે મૂલભેદથી આ નામકર્મ બેતાલીસ ભેદવાળું છે. ઉત્તરભેદોથી નામકર્મ અનેક ભેદવાળું છે.

તે આ પ્રમાણે–

**ગતિ–** નરકગતિનામ, તિર્યંચગતિનામ, મનુષ્યગતિનામ અને દેવગતિનામ એમ ચાર પ્રકારનું ગતિનામ છે.

**જાતિ–** જાતિનામકર્મના સ્થૂલભેદો પાંચ છે. તે આ પ્રમાણે- એકેન્દ્રિયજાતિનામ, બેઇન્દ્રિયજાતિનામ, તેઇન્દ્રિયજાતિનામ, ચઉરિન્દ્રિયજાતિનામ, પંચેન્દ્રિયજાતિનામ.

એકેન્દ્રિયજાતિનામ અનેક પ્રકારનું છે તે આ પ્રમાણે- પૃથ્વીકાયજાતિનામ, અપ્કાયજાતિનામ, તેજસ્કાયજાતિનામ, વાયુકાયજાતિનામ અને વનસ્પતિકાયજાતિનામ.

તેમાં પૃથિવીકાયિકજાતિનામ અનેક પ્રકારનું છે. તે આ પ્રમાણે- શુદ્ધ પૃથ્વી, કાંકરા, રેતી, પથ્થર, શિલા, મીઠું, લોઢું, કલઇ, તાંબું, સીસું, ચાંદી, સોનું, વજ્ર, હરતાળ, હિંગળોક, મણશીલ, સસ્યક, અંજન, પ્રવાલ, અબરખ, અભ્રવાલિકાજાતિનામ વગેરે.

(રત્નોનાં નામ-) ગોમેદક, રુચક, અંક, સ્ફટિક, લોહિતાક્ષ, જલાવભાસ, વૈડૂર્ય, ચંદ્રકાંત, સૂર્યકાંત, જલકાંત, મસારગલ્લ, અશ્મગર્ભ, સૌગન્ધિક, પુલક, અરિષ્ટ, કાંચનમણિજાતિનામ વગેરે.

અપ્કાયિકજાતિનામ અનેક પ્રકારનું છે. તે આ પ્રમાણે- ઉપક્લેદ, અવશ્યાય, નીહાર, હિમ, ઘનપાણી, શુદ્ધપાણીજાતિનામ વગેરે.

તેજઃકાયિકજાતિનામ અનેક પ્રકારનું છે. તે આ પ્રમાણે- અંગાર, જ્વાલા, અલાત, અર્ચિસ્, મુર્મુર, શુદ્ધઅગ્નિજાતિનામ વગેરે. અલાત= ઉલ્મુક, બળી રહેલું કાષ્ઠ. અર્ચિસ્=અગ્નિની ઉછળતી જ્વાલા. મુર્મુર= રાખથી ઢંકાયેલા અગ્નિકણો.

વાયુકાયિકજાતિનામ અનેક પ્રકારનું છે. તે આ પ્રમાણે- ઉત્કલિકા, મંડલિકા, ઝંઝા, ઘનવાત, સંવર્તકજાતિનામ વગેરે. ઉત્કલિકા=નીચાણ તરફ વહેતો વાયુ. ઝંઝા=પ્રચંડવાયુવિશેષ. સંવર્તક=તૃણાદિ ઉડાડનારો વાયુવિશેષ.

વનસ્પતિકાયિકજાતિનામ અનેક પ્રકારનું છે. તે આ પ્રમાણે- કંદ, મૂળ, સ્કંધ, છાલ, કાષ્ઠ, પત્ર, પ્રવાલ, પુષ્પ, ફળ, ગુલ્મ, ગુચ્છ, લતા, વેલડી, તૃણ, પર્વ, કાય, શેવાળ, પનક, વલક, કુહનજાતિનામ વગેરે.

એ પ્રમાણે બેઇન્દ્રિયજાતિનામ અનેક પ્રકારનું છે. એ પ્રમાણે તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિયજાતિનામો પણ અનેક પ્રકારનાં છે.

**શરીર–** શરીરનામકર્મ પાંચ પ્રકારનું છે. તે આ પ્રમાણે- ઔદારિક-શરીરનામ, વૈક્રિયશરીરનામ, આહારકશરીરનામ, તૈજસશરીરનામ, કાર્મણશરીરનામ.

**અંગોપાંગ–** અંગોપાંગનામ ત્રણ પ્રકારનું છે. તે આ પ્રમાણે- ઔદારિક(શરીર)અંગોપાંગનામ, વૈક્રિયશરીરઅંગોપાંગનામ, આહારકશરીરઅંગોપાંગનામ. વળી- એક એક અનેક પ્રકારનું છે. તે આ પ્રમાણે- શિરોનામ, ઉરોનામ, પૃષ્ઠનામ, બાહુનામ, ઉદરનામ અને પાદનામ આ અંગનામ છે. ઉપાંગનામ અનેક પ્રકારનું છે. તે આ પ્રમાણે- સ્પર્શનામ, રસનામ, ઘ્રાણનામ, ચક્ષુનામ, શ્રોત્રનામ.

મસ્તિષ્ક, કપાળ, કૃકાટિકા(=ગળામાં રહેલો ઉન્નત ભાગ), શંખ (=લલાટનું હાડકું), લલાટ, તાળવું, ગાલ, હનુ(=જડબું), ચિબુક (=હડપચી, નીચેના હોઠની નીચેનો ભાગ), દાંત, હોઠ, આંખની ભમર, આંખ, કાન, નાક વગેરે મસ્તકના ઉપાંગ નામો છે.

**નિર્માણ–** જાતિમાં લિંગ, આકૃતિની વ્યવસ્થાનું નિયમન કરનાર નિર્માણ નામ છે.

**બંધન–** પુદ્ગલોની પ્રાપ્તિ થયે છતે નિર્માણ કરાયેલા શરીરોને બાંધનાર(=એકમેક સંયોગ કરનાર) બંધન નામ છે. જો બંધક ન હોય તો શરીરો રેતીના પુરુષની જેમ બંધાયા વિનાના રહે.

**સંઘાત–** બંધાયેલા પણ પુદ્ગલોને વિશેષ રીતે એકઠા કરીને કાષ્ઠના પિંડના, માટીના પિંડના અને લોઢાના પિંડના સંઘાતની જેમ વિશિષ્ટ સંઘાતને ઉત્પન્ન કરનાર સંઘાતનામ છે.

**સંસ્થાન–** સંસ્થાનનામ છ પ્રકારનું છે. તે આ પ્રમાણે-સમચતુરસ્રનામ, ન્યગ્રોધપરિમંડલનામ, સાદિનામ, કુબ્જનામ, વામનનામ અને હુંડનામ.

**સંહનન–** સંહનનનામ છ પ્રકારનું છે. તે આ પ્રમાણે- વજ્રઋષભ નારાચનામ, અર્ધવજ્રઋષભનારાચનામ, નારાચનામ, અર્ધનારાચનામ, કીલિકાનામ અને સૂપાટિકાનામ (સેવાર્તનામ).

**સ્પર્શાદિ–** સ્પર્શનામના કઠીનનામ વગેરે અનેક ભેદો છે. રસનામના તિક્તનામ વગેરે અનેક ભેદો છે. ગંધનામના સુરભિગંધનામ વગેરે અનેક ભેદો છે. વર્ણનામના કૃષ્ણનામ આદિ અનેક ભેદો છે.

**આનુપૂર્વી–** (અન્ય) ગતિમાં ઉત્પન્ન થવાની ઈચ્છાવાળા અને અંતર(=વિગ્રહ) ગતિમાં વર્તમાન જીવને તે ગતિની સન્મુખ આનુપૂર્વીથી (=આકાશપ્રદેશોની શ્રેણી અનુસાર ગતિ વડે) તે ગતિને પ્રાપ્ત કરાવવામાં જે સમર્થ છે તે આનુપૂર્વીનામ છે.

નિર્માણનામકર્મથી નિર્માણ કરાયેલા અંગોપાંગોની રચનાના ક્રમનું નિયામક આનુપૂર્વીનામ છે એમ બીજાઓ કહે છે.

**અગુરુલઘુ–** અગુરુલઘુ પરિણામનું નિયામક અગુરુલઘુનામ છે.

**ઉપઘાત–** જે કર્મ શરીરના અંગ-ઉપાંગોનો ઉપઘાત(=ખંડન) કરે તે ઉપઘાતનામ છે અથવા સ્વપરાક્રમનો કે સ્વવિજયનો ઉપઘાતનો જનક હોય તે ઉપઘાતનામ છે.

**પરાઘાત–** પરના ત્રાસને અને પ્રતિઘાત વગેરેને ઉત્પન્ન કરે તે પરાઘાતનામ છે.

**આતપ–** આતપના સામર્થ્યને ઉત્પન્ન કરે તે આતપનામ છે.

**ઉદ્યોત–** પ્રકાશના સામર્થ્યને ઉત્પન્ન કરે તે ઉદ્યોતનામ છે.

**ઉચ્છ્વાસ–** પ્રાણાપાનરૂપ પુદ્ગલોને ગ્રહણ કરવાનું સામર્થ્ય ઉત્પન્ન કરનાર ઉચ્છ્વાસનામ છે.

**વિહાયોગતિ–** લબ્ધિ અને શિક્ષર્દ્ધિ જેનું કારણ છે તેવા આકાશગમનનું જનક વિહાયોગતિનામ છે.

**પ્રત્યેકશરીર–** અલગ શરીર બનાવનાર[1] પ્રત્યેકશરીરનામ છે.

**સાધારણશરીર–** અનેક જીવોનું સાધારણશરીર બનાવનાર સાધારણ-શરીરનામ છે.

**ત્રસ–** ત્રસભાવને બનાવનાર ત્રસનામ છે.

**સ્થાવર–** સ્થાવરભાવને બનાવનાર સ્થાવરનામ છે.

**સુભગ-દુર્ભગ–** સૌભાગ્યને બનાવનાર સુભગનામ છે. દૌર્ભાગ્યને બનાવનાર દુર્ભગનામ છે.

**સુસ્વર-દુઃસ્વર–** સુસ્વરપણાને બનાવનાર સુસ્વરનામ છે. દુઃસ્વરપણાને બનાવનાર દુઃસ્વરનામ છે.

**શુભ-અશુભ–** શુભભાવથી ઉત્પન્ન થયેલી શોભાને અને માંગલ્યને બનાવનાર શુભનામ છે તેનાથી વિપરીતને બનાવનાર અશુભનામ છે.

**સૂક્ષ્મ-બાદર–** સૂક્ષ્મશરીરને બનાવનાર સૂક્ષ્મનામ છે. બાદરશરીરને બનાવનાર બાદરનામ છે.

**પર્યાપ્તિ–** પર્યાપ્તિ પાંચ પ્રકારની છે. તે આ પ્રમાણે- આહારપર્યાપ્તિ, શરીરપર્યાપ્તિ, ઇન્દ્રિયપર્યાપ્તિ, પ્રાણાપાનપર્યાપ્તિ અને ભાષાપર્યાપ્તિ. પર્યાપ્તિ એટલે આત્માની ક્રિયાની સંપૂર્ણ સમાપ્તિ.

શરીર, ઇન્દ્રિય, ભાષા, મન, પ્રાણાપાનને યોગ્ય દલિક દ્રવ્યોને ગ્રહણ કરવાની ક્રિયાની સંપૂર્ણ સમાપ્તિ તે આહારપર્યાપ્તિ.

૧. નિર્વર્તક શબ્દના સિદ્ધ કરવું, તૈયાર કરવું, બનાવવું, ઉત્પન્ન કરવું, સમાપ્ત કરવું વગેરે અર્થો છે.

ગ્રહણ કરેલા દ્રવ્યોને શરીરરૂપે સંસ્થાપનની ક્રિયાની સંપૂર્ણ સમાપ્તિ તે શરીરપર્યાપ્તિ. સંસ્થાપન એટલે રચવું-બનાવવું.

ત્વગાદિ ઇન્દ્રિયોને બનાવવાની ક્રિયાની પરિસમાપ્તિ તે ઇન્દ્રિયપર્યાપ્તિ. પ્રાણાપાનની ક્રિયાને યોગ્ય દ્રવ્યોના ગ્રહણ-નિસર્ગની શક્તિને ઉત્પન્ન કરવાની ક્રિયાની પરિસમાપ્તિ તે પ્રાણાપાનપર્યાપ્તિ છે.

ભાષાને યોગ્ય દ્રવ્યોને ગ્રહણ કરવાની અને મૂકવાની શક્તિને ઉત્પન્ન કરવાની ક્રિયાની પરિસમાપ્તિ તે ભાષાપર્યાપ્તિ છે. મનને યોગ્ય દ્રવ્યોને ગ્રહણ કરવાની અને મૂકવાની શક્તિને ઉત્પન્ન કરવાની ક્રિયાની પરિસમાપ્તિ તે મનઃપર્યાપ્તિ છે એમ બીજાઓ કહે છે.

એકી સાથે પ્રારંભાયેલી પણ પર્યાપ્તિઓની પૂર્ણતા ક્રમથી થાય છે. કેમકે પર્યાપ્તિઓ ઉત્તરોત્તર સૂક્ષ્મ છે. સૂતરને કાંતવામાં અને કાષ્ઠને કાપવામાં બને છે તેમ અહીં અનુક્રમે દૃષ્ટાંતો છે. (૧) ઘર માટે દલિક ગ્રહણ (૨) સ્તંભ-સ્થૂણાનો વિચાર (૩) પ્રવેશ-નિર્ગમ માટે દ્વાર (૪) સ્થાન-શયનાદિની ક્રિયા માટે નિર્વર્તન. પર્યાપ્તિઓને બનાવનાર=પૂર્ણ કરનાર પર્યાપ્તિનામ છે. અપર્યાપ્તિને રચનાર=કરનાર અપર્યાપ્તિનામ છે, અર્થાત્ પર્યાપ્તિરૂપે પરિણમવા યોગ્ય દલિક દ્રવ્યોને આત્મા ગ્રહણ ન કરે એ અપર્યાપ્તિનામ છે.

**સ્થિર-અસ્થિર–** સ્થિરતાને બનાવનાર સ્થિરનામ છે. વિપરીત અસ્થિરનામ છે.

**આદેય-અનાદેય–** આદેયભાવને બનાવનાર આદેયનામ છે. વિપરીત અનાદેયનામ છે.

**યશ-અયશ–** યશને ઉત્પન્ન કરનાર યશનામ છે તેનાથી વિપરીત અયશનામ છે.

**તીર્થંકર–** તીર્થંકરપણાને ઉત્પન્ન કરનાર તીર્થંકરનામ છે.

તે તે ભાવોને નમાવે તે નામ. આ પ્રમાણે ઉત્તરભેદોથી સહિત નામકર્મનો ભેદ અનેક પ્રકારનો જાણવો. (૮-૧૨)

**टीका–** प्रागुद्दिष्टा द्विचत्वारिंशत् पिण्डभेदा नामकर्मणस्तत्प्रतिपादनार्थं सूत्रं, नमयति–परिणमयति प्रापयति नारकादिभवान्तराणि जीवमिति

नाम, अथवा जीवप्रदेशसम्बन्धिपुद्गलद्रव्यविपाकसामर्थ्याद्यथार्थसंज्ञं, नमयति प्रह्वयतीति नाम, यथा शुक्लादिगुणोपेतद्रव्येषु चित्रपटादिव्यपदेशप्रवृत्तिर्नियतसंज्ञाहेतुरिति, तत्र गतिनाम चतुर्विधं, जातिनाम पञ्चविधं, शरीरनाम पञ्चधा, अङ्गोपाङ्गनाम त्रिविधं, निर्माणनामैकधा, संस्थाननाम षोढा, संहनननाम षोढा, स्पर्शरसगन्धवर्णनामैकैकविधं, आनुपूर्वीनाम चतुर्विधं, अगुरुलघुनामैकधा, उपघात-पराघात-आतप-उद्योत-उच्छ्वासनामान्येकैकविधानि, विहायोगतिनाम द्विविधं, प्रत्येकशरीर-साधारणशरीर-त्रस-स्थावर-सुभग-दुर्भग-सुस्वर-दुःस्वर-सूक्ष्म-बादर-पयार्प्तापर्याप्त-स्थिर-अस्थिर-आदेय-अनादेय-यशः-अयशः-तीर्थकरनामान्येकैकप्रकाराण्येव, एवमेता उत्तरप्रकृतयो नामकर्मणः सप्तषष्टिः, अत्र च बन्धनसङ्घातनामनी शरीरनामान्तर्भूते एवातः शरीरविशेषत्वादेव नोत्तरप्रकृतिः पृथक्, सूत्रे यदुपादानं पार्थक्येन तत्त्वनयोः स्वरूपप्ररूपणार्थमिति ।

गतिनामेत्यादि भाष्यम्, तत्र गतिनामेत्येवमादिभाष्येणेत्येतद् द्विचत्वारिंशद्विधं मूलभेदतो नामकर्म भवतीत्येवमन्तेन पिण्डप्रकृतिराख्यायते, गतिरेव नाम गतिनाम, नामशब्दः सर्वत्र जातिनामादिष्वपि समानाधिकरणः, आनुपूर्व्यनाम, अन्ये पठन्ति आनुपूर्वी नाम, ततश्च प्रथमपाठे सूत्रमेवं-आनुपूर्व्यागुरुलघूपघात इति, इतरत्र आनुपूर्व्यगुरुलघूपघात इति, प्रत्येकशरीरादीनां दशानां सेतराणामिति सप्रतिपक्षाणां-साधारणशरीरादीनां दशानां नामानि-अभिधानानि वक्ष्यमाणानि विज्ञेयानि, अथवा प्रत्येकशरीरादीनां पूर्वपदानां सामानाधिकरण्यविवक्षायां नामानीति, व्यक्तिविवक्षातो नामशब्द उत्तरपदं भवतीति, तद्यथेत्यादिना उद्देशः, सामानाधिकरण्येन प्रत्येकशरीरनामादिकः, अन्ते तीर्थकरनाम प्रकृष्टत्वात्, इतिशब्दः पिण्डप्रकृतीयत्ताप्रदर्शनार्थः, एतदिति नामकर्म यथोक्तद्विचत्वारिंशद्भेदं भवति, सह बन्धनसङ्घातनामभ्याम् ॥

आसां पिण्डप्रकृतीनां सम्प्रति भेदप्रतिपत्तये भाष्यं उत्तरनामानेकविधमिति उत्तरप्रकृतिनामेत्यर्थः, पिण्डप्रकृतिभेद इतियावत्; तद्यथेत्यादिना निर्दिशति,

गतिनामपिण्डप्रकृतेश्चत्वारो भेदाः नरकगतिनामादयः, तत्र यस्य कर्मण उदयान्नारक इत्युच्यते-व्यपदिश्यते तन्नरकगतिनाम, एवं तिर्यग्योनिगति-नामादित्रितयमपि वक्तव्यं ॥

जातिनाम इत्यादि, जातिनामेति पिण्डप्रकृतिः एकेन्द्रियगत्यादि-पञ्चकापेक्षया, एते च मूलभेदाः पञ्च, तद्यथेत्यादिना निर्दिशति-एकेन्द्रियजातिनामेत्यादि, एकं प्रथममिन्द्रियं जातिः-सामान्यं तदेव नाम, एवं द्वीन्द्रियजातिनामादिचतुष्टयमपि वाच्यं, एकेन्द्रियजातिनामकर्मोदयात् एकेन्द्रिय इति व्यपदिश्यते, एकेन्द्रियसंज्ञाव्यपदेशनिमित्तं एकेन्द्रियजातिरिति सामान्यं, पृथिव्यादिभेदेष्वन्वयित्वात्, एकेन्द्रियजातिनामान्तरेणैकेन्द्रियसंज्ञाया अभाव एव स्यात्, एकेन्द्रियजातिनाम इत्यादि, एकेन्द्रियादिजातयोऽपि पिण्डप्रकृतय एव, पृथिवीकायिकादिभेदापेक्षया, तद्यथेत्यादिना निर्दिशति, पृथिवीकायिकजातिनाम, पृथिव्येव कायः पृथिवीकायः स एषामस्ति ते पृथिवीकायिकाः तेषां जातिः तदेव नाम पृथिवीकायिकजातिनाम, पृथिवीकायिकजातिनामकर्मोदयात् पृथिवीकायिकव्यपदेशः, एवं शेषाणि, तत्र पृथिवीकायिकजातिनामानेकविधं अनेन पुनरपि पृथिवीकायिकजातिनाम्नः पिण्डप्रकृतित्वं दर्शयति, तद्यथेत्यादिना निर्दिशति । उपक्लेदः-हरतनुकः भूमेर्निर्गत्य तृणाग्रादिस्थितः, शेषा गतार्था भेदाः । तेजस्कायिकादि गतार्थं सर्वं, एवं द्वित्रिचतुःपञ्चेन्द्रियनामानि शङ्खशुक्तिकाद्युपदेहिकापिपीलिकादि-भ्रमरसरटादितिर्यङ्मनुष्यादिभेदेन वाच्यानि ।

शरीरनामोत्तरप्रकृतयः पञ्च, तत्प्रतिपादनायाह-शरीरनामेत्यादि, असार-स्थूलवर्गणानिर्मापितमौदारिकशरीरं, तत्प्रायोग्यपुद्गलग्रहणकारणं यत् कर्म तदौदारिकशरीरनामोच्यते, विचित्रशक्तिकद्रव्यनिर्मापितं वैक्रियं तद्योग्य-पुद्गलादानकारणं यत्तत् कर्म तद्वैक्रियशरीरनामाभिधीयते, कारणे कार्योपचारात्, प्रयोजनप्रसाधनायाऽऽह्रियत इत्याहारकं शरीरं, शेषं पूर्ववत्,

तेजोगुणद्रव्यारब्धमुष्णगुणमाहारपरिपाचनक्षमं तैजःशरीरं, शेषं पूर्ववत्, कुण्डमिव बदरादीनामशेषकर्माधारभूतं समस्तकर्मप्रसवनसमर्थमङ्कुरादीनां बीजमिव कार्मणं शरीरं, इयं चोत्तरप्रकृतिः शरीरनामकर्मणः पृथगेव कर्माष्टकात् समुदयभूतादिति ।

'अङ्गोपाङ्गे'त्यादि, अङ्गानि उपाङ्गानि च यस्य कर्मण उदयान्निर्वर्त्यन्ते तदङ्गोपाङ्गनाम, त्रिविधमौदारिकवैक्रियाहारकभेदात्, तत्राङ्गान्यष्टावुरः शिरः पृष्ठमुदरं करौ पादौ च, उपाङ्गानि स्पर्शनमस्तिष्कादीनि, अष्टानामङ्गानामेकैकस्योपाङ्गमनेकप्रकारं, तत्र शिरोद्रव्यमधिकृत्य प्रत्यङ्गानि भाष्यकृत् पपाठ-मस्तिष्कं-मस्तुलुङ्गः शिरोङ्गस्यारम्भकोऽवयवस्तथा कपालादयः स्पर्शनादयश्च, ननु च धातुमध्ये अधीतं मस्तिष्कं नाङ्गं न प्रत्यङ्गमिति, कपालादिवत् आरम्भकत्वात् मस्तिष्कमपि उपाङ्गं शिरसोऽवसेयं, एवमुरःप्रभृत्यङ्गानामप्येकैकस्य वाच्यान्युपाङ्गानि, ज्वलनजलानिलवसुधा-वनस्पतिवर्जजीवेषु सम्भवन्ति, जातिलिङ्गाकृतीति जातिरेकेन्द्रियादिलक्षणा पञ्चधोक्ता तस्यां जातौ लिङ्गव्यवस्थां आकृतिव्यवस्थां तां नियमयति यत् लिङ्गं स्त्रियाः पुंसो नपुंसकस्य च यदसाधारण आकारः आकृतिरवयवरचना तां च निर्मापयति निर्माणं एतदुच्यते, एतदुक्तं भवति-सर्वजीवानामात्मीयात्मीयावयवविन्यास-नियमकारणं निर्माणं कलाकौशलोपेतवर्द्धकिवत् ।

सत्यां प्राप्तावित्यादि, शरीरनामकर्मोदयाद् गृहीतेषु गृह्यमाणेषु वा तद्योग्यपुद्गलेष्वात्मप्रदेशस्थितेषु शरीराकारेण परिणमितेष्वपि परस्परम-वियोगलक्षणं यदि बन्धननाम काष्ठजतुवत् न स्यात् तस्मात्ततो वालुका-पुरुषवद्विघटेरन् शरीराणि, तदेतेन भाष्येण प्रतिपादितं, औदारिकादिभेदाच्च पञ्चधा, न चेदं प्रकृत्यन्तरं नामकर्मणः,

सङ्घातप्रकृतिस्वरूपनिरूपणायेदमाह- बद्धानामपि चेत्यादि, बद्धानामपि च पुद्गलानां परस्परं जतुकाष्ठन्यायेन पुद्गलरचनाविशेषः सङ्घातः, संयोगे-नात्मना गृहीतानां पुद्गलानां यस्य कर्मण उदयादौदारिकादितनुविशेषरचना भवति तत् सङ्घातनामकर्म, पुद्गलरचनाकारेण विपच्यत इति पुद्गल-

विपाकीत्युच्यते, तच्चौदारिकादिभेदात् पञ्चधा, परस्परविभिन्नलेप्य-करचनाविशेषवच्छरीरपरिणाम एवेत्युपलक्ष्यते, स चैवम्विधः कर्मभेदो यदि न स्यात् ततः प्रत्यक्षप्रमाणविनिश्चेयः पुरुषयोषिद्गवादिलक्षणो नानाशरीरभेदो नैव सम्भाव्येत, सङ्घातविशेषकर्माभावात्, कारणानुविधायि च कार्यं लोके प्रतीतं, सङ्घातविशेषादेव हि पुरुषस्त्र्यादिशरीरलक्षणो विभागेन व्यपदेशः, अपिशब्दः सम्भावनार्थः चशब्दोऽवधारणार्थः । सत्येव बन्धननाम्नि न स्याद्विशेषः, यतः सङ्घातविशेषजनकं प्रचयविशेषात् सङ्घातनाम सङ्घातविशेषस्य जनकमिति शेषलक्षणा षष्ठीति नास्ति समासप्रतिषेधः, स तु प्रतिपदविहितायाः षष्ठ्याः प्रतिषेधः, प्रचयविशेषादिति, प्रचयविशेषात् पुद्गलानां विन्यासः पुरुषस्त्रीशरीरादिकस्तत्सङ्घातनामकर्मनिमित्तकः, यन्नि-मित्तकश्च विन्यासः तत् सङ्घातनाम, तत् प्रसिद्धोदाहरणेन भावयन्नाह-दारुमृत्पिण्डायःपिण्डसङ्घातवदिति, गद्यबन्धानुलोम्याच्चात्र द्विः पिण्ड-ग्रहणं कृतं, दारुमृदयःपिण्डवदिति दुरुच्चरं स्यात्, अयोदारुमृत्पिण्डवदिति किं न कृतं ?, अपूतिवचनाः खल्वाचार्याः सकृद्विधाय न निवर्त्तन्ते, दारुपिण्डवत्मृत्पिण्डवदयःपिण्डवच्चेति दृष्टान्तत्रयं, सुलभत्वात् प्रतिपत्तु-श्चातिशायिकप्रबोधहेतुत्वात्, दार्ववयवसङ्घातो दारुपिण्डः, एवं मृदवयवसङ्घातो मृत्पिण्डः, तथाऽयसोऽवयवानां सङ्घातोऽयःपिण्डः, एवमौदारिकादिशरीर-योग्यपुद्गलाश्चेतनेनात्मसात्कृताः सङ्घातनामकर्मोदयात् परस्परं संहताः सन्तिष्ठन्ति इति ॥

संस्थाननामस्वरूपाख्यानायाह-संस्थाननाम षड्विधं इति संस्थितिः संस्थानमाकारविशेषः, तच्चेह बद्धसंहतेषु संस्थानविशेषो यस्य कर्मण उदयाद्भवति तत् संस्थाननाम, षट्प्रकारं, तद्यथेत्यनेन षडपि नामग्राहमाचष्टे, समचतुरस्रनामेत्यादि, समं च तच्चतुरस्रं चेति समचतुरस्रं, यतस्तत्र मानोन्मानप्रमाणमन्यूनाधिकमङ्गोपाङ्गानि चाविकलानि, अध ऊर्ध्वं तिर्यक् च तुल्यं, स्वाङ्गुलाष्टशतोच्छ्रायाङ्गोपाङ्गयुक्तं युक्तिनिर्मितलेप्यकवद्वा । न्यग्रोधपरिमण्डलनाम्नस्तु नाभेरुपरि सर्वावयवाः समचतुरस्रसंस्थान-लक्षणाविसंवादिनः अधस्तात् पुनरुपरितनभागानुरूपास्तस्य नावयवा इति,

अत एव न्यग्रोधपरिमण्डलं तदुच्यते, न्यग्रोधाकृतित्वात्, न्यग्रोधपरिमण्डल-मुपरि विशालाकारवत्त्वादिति, सादिनामस्वरूपं तु नाभेरधः सर्वावयवाः समचतुरस्रलक्षणाविसंवादिन उपरितनभागाः पुनर्नाधोऽनुरूपा इति, सादीति शाल्मलीतरुमाचक्षते प्रवचनवेदिनः, तस्य हि स्कन्धो द्राघीयानुपरि तु न तदनुरूपा विशालतेति, कुब्जनामस्वरूपं तु पुनः कन्धरायाः उपरि हस्तपादं च समचतुरस्रलक्षणयुक्तं संक्षिप्तविकृतमध्यकोष्ठं च कुब्जं, वामननाम तु लक्षणयुक्तकोष्ठं ग्रीवाद्युपरि हस्तपादयोश्च न्यूनलक्षणं वामनं, हुण्डकसंस्थानं तु यत्र पादाद्यवयवा यथोक्तप्रमाणविसंवादिनः प्रायस्तद् हुण्डकसंस्थानमिति, तथा चोक्तं-

"तुल्लं वित्थडबहुलं उस्लेहबहुं च मडह कोट्ठं च ।
हेट्ठिल्ल काय मडहं सव्वत्थ असंठिअं हुंडं ॥१॥"

संहनननाम षड्विधमित्यादि अत्र पूर्ववद् व्याख्या, तद्यथेत्यादिना षण्णामपि स्वरूपमाविर्भावयति, वज्रर्षभनाराचमित्यादि, अस्थ्नां बन्धविशेषः संहननं, ऋषभः-पट्टः वज्रं-कीलिका मर्कटबन्धस्थानीय उभयपार्श्वयोर-स्थिबन्धः किल नाराचः, वज्रर्षभनाराचा यत्र संहनने तद्वज्रर्षभनाराचसंहननं, अस्थ्नां बन्धविशेष इति, अर्द्धवज्रर्षभनाराचनाम तु वज्रर्षभनाराचानामर्द्धं किल सर्वेषां च, वज्रस्यार्द्धमृषभस्यार्द्धं नाराचस्यार्द्धमिति भाष्यकारमतं, कर्मप्रकृतिग्रन्थेषु वज्रर्षभनाराचनामैव पट्टहीनं पठितं, किमत्र तत्त्वमिति सम्पूर्णानुयोगधारिणः संविद्रते, अर्द्धग्रहणाद् वा ऋषभहीनं व्याख्येयं, नाराचनाम्नि तु मर्कटबन्ध एव केवलो, न कीलिका, न पट्टः, अर्द्ध-नाराचनामनि तु एकपार्श्वे मर्कटबन्धः द्वितीयपार्श्वे तु कीलिकैवामर्कटबन्धा, अत्रापि कर्मप्रकृतौ नास्ति कीलिका, पञ्चमं कीलिकानाम-विना मर्कट-बन्धेनास्थ्नोर्मध्ये कीलिकामात्रं, सृपाटिकानाम कोटिद्वयसंगते यत्रास्थिनी चर्मस्नायुमांसावनद्धे तत्सृपाटिका नाम कीर्त्यते, सृपाटिका-फलकसम्पुटं, यथा तत्र फलकानि परस्परं स्पर्शमात्रवृत्त्या वर्त्तन्ते एवमस्थीन्यत्र संहनने, तदेवमेतान्येवंविधास्थिसङ्घातलक्षणानि संहनननामान्यौदारिकशरीर एव संहन्यन्ते, लोहपट्टनाराचकीलिकाप्रतिबद्धकपाटवदिति ॥

स्पर्शनामाष्टविधमित्यादि, औदारिकादिशरीरेषु यस्य कर्मण उदयात् कठिनादिः स्पर्शविशेषः समुपजायते तत् स्पर्शनामाष्टविधं, भेदानामष्टतां प्रतिपादयन्नाह-कठिननामादीति, कर्कशमृदुगुरुलघुस्निग्धरूक्षशीतोष्णनामानि, स्वस्थाने त्वनेकभेदत्वमेषां प्रकर्षाप्रकर्षजनितं, रसनामानेकविधं तिक्तनामादि तिक्तकटुकषायाम्लमधुरलवणाख्यं, लवणो मधुरान्तर्गत इत्येके, अनेकविधग्रहणं तिक्ताद्यन्तर्भेदप्रतिपादनार्थं, एवमन्यत्राप्यन्तर्भेदा वाच्याः, गन्धनामानेकविधं सुरभिगन्धनामादि शरीरविषयं सौरभं दुर्गन्धित्वं च यस्य कर्मणो विपाकान्निर्वर्त्तते तद्गन्धनाम, अपरे साधारणं गन्धमाहुस्तदसत्, सुरभिणा दुरभिगन्धिना वा भवितव्यं, न साधारणः कश्चिदस्तीति, वर्णनामानेकविधं कालनामादि यस्योदयाच्छरीरे कृष्णादिपञ्चविधवर्णनिष्पत्तिर्भवति तद्वर्णनाम, कृष्णनीललोहितपीतशुक्लभेदं, सर्वाणि चैतानि स्पर्शनामादीनि वर्णनामान्तानि शरीरवर्त्तिषु पुद्गलेषु विपच्यत इति ।

आनुपूर्वीनामस्वरूपनिरूपणायाह-गतावुत्पत्तुकामस्येत्यादि, गम्यतेऽसाविति गतिः-नरकाद्युत्पत्तिस्थानं, तच्च गतिनामकर्मोदयादवाप्यते, तस्यां गतावुत्पत्तिमिच्छतः कर्मसामर्थ्यादात्मनः अन्तर्गतौ वर्त्तमानस्येति, मनुष्यः तिर्यग्जातिर्वा पशुर्यावदुत्पत्तिस्थानं न प्राप्नोति तावदन्तरगतिषु वर्त्तमानस्य कस्यचिज्जन्मवत आनुपूर्वीनामकर्मोदयो भवति, आनुपूर्वी च क्षेत्रसन्निवेशक्रमः, 'अनुश्रेणि गतिर्जीवानां पुद्गलानां चे'ति वचनात्, तत्र यत्कर्मोदयादतिशयेन तद्गमनानुगुण्यं स्यात् तदप्यानुपूर्वीशब्दवाच्यं भवति, तत्तु आत्मनो गत्यन्तरं गच्छत उपग्रहे वर्तते, अनिमिषस्येव पयः, सा चान्तरगतिर्द्विधैव-ऋज्वी वक्रा च, तत्र यदा ऋज्व्या गत्या गच्छति समयप्रमाणया तदा पूर्वकमेवायुरनुभवन्ननुदितानुपूर्वीनामकर्मैवोत्पत्तिस्थानं प्राप्तः पुरस्कृतमायुरासादयति, वक्रगत्या पुनः प्रवृत्तः कूर्परलाङ्गलगोमूत्रिकालक्षणया द्वित्रिचतुःसमयमानया तदारम्भकाले पुरस्कृतमायुरादत्ते, तदैव चानुपूर्वीनामाप्युदेति, ननु च यथैव गतावृज्व्यां विना आनुपूर्वीनामकर्मणोत्पत्तिस्थानमियर्ति तद्वद्वक्रगत्यामपि कस्मात् नैति ?, उच्यते-ऋज्व्यां पूर्वकायुर्व्यापारेणैव गच्छति, यत्र तु पूर्वकमायुः क्षीणं तत्र तस्योदय

इत्यध्वयष्टिस्थानीयस्यानुपूर्वीनामकर्मणः, तदभिमुखमानुपूर्वीत्यादि, तदित्यनेन विवक्षितगतिरभिसम्बध्यते, यस्यां मृत उत्पत्स्यते तस्यामभिमुखमनु-कूलमानुपूर्व्या-प्रतिविशिष्टदेशक्रमेण तत्प्रापणसमर्थमिति वक्ष्यति, तदभि-मुखमित्यनेनाभिमुख्यमात्रं प्रतिपादितं, भूयस्तत्प्रापणसमर्थमित्यनेनानुपूर्वी-नामकर्मणः कार्यमादर्शयति, एतदुदितं-तद्गतिप्रापणे समर्थं-प्रत्यलं, आनु-पूर्वीनामकर्माग्रेसरं नरकगत्यानुपूर्वीनामादि चतुर्विधं भवतीति,

मतान्तरप्रदर्शनायाह- निर्माणनिर्मितानामित्यादि, निर्माणनामकर्मणा निर्मितानां-घटितानां शरीरावयवानामङ्गानां बाहूरूदरादीनां उपाङ्गानां चाङ्गुलीकर्णनासिकानां विनिवेशक्रमनियामकं रचना विनिवेशः तस्य क्रमः-परिपाटी उभयपार्श्वतो बाहू कटेरधो जानुनोश्चोपर्युपरि, एवमन्यत्रापि वाच्यः क्रमः, तस्य नियामकं-नियमकारि, अनेनाङ्गोपाङ्गेन चात्रैव स्थाने विनिवेष्ट-व्यमित्येवमानुपूर्वीनामापरे प्रवचनवृद्धाः कथयन्तीति ।

अगुरुलघुप्रकृतिनिर्धारणायाह-अगुरुलघ्वित्यादि परिणामत्रयस्यात्र निषेधो विवक्षितो, गुरुत्वलघुत्वगुरुलघुत्वाख्यस्य, यस्य कर्मण उदयात् सर्व-जीवानामिह कुन्थ्वादीनां आत्मीयात्मीयशरीराणि न गुरुणि न लघूनि न गुरुलघूनि, किं तर्हि ?, अगुरुलघुपरिणाममेवावरुन्धन्ति तत् कर्मागुरु-लघुशब्देनोच्यते, सर्वद्रव्याण्येव च परिणमन्ते स्थित्यादिनाऽनेकेन स्वभावेनेति जैनः सिद्धान्तः, तत्रागुरुलघ्वाख्यो यः परिणामस्तस्य नियामकं, तदेतत् तत्रोद्भूतेतरशक्तिकं निधत्त इत्यगुरुलघुनाम, सर्वशरीराणि निश्चयनयवृत्त्या न गुरुकादिव्यपदेशभाञ्जि, व्यवहारनयात्त्वन्यान्यापेक्षया त्रैविध्यमवरुध्यन्ते, यथोक्तम्-

"णिच्छयओ सव्वगुरुं सव्वलघुं वा न विज्जए दव्वं ।
ववहारओ उ जुज्जइ बायरखंधेसु णण्णेसु ॥१॥"

उपघातनामस्वरूपाख्यानायाह-शरीराङ्गोपाङ्गोपघातकमिति, शरीराङ्गानामु-पाङ्गानां च यथोक्तानां यस्य कर्मण उदयात् परैरनेकधोपघातः क्रियते तदुपघातनाम, मतान्तरं च वाशब्देन प्रतिपादयति, स्वपराक्रमविजया-

द्युपघातजनकं वा केचिदेवमुपघातनाम व्याचक्षते सूरयः, पराक्रमः प्राणिवीर्यं स्वो-निजः पराक्रमः स्वपराक्रमः तस्योपघातं जनयति, समर्थवपुषोऽपि निर्वीर्यतामापादयति, स्वविजयं चोपहन्ति, विजितेऽप्यन्यस्मिन् नैव विजित इत्यव्यपदेशहेतुतां प्रतिपद्यत इति, आदिग्रहणादन्यदपि यदद्भुतं कर्म तत्तस्योदयेनोपहन्यत इति ।

पराघातस्वरूपं निरूपयति-परत्रासेत्यादि, यस्य कर्मण उदयात् कश्चि-द्दर्शनमात्रेणैवौजस्वी वाक्सौष्ठवेन वाऽन्यसभामप्यभिगतः सभ्यानामपि त्रासमापादयति, आकर्षणं परप्रतिभाप्रतिघातं वा करोति तत् पराघातनाम, आदिग्रहणात् संक्षोभदृष्टिगतिस्तम्भनपरिग्रहः ।

आतपनामस्वरूपनिरूपणायाह-आतपसामर्थ्यजनकमिति, आतपती-त्यातपः, कर्त्तर्यच्, आतप्यतेऽनेनेति आतपः, पुंसि संज्ञायां घः, तस्यातपस्य सामर्थ्यं-शक्तिरतिशयो येन कर्मणोदितेन जन्यते तदातपनाम, आङो मर्यादावचनत्वात्, सहस्रांशुमण्डलपृथ्वीकायपरिणाम एव तद्विपच्यते ।

उद्योतनामस्वरूपप्ररूपणायाह-प्रकाशसामर्थ्यजनकमुद्योतनामेति, उद्योत-जनकमुद्योतः-प्रकाशोऽनुष्णः खद्योतकादिप्रभावः सप्तार्चिःसवितृमण्डला-सम्भवी, यस्मादग्नेरुष्णः स्पर्शो लोहितं रूपम्, अतः प्रकाशस्य सामर्थ्य-मतिशयं जनयति तदुद्योतनाम ।

उच्छ्वासनामस्वरूपं आचष्टे-प्राणापानेत्यादि, ऊर्ध्वगामी समीरणः प्राणः अधोगतिरपानः, तौ च मूर्त्तौ पुद्गलकावित्यत आह-पुद्गलग्रहणसामर्थ्य-जनकमिति, प्राणापानावनन्तप्रदेशस्कन्धपुद्गलपरिणामजन्यौ तद्योग्यपुद्गलानां ग्रहणम्-आदानं तस्य सामर्थ्यमतिशयं जनयति यत्तदुच्छ्वासनाम, यस्योदयादुच्छ्वासनिःश्वासौ भवत इति ।

विहायोगतिस्वरूपप्रतिपादनायाह-लब्धिशिक्षेत्यादि, विहायः-आकाशं तत्र गतिर्विहायोगतिः, सा द्विधा-शुभा च अशुभा च, तत्र प्रशस्ता हंसगजवृषादीनां, अप्रशस्ता तूष्ट्रटोलश्रृगालादीनां, तत्र लब्धिर्देवादीनां देवोत्पत्त्यविनाभाविनी, शिक्षया ऋद्धिः शिक्षर्द्धिः तपस्विनां प्रवचनमधीयानानां

विद्याद्यावर्त्तनप्रभावाद्वा आकाशगमनस्य, लब्धिशिक्षर्द्धिहेतोर्जनकं विहायोगतिनामेति ॥

प्रत्येकशरीरनामनिर्धारणार्थमाह-पृथक्शरीरनिर्वर्त्तकमित्यादि यस्य कर्मण उदयादेकैको जीवः प्रति प्रत्येकैकं शरीरं निर्वर्त्तयति तत् प्रत्येकनामैकद्वित्रिचतुःपञ्चेन्द्रियविषयं, यथा प्रत्येकवनस्पतिजीवो मूलस्कन्धशाखाप्रशाखात्वक्पत्रपुष्पफलादिषु पृथक् पृथक् शरीरं निर्वर्त्तयति तथा द्वीन्द्रियादयोऽपीति ।

साधारणशरीरनामाद्या बादरनामपर्यवसाना एकादश प्रकृतीः क्रमेण व्याचष्टे, अनेकजीवेत्यादि, अनेकशब्देनानन्तसङ्ख्याग्रहणं, अनन्तानां जीवानामेकं शरीरं साधारणं किशलयनिगोदथोहरिवज्रिप्रभृति, यथैकजीवस्य परिभोगस्तथाऽनेकस्यापि तदभिन्नं सद्यस्य कर्मण उदयान्निर्वर्त्त्यते तत् साधारणशरीरनाम, तथा त्रसभावनिर्वर्त्तकं त्रसनाम, त्रस्यन्तीति त्रसाः-द्वित्रिचतुःपञ्चेन्द्रियलक्षणाः प्राणिनः, यस्मात्तस्य कर्मण उदयात्तेषु परिस्पन्दोऽञ्जसा लक्ष्यते स तादृशो गमनादिक्रियाविशेषो यस्य कर्मण उदयाद्भवति तत्त्रसत्वनिर्वर्त्तकं त्रसनाम, तदुदय एव गत्यादिक्रिया भवतीति नावधार्यते, गमनं तु तदुदयात् स्वभावाच्च, तदुदयाद्द्वीन्द्रियादीनां स्वभावात् परमाणुतेजोवाय्वादीनामिति, कमलिनीखण्डादेर्देशान्तरगमनश्रवणाद् व्यभिचार इति चेत् तन्न, अधिष्ठातृव्यन्तरानुग्रहादिति,

स्थावरभावेत्यादि, स्थानशीलं स्थावरं तद्भावः स्थावरत्वं तत् निर्वर्त्तयति यत् पृथिव्यम्बुवनस्पत्यादिलक्षणं तत् स्थावरनामकर्म, स्थानशीलत्वं तु स्थावरनामकर्मोदयादेव पृथिव्यम्बुवनस्पतीनां, परमार्थतस्तु स्थावरनामकर्मोदयात् स्थावरत्वं, परिस्पन्दो भवतु मा वा भूद्, एवं च तेजोवाय्वोरपि स्थावरत्वसिद्धिः कर्मोदयादेवेति,

सौभाग्येत्यादि, कमनीयः सुभगो-मनःप्रियः तद्भावः सौभाग्यं तस्य निर्वर्त्तकं-जनकं सुभगनाम,

दौर्भाग्येत्यादि, सुभगविपरीतलक्षणं, दुर्भगनाम । अनिष्टो मनसो योऽप्रियः दुर्भगस्तद्भावो दौर्भाग्यं यस्य कर्मण उदयादिति,

सौस्वर्येति, येन स्वरितेनाकर्णितेन च भूयसां प्रीतिरुत्पद्यते तत् सुस्वर-नाम, तद्विपरीतं दुःस्वरनाम, यत्तु श्रूयमाणमसुखमावहति तद् दुःस्वरं नामेति,

शुभेति शुभो भावः पूजित उत्तमाङ्गादिस्तज्जनिता या शोभा पूजा पुरस्कारः शिरसा पादादिस्पर्शनं माङ्गल्यमिति पवित्रं तन्निर्वर्त्तकं शुभनामेति तद्विपरीतनिर्वर्त्तकमशुभनाम, शरीरावयवानामेव हि शुभाशुभता ग्राह्या, यथा पदेन स्पृष्टः क्रुध्यतीति,

सूक्ष्मेति सूक्ष्मं-श्लक्ष्णं अदृश्यं नियतमेव यस्य कर्मण उदयाद्भवति शरीरं पृथिव्यादीनां केषाञ्चिदेव तत् सूक्ष्मशरीरनाम, बादरं-स्थूलं केषाञ्चिज्जीवानां यस्य कर्मण उदयात् स्थूलशरीरता भवति तद् बादरनामेति, न तु चक्षुर्ग्राह्यतां प्रतीत्यापेक्ष्य वा सूक्ष्मबादरतेति ॥

पर्याप्तस्थिरादेययशसां सप्रतिपक्षाणां स्वरूपनिरूपणाय उपक्रम्यते-पर्याप्तिः पञ्चविधेत्यादि पुद्गलरूपा आत्मनः कर्त्तुः करणविशेषः येन करणविशेषेणाहारादिग्रहणसामर्थ्यमात्मनो निष्पद्यते, तच्च करणं यैः पुद्गलैर्निर्वर्त्त्यते ते पुद्गला आत्मनाऽऽत्तास्तथाविधपरिणतिभाजः पर्याप्ति-शब्देनोच्यन्ते, सामान्येनोद्दिष्टां पर्याप्तिं नामग्राहं विशेषेण निर्दिदिक्षुराह-तद्यथेत्यादि, आहारग्रहणसमर्थकरणनिष्पत्तिराहारपर्याप्तिः, शरीरकरणनिष्पत्तिः शरीरपर्याप्तिः, इन्द्रियकरणनिष्पत्तिरिन्द्रियपर्याप्तिः, प्राणापानौ उच्छ्वासनिःश्वासौ तद्योग्यकरणनिष्पत्तिः प्राणापानपर्याप्तिः, भाषायोग्यपुद्गलग्रहणविसर्गसमर्थ-करणनिष्पत्तिर्भाषापर्याप्तिः, यथोक्तम्-"आहारसरीरिंदिय ऊसासवओमणो-ऽभिनिव्वित्ती । होंति जओ दलिआओ करणं एसा उ पज्जत्ती ॥१॥" इतिशब्दः इयत्ताप्रतिपादनार्थः, ननु च षड् पर्याप्तयः पारमर्षप्रवचनप्रसिद्धाः, कथं पञ्चसङ्ख्याका इति, उच्यते इन्द्रियपर्याप्तिग्रहणादिह मनःपर्याप्तेरपि ग्रहणमवसेयं, अतः पञ्चैवेति निश्चयः, ननु च शास्त्रकारेणानिन्द्रियमुक्तं मनः कथमिन्द्रियग्रहणाद् ग्रहीष्यते ?, उच्यते, यथा शब्दादिविषयग्राहीणि साक्षाच्चक्षुरादीनि न तथा मनः, सुखादीनां पुनः साक्षादग्राहकं मनः अतो न सम्पूर्णमिन्द्रियमित्यनिन्द्रियमुक्तम् इन्द्रलिङ्गत्वात्तु भवत्येवेन्द्रियमिति,

तथा केचिदाचार्याः पृथग्मनःपर्याप्तिग्रहणमधीयत इत्युपरिष्टादभिधास्यते, यच्चावधारणं पञ्चैवेति तद् बाह्यकरणापेक्षया, मनः पुनरन्तःकरणमतः पृथक् पठन्तीति न कश्चिद्दोषः, उभयथापि मनःपर्याप्तिसम्भव इति । पर्याप्तिः परिनिष्पत्तिर्विवक्षितक्रियापरिसमाप्तिरात्मनस्तैजसकार्मणशरीरभाज एवौ-दारिकादिशरीरप्रेप्सया प्रथमत एवोत्पत्तावेताश्चिन्त्यन्ते, जन्मान्तरग्रहणकाल इत्यर्थः, युगपच्चारब्धाः षडपि क्रमेण निष्पद्यन्ते, न समकम्, उत्तरोत्तरपर्याप्तीनां बहुतरकालत्वात्, क्रमश्चासौ–आहारशरीरेन्द्रियप्राणापानवचनमनोलक्षणः,

तत्राहारपर्याप्तिस्वरूपनिरूपणायाह–तत्रेत्यादि, शरीरस्येन्द्रियाणां वाचो मनसः प्राणापानयोश्चागमप्रसिद्धवर्गणाक्रमेण यानि योग्यानि दलिकद्रव्याणि तेषां आहरणक्रिया ग्रहणम्–आदानं तस्याः परिसमाप्तिराहारपर्याप्तिः करण-विशेषः, अत्र च मनोग्रहणात् परिस्फुटमिन्द्रियग्रहणेन मनसोऽप्युपादानमिति, सामान्येन गृहीतस्य योग्यपुद्गलसङ्घातस्य शरीराङ्गोपाङ्गतया संस्थापन-क्रिया–विरचनक्रिया तस्याः परिसमाप्तिः शरीरपर्याप्तिः, संस्थापनशब्दार्थ-प्रकारान् पर्यायशब्दैरावेदयति–संस्थापनं रचना घटनमित्यर्थः, शरीरवर्गणा-योग्यपुद्गलानां प्रतिनियताऽवयवरचनेत्यर्थः,

त्वगिति स्पर्शेन्द्रियं तदादीन्द्रियं स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्रमनोलक्षणं तत्स्वरूपनिर्वर्त्तनक्रियापरिसमाप्तिरिन्द्रियपर्याप्तिः,

प्राणेति– प्राणापानावुच्छ्वासनिश्वासक्रियालक्षणौ तयोर्वर्गणाक्रमेण योग्य-द्रव्यग्रहणनिसर्गशक्तिः–सामर्थ्यं तन्निर्वर्त्तनक्रियापरिसमाप्तिः प्राणापानपर्याप्तिः, अत्रापि वर्गणाक्रमेणैव भाषायोग्यद्रव्याणां ग्रहणनिसर्गौ तद्विषया शक्तिः-सामर्थ्यं तन्निर्वर्त्तनक्रियापरिसमाप्तिर्भाषापर्याप्तिरिति,

मनस्त्वयोग्यानीति मनोवर्गणायोग्यानि–मनःपरिणामप्रत्यलानि यानि द्रव्याणि तेषां ग्रहणनिसर्गसामर्थ्यस्य निर्वर्त्तनक्रियापरिसमाप्तिः मनःपर्याप्तिरिति, एके त्वाचार्या भेदेन मनःपर्याप्तिमुपाददते, न इन्द्रियपर्याप्तिग्रहणेन गृह्णते, इन्द्रियपर्याप्तिव्यतिरेकेण पठन्तीत्यर्थः, न पुनः मनःपर्याप्तिं केचिदिच्छन्ति केचिन्नेति,

आसामित्यादिना षडपि पर्याप्तयः समकमारब्धाः क्रमेण परिसमाप्तिमासादयन्तीति दर्शयति, किं पुनः कारणं वैषम्येण परिनिष्ठायामित्याह-उत्तरोत्तरसूक्ष्मतरत्वादिति, आहारपर्याप्तेः शरीरपर्याप्तिः सूक्ष्मतरा, बहुतरसूक्ष्मद्रव्यनिचयघटिता, ततोऽपीन्द्रियपर्याप्तिः सूक्ष्मतरा, तस्या अपि प्राणापानपर्याप्तिः, ततो वाक्पर्याप्तिः, ततश्च मनःपर्याप्तिः सुसूक्ष्मेति, तच्चोत्तरोत्तरसूक्ष्मत्वं दृष्टान्तेन दर्शयति सूत्रदार्वादिकर्तनघटनवदिति, स्थूलसूत्रकर्तिका सूक्ष्मसूत्रकर्तिका च, ते कर्तनं युगपदारभेते, तत्र स्थूलसूत्रकर्तिकातः सूक्ष्म सूत्रकर्तिका चिराय कुक्कुटकं (?कुक्कडकं) पूरयति, इतरा त्वाशु परिसमापयति, दारुघटनेऽप्येष एव क्रमः, स्तम्भादीनां स्थूलरूपनिर्वर्त्तनं समचतुरस्रादि स्वल्पेन कालेन क्रियते, स एव स्तम्भः कुट्टिमपत्रच्छेद्यपुत्रिकासङ्घाटकयुक्तश्चिरेण निष्पद्यते, तुल्यकालेऽपि प्रारम्भे, आदिशब्दाच्चित्रपुस्तलेप्यकादिपरिग्रहः, यथासङ्ख्यं च निदर्शनानीति,

अनेन षण्णामपि पर्याप्तीनां क्रमेण षड्भिरेव दृष्टान्तैः स्वरूपमुपक्रम्यते, अतो दृष्टान्तस्वरूपप्रतिपादनायाह-गृहदलिकग्रहणेत्यादि, तत्र गृहदलिकग्रहणेनाहारपर्याप्तिं साधयति, गृहं कर्त्तव्यमिति सामान्येन दलिकमादत्ते शाखादिकाष्ठं, ततः सामान्योपात्ते दलिके अत्र स्तम्भः स्थूणा वा भविष्यतीति निरूप्यते, एवमनेकपुद्गलग्रहणे सत्यत्रामी शरीरवर्गणायोग्याः पुद्गलाः शरीरपर्याप्तिनिष्पादनक्षमा इति शरीरपर्याप्तिः, भित्त्याद्युच्छ्रायरूपगृहालोचनायामपि सत्यां कतिद्वारमिदं प्राङ्मुखमुदङ्मुखं वा प्रवेशनिर्गमनार्थमालोच्यते, तथेन्द्रियपर्याप्तिरप्यात्मन उपभोगवृत्त्या प्रवेशनिर्गमद्वारस्थानीयेति, एवं प्राणापानभाषापर्याप्ती अपि एतेनैव निदर्शनेन साध्ये, दार्ष्टान्तिकभेदात्तु दृष्टान्तभेदः, ततः सद्वारकेऽपि निष्पन्ने सद्मनि अत्रासनमत्र शयनीयमत्र भुजिभूमिरिति स्थानशयनादिनिर्वर्त्तनमालोचयन्ति गेहिनः, तद्वन्मनःपर्याप्तिरपि हिताहितप्राप्तिपरिहारापेक्षालक्षणेति । एवमेताः षट् पर्याप्तीर्निर्वर्त्तयति तत्कर्म्म पर्याप्तिनाम, आपाकप्रक्षिप्तनिर्वृत्तघटवत्, अपर्याप्तिनाम तु अनिष्पन्नघटवदिति, एतदुक्तं भवति-यस्योदयेन पर्याप्तयो नासादयन्ति परिपूर्त्तितः अपर्याप्त एव म्रियते, कदाचिद्विनापि भवति यथा सम्मूर्च्छनजमनुष्यादिरिति ॥

स्थिरत्वनिर्वर्तकं स्थिरनाम यस्योदयात् शरीरावयवानां स्थिरता भवति शिरोऽस्थिदन्तादीनां तत् स्थिरनाम, अस्थिरनामापि शरीरावयवानामेव, यदुदयादस्थिरता चलता मृदुता भवति कर्णत्वगादीनां तदस्थिरनामेति, तदेतद्विपरीतमस्थिरनामेत्यनेन प्रतिपादितं,

आदेयभावनिर्वर्त्तकमादेयनाम गृहीतवाक्यत्वादादरोपजननहेतुतां प्रतिपद्यते उदयावलिकाप्रविष्टं सत्, एतदुक्तं भवति-यस्यादेयनामकर्मोदयस्तेनोक्तं प्रमाणीक्रियते यत्किञ्चिदपि, दर्शनसमनन्तरमेव चाभ्युत्थानादि लोकः समाचरतीत्येवंविधविपाकमादेयनामेति, विपरीतमनादेयनाम युक्तियुक्तमपि वचनं यदुदयान्न प्रमाणयति लोकः, न चाभ्युत्थानाद्यर्हणमर्हस्यापि कुर्वन्ति तदनादेयनामेति, अथवा आदेयता श्रद्धेयता दर्शनादेव यस्य भवति, स च शरीरगुणो यस्य विपाकाद् भवति तदादेयनाम, एतद्विपरीतमनादेयनामेति,

यशोनिर्वर्त्तकं यशोनाम यशः प्रख्यातिः कीर्तिः लोके गुणोत्कीर्तना प्रशंसा यदुदयात् तद्यशोनाम, विपरीतमयशोनाम, दोषविषया प्रख्यातिर-यशोनामेति ॥

तीर्थकरत्वनिर्वर्त्तकं तीर्थकरनाम यस्य कर्मण उदयात्तीर्थं दर्शनज्ञानचरण-लक्षणं प्रवर्तयति यतिगृहस्थधर्म्मं च कथयति, आक्षेपविक्षेपसंवेगनिर्वेदद्वारेण भव्यजनसंसिद्धये, सुरासुरमनुजपतिपूजितश्च भवति तत्तीर्थकरनामेति ॥

नामकर्मभेदानाख्याय नामशब्दनिर्वचनमाचष्टे शब्दार्थप्रतीतये, तांस्तानिति गतिजात्यादीन् नमयति-अभिमुखीकरोति संसारिणः प्रापयतीति नामोच्यते, एवमित्यादिनोपसंहरति नामकर्मप्रकृतिवक्तव्यं उक्तेन प्रकारेण सोत्तरभेदः गतिश्चतुर्द्धा जातिः पञ्चप्रकारेत्यादिरुत्तरप्रकृतिभेदः सह तेन नामकर्मभेदोऽनेकविधोऽवसेय इति ॥८-१२॥

**ટીકાર્થ–** પૂર્વે નામકર્મના પિંડ(=સમુદિત) પ્રકૃતિના ૪૨ ભેદો કહ્યા છે. તેનું પ્રતિપાદન કરવા માટે આ સૂત્ર છે. જે નમાવે=પરિણમાવે, અર્થાત્ જીવને નારક આદિ ભવાંતરો પ્રાપ્ત કરાવે તે નામ. અથવા જીવપ્રદેશોના સંબંધવાળા પુદ્ગલદ્રવ્યોના વિપાકના સામર્થ્યથી નામ એ

યથાસંજ્ઞાવાળું છે. તે આ પ્રમાણે- જે નમાવે તે નામ. જેવી રીતે શુક્લાદિ ગુણોથી યુક્ત દ્રવ્યોમાં ચિત્રપટ વગેરે તરીકે જે વ્યવહારની પ્રવૃત્તિ થાય છે તે નિયત થયેલી સંજ્ઞાના કારણે છે. તે રીતે ગતિ આદિમાં નામ તરીકે થતો વ્યવહાર નિયત થયેલી સંજ્ઞાના કારણે છે. તેમાં ગતિ નામકર્મ ચાર પ્રકારનું છે, જાતિ નામકર્મ પાંચ પ્રકારનું છે. શરીર નામકર્મ પાંચ પ્રકારનું છે. અંગોપાંગ નામકર્મ ત્રણ પ્રકારનું છે. નિર્માણ નામકર્મ એક પ્રકારનું છે. સંસ્થાન નામકર્મ છ પ્રકારનું છે. સંહનન નામકર્મ છ પ્રકારનું છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ નામકર્મ એક-એક પ્રકારનું છે. આનુપૂર્વી નામકર્મ ચાર પ્રકારનું છે. અગુરુલઘુ નામકર્મ એક પ્રકારનું છે. ઉપઘાત, પરાઘાત, આતપ, ઉદ્યોત અને ઉચ્છ્વાસ આ નામકર્મો એક એક પ્રકારના છે. વિહાયોગતિ નામકર્મ બે પ્રકારનું છે. પ્રત્યેકશરીર, સાધારણશરીર, ત્રસ, સ્થાવર, સુભગ, દુર્ભગ, સુસ્વર, દુઃસ્વર, સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત, સ્થિર, અસ્થિર, આદેય, અનાદેય, યશ, અયશ અને તીર્થંકર આ નામકર્મો એક એક પ્રકારના જ છે. આ પ્રમાણે નામકર્મની આ ઉત્તરપ્રકૃતિઓ ૬૭ છે. અહીં બંધનનામ અને સંઘાતનામ શરીરનામની અંતર્ભૂત જ છે. એ બે શરીરવિશેષ હોવાથી (શરીરથી) જુદી ઉત્તરપ્રકૃતિઓ નથી. સૂત્રમાં એ બેનું અલગથી ગ્રહણ એ બેના સ્વરૂપની પ્રરૂપણા કરવા માટે છે.

'गतिनाम' ઇત્યાદિ ભાષ્ય છે. તેમાં ગતિનામ ઇત્યાદિથી પ્રારંભી આ પ્રમાણે મૂલભેદથી આ નામકર્મ બેતાલીસ ભેદોવાળું છે. ત્યાં સુધીના ભાષ્યથી પિંડપ્રકૃતિ કહેવામાં આવી છે. ગતિ એ જ નામ=ગતિનામ. નામશબ્દ જાતિનામ ઇત્યાદિ સઘળા પ્રયોગોમાં સમાનાધિકરણ છે(=સમાનાધિકરણ સમાસ છે.) આનુપૂર્વીનામ એવા પ્રયોગના સ્થાને બીજાઓ આનુપૂર્વ્ય નામ એવો પાઠ કહે છે. તેથી પ્રથમ પાઠ પ્રમાણે સૂત્ર आनुपूर्व्यगुरुलघूपघात એવું જાણવું. બીજા પાઠ પ્રમાણે સૂત્ર आनुपूर्व्यागुरुलघूपघात એવું જાણવું. પ્રત્યેક શરીર આદિ દશના પ્રતિપક્ષ સહિત સાધારણશરીર વગેરે દશ નામો હવે કહેવાશે તે પ્રમાણે જાણવા

અથવા પૂર્વપદ એવા પ્રત્યેક શરીરાદિની સામાનાધિકરણ્ય વિવક્ષામાં नामानि એ પ્રમાણે જાણવું. વ્યક્તિની વિવક્ષા કરવાથી નામ શબ્દ ઉત્તરપદ થાય. तद्यथा ઇત્યાદિથી સામાનાધિકરણ્યથી પ્રત્યેક શરીરનામ આદિ ઉદ્દેશ છે=માત્ર નામથી કથન છે. અંતે તીર્થંકર નામકર્મ એટલા માટે છે કે તે પ્રકૃષ્ટ(=સર્વશ્રેષ્ઠ) છે. इति શબ્દ પિંડપ્રકૃતિઓનું પરિમાણ બતાવવા માટે છે. एतद् એટલે નામકર્મ. નામકર્મ જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે બંધનનામ અને સંઘાતનામની સાથે બેતાલીસ ભેદવાળું છે.

હવે આ પિંડપ્રકૃતિઓના ભેદના બોધ માટે उत्तरनामानेकविधम् એવું ભાષ્ય છે. ઉત્તરનામ એટલે ઉત્તરપ્રકૃતિનામ, અર્થાત્ પિંડપ્રકૃતિઓનો ભેદ. तद्यथा ઇત્યાદિથી પિંડપ્રકૃતિઓના ભેદોનો નિર્દેશ કરે છે—

**ગતિ—** ગતિનામની પિંડપ્રકૃતિના નરકગતિનામ વગેરે ચાર ભેદો છે. તેમાં જે કર્મના ઉદયથી જીવ 'નારક' એ પ્રમાણે કહેવાય=વ્યવહાર કરાય તે નરક-ગતિનામકર્મ એ પ્રમાણે તિર્યંચયોનિનામકર્મ વગેરે ત્રણ વિષે પણ કહેવું.

**જાતિ—** 'जातिनाम्नः' इत्यादि, એકેન્દ્રિયજાતિ આદિ પાંચની અપેક્ષાએ જાતિનામ એ પિંડપ્રકૃતિ છે. આ પાંચ મૂળ ભેદો છે. तद्यथा ઇત્યાદિથી પાંચ મૂળ ભેદોનો નિર્દેશ કરે છે. 'एकेन्द्रियजातिनाम' इत्यादि, એક એટલે પ્રથમ ઇન્દ્રિય. જાતિ એ સામાન્ય છે. જાતિ એ જ નામ તે જાતિનામ. એ પ્રમાણે બેઇન્દ્રિયજાતિનામ આદિ ચાર પણ કહેવાં. એકેન્દ્રિયજાતિ-નામકર્મના ઉદયથી 'એકેન્દ્રિય' એ પ્રમાણે વ્યવહાર કરાય છે. એકેન્દ્રિય સંજ્ઞાનું નિમિત્ત એવી એકેન્દ્રિયજાતિ એ સામાન્ય છે. કેમકે પૃથ્વી આદિ ભેદોમાં અનુગત છે. એકેન્દ્રિયજાતિનામ વિના 'એકેન્દ્રિય' એવી સંજ્ઞાનો અભાવ જ થાય.

'एकेन्द्रियजातिनाम' इत्यादि એકેન્દ્રિયજાતિ વગેરે પણ પૃથ્વીકાયાદિ ભેદોની અપેક્ષાએ પિંડપ્રકૃતિઓ જ છે. 'तद्यथा' ઇત્યાદિથી નિર્દેશ કરે છે- 'पृथिवीकायिकजातिनाम' પૃથિવી એ જ કાય તે પૃથ્વીકાય. પૃથ્વીકાય જેમને છે તે પૃથિવીકાયિક. તેમની જાતિ એ જ નામ=પૃથિવીકાયિક-

જાતિનામ. પૃથિવીકાયજાતિનામકર્મના ઉદયથી 'પૃથિવીકાયિક' એવો વ્યવહાર થાય છે. એ પ્રમાણે બીજાં પણ કહેવાં.

પૃથ્વીકાયિકજાતિનામ અનેક પ્રકારનું છે એ કથન દ્વારા ફરી પણ પૃથિવીકાયિકજાતિનામ પિંડપ્રકૃતિ છે એમ જણાવે છે.

ઉપક્લેદ એટલે હરતનું. હરતનું એટલે ભૂમિમાંથી નીકળીને તૃણના અગ્રભાગમાં રહેલા જળબિંદુઓ. બીજા ભેદોનો અર્થ સમજાઇ ગયેલો છે. (અવસ્યાય=ઝાકળ. નીહાર=આકાશમાંથી પડતા જલકણો-કરા.)

તેજસ્કાય વગેરે બધું સમજાઇ ગયેલું છે. એ પ્રમાણે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિયના નામો (અનુક્રમે) શંખ, મોતીની છીપ વગેરે, ઊધઇ, કીડી વગેરે, ભમરો, મધમાખી વગેરે, તિર્યંચ, મનુષ્ય આદિ ભેદથી કહેવા.

શરીર નામકર્મની ઉત્તરપ્રકૃતિઓ પાંચ છે. તેનું પ્રતિપાદન કરવા માટે કહે છે–

**શરીર–** 'शरीरनाम' इत्यादि અસાર, સ્થૂલવર્ગણાના પુદ્ગલોથી નિર્માણ કરાયેલું શરીર ઔદારિક છે. તેને પ્રાયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરવામાં જે કર્મ કારણ છે તે ઔદારિક શરીરનામ કહેવાય છે. વિચિત્ર-શક્તિવાળાં દ્રવ્યોથી નિર્માણ કરાયેલું શરીર વૈક્રિય છે. તેને પ્રાયોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરવામાં જે કર્મ કારણ છે તે કર્મ કારણમાં કાર્યના ઉપચારથી વૈક્રિય શરીરનામ કહેવાય છે. કાર્ય સાધવા માટે જે એકઠું=ભેગું કરાય તે શરીર આહારક છે. બીજું પૂર્વવત્ જાણવું. તેજસ્વી- દ્રવ્યોથી પ્રારંભાયેલું (=બનાવાયેલું) ઉષ્ણતાગુણવાળું અને આહારનું પાચન કરવામાં સમર્થ શરીર તૈજસ છે. શેષ પૂર્વવત્ જાણવું. જેમ બોર આદિનો આધાર કુંડી છે તેમ જે સઘળાં કર્મોનો આધાર રૂપ છે, જેમ બીજ અંકુરાદિનું કારણ છે તેમ જે સઘળાં કર્મોની ઉત્પત્તિમાં સમર્થ છે તે શરીર કાર્મણ છે. શરીર નામકર્મની આ ઉત્તરપ્રકૃતિ સમુદાયરૂપ આઠ કર્મોથી જુદી જ છે.

**અંગોપાંગ–** 'अङ्गोपाङ्ग' इत्यादि, અંગો અને ઉપાંગો જે કર્મના ઉદયથી રચાય છે તે અંગોપાંગ નામ. તે ઔદારિક, વૈક્રિય, આહારકના ભેદથી ત્રણ પ્રકારનું છે. તેમાં અંગો છાતી, મસ્તક, પીઠ, પેટ, બે હાથ અને બે પગ એમ આઠ છે. સ્પર્શન અને મસ્તિષ્ક વગેરે ઉપાંગો છે. આઠ અંગોમાં એક એક અંગનું અનેક પ્રકારનું ઉપાંગ છે. તેમાં મસ્તક દ્રવ્યને આશ્રયીને ભાષ્યકારે ઉપાંગો આ પ્રમાણે કહ્યા છે–

મસ્તિષ્ક એટલે મસ્તુલુંગ. મસ્તુલુંગ મસ્તક અંગનો આરંભક અવયવ છે. મસ્તિષ્ક, કપાલ વગેરે અને સ્પર્શન વગેરે મસ્તકનાં ઉપાંગો છે. (જેવી રીતે આંખ, કાન આદિ મસ્તકના ઉપાંગો છે. તેવી રીતે સ્પર્શન (=સ્પર્શનેન્દ્રિય) પણ મસ્તકનું ઉપાંગ છે.

**પૂર્વપક્ષ–** મસ્તિષ્કને(=મજ્જાને) ધાતુઓમાં(=શરીરની સાત ધાતુઓમાં) કહ્યું છે તે નથી અંગ કે નથી ઉપાંગ.

**ઉત્તરપક્ષ–** કપાળ આદિની જેમ મસ્તક અંગનું આરંભક હોવાથી મસ્તિષ્ક પણ મસ્તકનું ઉપાંગ જાણવું. આ પ્રમાણે છાતી વગેરે અંગોના પણ એક એકના ઉપાંગો કહેવા. અગ્નિ, પાણી, પવન, પૃથ્વી, વનસ્પતિ સિવાયના જીવોમાં ઉપાંગો સંભવે છે.

**નિર્માણ–** जातिलिङ्गाकृति, इति એકેન્દ્રિયાદિ રૂપ જાતિ પાંચ પ્રકારે કહી છે. તે જાતિમાં સ્ત્રી, પુરુષ, નપુંસકનું જે અસાધારણ લિંગ છે તેનું અને અવયવોની રચના રૂપ આકારનું(=આકૃતિનું) જે નિર્માણ કરાવે તે નિર્માણ નામ. આ કહેવાનું થાય છે- કળામાં કુશળ સુથારની જેમ સર્વજીવોના પોતપોતાના અવયવોની ગોઠવણીના નિયમનું (અમુક સ્થાને અમુક જ અવયવ ગોઠવાવો જોઈએ એવા નિયમનું) કારણ નિર્માણ નામ છે.

**બંધન–** "सत्यां प्राप्तौ" इत्यादि શરીરનામકર્મના ઉદયથી ગ્રહણ કરેલા કે ગ્રહણ કરાતા તેને પ્રાયોગ્ય પુદ્ગલો આત્મપ્રદેશોમાં રહ્યે છતે અને શરીરાકારે પરિણત થયે છતે પરસ્પર છૂટા ન થવા દેનાર કાષ્ઠ, જતુ જેવું બંધનનામ ન હોય તો રેતીના પુરુષની જેમ શરીરો(=શરીરના પુદ્ગલો)

છૂટા પડી જાય એમ આ ભાષ્યથી જણાવ્યું છે. બંધનનામ ઔદારિકાદિ ભેદથી પાંચ પ્રકારે છે. આ બંધનનામપ્રકૃતિ નામકર્મથી જુદી નથી, અર્થાત્ નામકર્મ રૂપ જ છે.

સંઘાત પ્રકૃતિના સ્વરૂપનું નિરૂપણ કરવા માટે આ કહે છે–

**સંઘાત–** "बद्धानामपि च" इत्यादि, જતુ-કાષ્ઠના[1] દૃષ્ટાંતથી પરસ્પર બંધાયેલા પણ પુદ્ગલોની વિશિષ્ટ રચના એ સંઘાત છે. આત્મા વડે સંયોગરૂપે ગ્રહણ કરાયેલા પુદ્ગલોની જે કર્મના ઉદયથી ઔદારિકાદિ શરીરરૂપે વિશિષ્ટ રચના થાય છે તે સંઘાતનામકર્મ છે. આ પ્રકૃતિ પુદ્ગલરચનારૂપે વિપાકવાળી થાય છે માટે પુદ્ગલવિપાકી કહેવાય છે. સંઘાતનામ ઔદારિકાદિ ભેદથી પાંચ પ્રકારે છે. ઔદારિકશરીર વગેરે પરસ્પર વિભિન્ન લેપથી કરેલી રચનાવિશેષની જેમ શરીરપરિણામ જ છે એમ જણાય છે. જો આવા પ્રકારનો કર્મભેદ ન હોય તો પ્રત્યક્ષ પ્રમાણથી નિશ્ચિત કરી શકાય તેવો પુરુષ, સ્ત્રી, ગાય આદિ રૂપ વિવિધ શરીરભેદ ન સંભવે, કેમકે સંઘાતવિશેષ કર્મનો અભાવ છે. લોકમાં કાર્ય કારણને અનુસરનારું(=કારણ પ્રમાણે કાર્ય થાય) છે એમ પ્રસિદ્ધ છે. સંઘાતવિશેષથી જ આ શરીર પુરુષનું છે, આ શરીર સ્ત્રીનું છે ઇત્યાદિ વિભાગથી વ્યવહાર થાય છે. अपि શબ્દ સંભાવના અર્થમાં છે. च શબ્દ અવધારણ અર્થમાં છે. બંધનનામ હોય તો જ વિશેષ[2] થાય. કારણ કે સંઘાતનામ (પુદ્ગલોને) વિશેષ રીતે એકઠા કરીને વિશિષ્ટ સંઘાતને ઉત્પન્ન કરે છે. संघातविशेषस्य जनकम् એમ શેષમાં षष्ठी વિભક્તિ છે. આથી સમાસનો પ્રતિષેધ નથી. પ્રતિપદથી(=વિશેષ સૂત્રથી) વિહિત ષષ્ઠીના સમાસનો નિષેધ છે.

અહીં ભાવાર્થ આ છે- છટ્ઠી વિભક્તિ બે રીતે થાય. (૧) शेषे (સિદ્ધહેમ ૨-૨-૮૧) એ સૂત્રથી શેષ અર્થમાં છટ્ઠી વિભક્તિ થાય. સ્વ-

૧. જતુ-કાષ્ઠનું દૃષ્ટાંત બંધનમાં આપ્યું છે. સંઘાતમાં તે દૃષ્ટાંત ઘટતું નથી. સંઘાતમાં કર્મગ્રંથ વગેરે ગ્રંથોમાં દંતાળીનું દૃષ્ટાંત આપ્યું છે. આથી અનુવાદમાં જતુ-કાષ્ઠ દૃષ્ટાંતનો અન્વય "પરસ્પર બંધાયેલા" એ શબ્દોની સાથે કર્યો છે.

૨. અહીં ટીકામાં ~~न स्याद्~~ એ સ્થળે न વધારાનો જણાય છે. પ્રતલહિયાના દોષથી આમ બન્યું હશે.

સ્વામિભાવ આદિ સંબંધવિશેષ શેષ કહેવાય છે. આનો અર્થ એ થયો કે સંબંધમાં છઠ્ઠી વિભક્તિ થાય. (૨) સંબંધ ન હોય પણ વિશેષ સૂત્રોથી છઠ્ઠી વિભક્તિનું વિધાન કર્યું હોય એથી છઠ્ઠી વિભક્તિ થાય. અહીં સિદ્ધહેમશબ્દાનુશાસનમાં યત્ન શબ્દનો પ્રયોગ કર્યો છે. યત્નથી (સૂત્ર રચના કરીને) છઠ્ઠી વિભક્તિનું વિધાન કર્યું હોય. જેમકે- सर्पिषो नाथितम् । અહીં नाथ (૨-૨-૧૦) એ સૂત્રથી યત્નથી છઠ્ઠી વિભક્તિ છે તેથી સમાસ ન થાય. પ્રસ્તુતમાં છઠ્ઠી વિભક્તિ યત્નથી(=વિશેષ સૂત્રથી) નથી કિંતુ શેષમાં(=સંબંધમાં) છે માટે સમાસનો નિષેધ નથી.

'प्रचयविशेषाद्' इति વિશેષ રીતે એકઠા કરીને પુરુષશરીર-સ્ત્રીશરીર આદિ સંબંધી પુદ્ગલોની જે રચના(=ગોઠવણી) થાય છે તે સંઘાતનામકર્મ નિમિત્તથી છે. જે નિમિત્તથી રચના થાય છે તે (નિમિત્ત) સંઘાતનામ છે. તેને પ્રસિદ્ધ ઉદાહરણથી વિચારતા ભાષ્યકાર કહે છે- 'दारुमृत्पिण्डायः-पिण्डसंघातवद्' इति ગદ્યબંધની અનુકૂળતા માટે અહીં પિંડ શબ્દનું બે વાર ગ્રહણ કર્યું છે. दारुमृदयःपिण्डवत् એવું ઉચ્ચારણ કઠીન થાય.

**પ્રશ્ન–** अयोदारुमृत्पिण्डवद् એવો વાક્ય પ્રયોગ કેમ ન કર્યો ?

**ઉત્તર–** શુદ્ધ(=નિર્દોષ) વચનવાળા આચાર્ય- એકવાર વાક્ય પ્રયોગ કર્યા પછી પાછા ન ફરે, અર્થાત્ એકવાર કરેલા વાક્યપ્રયોગને બદલે નહિ. કાષ્ઠપિંડની જેમ, મૃત્પિંડની જેમ અને અયઃપિંડની જેમ એમ ત્રણ દૃષ્ટાંતો છે.

**પ્રશ્ન–** આ વિષે બીજાં પણ દૃષ્ટાંતો હોવા છતાં અહીં આ ત્રણ દૃષ્ટાંતોનો ઉલ્લેખ કેમ કર્યો ?

**ઉત્તર–** સુલભ હોવાથી અને જ્ઞાન મેળવનારને અતિશય બોધનું કારણ હોવાથી અહીં આ ત્રણ દૃષ્ટાંતોનો ઉલ્લેખ કર્યો છે.

કાષ્ઠના અવયવોનો સંઘાત તે દારુપિંડ, એ પ્રમાણે માટીના અવયવોનો સંઘાત તે મૃત્પિંડ તથા લોખંડના અવયવોનો સંઘાત તે અયઃપિંડ. આ પ્રમાણે જીવવડે આત્મસાત્ કરાયેલા ઔદારિકાદિ શરીરને

યોગ્ય પુદ્ગલો સંઘાતનામકર્મના ઉદયથી પરસ્પર ભેગા થયેલા સારી રીતે રહે છે.

[શરીર, અંગોપાંગ, નિર્માણ, બંધન, સંઘાત એ પાંચને બરોબર સમજીએ–

(૧) સર્વપ્રથમ શરીરનામકર્મથી તે તે શરીરને યોગ્ય પુદ્ગલોનું ગ્રહણ થાય અને એ પુદ્ગલોનો આત્મપ્રદેશોની સાથે સંયોગ થાય.

(૨) પછી અંગોપાંગનામકર્મથી અંગોપાંગરૂપે રચના થાય.

(૩) પછી નિર્માણનામકર્મથી લિંગ અને અવયવોની તે તે સ્થાને ગોઠવણી થાય.

(૪) પછી બંધનનામકર્મથી જતુ-કાષ્ઠની જેમ પુદ્ગલોનું જોડાણ થાય. જતુ એટલે લાખ. લાખ જેમ કાષ્ઠના બે ટુકડાને જોડે છે તેમ પહેલાં ગ્રહણ કરેલા અને હમણાં ગ્રહણ કરાતા પુદ્ગલો જોડાઈ જાય છે.

(૫) જોડાયેલા એ પુદ્ગલો પોલા હોય છે, ઠોસ(=નિબિડ) હોતા નથી. એથી જેમ ઘાસના પોલા મોટા ઢગલાને દબાવીને નિબિડ (ઠોસ) નાનો ઢગલો બનાવે છે તેમ સંઘાતનામકર્મથી પોલા એ પુદ્ગલોને દબાવીને ઠોસ બનાવે છે.]

સંસ્થાનનામકર્મના સ્વરૂપનું વ્યાખ્યાન કરવા માટે કહે છે–

**સંસ્થાન–** 'संस्थाननाम षड्विधम्' इति સારી સ્થિતિ તે સંસ્થાન. સંસ્થાન આકારવિશેષ છે. બંધાયેલા નિબિડ (ઠોસ) થયેલા પુદ્ગલોમાં જે કર્મના ઉદયથી આકારવિશેષ થાય તે સંસ્થાનનામ. તે સંસ્થાન છ પ્રકારનું છે. તે આ પ્રમાણે- એમ કહીને છએ સંસ્થાનને નામ લઈને કહે છે- 'समचतुरस्रनाम' इत्यादि, સમ એવું ચતુરસ્ર તે સમચતુરસ્ર. કારણ કે તે શરીર માન, ઉન્માન, પ્રમાણથી ન્યૂન નહિ અને અધિક પણ નહિ તેવું હોય છે. તેના અંગોપાંગો પરિપૂર્ણ હોય છે. નીચે, ઉપર અને તિર્છું તુલ્ય હોય છે. જીવની પોતાની આંગળીઓથી એક સો આઠ આંગળ ઊંચું હોય છે અને અંગોપાંગોથી યુક્ત હોય છે. યુક્તિથી નિર્મિત લેપના પૂતળાની જેમ પરિપૂર્ણ હોય છે.

ન્યગ્રોધપરિમંડલનામકર્મથી નાભિથી ઉપરના સઘળા અવયવો સમચતુરસ્ર સંસ્થાનની તુલ્ય હોય છે, નાભિથી નીચેના તેના અવયવો ઉપરના ભાગને અનુરૂપ ન હોય. આથી જ તે ન્યગ્રોધપરિમંડલ(=વડના જેવા ગોળ ઘેરાવાવાળું) કહેવાય છે. કેમકે તેનો આકાર વડલા જેવો હોય છે. ઉપરના ભાગમાં (વડલા જેવો) વિશાળ આકાર હોવાથી ન્યગ્રોધ-પરિમંડલ છે.

સાદિનામનું સ્વરૂપ આ પ્રમાણે છે- નાભિની નીચેના સઘળા અવયવો સમચતુરસ્ર સંસ્થાન સમાન હોય છે, પણ ઉપરના અવયવો નીચેના ભાગને અનુરૂપ ન હોય. શાલ્મલી વૃક્ષને પ્રવચન જ્ઞાતાઓ સાદિ કહે છે. તેનો સ્કંધ લાંબો (ભરાવદાર) હોય છે પણ ઉપરના ભાગમાં સ્કંધને અનુરૂપ વિશાળતા ન હોય.

કુબ્જનામનું સ્વરૂપ આ પ્રમાણે છે- ડોકની ઉપરનો ભાગ અને હાથ-પગ સમચતુરસ્રના લક્ષણથી યુક્ત હોય અને પેટનો મધ્યભાગ(=પેટ-છાતી વગેરે) સંક્ષિપ્ત અને વિકૃત હોય તે કુબ્જ સંસ્થાન છે.


વામનનામનું સ્વરૂપ આ પ્રમાણે છે- પેટ (છાતી વગેરે) લક્ષણથી યુક્ત હોય, ડોક વગેરે ઉપરના ભાગમાં અને હાથ-પગના લક્ષણમાં ન્યૂનતા હોય તે વામન સંસ્થાન છે.

જેમાં પગ વગેરે અવયવો પ્રાયઃ યથોક્ત પ્રમાણવાળા ન હોય તે હુંડક સંસ્થાન છે. કહ્યું છે કે- માથું ઘણું મોટું અને ઘણું ઊંચું=લાંબું હોય, પેટ નાનું હોય, નીચેનું શરીર નાનું હોય, શરીર ચારે બાજુ અસંસ્થિત=બેડોળ હોય આવું સંસ્થાન હુંડક સંસ્થાન છે.

**સંઘયણ–** 'संहनननाम षड्विधम्' इत्यादि, અહીં વ્યાખ્યા પૂર્વવત્ જાણવી. तद्यथा ઇત્યાદિથી છએ સંહનનનું સ્વરૂપ પ્રગટ કરે છે. 'वज्रर्षभनाराचम्' इत्यादि, હાડકાઓનો બંધવિશેષ સંહનન છે. ઋષભ એટલે પાટો. વજ્ર એટલે ખીલી. નારાચ એટલે બંને તરફ મર્કટબંધસમાન અસ્થિબંધ. વજ્ર, ઋષભ અને નારાચ એ ત્રણ જે સંહનનમાં હોય તે વજ્રઋષભ-નારાચ સંહનન. [બે હાડકાં પરસ્પર નારાચથી(=મર્કટ-

બંધથી) બંધાયેલા હોય તે બંને હાડકાં ઉપર પાટા રૂપે ત્રીજું હાડકું હોય. એ ત્રણેય હાડકાઓને ભેદીને ખીલીરૂપે એક હાડકું હોય, આવી મજબૂત હાડકાઓની રચનાને વજ્રઋષભનારાચ સંહનન કહે છે.] વજ્રઋષભ-નારાચ સંહનન હાડકાઓનો બંધવિશેષ છે.

અર્ધવજ્રઋષભનારાચની વ્યાખ્યા આ પ્રમાણે છે- વજ્ર-ઋષભ અને નારાચ એ બધાનું અર્ધું, અર્થાત્ વજ્રનું અર્ધું, ઋષભનું અર્ધું અને નારાચનું અર્ધું તે અર્ધવજ્રઋષભનારાચ છે. આ ભાષ્યકારનો મત છે. કર્મપ્રકૃતિ (વગેરે) ગ્રંથોમાં પાટાથી રહિત વજ્રઋષભનારાચ નામને જ અર્ધવજ્રઋષભનારાચ કહ્યું છે. અહીં તત્ત્વ(=સત્ય) શું છે તે તો સંપૂર્ણ અનુયોગધારીઓ જાણે. અથવા અર્ધ શબ્દનું ગ્રહણ કર્યું હોવાથી પાટાથી રહિત સંહનન અર્ધવજ્રઋષભનારાચ છે એમ વ્યાખ્યા કરવી. નારાચ નામકર્મમાં કેવળ મર્કટબંધ જ હોય, ખીલી અને પાટો ન હોય. અર્ધનારાચ નામકર્મમાં એક તરફ મર્કટબંધ હોય અને બીજી તરફ મર્કટબંધથી રહિત કેવળ ખીલી હોય. અહીં પણ કર્મપ્રકૃતિ ગ્રંથમાં હાડકાની ઉપર ખીલી કહી નથી. પાંચમા કીલિકાનામનો અર્થ આ પ્રમાણે છે- મર્કટબંધ વિના બે હાડકાઓની વચ્ચે માત્ર ખીલી હોય છે.



૧. વજ્રઋષભનારાચ સંઘયણ

૨. ઋષભનારાચ સંઘયણ

૩. નારાચ સંઘયણ

૪. અર્ધનારાચ સંઘયણ

૫. કિલિકા સંઘયણ

૬. સેવાર્ત સંઘયણ

જેમાં હાડકાઓના બે છેડા મળેલા હોય, હાડકાઓ ચામડી, સ્નાયુ, માંસથી વીંટળાયેલા(=ઢંકાયેલા) હોય તે સૃપાટિકાનામ કહેવાય છે. સૃપાટિકા એટલે ફલકસંપુટ. જેવી રીતે ફલકસંપુટમાં ફલકો પરસ્પર માત્ર સ્પર્શસ્થિતિથી રહે છે, એ પ્રમાણે આ સંહનનમાં હાડકાઓ રહેલા હોય છે. આ પ્રમાણે આવા પ્રકારના અસ્થિસમૂહ રૂપ સંહનનનામનો લોઢાનો પાટો, નારાચ અને ખીલીથી પ્રતિબદ્ધ કપાટની જેમ ઔદારિક શરીરમાં જ સંબંધ થાય છે, અર્થાત્ ઔદારિક શરીરમાં જ સંહનન હોય છે. (વૈક્રિય આદિ શરીરમાં સંહનન ન હોય.)

**સ્પર્શ–** 'स्पर्शनामाष्टविधम्' इत्यादि, ઔદારિક શરીરોમાં જે કર્મના ઉદયથી કઠિન વગેરે સ્પર્શવિશેષ ઉત્પન્ન થાય છે તે સ્પર્શનામ છે. તેના આઠ ભેદો છે. આઠ ભેદોનું પ્રતિપાદન કરતા ભાષ્યકાર કહે છે- 'कठिननामादि' इति, કર્કશ-કોમળ, ગુરુ-લઘુ, સ્નિગ્ધ-રૂક્ષ, શીત-ઉષ્ણ એમ આઠ નામો છે. સ્વસ્થાનમાં તો એમના પ્રકર્ષ-અપ્રકર્ષથી ઉત્પન્ન કરાયેલા અનેક ભેદો છે.

**રસ–** रसनामानेकविधं तिक्तनामादि રસના તીખો, કડવો, તૂરો, ખાટો, મીઠો, ખારો એમ છ નામો છે. ખારો રસ મીઠા રસની અંતર્ગત છે એમ કોઇ કહે છે. અનેકવિધનું ગ્રહણ તીખો રસ વગેરેના અવાંતર ભેદોનું પ્રતિપાદન કરવા માટે છે. એ પ્રમાણે અન્યમાં પણ અવાંતર ભેદો કહેવા.

**ગંધ–** गन्धनामानेकविधं सुरभिगन्धनामादि, શરીરમાં સુગંધ અને દુર્ગંધ જે નામકર્મના વિપાકથી ઉત્પન્ન કરાય છે તે ગંધનામ. બીજાઓ સાધારણ ગંધ ઉત્પન્ન કરાય છે એમ વિશેષ વિના સાધારણ ગંધને કહે છે તે અસત્ય છે. સુગંધ કે દુર્ગંધ એમ હોવું જોઇએ. કોઇ ગંધ સાધારણ નથી.

**વર્ણ–** वर्णनामानेकविधं कालनामादि, જે કર્મના ઉદયથી શરીરમાં કૃષ્ણ વગેરે પાંચ પ્રકારના વર્ણની સિદ્ધિ(=પ્રાપ્તિ) થાય છે તે વર્ણનામ છે. કાળો, લીલો, લાલ, પીળો, સફેદ ભેદવાળું વર્ણનામ છે. સ્પર્શનામથી પ્રારંભી વર્ણનામ સુધીના બધા નામો શરીરમાં રહેલા પુદ્ગલોમાં વિપાકવાળા થાય છે.

આનુપૂર્વી નામના સ્વરૂપનું નિરૂપણ કરવા માટે કહે છે–

**આનુપૂર્વી–** 'गतावुत्पत्तुकामस्य' इत्यादि, જે(=જ્યાં) જવાય તે ગતિ. ગતિ એટલે નરકાદિમાં ઉત્પત્તિનું સ્થાન. એ ઉત્પત્તિ સ્થાન ગતિનામકર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે. કર્મના સામર્થ્યથી તે ગતિમાં ઉત્પત્તિને ઈચ્છતા અને મનુષ્ય કે તિર્યંચ જાતિવાળો પશુ જ્યાં સુધી ઉત્પત્તિ સ્થાને ન પહોંચે ત્યાં સુધી અંતરાલ ગતિમાં વર્તમાન કોઈક જીવને આનુપૂર્વી નામકર્મનો ઉદય થાય છે. આનુપૂર્વી એટલે ક્ષેત્રની રચનાનો ક્રમ, અર્થાત્ આકાશ-પ્રદેશોની શ્રેણીનો ક્રમ, કેમકે જીવોની અને પુદ્ગલોની ગતિ આકાશપ્રદેશોની શ્રેણીના અનુસારે થાય છે એવું વચન છે. (અ.૨ સૂ.૨૭ ભાષ્ય) ત્યાં જવામાં જે કર્મના ઉદયથી ઘણી અનુકૂળતા રહે તેને પણ આનુપૂર્વી કહેવાય. આનુપૂર્વીનામ અન્યગતિમાં જતા આત્માને માછલીને પાણીની જેમ ઉપકાર કરે છે. અંતર(=વિગ્રહ) ગતિ ઋજુ અને વક્ર એમ બે પ્રકારની છે. તેમાં જ્યારે એક સમયપ્રમાણવાળી ઋજુગતિથી જાય ત્યારે પૂર્વના જ આયુષ્યને અનુભવતો આનુપૂર્વી નામકર્મના ઉદય વિના જ ઉત્પત્તિસ્થાને પહોંચી જાય છે અને ત્યાં આગળના આયુષ્યને મેળવે છે, અર્થાત્ જે ગતિમાં ગયો હોય તે ગતિના આયુષ્યને અનુભવે છે=ત્યારથી તે ગતિનું આયુષ્ય શરૂ થઈ જાય છે. કોણી, હળ, ગોમૂત્રિકા જેવી અને બે-ત્રણ-ચાર સમયના પ્રમાણવાળી વક્રગતિથી પ્રવૃત્ત થાય ત્યારે તેના પ્રારંભકાળે જ આગળના આયુષ્યને ગ્રહણ કરે છે, અર્થાત્ વક્રગતિના પ્રારંભથી પરભવનું આયુષ્ય શરૂ થઈ જાય છે અને ત્યારે જ આનુપૂર્વી નામ ઉદયમાં આવે છે.

**પ્રશ્ન–** જીવ ઋજુગતિમાં આનુપૂર્વી નામકર્મ વિના જ ઉત્પત્તિ સ્થાને જાય છે તેમ વક્રગતિમાં પણ કેમ જતો નથી ?

**ઉત્તર–** ઋજુગતિમાં પૂર્વભવના આયુષ્યના વ્યાપારથી જ ઉત્પત્તિ સ્થળે પહોંચી જાય છે. જ્યાં પૂર્વભવના આયુષ્યનો ક્ષય થઈ જાય છે ત્યાં માર્ગમાં લાકડી જેવા (અર્થાત્ લાકડીના ટેકા જેવા) આનુપૂર્વી નામનો ઉદય થાય છે.

'तदभिमुखमानुपूर्वीत्यादि' तद् એવા શબ્દથી વિવક્ષિત ગતિનો સંબંધ કરાય છે. तद् એવા શબ્દથી ગતિનું ગ્રહણ કરવું. મૃત્યુ પામેલો જીવ જે ગતિમાં ઉત્પન્ન થશે તે ગતિને અભિમુખ=અનુકૂળ આનુપૂર્વીથી=વિશિષ્ટ દેશના ક્રમથી(=આકાશપ્રદેશોની શ્રેણી અનુસાર ગતિથી) 'तत्प्रापणसमर्थम्' એમ કહેશે, અર્થાત્ જીવને જે ગતિમાં જવું હોય તે ગતિને પ્રાપ્ત કરાવવામાં આનુપૂર્વીનામ સમર્થ છે. तदभिमुखम् એ પ્રયોગથી માત્ર આભિમુખ્ય(=અનુકૂળતા) જણાવ્યું છે. तत्प्रापणसमर्थम् એ પ્રયોગથી આનુપૂર્વી નામકર્મનું કાર્ય બતાવ્યું છે. ઉદયમાં આવેલું આ આનુપૂર્વી નામકર્મ જીવને જે ગતિમાં ઉત્પન્ન થવાનું હોય તે ગતિમાં જવામાં અનુકૂળ બનીને તે ગતિને પ્રાપ્ત કરાવવામાં સમર્થ છે.

આનુપૂર્વી નામકર્મ જેમાં મુખ્ય છે તે નરકગતિ આનુપૂર્વીનામ વગેરે ચાર પ્રકારનું આનુપૂર્વીનામ છે. મતાંતર બતાવવા માટે કહે છે–

પૂર્વે જાતિમાં લિંગની અને આકૃતિની વ્યવસ્થાનો નિયામક નિર્માણનામ છે એમ નિર્માણનામકર્મનું વ્યાખ્યાન કર્યું છે. નિર્માણનામકર્મથી ઘડાયેલા બાહુ, ઉદર આદિ અંગો અને આંગળી, કાન, નાક આદિ ઉપાંગોરૂપ અવયવોની રચનાનો જે ક્રમ તે ક્રમનું જે નિયામક=નિયમન કરનાર છે તે આનુપૂર્વીનામ છે. જેમકે બંને બાજુ બાહુ કમરની(=કેડની) નીચે બે ઢીંચણની(=ઘૂંટણની) ઉપર. એ પ્રમાણે બીજા સ્થળે પણ ક્રમ કહેવો. આ અંગોપાંગ આ જ સ્થાને રહેવું જોઈએ=આ અંગ અહીં જ રહેવું જોઈએ, આ ઉપાંગ અહીં જ રહેવું જોઈએ. આ પ્રમાણે નિયમન કરનાર આનુપૂર્વીનામ છે એમ બીજાઓ=પ્રવચનવૃદ્ધો કહે છે.

અગુરુ-લઘુ પ્રકૃતિનો નિર્ણય કરવા માટે કહે છે–

**અગુરુલઘુ–** 'अगुरुलघु' इत्यादि, અહીં ગુરુત્વ, લઘુત્વ અને ગુરુલઘુત્વ નામના ત્રણ પરિણામનો નિષેધ વિવક્ષિત છે. જે કર્મના ઉદયથી કુંથુઆ આદિ સર્વ જીવોના પોતપોતાના શરીરો, ગુરુ નહિ, લઘુ નહિ, ગુરુલઘુ નહિ કિંતુ અગુરુલઘુ પરિણામને ઘેરી લે છે=પામે છે તે કર્મ અગુરુલઘુ શબ્દથી કહેવાય છે. સર્વદ્રવ્યો સ્થિતિ આદિ અનેક સ્વભાવથી (=સ્વભાવરૂપે)

પરિણમે છે એવો જૈન સિદ્ધાંત છે. તેમાં અગુરુલઘુ નામનો જે પરિણામ છે તેનું નિયામક અગુરુલઘુ નામ છે. તેથી તેને(=શરીરને) તેમાં (=શરીરમાં) બીજી શક્તિ ઉત્પન્ન થઈ છે તેવું સ્થાપે છે=કરે છે તેથી અગુરુલઘુનામ છે.

તાત્પર્યાર્થ- અગુરુલઘુનામ શરીરમાં એવી શક્તિ ઉત્પન્ન કરે છે કે જેથી શરીર અગુરુલઘુ પરિણામથી પરિણત થાય છે. નિશ્ચયનયની વૃત્તિથી(=મતથી) સર્વશરીરો ગુરુ(=ભારે) વગેરે વ્યવહારને ભજનારા નથી=આ શરીર ભારે છે ઈત્યાદિ વ્યવહાર થતો નથી. પણ વ્યવહારનયના મતે પરસ્પરની અપેક્ષાએ ત્રણ પ્રકારને પામે છે. કહ્યું છે કે- "નિશ્ચયનયના મતે એકાંતે ગુરુસ્વભાવવાળું કોઈ દ્રવ્ય નથી, તેમ જ લઘુસ્વભાવવાળું કોઈ દ્રવ્ય નથી. વ્યવહારનયથી બાદર સ્કંધોમાં ગુરુ-લઘુપણાનો વ્યવહાર યોગ્ય છે, અન્ય(=સૂક્ષ્મ) સ્કંધોમાં નહિ."

ઉપઘાત નામકર્મના સ્વરૂપનું વ્યાખ્યાન કરવા માટે કહે છે–

**ઉપઘાત–** 'शरीराङ्गोपाङ्गोपघातकम्' इति શરીરના યથોક્ત અંગોનો અને ઉપાંગોનો જે કર્મના ઉદયથી બીજાઓ વડે અનેક રીતે ઉપઘાત(=ખંડન) કરાય તે ઉપઘાત નામ છે. वा શબ્દથી મતાંતરનું પ્રતિપાદન કરે છે. स्वपराक्रमविजयाद्युपघातजनकं वा કોઈક આચાર્યો ઉપઘાત નામકર્મને આ પ્રમાણે કહે છે- પરાક્રમ એટલે જીવનું વીર્ય. સ્વ એટલે પોતાનું. જીવનું પોતાનું જે વીર્ય તે સ્વપરાક્રમ. તેનો ઉપઘાત ઉત્પન્ન કરે છે. સમર્થ શરીરવાળાને પણ નિર્વીર્ય(=શક્તિહીન) બનાવી દે છે. પોતાના વિજયનો ઉપઘાત કરે છે. બીજાને જિતવા છતાં જિતાયો નથી જ, એવા વ્યવહારનું કારણ બને છે. આદિ શબ્દના ગ્રહણથી જે અદ્ભુત(=વિશિષ્ટ) કર્મ હોય તે પણ તેના ઉદયથી હણાય છે.

પરાઘાતના સ્વરૂપનું નિરૂપણ કરે છે–

**પરાઘાત–** 'परत्रास' इत्यादि, જે કર્મના ઉદયથી કોઈ માત્ર દર્શનથી ઓજસ્વી જણાય અથવા અન્યોની(=જૈનેતર પંડિતો વગેરેની) સભામાં પણ ગયેલો હોય તો વાણીના સૌષ્ઠવથી સભ્યોને પણ ત્રાસ પમાડે,

બીજાઓને આકર્ષી અથવા બીજાઓની પ્રતિભાનો પ્રતિઘાત કરે તે પરાઘાતનામ છે. આદિ શબ્દના ગ્રહણથી બીજાઓને ક્ષોભ પમાડે, બીજાઓની દૃષ્ટિનું અને ગતિનું સ્તંભન કરે. (ઇત્યાદિ) ગ્રહણ કરવું.

આતપ નામકર્મના સ્વરૂપનું નિરૂપણ કરવા માટે કહે છે–

**આતપ–** 'आतपसामर्थ्यजनकम्' इति તપાવે તે આતપ. કર્તાકારકમાં अच्[1] પ્રત્યય છે. અથવા જેનાથી તપાવાય તે આતપ. પુલ્લિંગમાં સંજ્ઞામાં घ[2] પ્રત્યય થયો છે. આતપનું સામર્થ્ય=શક્તિ કે અતિશય ઉદય પામેલા જે કર્મથી ઉત્પન્ન કરાય તે આતપનામ. आङ् મર્યાદાવચનવાળું (=મર્યાદા અર્થને કહેનારું)હોવાથી સૂર્યમંડલના પૃથ્વીકાય પરિણામમાં જ તે વિપાકવાળું થાય છે, અર્થાત્ સૂર્યવિમાનમાં રહેલા પૃથ્વીકાયના જીવોને જ આતપનામકર્મનો ઉદય હોય છે.

ઉદ્યોતનામકર્મના સ્વરૂપની પ્રરૂપણા કરવા માટે કહે છે–

**ઉદ્યોત–** 'प्रकाशसामर्थ्यजनकमुद्योतनाम' इति તેજને ઉત્પન્ન કરે તે ઉદ્યોત. ખદ્યોત(=આગિયો) વગેરેમાં થનારો અનુષ્ણ પ્રકાશ તે ઉદ્યોત. અગ્નિ અને સૂર્યમંડલમાં ઉદ્યોત ન હોય. કારણ કે અગ્નિનો સ્પર્શ ઉષ્ણ અને રૂપ લાલ હોય છે. આથી પ્રકાશના સામર્થ્યને-અતિશયને ઉત્પન્ન કરે તે ઉદ્યોતનામ છે. (તાત્પર્ય- જેના ઉદયથી જીવનું શરીર અનુષ્ણ પ્રકાશરૂપ ઉદ્યોતને કરે તે ઉદ્યોતનામ. પૃથ્વીકાયરૂપ ચંદ્રવિમાનને અને આગિયા વગેરેને આ કર્મનો ઉદય હોય છે.)

ઉચ્છ્વાસનામના સ્વરૂપને કહે છે–

**ઉચ્છ્વાસ–** 'प्राणापान' इत्यादि, ઊર્ધ્વગામી પવન પ્રાણ છે અને અધોગામી પવન અપાન છે. (શ્વાસ લેવો તે પ્રાણ અને શ્વાસ મૂકવો તે અપાન. પ્રાણાપાન એટલે શ્વાસોશ્વાસ.) તે બંને મૂર્ત પુદ્ગલરૂપ છે. આથી કહે છે- 'पुद्गलग्रहणसामर्थ्यजनकम्' इति, પ્રાણ અને અપાન અનંતપ્રદેશી

૧. अच् (સિદ્ધહેમ ૫-૧-૪૯) એ સૂત્રથી अच् પ્રત્યય થયો છે.
૨. पुंनाम्नि घः (સિદ્ધહેમ ૫-૩-૧૩૦) એ સૂત્રથી કરણકારકમાં घ પ્રત્યય થયો છે.

સ્કંધ પુદ્ગલના પરિણામથી ઉત્પન્ન થાય છે. પ્રાણાપાનને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરવાના સામર્થ્યને-અતિશયને જે ઉત્પન્ન કરે તે ઉચ્છ્વાસનામ છે, અર્થાત્ જેના ઉદયથી ઉચ્છ્વાસ અને નિઃશ્વાસ થાય છે તે ઉચ્છ્વાસનામ છે.

વિહાયોગતિના સ્વરૂપનું પ્રતિપાદન કરવા માટે કહે છે–

**વિહાયોગતિ–** 'लब्धिशिक्षा' इत्यादि, વિહાયસ્ એટલે આકાશ. આકાશમાં ગતિ તે વિહાયોગતિ. તે શુભ અને અશુભ એમ બે પ્રકારની છે. તેમાં હંસ, હાથી, બળદ આદિની ગતિ પ્રશસ્ત છે. ઊંટ, ગધેડો, શિયાળ આદિની ગતિ અપ્રશસ્ત છે. દેવોને દેવરૂપે ઉત્પત્તિ સાથે જ આકાશમાં જવાની લબ્ધિ હોય છે. શિક્ષાથી ઋદ્ધિ તે શિક્ષર્દ્ધિ. તપસ્વીઓને કે પ્રવચનનો અભ્યાસ કરતા મહાત્માઓને વિદ્યા આદિના આવર્તનના પ્રભાવથી આકાશગમનની શક્તિ પ્રાપ્ત થાય છે. લબ્ધિ અને શિક્ષર્દ્ધિરૂપ હેતુનું જનક વિહાયોગતિનામ છે.

પ્રત્યેકશરીરનામનો નિર્ણય કરવા માટે કહે છે–

**પ્રત્યેકશરીર–** 'पृथक्शरीरनिर्वर्तकम्' इत्यादि, જે કર્મના ઉદયથી દરેક જીવ (પોતાનું) એક એક શરીર બનાવે તે પ્રત્યેકનામ છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય જીવોને પ્રત્યેકનામકર્મ (ઉદયમાં) હોય છે. જેમકે પ્રત્યેક વનસ્પતિકાયનો જીવ મૂલ, સ્કંધ, શાખા, પ્રશાખા, છાલ, પત્ર, પુષ્પ, ફળ આદિમાં અલગ અલગ શરીર બનાવે છે. તે પ્રમાણે બેઇન્દ્રિય વગેરે જીવો પણ પોતાનું અલગ અલગ શરીર બનાવે છે.

સાધારણ શરીરનામ વગેરે બાદરનામ સુધીની અગિયાર પ્રકૃતિઓને ક્રમશઃ કહે છે–

**સાધારણશરીર–** 'अनेकजीव' इत्यादि, અનેક શબ્દથી અનંત સંખ્યાનું ગ્રહણ કરવું. અનંત જીવોનું એક શરીર તે સાધારણશરીર. કિસલય, નિગોદ, થોર, ગળો વગેરે સાધારણશરીર છે. જેવી રીતે એક જીવ પરિભોગ કરે તે રીતે અનેક જીવો પરિભોગ કરે. જે કર્મના ઉદયથી અનેક જીવોનું અભિન્ન(=એક) શરીર બનાવવામાં આવે તે સાધારણશરીરનામ.

**ત્રસ–** તથા ત્રસભાવને બનાવનાર ત્રસનામ છે. જે (એક સ્થળેથી બીજા સ્થળે) જાય તે ત્રસ. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય જીવો ત્રસ છે. ત્રસનામકર્મના ઉદયમાં જ ગતિ આદિની ક્રિયા થાય એમ અવધારણ ન કરવું. (કારણકે) ગતિ તો તેના ઉદયથી અને સ્વભાવથી થાય છે. તેના ઉદયથી બેઈન્દ્રિયાદિની અને સ્વભાવથી પરમાણુ-તેજસ્કાય-વાયુ આદિની ગતિ થાય છે.

**પૂર્વપક્ષ–** કમલિનીખંડ આદિનું દેશાંતરગમન સાંભળવામાં આવતું હોવાથી (ત્રસની વ્યાખ્યામાં) દોષ છે.

**ઉત્તર–** અધિષ્ઠાતા વ્યંતરદેવના અનુગ્રહથી તેમ બન્યું છે માટે આમાં દોષ નથી.

**સ્થાવર–** 'स्थावरभावेत्यादि' જે (એક સ્થળે) રહેવાના સ્વભાવવાળું હોય તે સ્થાવર. તેનો ભાવ તે સ્થાવરત્વ. સ્થાવરપણાને જે બનાવે તે સ્થાવરનામ. પૃથ્વી, પાણી, વનસ્પતિ વગેરે સ્થાવર છે. પૃથ્વી, પાણી, વનસ્પતિનો (એક સ્થળે) રહેવાનો સ્વભાવ સ્થાવરનામકર્મના ઉદયથી જ છે. હલન-ચલન થાઓ કે ન થાઓ પરમાર્થથી તો સ્થાવરનામકર્મના ઉદયથી સ્થાવરપણું છે. એ પ્રમાણે તેજસ્કાય અને વાયુ એ બેના સ્થાવરપણાની કર્મોદયથી જ સિદ્ધિ થાય છે.

**સૌભાગ્ય–** 'सौभाग्य' इत्यादि, સુભગ એટલે ચાહવા યોગ્ય=મનને પ્રિય. તેનો ભાવ તે સૌભાગ્ય. તેને બનાવનાર=ઉત્પન્ન કરનાર સુભગનામ છે.

**દૌર્ભાગ્ય–** 'दौर्भाग्य' इत्यादि, સુભગ નામથી વિપરીત લક્ષણવાળું દુર્ભગનામ છે. જે અનિષ્ટ હોય, મનને અપ્રિય હોય તે દુર્ભગ. દુર્ભગનો ભાવ તે દૌર્ભાગ્ય. જે કર્મના ઉદયથી દૌર્ભાગ્ય થાય તે દુર્ભગનામ.

**સુસ્વર-દુઃસ્વર–** 'सौस्वर्य' इति, ઉચ્ચારેલા અને સાંભળેલા જે શબ્દથી ઘણાને પ્રીતિ ઉત્પન્ન થાય તે સુસ્વરનામ છે. તેનાથી વિપરીત દુઃસ્વર-નામ છે. સંભળાતું જે અસુખને(=દુઃખને) લાવે છે તે દુઃસ્વરનામ છે.

**શુભ-અશુભ–** 'शुभ' इति, પૂજાયેલ ઉત્તમાંગ(=મસ્તક) વગેરે શુભ-ભાવ છે. તેનાથી ઉત્પન્ન કરાયેલી શોભાને અને માંગલ્યને બનાવનાર શુભનામ છે. શોભા એટલે પૂજા=સત્કાર. જેમકે, મસ્તક આદિથી ચરણો આદિને સ્પર્શવું. માંગલ્ય એટલે પવિત્રતા. તેનાથી વિપરીતને બનાવનાર અશુભનામ છે. શરીરના અવયવોનું જ શુભાશુભપણું ગ્રહણ કરવું. જેમકે, ચરણ વડે સ્પર્શાયેલ માણસ ગુસ્સે થાય છે.

**સૂક્ષ્મ-બાદર–** 'सूक्ष्म' इति, જે કર્મના ઉદયથી શરીર અત્યંત નાનું અને આંખોથી ન દેખી શકાય તેવું અવશ્ય જ થાય છે તે સૂક્ષ્મશરીરનામ છે. આ શરીર કેટલાક જ પૃથ્વીકાયાદિને હોય છે.

બાદર એટલે સ્થૂલ. જે કર્મના ઉદયથી કેટલાક જીવોનું શરીર સ્થૂલ હોય છે તે બાદરનામકર્મ છે. અહીં ચક્ષુથી જોઇ શકાય છે એવી પ્રતીતિથી કે એવી અપેક્ષાથી સૂક્ષ્મ-બાદરપણું નથી.

પ્રતિપક્ષ સહિત પર્યાપ્ત, સ્થિર, આદેય, યશના સ્વરૂપનું નિરૂપણ કરવા માટે પ્રારંભ કરાય છે–

**પર્યાપ્તિ–** 'पर्याप्तिः पञ्चविधा' इत्यादि, પર્યાપ્તિ પુદ્ગલ સ્વરૂપ છે. તથા પર્યાપ્તિ કર્તા આત્માનો એવો કરણવિશેષ છે કે જે કરણવિશેષથી આત્માનું આહારાદિને ગ્રહણ કરવાનું સામર્થ્ય સિદ્ધ થાય છે. તે કરણ જે પુદ્ગલોથી બનાવાય છે=ઉત્પન્ન કરાય છે, આત્માથી ગ્રહણ કરાયેલા અને તેવા પ્રકારના પરિણામને પામનારા, તે પુદ્ગલો પર્યાપ્તિ શબ્દથી કહેવાય છે.

સામાન્યથી કહેલી પર્યાપ્તિને નામ લઇને વિશેષથી કહેવાની ઇચ્છાવાળા ભાષ્યકાર કહે છે–

'तद्यथा' इत्यादि, આહારને ગ્રહણ કરવામાં સમર્થ એવા કરણની સિદ્ધિ તે આહારપર્યાપ્તિ. શરીરને યોગ્ય કરણની સિદ્ધિ તે શરીરપર્યાપ્તિ. ઇન્દ્રિયોને પ્રાયોગ્ય કરણની સિદ્ધિ તે ઇન્દ્રિયપર્યાપ્તિ. પ્રાણાપાન એટલે શ્વાસોચ્છ્વાસ. તેને યોગ્ય કરણની સિદ્ધિ તે પ્રાણાપાનપર્યાપ્તિ. ભાષાને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરવા અને મૂકવા માટે સમર્થ એવા કરણની સિદ્ધિ

તે ભાષાપર્યાપ્તિ. કહ્યું છે કે- "આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા, મનની નિષ્પત્તિ એ પર્યાપ્તિઓ છે. (પર્યાપ્તિઓની સિદ્ધિ કરણથી થાય છે.) જે દલિકોથી કરણ બનાવાય છે=ઉત્પન્ન કરાય છે તે પર્યાપ્તિ છે."

इति શબ્દ પર્યાપ્તિઓનું પરિમાણ જણાવવા માટે છે.

**પ્રશ્ન–** પરમર્ષિઓના પ્રવચનમાં પર્યાપ્તિઓ છ પ્રસિદ્ધ છે. તો અહીં પર્યાપ્તિઓ પાંચ કેમ કહી ?

**ઉત્તર–** ઇન્દ્રિયપર્યાપ્તિના ગ્રહણથી મનઃપર્યાપ્તિનું પણ ગ્રહણ જાણવું. આથી પાંચ જ છે એવો નિશ્ચય છે.

**પ્રશ્ન–** શાસ્ત્રકારે મનને અનિન્દ્રિય કહી છે તેથી ઇન્દ્રિય ગ્રહણથી મન કેવી રીતે લેવાશે ?

**ઉત્તર–** જેવી રીતે શબ્દાદિ વિષયોને ચક્ષુ વગેરે ઇન્દ્રિયો સાક્ષાત્ ગ્રહણ કરે છે તેવી રીતે મન સાક્ષાત્ ગ્રહણ કરતું નથી પણ સુખાદિને તો મન સાક્ષાત્ ગ્રહણ કરે છે, આથી મન સંપૂર્ણ ઇન્દ્રિય ન હોવાથી તેને અનિદ્રિય કહ્યું છે. જેમ ઇન્દ્ર(=આત્મા)નું લિંગ હોવાથી ઇન્દ્રિયો કહેવાય છે, તેવી રીતે ઇન્દ્રને(=આત્માને) ગ્રહણ કરવાથી તો મન ઇન્દ્રિય થાય છે, અર્થાત્ જેવી રીતે ઇન્દ્રને(=આત્માને) ગ્રહણ કરતી હોવાના કારણે ઇન્દ્રનું(=આત્માનું) લિંગ હોવાથી ઇન્દ્રિયો કહેવાય[1] છે, તેવી રીતે મન પણ ઇન્દ્રને ગ્રહણ કરતું હોવાના કારણે ઇન્દ્રનું લિંગ હોવાથી ઇન્દ્રિય છે.

તથા કોઇક આચાર્યો મનઃપર્યાપ્તિનો અલગ પાઠ કહે છે એમ આગળ કહેવાશે. પાંચ જ છે એમ જે અવધારણ છે તે બાહ્યકરણની અપેક્ષાએ છે. મન અંતઃકરણ છે. આથી કોઇક આચાર્યો મનઃપર્યાપ્તિનો પાઠ અલગ કહે છે, અર્થાત્ અલગ ગણે છે. આથી આમાં કોઇ દોષ નથી. બંને રીતે મનઃપર્યાપ્તિનો સંભવ છે.

---

૧. इन्द्र आत्मा उच्यते । इन्द्रस्य=आत्मनो लिङ्गं=लक्षणमिन्द्रियं चक्षुरादि उच्यते । तेन हि इन्द्रियकरणेन आत्मा निश्चीयते=अनुमीयते, नाकर्तृकं करणमिति पाठाद् (સિદ્ધહેમ ૭-૧-૧૭૪ સૂત્રની મધ્યમવૃત્તિ)

પર્યાપ્તિ એટલે પરિનિષ્પત્તિ. પરિનિષ્પત્તિ એટલે વિવક્ષિત ક્રિયાની સંપૂર્ણ સમાપ્તિ. તૈજસ-કાર્મણ શરીરવાળા જ આત્માની ઔદારિકાદિ શરીરને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી ઉત્પત્તિના પ્રારંભમાં જ(=જન્માંતર ગ્રહણના કાળે) પર્યાપ્તિઓ વિચારાય છે. એકી સાથે પ્રારંભાયેલી છએ પર્યાપ્તિઓ ક્રમશઃ નિષ્પન્ન(=પૂર્ણ) થાય છે, એકી સાથે નહિ. કેમકે ઉત્તરોત્તર પર્યાપ્તિઓનો કાળ વધારે વધારે છે. આહાર, શરીર, ઇન્દ્રિય, પ્રાણાપાન, ભાષા, મન એ (નિષ્પત્તિનો) ક્રમ છે.

તેમાં આહારપર્યાપ્તિના સ્વરૂપનું નિરૂપણ કરવા માટે કહે છે—

'तत्र' इत्यादि આગમ પ્રસિદ્ધ વર્ગણા ક્રમથી જે દલિકદ્રવ્યો શરીરને, ઇન્દ્રિયોને, ભાષાને, મનને અને પ્રાણાપાનને યોગ્ય છે તે દ્રવ્યદલિકોને ગ્રહણ કરવાની ક્રિયાની પરિસમાપ્તિ તે આહારપર્યાપ્તિ છે. આહારપર્યાપ્તિ કરણવિશેષ છે. અહીં મન શબ્દના ગ્રહણથી એ સ્પષ્ટ થાય છે કે ઇન્દ્રિયના ગ્રહણથી મનનું પણ ગ્રહણ થઇ જાય છે.

સામાન્યથી ગ્રહણ કરેલા યોગ્ય પુદ્ગલસંઘાતની શરીરના અંગોપાંગ રૂપે સંસ્થાપન ક્રિયા=રચવાની જે ક્રિયા તે ક્રિયાની પરિસમાપ્તિ તે શરીરપર્યાપ્તિ છે. સંસ્થાપન શબ્દના અર્થ પ્રકારોને પર્યાયવાચી શબ્દોથી જણાવે છે. સંસ્થાપન એટલે રચના-ઘટન, અર્થાત્ શરીર વર્ગણાને પ્રાયોગ્ય પુદ્ગલોની પ્રતિનિયત અવયવોરૂપે રચના કરવી તે સંસ્થાપન.

'त्वगिति' ત્વગ્ એટલે સ્પર્શનેન્દ્રિય. સ્પર્શન જેની આદિમાં છે તે ઇન્દ્રિયો સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર અને મન છે. તેમના સ્વરૂપને બનાવવાની ક્રિયાની પરિસમાપ્તિ તે ઇન્દ્રિયપર્યાપ્તિ છે.

'प्राण' इति, પ્રાણાપાન ઉચ્છ્વાસ-નિશ્વાસની ક્રિયારૂપ છે. વર્ગણાના ક્રમથી તે બેને યોગ્ય દ્રવ્યોને ગ્રહણ કરવાનું અને મૂકવાનું જે સામર્થ્ય તે સામર્થ્યને ઉત્પન્ન કરવાની ક્રિયાની પરિસમાપ્તિ તે પ્રાણાપાનપર્યાપ્તિ છે.

અહીં પણ વર્ગણાના ક્રમથી જ ભાષાને યોગ્ય દ્રવ્યોને ગ્રહણ કરવાના અને મૂકવાના સામર્થ્યને ઉત્પન્ન કરવાની ક્રિયાની પરિસમાપ્તિ તે ભાષાપર્યાપ્તિ છે.

'मनस्त्वयोग्यानि' इति, મનોવર્ગણાને યોગ્ય=મનરૂપે પરિણમાવવાને સમર્થ હોય એવા દ્રવ્યોને ગ્રહણ કરવાના અને મૂકવાના સામર્થ્યને ઉત્પન્ન કરવાની ક્રિયાની પરિસમાપ્તિ તે મનઃપર્યાપ્તિ છે. બીજા આચાર્યો તો મનઃપર્યાપ્તિને અલગથી ગ્રહણ કરે છે, ઈન્દ્રિયપર્યાપ્તિના ગ્રહણથી મનઃપર્યાપ્તિને ગ્રહણ કરતા નથી, અર્થાત્ ઈન્દ્રિયપર્યાપ્તિ સિવાય (અલગથી) મનઃપર્યાપ્તિના પાઠને કહે છે. મનઃપર્યાપ્તિને[1] (અલગથી) કોઈક ઈચ્છે છે, કોઈક નથી ઈચ્છતા.

आसाम् ઈત્યાદિથી છએય સાથે પ્રારંભાયેલી પર્યાપ્તિઓ ક્રમથી પૂર્ણતાને પામે છે એમ જણાવે છે. વિષમતાથી પૂર્ણ થવામાં શું કારણ છે ? એવા પ્રશ્નના ઉત્તરને કહે છે- પર્યાપ્તિઓ ઉત્તરોત્તર સૂક્ષ્મ હોવાથી ક્રમથી પૂર્ણ થાય છે. આહારપર્યાપ્તિથી શરીરપર્યાપ્તિ અધિક સૂક્ષ્મ છે. શરીરપર્યાપ્તિ અધિક સૂક્ષ્મદ્રવ્યોના સમૂહથી રચાયેલી છે. તેનાથી પણ ઈન્દ્રિય પર્યાપ્તિ અધિક સૂક્ષ્મ છે. તેનાથી પણ પ્રાણાપાનપર્યાપ્તિ અધિક સૂક્ષ્મ છે. તેનાથી ભાષાપર્યાપ્તિ અધિક સૂક્ષ્મ છે. તેનાથી મનઃપર્યાપ્તિ અતિશય સૂક્ષ્મ છે. ઉત્તરોત્તર સૂક્ષ્મતાને દૃષ્ટાંતથી બતાવે છે- 'सूत्रदार्वादि-कर्तन-घटनावद्' इति, સૂતરનું સ્થૂલકાંતણ અને સૂક્ષ્મકાંતણ. બંને કાંતણ (=કાંતવાનું કાર્ય) એકી સાથે શરૂ કરવામાં આવે તો સ્થૂલકાંતણથી સૂતરનું સૂક્ષ્મકાંતણ લાંબાકાળે કોકડીને[2] પૂરે છે=ભરે છે. સ્થૂલકાંતણથી કોકડી જલદી પુરાઈ જાય. કાષ્ઠની રચનામાં પણ આ જ ક્રમ છે. સ્તંભાદિના સમચતુરસ્રાદિ સ્થૂલ સ્વરૂપની રચના ઘણા અલ્પકાળમાં કરાય છે. ટુકડા જોડીને કે પત્રચ્છેદ કરીને બનાવેલી પૂતળીઓના પ્રકારોથી યુક્ત તે જ સ્તંભ લાંબા કાળે તૈયાર થાય છે. આદિ શબ્દથી ચિત્ર અને વિવિધ શિલ્પકામ આદિનું ગ્રહણ કરવું.

૧. અહીં ટીકામાં न पुनः આટલો પાઠ અધિક જણાય છે.

૨. कुक्कुटक (?कुक्कडक) એટલે સૂતર કાંતી લીધા પછી ઉતારીને જેના ઉપર વીંટવામાં આવે છે તે કોકડી. સૂતર ઝીણું હોય તો કોકડી ભરવા ઘણો લાંબો દોરો જોઈએ અને સૂતર જાડું હોય તો ઓછા દોરાથી કોકડી ભરાઈ જાય.

'यथासङ्ख्यं च निदर्शनानि' इति, આનાથી છએય પર્યાપ્તિઓનું ક્રમથી છ જ દૃષ્ટાંતોથી સ્વરૂપનો પ્રારંભ કરાય છે. આથી દૃષ્ટાંતોના સ્વરૂપનું પ્રતિપાદન કરવા માટે કહે છે- 'गृहदलिकग्रहण' इत्यादि, તેમાં ઘર માટે કાષ્ઠ ગ્રહણ એવા કથનથી આહારપર્યાપ્તિ સિદ્ધ કરે છે. ઘર કરવું છે એથી સામાન્યથી દલિકનું=શાખા આદિનું કાષ્ઠ ગ્રહણ કરે છે. પછી સામાન્યથી ગ્રહણ કરેલા દલિકમાંથી થાંભલો કે ખૂંટી થશે એમ જોવામાં આવે છે. એ પ્રમાણે અહીં અનેક પુદ્ગલોનું ગ્રહણ થયે છતે આ પુદ્ગલો શરીર વર્ગણાને યોગ્ય છે=શરીર પર્યાપ્તિની નિષ્પત્તિ માટે સમર્થ છે. એથી શરીર પર્યાપ્તિ થાય. ભીંત આદિની ઊંચાઇ રૂપ ઘરની વિચારણા પણ થતાં આ ઘર કેટલા દ્વારવાળું કરવું? પ્રવેશવા-નીકળવા માટે દ્વાર પૂર્વાભિમુખ કરવું કે ઉત્તરાભિમુખ કરવું? એમ વિચારાય છે. તે પ્રમાણે ઇન્દ્રિયપર્યાપ્તિ પણ આત્માની ઉપભોગવૃત્તિની અપેક્ષાએ પ્રવેશવાના-નીકળવાના દ્વાર સમાન છે. એ પ્રમાણે પ્રાણાપાનપર્યાપ્તિ અને ભાષાપર્યાપ્તિ પણ આ જ દૃષ્ટાંતથી સિદ્ધ કરવી. દાર્ષ્ટાન્તિકના[1] ભેદથી દૃષ્ટાંતમાં ભેદ[2] થાય. પછી દ્વાર સહિત પણ ઘર તૈયાર થયે છતે અહીં આસન, અહીં શયન, અહીં ભોજનભૂમિ એ પ્રમાણે સ્થાન અને શયન આદિ બનાવવાનું ગૃહસ્થો વિચારે છે. તેવી રીતે મનઃપર્યાપ્તિ પણ હિતપ્રાપ્તિ-અહિતપરિહારની અપેક્ષા રૂપ છે. આ પ્રમાણે આ છ પર્યાપ્તિઓને કુંભારના નિભાડામાં નાખવાથી સિદ્ધ થયેલા[3]=તૈયાર થયેલા ઘડાની જેમ બનાવે=પૂર્ણ કરે તે કર્મ પર્યાપ્તિનામ છે. અપર્યાપ્તિ નામકર્મ સિદ્ધ નહિ થયેલા ઘડાના જેવું છે. અહીં આ કહેવાનું થાય છે- જેના ઉદયથી જીવ પર્યાપ્તિઓ પરિપૂર્ણરૂપે

---

૧. દૃષ્ટાંત જેને લાગુ પડતું હોય=ઘટતું હોય તે દાર્ષ્ટાન્તિક કહેવાય.

૨. પ્રાણાપાન અને ભાષા એ બે પર્યાપ્તિને સિદ્ધ કરવા દૃષ્ટાંત અલગ કેમ ન કહ્યું? એવો પ્રશ્ન થાય. આના ઉત્તરમાં અહીં કહે છે- દાર્ષ્ટાન્તિનો ભેદ હોય તો દૃષ્ટાંત અલગ હોય. અહીં ઇન્દ્રિયો, પ્રાણાપાન અને ભાષા એ ત્રણેય દાર્ષ્ટાન્તિક સમાન છે માટે એક જ દૃષ્ટાંતથી એ ત્રણેય સિદ્ધ થાય. માટે અહીં પ્રાણાપાન અને ભાષા એ બે પર્યાપ્તિને સિદ્ધ કરવા દૃષ્ટાંત અલગ કહ્યું નથી.

૩. અહીં સિદ્ધહેમ ૩-૧-૯૭ સૂત્રથી કર્મધારય તત્પુરુષ સમાસ છે. તેનો વિગ્રહ આ પ્રમાણે થાય. पूर्वं प्रक्षिप्तः पश्चात् निर्वृत्तः=प्रक्षिप्तनिर्वृत्तः ।

પ્રાપ્ત કરતો નથી, અપર્યાપ્ત જ મરે છે, ક્યારેક જીવ પર્યાપ્તિઓથી રહિત પણ હોય. જેમકે, સંમૂર્ચ્છિમ મનુષ્ય વગેરે.

**સ્થિર-અસ્થિર–** સ્થિરપણાને જે બનાવે તે સ્થિરનામ. જેના ઉદયથી શરીરના મસ્તક, હાડકાં અને દાંત વગેરે અવયવોની સ્થિરતા થાય= સ્થિર રહે તે સ્થિરનામ છે. અસ્થિરનામ પણ શરીરના અવયવોને આશ્રયીને છે. જેના ઉદયથી કાન, ચામડી વગેરે અવયવો અસ્થિર, ચલ, કોમળ બને તે અસ્થિરનામ છે. આનાથી (સ્થિરનામથી) જે વિપરીત છે તે અસ્થિરનામ છે એમ જણાવ્યું છે.

ઉદયાવલિકામાં પ્રવેશેલું આદેયનામકર્મ બોલનારનું વચન સ્વીકારેલું હોવાથી બોલનાર પ્રત્યે આદરપણાને ઉત્પન્ન કરવામાં નિમિત્ત બને છે. અહીં આ કહેવાનું થાય છે- જેને આદેયનામકર્મનો ઉદય હોય તે જે કંઈપણ કહે તે પ્રમાણ કરવામાં આવે છે.તથા તેનું દર્શન થતાં જ લોક અભ્યુત્થાન વગેરે કરે છે. આવા પ્રકારના ફળવાળું આદેયનામ છે. અનાદેયનામ આનાથી વિપરીત છે. જેના ઉદયથી યુક્તિયુક્ત પણ વચનને લોક પ્રમાણ ન કરે અને અભ્યુત્થાન આદિ કરવા યોગ્યનું પણ અભ્યુત્થાન આદિ ન કરે તે અનાદેયનામ છે. અથવા જેના દર્શનથી જ તેની આદેયતા=શ્રદ્ધેયતા થાય તેવો શરીરગુણ જેના વિપાકથી થાય તે આદેયનામ. આનાથી વિપરીત અનાદેયનામ છે.

**યશ-અયશ–** 'यशोनाम' इति, યશ એટલે પ્રખ્યાતિ, કીર્તિ. જે કર્મના ઉદયથી લોકમાં ગુણોની પ્રશંસા થાય છે તે યશનામ કહેવાય છે અને આનાથી વિપરીત છે તે અયશનામકર્મ છે. દોષના વિષયવાળી, અર્થાત્ જેમાં દોષો ગવાય એવી પ્રખ્યાતિ છે તે અયશનામ છે.

**તીર્થંકર–** તીર્થંકરપણાને જે બનાવે તે તીર્થંકરનામ. જે કર્મના ઉદયથી દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ તીર્થને પ્રવર્તાવે, [1]આક્ષેપ, વિક્ષેપ, સંવેગ, નિર્વેદ દ્વારા ભવ્યલોકની સમ્યક્સિદ્ધિ થાય એ માટે યતિધર્મને અને

૧. આક્ષેપ=ધર્મસન્મુખતા, વિક્ષેપ=પરદર્શનથી વિમુખતા, સંવેગ=મોક્ષાભિલાષ, નિર્વેદ= સંસાર પ્રત્યે વિરાગભાવ.

ગૃહસ્થધર્મને કહે, સુરેન્દ્રો, અસુરેન્દ્રો અને ચક્રવર્તીઓથી પૂજાય તે તીર્થંકરનામકર્મ છે.

નામકર્મના ભેદોને કહીને નામ શબ્દના અર્થના બોધ માટે નામ શબ્દના વ્યુત્પત્તિથી સિદ્ધ થતા અર્થને કહે છે–

'तांस्तान्' इति, ગતિ-જાતિ આદિ તે તે ભાવોને નમાવે છે=તે તે ભાવોની સન્મુખ કરે છે, અર્થાત્ સંસારી જીવોને તે તે ભાવોને પમાડે છે એથી નામ કહેવાય છે. एवम् ઇત્યાદિથી ઉપસંહાર કરે છે. પ્રસ્તુતમાં નામપ્રકૃતિઓનું વક્તવ્ય છે=નામપ્રકૃતિઓ કહેવા યોગ્ય છે. ઉક્ત રીતે ગતિ ચાર પ્રકારે છે, જાતિ પાંચ પ્રકારની છે, ઇત્યાદિ ઉત્તરપ્રકૃતિઓના ભેદોની સાથે નામકર્મનો ભેદ અનેક પ્રકારનો જાણવો.(૮-૧૨)

**टीकावतरणिका–** सम्प्रति प्रकृतिबन्धं गोत्रस्याख्यातुमुपक्रमते–

**ટીકાવતરણિકાર્થ–** હવે ગોત્રના પ્રકૃતિબંધને કહેવા માટે પ્રારંભ કરે છે–

**ગોત્રકર્મના બે ભેદો–**

## उच्चैर्नीचैश्च ॥८-१३॥

**સૂત્રાર્થ–** ગોત્રના ઉચ્ચ અને નીચ એમ બે ભેદો છે. (૮-૧૩)

**भाष्यं–** उच्चैर्गोत्रं नीच्चैर्गोत्रं च । तत्रोच्चैर्गोत्रं देशजातिकुलस्थानमानसत्कारैश्वर्याद्युत्कर्षनिर्वर्तकम् । विपरीतं नीचैर्गोत्रं चण्डालमुष्टिकव्याधमत्स्यबन्धदास्यादिनिर्वर्तकम् ॥८-१३॥

**ભાષ્યાર્થ–** ઉચ્ચગોત્ર અને નીચગોત્ર એમ બે પ્રકારનું ગોત્ર છે. તેમાં ઉચ્ચગોત્ર દેશ, જાતિ, કુલ, સ્થાન, માન, સત્કાર, ઐશ્વર્ય આદિના ઉત્કર્ષને ઉત્પન્ન કરનાર છે. તેનાથી વિપરીત નીચગોત્ર ચંડાળ, મુષ્ટિક, વ્યાધ, મત્સ્યબંધ, દાસ્ય આદિને ઉત્પન્ન કરનાર છે. (૮-૧૩)

**टीका–** यदुदयाज्जीवो गच्छत्युच्चैर्नीचैश्च जातीरुच्चावचाः, तद् गोत्रं द्विविधमुच्चैर्नीचैश्चेति, उच्चैर्गोत्रं नीचैर्गोत्रं, चशब्दोऽवधारणार्थः, द्विप्रकारमेवेति, तत्रोच्चैर्गोत्रमित्यादिना गोत्रकर्मणः कार्यमावेदयते, कार्यलिङ्गं हि कारणं, तयोर्द्वयोः प्रकृत्योर्यदुच्चैर्गोत्रं तस्येदं कार्यमिति

दर्शयति, आर्यदेशे मगधाङ्गवङ्गकलिङ्गादिके सम्भवः, जातिः पितुरन्वयो हरिवंशेक्ष्वाकुप्रभृतिः, कुलं मातुरन्वयः, सोऽप्येवम्प्रकारः एवोग्रभोजादि-लक्षणः, स्थानमिति प्रभोः समीपे प्रत्यासन्ननिवेशित्वं, मानः पूजा स्वहस्तेन ताम्बूलप्रदानादिः, सत्कारोऽभ्युत्थानासनाञ्जलिप्रग्रहादिर्यस्य क्रियते तस्याप्युच्चैर्गोत्रोदयः ऐश्वर्यमिभाश्वरथपदातिप्रभृतेः प्राभूत्यमुत्कर्षा-पकर्षभाक्त्वादनेकविधं, एषां देशादिसम्भवानां निर्वर्तकमुच्चैर्गोत्रं,

विपरीतं नीचैर्गोत्रमिति, चण्डालाः प्रसिद्धा एव, मातङ्गाः, चण्डाल-ग्रहणं च प्रदर्शनं बहूनां वरुडरुमुरुक्तकादीनां मौष्टिकाः-सौकरिकादयः व्याधा-मृगयवो-लुब्धकाः, मत्स्यबन्धाः प्राणातिपातहेतुभिराना-यादिभिर्जीवन्ति ये, दासभावो दास्यं तन्निर्वर्तकं नीचैर्गोत्रमिति, आदिशब्दादवस्करशोधकादिपरिग्रह इति ॥८-१३॥

**ટીકાર્થ–** જેના ઉદયથી જીવ ઊંચી-નીચી જાતિઓમાં જાય તે ગોત્ર. ગોત્ર ઉચ્ચ અને નીચ એમ બે પ્રકારનું છે. च શબ્દ અવધારણ અર્થવાળો છે. ગોત્ર બે પ્રકારનું જ છે.

'तत्रोच्चैर्गोत्रम्' ઇત્યાદિથી ગોત્રકર્મના કાર્યને જણાવે છે. કારણ કાર્યલિંગવાળું હોય છે, અર્થાત્ કાર્યથી કારણ જણાય છે. તે બે પ્રકૃતિઓમાં જે ઉચ્ચગોત્ર છે તેનું આ કાર્ય છે એમ બતાવે છે. મગધ, અંગ, વંગ, કલિંગ વગેરે આર્ય દેશોમાં ગોત્રનો સંભવ છે. પિતાનો વંશ જાતિ કહેવાય છે. જેમકે હરિવંશ, ઈક્ષ્વાકુ વગેરે. માતાનો વંશ કુલ છે. માતાનો વંશ પણ ઉગ્ર અને ભોજ આદિરૂપ લક્ષણવાળો (શ્રેષ્ઠ) છે. સ્થાન એટલે સ્વામીની નજીકમાં બેસવું. માન એટલે પૂજા, પોતાના હાથે તાંબૂલપ્રદાન વગેરે. સત્કાર અભ્યુત્થાન કરવું, આસન આપવું, અંજલિ જોડવી વગેરે સત્કાર જેનો કરાય તેને પણ ઉચ્ચગોત્રનો ઉદય છે. હાથી, ઘોડા, રથ, સૈન્ય વગેરે ઘણું હોય એ ઐશ્વર્ય છે. ઐશ્વર્ય ઉત્કર્ષ અપકર્ષવાળું હોવાથી અનેક પ્રકારનું છે. આ દેશાદિમાં ઉત્પન્ન કરનારું ઉચ્ચગોત્ર છે, અર્થાત્ ઉચ્ચગોત્ર દેશાદિની પ્રાપ્તિ કરાવે છે.

'विपरीतं नीचैर्गोत्रम्' इति, ચાંડાળો પ્રસિદ્ધ જ છે. ચંડાળો એટલે માતંગો. ચંડાળનું ગ્રહણ વરુ-ડરુ-મુરુક્તક આદિ ઘણી જાતિઓને બતાવનારું છે. મૌષ્ટિક કસાઈ વગેરે. વ્યાધ એટલે શિકારીઓ-પારધીઓ. મત્સ્યબંધો એટલે માછલાં પકડવાની જાળ વગેરે હિંસાના હેતુઓથી જીવનારા. દાસનો ભાવ તે દાસ્ય. ચંડાળ આદિને બનાવનાર નીચગોત્ર છે. આદિ શબ્દથી કચરાને કાઢનાર વગેરેનું ગ્રહણ કરવું. (૮-૧૩)

**टीकावतरणिका—** अष्टमप्रकृतेर्बन्धस्वरूपनिरूपणायाह—

**ટીકાવતરણિકાર્થ—** આઠમી (અંતરાય નામની) પ્રકૃતિના બંધસ્વરૂપનું નિરૂપણ કરવા માટે કહે છે—

**અંતરાયકર્મના પાંચ ભેદો—**

## दानादीनाम् ॥८-१४॥

**સૂત્રાર્થ—** અંતરાયકર્મના દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય એમ પાંચ ભેદો છે. (૮-૧૪)

**भाष्यं—** अन्तरायः पञ्चविधः । तद्यथा- दानस्यान्तरायः लाभस्यान्तरायः भोगस्यान्तरायः उपभोगस्यान्तरायः वीर्यस्यान्तराय इति ॥८-१४॥

**ભાષ્યાર્થ—** અંતરાય પાંચ પ્રકારનો છે. તે આ પ્રમાણે- દાનનો અંતરાય, લાભનો અંતરાય, ભોગનો અંતરાય, ઉપભોગનો અંતરાય અને વીર્યનો અંતરાય. (૮-૧૪)

**टीका—** दानादीनामिति षष्ठी प्रकृतिविशिष्टसम्बन्धापेक्षा, प्रस्तुतश्चान्तरायो मूलप्रकृतिबन्धे, तेनाभिसम्बन्धनायाह-अन्तरायः पञ्चविध इति, 'तद्यथे'त्यनेन पञ्चविधतां दर्शयति, दानस्येत्यादि, दानं-देयं, सत्यपि द्रव्ये न ददाति, तद्धि कर्मोदितं दीयमानस्य कर्मणो विघ्नम् अन्तरायं अन्तर्द्धानं करोतीति दानान्तरायं, द्रव्ये प्रतिग्राहके च सन्निहितेऽप्यस्मै दत्तं महाफलमिति जानानोऽपि दातव्यं न ददाति, एवं लाभभोगपरिभोगवीर्यान्तरायेष्वपि योज्यं, तथा कश्चिद् वदान्यः सर्वदा दानार्द्रकरः समस्तार्थिभ्यो यथाप्रार्थनं स्वशक्त्या निर्विशेषं ऊर्जितचेता

यस्मै याचितेऽपि नो विसृजति प्रदेयमल्पतरमपि तस्य लाभान्तराय-कर्मोदयः, तथा सकृदुपभुज्य यत् त्यज्यते पुनरुपभोगाक्षमं माल्यचन्दना-गुरुप्रभृति तत् सम्भवदपि यस्य कर्मण उदयाद्यो न भुङ्क्ते तस्यान्त-रायकर्मोदयः, स्त्रीवस्त्रशयनासनभाजनादिक उपभोगः, पुनः पुनरुपभुज्यते हि सः, पौनःपुन्यं चोपशब्दार्थः, स सम्भवन्नपि यस्य कर्मण उदयान्न परिभुज्यते तत् कर्मोपभोगान्तरायाख्यं, वीर्यमुत्साहश्चेष्टा शक्तिरिति पर्यायाः, तत्र कस्यचित् कल्पस्याप्युपचितवपुषोऽपि यूनोऽप्यल्पप्राणता यस्य उदयात् स वीर्यान्तराय इति, उक्तलक्षणस्य वीर्यान्तरायस्य सामस्त्येनोदयः पृथिवीअप्तेजोवायुवनस्पतिषु, क्षयोपशमजनिततारतम्याद् द्वीन्द्रियादेस्तु वृद्धिर्वीर्यस्य यावद्द्विचरमसमयच्छद्मस्थ इति, प्रकर्षा-प्रकर्षोपलब्धेः, उत्पन्नकेवले तु भगवति सर्ववीर्यान्तरायक्षयः, तत्र तु निरतिशयं वीर्यमिति ॥

तत्र चाष्टानामपि कर्मणामुत्तरप्रकृतीनां विंशत्युत्तरं प्रकृतिशतं भवति, बन्धं प्रतीत्य एतावत्यः प्रकृतयो बध्यन्ते, सम्यक्त्वसम्यग्मिथ्यात्वयोर्नास्ति बन्धः, मिथ्यादर्शनपुद्गलानामेव तथापरिणतेः, ताभ्यां सह द्वाविंशत्युत्तरं प्रकृतिशतं, ताश्चेमाः-पञ्चभेदं ज्ञानावरणमन्तरायं च, दर्शनावरणं नवधा, वेद्यं द्विधा गोत्रं च, मोहोऽष्टाविंशतिभेदः, आयुश्चतुर्द्धा नामकर्मणि गतिश्चतुर्विधा४ आनुपूर्वी४ च, जातिनाम पञ्चविधं५ शरीरनाम च५, बन्धनसङ्घातनाम्नोः शरीरान्तर्गतत्वान्न प्रकृतिगणना, संस्थाननाम षोढा६ संहननं च६, अङ्गोपाङ्गं त्रिधा३, विहायोगतिर्द्विविधा२, वर्ण-गन्ध-रस-स्पर्श-अगुरुलघु-उपघात-पराघात-उच्छ्वास-आतप-उद्योत-त्रस-स्थावर-बादर-सूक्ष्म-पर्याप्ता-ऽपर्याप्त-प्रत्येकशरीर-साधारणशरीर-स्थिर-अस्थिर-शुभा-ऽशुभ-सुभग-दुर्भग-सुस्वर-दुःस्वर-आदेय-अनादेय-यशोनाम-अयशो-निर्माणनाम-तीर्थकरनामान्येकैकभेदानि ३२, पश्चात् सर्वाः १२२ ॥८-१४॥

**ટીકાર્થ**– दानादीनाम् એ પ્રમાણે છઠ્ઠી વિભક્તિ પ્રકૃતિના વિશિષ્ટ સંબંધની અપેક્ષાથી છે. મૂલપ્રકૃતિબંધમાં અંતરાય પ્રસ્તુત છે. અંતરાયની સાથે સંબંધ જોડવા માટે કહે છે- અંતરાય પાંચ પ્રકારનો છે. तद्यथा એનાથી પાંચ પ્રકારને બતાવે છે. 'दानस्य' इत्यादि દાન એટલે આપવું. દ્રવ્ય હોવા છતાં ન આપે. ઉદયમાં આવેલું અંતરાય કર્મ આપવાના કાર્યમાં વિઘ્ન=અંતરાય[1] કરે છે એથી દાનાંતરાય છે. દ્રવ્ય અને લેનાર પાસે હોવા છતાં અને આને આપેલું મહાફળવાળું થાય એમ જાણતો હોવા છતાં આપવા યોગ્ય ન આપે. એ પ્રમાણે લાભ, ભોગ, પરિભોગ, વીર્યાંતરાયોમાં પણ યોજવું.

તથા કોઈ દાતા સદા દાનથી નરમ હાથવાળો હોય, અર્થાત્ સદા દાન આપનાર હોય, સઘળા યાચકોને સ્વશક્તિ પ્રમાણે ભેદભાવ વિના આપવામાં ઉત્સાહિત ચિત્તવાળો હોવા છતાં માગવા છતાં જેને આપવા યોગ્ય વસ્તુ જરા પણ ન આપે તેના લાભાંતરાયકર્મનો ઉદય છે.

જે એકવાર ભોગવીને તજી દેવામાં આવે, ફરી ઉપભોગ કરવા માટે અયોગ્ય હોય તે માળા, ચંદન, અગરુધૂપ વગેરે ભોગ છે. ભોગને યોગ્ય વસ્તુ હોવા છતાં જે કર્મના ઉદયથી ન ભોગવી શકે તેને ભોગાંતરાય-કર્મનો ઉદય છે.

સ્ત્રી, વસ્ત્ર, શય્યા, આસન, પાત્ર વગેરે ઉપભોગ છે. તેનો ફરી ફરી ઉપભોગ કરી શકાય છે. ઉપ શબ્દ ફરી ફરી અર્થવાળો છે. ઉપભોગ હોવા છતાં જે કર્મના ઉદયથી પરિભોગ ન થઈ શકે તે ઉપભોગાંતરાય નામનું કર્મ છે. વીર્ય, ઉત્સાહ, ચેષ્ટા, શક્તિ એ પ્રમાણે પર્યાયો છે. સશક્ત અને પુષ્ટ શરીરવાળા પણ કોઈ યુવાનનું બળ જે કર્મના ઉદયથી અલ્પ થઈ જાય તે વીર્યાંતરાય કર્મ છે. ઉક્ત લક્ષણવાળા વીર્યાંતરાયનો પૃથ્વી, પાણી, તેજસ્, વાયુ, વનસ્પતિઓમાં સંપૂર્ણપણે ઉદય હોય છે. ક્ષયોપશમથી ઉત્પન્ન કરાયેલ તરતમતાના કારણે બેઇન્દ્રિયથી આરંભી (૧૧મા-૧૨મા ગુણસ્થાનના) દ્વિચરમ સમય સુધી રહેલા જીવોમાં વીર્યની વૃદ્ધિ થાય છે. કારણ કે ત્યાં સુધી પ્રકર્ષ-અપ્રકર્ષની પ્રાપ્તિ થાય

૧. अन्तर्धान- એટલે દશ્યપદાર્થનું અદશ્ય થવું.

છે. જેને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે તે ભગવાનમાં સર્વ પ્રકારના વીર્યાંતરાયનો ક્ષય હોય છે. તેમાં સંપૂર્ણ વીર્ય હોય છે.

તેમાં આઠેય કર્મોની ઉત્તરપ્રકૃતિઓ એકસોને વીસ છે. બંધને આશ્રયીને આટલી (૧૨૦) પ્રકૃતિઓ બંધાય છે. સમ્યક્ત્વનો અને સમ્યગ્મિથ્યાત્વનો બંધ નથી. કેમકે તે બે મિથ્યાદર્શનના પુદ્ગલોની તેવા પ્રકારની પરિણતિરૂપ છે. તે બેની સાથે (૧૨૨) એકસોને બાવીસ ઉત્તરપ્રકૃતિઓ છે. તે પ્રકૃતિઓ આ છે- જ્ઞાનાવરણીય અને અંતરાયના પાંચ પાંચ ભેદો, દર્શનાવરણના નવ ભેદો, વેદનીયના અને ગોત્રના બે બે ભેદો, મોહનીયના અઠ્યાવીસ ભેદો, આયુષ્યના ચાર ભેદો, નામકર્મમાં- ગતિ ૪, આનુપૂર્વી ૪, જાતિનામ ૫, શરીરનામ ૫, બંધન અને સંઘાત એ બે નામ શરીરની અંતર્ગત હોવાથી તે બેની પ્રકૃતિરૂપે ગણના નથી. સંસ્થાનનામ ૬, સંહનન ૬, અંગોપાંગ ૩, વિહાયોગતિ૨, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, ત્રસ, સ્થાવર, બાદર, સૂક્ષ્મ, પર્યાપ્ત, અપર્યાપ્ત, પ્રત્યેકશરીર, સાધારણશરીર, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, સુભગ, દુર્ભગ, સુસ્વર, દુઃસ્વર, આદેય, અનાદેય, યશનામ, અયશનામ, નિર્માણનામ, તીર્થંકરનામ આ એક એક ભેદવાળા ૩૨ નામ, બધા મળીને કુલ (૧૨૨) એકસોને બાવીસ છે. (૮-૧૪)

## મૂળપ્રકૃતિનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ

આ પ્રમાણે પ્રકૃતિઓનું નિરૂપણ કરીને અભિધેય તરીકે સ્થિતિબંધને શરૂ કરતા ભાષ્યકાર કહે છે–

**भाष्यावतरणिका–** उक्तः प्रकृतिबन्धः । स्थितिबन्धं वक्ष्यामः ।

**ભાષ્યાવતરણિકાર્થ–** પ્રકૃતિબંધ કહ્યો. હવે સ્થિતિબંધને કહીશું.

**टीकावतरणिका–** इत्थं प्रकृतिनिरूपणामभिधाय स्थितिबन्धनमभिधेयतयोपक्रममाण आह–उक्तः प्रकृतिबन्धः, स्थितिबन्धं वक्ष्याम इति प्रकृतिबन्धो यथावदभिहितः, सम्प्रति स्थितिबन्धमभिधास्याम इति प्रतिजानीते भाष्यकारः, तदभिधित्सया चेदमाह–

**ટીકાવતરણિકાર્થ–** પ્રકૃતિબંધ જે પ્રમાણે છે તે પ્રમાણે કહ્યો. હવે સ્થિતિબંધને કહીશું એ પ્રમાણે ભાષ્યકાર પ્રતિજ્ઞા કરે છે. સ્થિતિબંધને કહેવાની ઇચ્છાથી આ કહે છે–

**જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-વેદનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ–**

**आदितस्तिसृणामन्तरायस्य च त्रिंशत्सागरोपमकोटीकोट्यः परा स्थितिः ॥८-१५॥**

**સૂત્રાર્થ–** પ્રારંભની ત્રણ પ્રકૃતિની, અર્થાત્ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને વેદનીયની તથા અંતરાયની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ (૩૦) કોટાકોટિ સાગરોપમ છે. (૮-૧૫)

**भाष्यं–** आदितस्तिसृणां कर्मप्रकृतीनां ज्ञानावरणदर्शनावरणवेद्यानामन्तरायप्रकृतेश्च त्रिंशत्सागरोपमकोटीकोट्यः परा स्थितिः ॥८-१५॥

**ભાષ્યાર્થ–** પ્રારંભથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય એ ત્રણ કર્મપ્રકૃતિઓની અને અંતરાયપ્રકૃતિની ત્રીસ કોડાકોડિ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (૮-૧૫)

**टीका–** आदावादितः, तिसृणां चशब्देनान्तरायस्य समुच्चयः, सागरोपमकोटीनां कोट्यः कोटीकोट्यः, परेति प्रकृष्टा, मध्यमजघन्यस्थितिनिरासः, स्थितिवचनं प्रतिज्ञातोपसंहारार्थं, आदितस्तिसृणामित्यादिना भाष्येणामुमर्थं प्रतिपादयति, ज्ञानदर्शनावरणवेद्यानां अन्तरायकर्मणश्चैषा स्थितिरिति, स्थितिरवस्थानं, बन्धकालात् प्रभृति यावदशेषं निर्जीर्णमित्येवं स्थितिकालः, एवमेतासां चतसृणां मूलप्रकृतीनामुत्कृष्टस्थितिबन्ध उक्तः, वर्षसहस्रत्रितयं अबाधाकालः, बाधाकालस्तु यत्प्रभृति ज्ञानावरणादिकर्म उदयावलिकादिप्रविष्टं यावच्च निःशेषमुपक्षीणं तावच्च भवति, तच्चोदयावलिकां प्रविशति बन्धकालादारभ्य त्रिषु वर्षसहस्रेष्वतीतेषु, खल्वबाधाकालो, यतस्तु तत् कर्म नानुभूयते तावन्तं कालमिति ॥८-१५॥

**ટીકાર્થ–** आदौ=आदितः, च શબ્દથી અંતરાયનો સમુચ્ચય છે. सागरोपमकोटीनां कोट्यः=सागरोपमकोटिकोट्यः । પરા એટલે ઉત્કૃષ્ટ. આનાથી મધ્યમ-જઘન્ય સ્થિતિને દૂર કરી. (स्थितिः એ પ્રમાણે) સ્થિતિવચન પ્રતિજ્ઞાતના સંગ્રહ માટે છે. आदितस्तिसृणाम् ઇત્યાદિ ભાષ્યથી આ અર્થનું પ્રતિપાદન કરે છે.

જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીયની અને અંતરાયકર્મની આ સ્થિતિ છે. સ્થિતિ એટલે અવસ્થાન (રહેવું). બંધકાળથી પ્રારંભી જ્યાં સુધી સંપૂર્ણ ક્ષય થાય ત્યાં સુધી સ્થિતિકાળ છે. આ પ્રમાણે આ ચાર મૂળ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કહ્યો. ત્રણ હજાર વર્ષ [1]અબાધાકાળ છે. જ્યારથી જ્ઞાનાવરણીયાદિ કર્મ ઉદયાવલિકામાં પ્રવેશ કરે ત્યારથી જ્યાં સુધી સંપૂર્ણ ન થાય ત્યાં સુધી બાધાકાળ છે. (બાધાનો=કર્મફળના અનુભવનો કાળ તે બાધાકાળ.) પ્રસ્તુતમાં બંધકાળથી આરંભી ત્રણ હજાર વર્ષ સુધી અબાધાકાળ છે. કારણ કે તેટલા કાળ સુધી તે કર્મ અનુભવાતું નથી. (૮-૧૫)

**टीकावतरणिका–** अथ मोहनीयकर्मप्रकृतेः कियान् स्थितिबन्ध इति तदभिधानायाह–

**ટીકાવતરણિકાર્થ–** હવે મોહનીય કર્મપ્રકૃતિનો કેટલો સ્થિતિબંધ છે તે જણાવવા માટે કહે છે–

**મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ–**

## सप्ततिर्मोहनीयस्य ॥८-१६॥

**સૂત્રાર્થ–** મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર (૭૦) કોડાકોડિ સાગરોપમ છે. (૮-૧૬)

**भाष्यं–** मोहनीयकर्मप्रकृतेः सप्ततिः सागरोपमकोटीकोट्यः परा स्थितिः ॥८-१६॥

૧. જેટલા કોડાકોડિ સાગરોપમ સ્થિતિકાળ તેટલા સો વર્ષ અબાધાકાળ હોય. અહીં ૩૦ કોડાકોડિ સાગરોપમ હોવાથી ૩૦x૧૦૦=ત્રણ હજાર વર્ષ અબાધાકાળ થાય. દર એક કોડાકોડિ સાગરોપમ સ્થિતિકાળમાં સો વર્ષ અબાધાકાળ હોય એવો નિયમ છે.

**ભાષ્યાર્થ–** મોહનીય કર્મપ્રકૃતિની સિત્તેર કોડાકોડિ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (૮-૧૬)

**टीका–** सागरोपमकोटीकोट्य इत्यनुवर्त्तते, ताः सप्ततिसङ्ख्यया-ऽभिसम्बध्यन्ते, 'मोहनीये'त्यादिना एतदेव स्पष्टतरं विवृणोति, प्रतिपादितार्थं चैतद्भाष्यमिति, अस्यास्त्वबाधाकालः सप्त वर्षसहस्राणि, ततः परं बाधाकालो यावदशेषं क्षीणमिति ॥८-१६॥

**ટીકાર્થ–** सागरोपमकोटीकोट्यः એ ઉપરથી ચાલ્યું આવે છે. તેનો સિત્તેરની સાથે સંબંધ કરાય છે. मोहनीय ઇત્યાદિથી આનું જ અધિક સ્પષ્ટતાથી વિવરણ કરે છે.

આ ભાષ્યના અર્થનું (ટીકામાં) પ્રતિપાદન કર્યું છે. આનો અબાધાકાળ સાત હજાર વર્ષ છે. ત્યારબાદ જ્યાં સુધી સંપૂર્ણ ક્ષીણ થાય ત્યાં સુધી બાધાકાળ છે. (૮-૧૬)

**टीकावतरणिका–** नामगोत्रमूलप्रकृत्योः स्थितिप्रतिपादनायाह–

**ટીકાવતરણિકાર્થ–** નામ અને ગોત્ર એ બે મૂલપ્રકૃતિની સ્થિતિનું પ્રતિપાદન કરવા માટે કહે છે–

**નામ-ગોત્રની ઉત્કૃષ્ટ સ્થિતિ–**

## नामगोत्रयोर्विंशतिः ॥८-१७॥

**સૂત્રાર્થ–** નામ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીસ (૨૦) કોડાકોડિ સાગરોપમ છે. (૮-૧૭)

**भाष्यं–** नामगोत्रप्रकृत्योर्विंशतिसागरोपमकोटीकोट्यः परा स्थितिः ॥८-१७॥

**ભાષ્યાર્થ–** નામ અને ગોત્ર એ બે પ્રકૃતિની વીસ કોડાકોડિ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (૮-૧૭)

**टीका–** नामकर्मणो गोत्रकर्मणश्च विंशतिः सागरोपमकोटीकोट्यः परा स्थितिरिति, 'नामगोत्रयो'रित्यादिना भाष्येण स्पष्टीकृत एषोऽर्थः, अस्याप्यबाधाकालो वर्षसहस्रद्वयमिति ॥८-१७॥

**ટીકાર્થ–** નામકર્મની અને ગોત્રકર્મની વીસ કોડાકોડિ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે.

આ અર્થ नामगोत्रयोः ઇત્યાદિ ભાષ્યથી સ્પષ્ટ કર્યો છે. આનો પણ અબાધાકાળ બે હજાર વર્ષ છે. (૮-૧૭)

**टीकावतरणिका–** आयुष्कोत्कृष्टस्थितिप्रतिपादनायाह–

**ટીકાવતરણિકાર્થ–** આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિનું પ્રતિપાદન કરવા માટે કહે છે–

**આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ–**

**त्रयस्त्रिंशत् सागरोपमाण्यायुष्कस्य ॥८-१८॥**

**સૂત્રાર્થ–** આયુષ્યકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ (૩૩) સાગરોપમ છે. (૮-૧૮)

**भाष्यं–** आयुष्कप्रकृतेस्त्रयस्त्रिंशत्सागरोपमानि परा स्थितिः ॥८-१८॥

**ભાષ્યાર્થ–** આયુષ્યપ્રકૃતિની તેત્રીસ (૩૩) સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. (૮-૧૮)

**टीका–** त्रयस्त्रिंशत् सागरोपमाणि पूर्वकोटित्रिभागाभ्यधिकानि, त्रयस्त्रिंशत् वचनात् कोटीकोट्य इति निवृत्तं, पूर्वकोटित्रिभागश्चाबाधाकालः, 'आयुष्कप्रकृते'रित्यादि भाष्यं सुज्ञानमेव ॥८-१८॥

**ટીકાર્થ–** એક ક્રોડ પૂર્વનો ત્રીજો ભાગ અધિક તેત્રીસ સાગરોપમ આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. आयुष्कप्रकृतेः ઇત્યાદિ ભાષ્ય સારી રીતે સમજી શકાય તેવું છે. (૮-૧૮)

**टीकावतरणिका–** मूलप्रकृतीनामुक्तः सामान्येन स्थितिबन्धः उत्कृष्टः, सम्प्रति उत्तरप्रकृतीनां प्रत्येकमुत्कृष्टो जघन्यश्चोच्यते सूत्रक्रमाश्रयणेन, तत्र सद्वेद्यप्रकृतेस्त्रिंशत्सागरोपमकोटीकोट्यः स्थितिः परा, जघन्या सागरोपमस्य सप्तभागास्त्रयः पल्योपमस्यासङ्ख्येयभागेन न्यूनाः,

सद्वेद्यस्य पञ्चदश सागरोपमकोटीकोट्यः उत्कृष्टा स्थितिः, पञ्चदशवर्ष-शतानि अबाधा, जघन्या द्वादशमुहूर्ता, अबाधाऽन्तर्मुहूर्तं, अत्र एतत्सूत्रमाह–

## ઉત્તરપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ-જઘન્ય સ્થિતિબંધ

**ટીકાવતરણિકાર્થ–** મૂળપ્રકૃતિઓનો સામાન્યથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કહ્યો. હવે ઉત્તરપ્રકૃતિઓનો પ્રત્યેકનો ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિબંધ સૂત્રોક્ત ક્રમના આધારે કહેવાય છે. તેમાં અસાતાવેદનીય પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીસ કોડાકોડિ સાગરોપમ છે. જઘન્યસ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી ન્યૂન એક સાગરોપમના સાત ભાગના ત્રણ ભાગ છે. સાતાવેદનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ પંદર (૧૫) કોડાકોડિ સાગરોપમ છે. પંદરસો (૧૫૦૦) વર્ષ અબાધાકાળ છે. જઘન્ય સ્થિતિ બાર મુહૂર્ત છે. અબાધાકાળ અંતર્મુહૂર્ત છે. અહીં આ સૂત્રને કહે છે–

**વેદનીયની જઘન્યસ્થિતિ–**

**अपरा द्वादशमुहूर्ता वेदनीयस्य ॥८-१९॥**

**સૂત્રાર્થ–** વેદનીયકર્મની જઘન્ય સ્થિતિ બાર (૧૨) મુહૂર્ત છે. (૮-૧૯)

**भाष्यं–** वेदनीयप्रकृतेरपरा द्वादश मुहूर्ताः स्थितिरिति ॥८-१९॥

**ભાષ્યાર્થ–** વેદનીયપ્રકૃતિની અપરસ્થિતિ બાર મુહૂર્ત છે. (૮-૧૯)

**टीका–** वेदनीयप्रकृतिरित्यादि भाष्यं अपरेत्युत्कृष्टापेक्षया जघन्यो-च्यते, अपरा जघन्येत्यर्थः, कथं मध्यमा नेति चेत् व्याख्याविशेषाददोषः, अधरेति वा सूत्रपाठः, अपरेऽतिस्पष्टमेव सूत्रमधीयते जघन्या द्वादश-मुहूर्तेति ॥ नामगोत्रयोरुत्तरप्रकृतीनां स्थितिरुच्यते, तत्र नामप्रकृतीनां तावन्मनुष्यगतिमनुष्यगत्यानुपूर्व्योरुत्कृष्टः स्थितिबन्धः पञ्चदश सागरो-पमकोटीकोट्यः, पञ्चदशवर्षशतान्यबाधा, नरकगतिस्तिर्यग्गतिरेकेन्द्रिय-जातिः पञ्चेन्द्रियजातिः औदारिकवैक्रियतैजसकार्मणशरीराणि हुण्डसंस्थानं औदारिकाङ्गोपाङ्गं च छेदवर्त्तिसंहननं वर्णगन्धरसस्पर्शनरकानुपूर्वी-

तिर्यगानुपूर्वीअगुरुलघु उपघातपराघातोच्छ्वासआतपउद्योतअप्रशस्तविहायोगतित्रसस्थावरबादरपर्याप्तप्रत्येकशरीरअस्थिरअशुभदुर्भगदुःस्वरअनादेयअयशःकीर्तिनिर्माणनाम्नामुत्कृष्टस्थितिबन्धो विंशतिः सागरोपमकोटिकोट्यः, वर्षसहस्रद्वयमबाधा,

देवगतिः देवगत्यानुपूर्वी समचतुरस्रसंस्थानं वज्रर्षभनाराचसंहननं प्रशस्तविहायोगतिः स्थिरशुभसुभगसुस्वरआदेययशःकीर्तीनां दश सागरोपमकोटीकोट्यः उत्कृष्टा स्थितिः, दशवर्षशतान्यबाधा, न्यग्रोधसंस्थानवज्रनाराचसंहननयोः द्वादश सागरोपमकोटीकोट्यः परा स्थितिः, द्वादश वर्षशतान्यबाधा, सादिसंस्थाननाराचसंहननयोश्चतुर्दश सागरोपमकोटीकोट्यः उत्कृष्टा स्थितिः, चतुर्दश वर्षशतान्यबाधा, कुब्जसंस्थानार्द्धनाराचसंहननयोरुत्कृष्टा स्थितिः षोडश सागरोपमकोटीकोट्यः, षोडश वर्षशतान्यबाधा, वामनसंस्थानकीलिकासंहननद्वीन्द्रियत्रीन्द्रियचतुरिन्द्रियजातीनां सूक्ष्मापर्याप्तसाधारणनाम्नां चोत्कृष्टा स्थितिः अष्टादश सागरोपमकोटीकोट्यः, अष्टादश वर्षशतान्यबाधा, आहारकशरीरएतदङ्गोपाङ्गतीर्थकरनाम्नामुत्कृष्टा स्थितिः सागरोपमकोटीकोटेरन्तः, अबाधा त्वन्तर्मुहूर्तम्, एवमेता नामकर्मणः सप्तषष्टिरुत्तरप्रकृतयः, शेषकर्मणां त्रिपञ्चाशद्, एकत्र विंशत्युत्तरं प्रकृतिशतं भवति ।

सम्प्रति नामप्रकृतीनामेव जघन्या स्थितिरुच्यते-मनुष्यतिर्यग्गतिपञ्चेन्द्रियजातिऔदारिकतैजसकार्मणानि संस्थानषट्कं औदारिकाङ्गोपाङ्ग संहननषट्कं वर्णगन्धरसस्पर्शाः तिर्यङ्मनुष्यानुपूर्व्यौ अगुरुलघूपघातोच्छ्वासातपोद्योतप्रशस्ताप्रशस्तविहायोगतित्रसस्थावरशुभाशुभसुभगदुर्भगसुस्वरदुःस्वरसूक्ष्मबादरपर्याप्तापर्याप्तप्रत्येकसाधारणशरीरस्थिरास्थिरादेयानादेयनिर्माणयशसां सागरोपमस्य द्वौ सप्तभागौ जघन्या स्थितिः पल्योपमासङ्ख्येयभागेन न्यूना, अबाधा त्वन्तर्मुहूर्तकालः, देवनरकगती आद्यजातिचतुष्कं वैक्रियशरीरमेतदङ्गोपाङ्गं नरकदेवानुपूर्वीणां जघन्या

स्थितिः सागरोपमसहस्रस्य द्वौ सप्तभागौ पल्योपमासङ्ख्येयभागन्यूनौ, अबाधा त्वन्तर्मुहूर्तः, आहारकशरीरतदङ्गोपाङ्गतीर्थकरनाम्नां जघन्या स्थितिः सागरोपमकोटीकोट्यन्तः, अबाधा त्वन्तर्मुहूर्तकालः, यशः- कीर्तेर्जघन्या स्थितिरष्टौ मुहूर्ताः, अबाधा त्वन्तर्मुहूर्तकाल इति, अत्र सूत्रोपनिबन्धः कृतो वाचकेनेति, इतरा तु मध्यमा बहुवक्तव्यत्वादुपेक्षिता ॥८-१९॥

**ટીકાર્થ–** वेदनीयप्रकृतिः ઇત્યાદિ ભાષ્ય છે. અપરા ઉત્કૃષ્ટની અપેક્ષાએ જઘન્યા કહેવાય છે, અર્થાત્ અપરા એટલે જઘન્યા.

**પ્રશ્ન–** મધ્યમા પણ ઉત્કૃષ્ટની અપેક્ષાએ અપરા છે તો અહીં અપરા એટલે મધ્યમા કેમ નહિ ?

**ઉત્તર–** વ્યાખ્યા વિશેષથી અપરા એટલે જઘન્યા છે. આથી આમાં દોષ નથી. અથવા અધરા એવો સૂત્રપાઠ છે. બીજાઓ અતિ સ્પષ્ટ જ जघन्या द्वादशमुहूर्ता એવું સૂત્ર ભણે છે=કહે છે.

નામ અને ગોત્રની ઉત્તરપ્રકૃતિઓની સ્થિતિ કહેવાય છે- તેમાં નામપ્રકૃતિઓમાં મનુષ્યગતિ, મનુષ્યગત્યાનુપૂર્વી એ બેનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પંદર કોડાકોડિ સાગરોપમ છે. પંદરસો (૧૫૦૦) વર્ષ અબાધાકાળ છે. નરકગતિ, તિર્યંચગતિ, એકેન્દ્રિયજાતિ, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક, વૈક્રિય, કાર્મણશરીર, હુંડકસંસ્થાન, ઔદારિકઅંગોપાંગ, સેવાર્તસંહનન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, નરકાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી, અગુરુલઘુ, ઉપઘાત, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, અપ્રશસ્તવિહાયોગતિ, ત્રસ, સ્થાવર, બાદર, અપર્યાપ્ત, પ્રત્યેકશરીર, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અયશકીર્તિ, નિર્માણ નામોની ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વીસ (૨૦) કોડાકોડિ સાગરોપમ છે. બે હજાર વર્ષ અબાધાકાળ છે.

દેવગતિ, દેવગત્યાનુપૂર્વી, સમચતુરસ્ર સંસ્થાન, વજ્રઋષભનારાચ સંહનન, પ્રશસ્ત વિહાયોગતિ, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય,

યશકીર્તિ નામોની દશકોડાકોડિ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. એક હજાર વર્ષ અબાધાકાળ છે. ન્યગ્રોધસંસ્થાન, વજ્રનારાચસંહનન એ બેની બાર કોડાકોડિ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. બારસો (૧૨૦૦) વર્ષ અબાધાકાળ છે. સાદિસંસ્થાન, નારાચસંહનન એ બેની ચૌદ કોડાકોડિ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ચૌદસો (૧૪૦૦) વર્ષ અબાધાકાળ છે. કુબ્જસંસ્થાન, અર્ધનારાચસંહનન એ બેની ઉત્કૃષ્ટ સ્થિતિ સોળ કોડાકોડિ સાગરોપમ છે. સોળસો (૧૬૦૦) વર્ષ અબાધાકાળ છે. વામનસંસ્થાન, કીલિકાસંસ્થાન, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિયજાતિ, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ નામોની ઉત્કૃષ્ટ સ્થિતિ અઢાર કોડાકોડિ સાગરોપમ છે. અઢારસો (૧૮૦૦) વર્ષ અબાધાકાળ છે. આહારકશરીર, આહારક-અંગોપાંગ, તીર્થંકર નામોની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતઃકોડાકોડિ સાગરોપમ છે. અબાધાકાળ તો અંતર્મુહૂર્ત છે. આ પ્રમાણે નામકર્મની આ સડસઠ (૬૭) ઉત્તરપ્રકૃતિઓ છે. બાકીના કર્મોની ત્રેપન (૫૩) ઉત્તરપ્રકૃતિઓ છે. બધી મળીને એકસોને વીસ ઉત્તરપ્રકૃતિઓ છે.

હવે નામકર્મની પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ કહેવાય છે. મનુષ્યગતિ, તિર્યંચગતિ, પંચેન્દ્રિયજાતિ, ઔદારિક, તૈજસ, કાર્મણ, સંસ્થાનષટ્ક, ઔદારિકઅંગોપાંગ, સંહનનષટ્ક, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, તિર્યંચ-આનુપૂર્વી, મનુષ્યઆનુપૂર્વી, અગુરુલઘુ, ઉપઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, પ્રશસ્ત, અપ્રશસ્તવિહાયોગતિ, ત્રસ, સ્થાવર, શુભ, અશુભ, સુભગ, દુર્ભગ, સુસ્વર, દુઃસ્વર, સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત, પ્રત્યેકશરીર, સાધારણશરીર, સ્થિર, અસ્થિર, આદેય, અનાદેય, નિર્માણ, યશ આ પ્રકૃતિઓની પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી ન્યૂન એક સાગરોપમના સાત ભાગના બે ભાગ (એટલે ૨/૭ ભાગ) જઘન્ય સ્થિતિ છે. અબાધાકાળ તો અંતર્મુહૂર્ત છે. દેવગતિ, નરકગતિ, આદ્યજાતિચતુષ્ક, વૈક્રિયશરીર, વૈક્રિયઅંગોપાંગ, નરકઆનુપૂર્વી, દેવઆનુપૂર્વી આ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી ન્યૂન હજાર સાગરોપમના સાત ભાગના બે ભાગ(=૨/૭

ભાગ) છે. અબાધાકાળ તો અંતર્મુહૂર્ત છે. આહારકશરીર, આહારક-અંગોપાંગ, તીર્થંકર નામોની જઘન્ય સ્થિતિ અંતઃકોડાકોડિ સાગરોપમ છે. અબાધાકાળ તો અંતર્મુહૂર્ત છે. યશકીર્તિની જઘન્યસ્થિતિ આઠ મુહૂર્ત છે. અબાધાકાળ તો અંતમુહૂર્ત છે. અહીં વાચક શ્રી ઉમાસ્વાતિ મહારાજાએ સૂત્રરચના કરી છે. બીજી મધ્યમ સ્થિતિની ઉપેક્ષા કરી છે. કારણ કે તેમાં ઘણું કહેવાનું છે. (૮-૧૯)

**નામ-ગોત્રની જઘન્ય સ્થિતિ–**

**नामगोत्रयोरष्टौ ॥८-२०॥**

**સૂત્રાર્થ–** નામ અને ગોત્રકર્મની જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત છે. (૮-૨૦)

**भाष्यं–** नामगोत्रप्रकृत्योरष्टौ मुहूर्ता अपरा स्थितिर्भवति ॥८-२०॥

**ભાષ્યાર્થ–** નામ અને ગોત્રપ્રકૃતિની આઠ મુહૂર્ત જઘન્ય સ્થિતિ છે. (૮-૨૦)

**टीका–** 'नामगोत्रप्रकृत्यो'रित्यादि भाष्यं गतार्थमेवेति ॥ एवमेतासां नामकर्मप्रकृतीनां सप्तषष्टेरुत्कृष्टजघन्यस्थितिरुक्तेति, सम्प्रति गोत्रकर्मण उत्तरप्रकृत्योर्जघन्या स्थितिरभिधीयते–नीचैर्गोत्रस्य जघन्या सागरोपमस्य द्वौ सप्तभागौ पल्योपमासङ्ख्येयभागेन न्यूनौ, अबाधा त्वन्तर्मुहूर्तकालः, उच्चैर्गोत्रस्थितिर्जघन्येनाष्टौ मुहूर्ताः, अबाधाऽन्तर्मूहूर्तकालः, इत्यत्रापि सूत्रानुप्रवेशः । पञ्चानां ज्ञानावरणप्रकृतीनां चक्षुरादिदर्शनावरणप्रकृति-चतुष्टय्याः पञ्चानां चान्तरायप्रकृतीनां जघन्या स्थितिरन्तर्मुहूर्तकालः, अबाधापि अन्तर्मुहूर्तकाल एव, दर्शनावरणे निद्रापञ्चकस्य जघन्या स्थितिः सागरोपमस्य त्रयः सप्तभागाः पल्योपमासङ्ख्येयभागन्यूनाः, मोहनीयप्रकृतेर्मिथ्यात्वस्य सप्तभागाः सागरोपमस्य जघन्या स्थितिः पल्योपमासङ्ख्येयभागन्यूना, अनन्तानुबन्ध्यप्रत्याख्यानप्रत्याख्यानावरण-कषायाणां द्वादशानां जघन्या स्थितिः सागरोपमस्य चत्वारः सप्तभागाः पल्योपमासङ्ख्येयभागन्यूनाः, सञ्ज्वलनक्रोधस्य जघन्या स्थितिर्मास-

द्वयमन्तर्मुहूर्तश्चाबाधाकालः, सञ्ज्वलनमानस्य जघन्या स्थितिर्मासोऽन्तर्मुहूर्तमबाधा, सञ्ज्वलनमायाप्रकृतेर्जघन्याऽर्द्धमासमन्तर्मुहूर्तमबाधाकालः, सञ्ज्वलनलोभस्यान्तर्मुहूर्तकाला स्थितिर्जघन्या, अबाधाऽप्यन्तर्मुहूर्तकाल एव, पुंवेदस्य जघन्या स्थितिरष्टौ वर्षाण्यबाधाऽन्तर्मुहूर्तकालः, हास्यरत्यरतिभयशोकजुगुप्सास्त्रीनपुंसकवेदानां जघन्या स्थितिः सागरोपमसप्तभागौ द्वौ पल्योपमासङ्ख्येयभागन्यूनौ अन्तर्मुहूर्तकालश्चाबाधा, देवनारकायुषां जघन्या स्थितिर्दशवर्षसहस्राण्यबाधाऽन्तर्मुहूर्तकालः, तिर्यङ्मनुष्यायुषां जघन्या स्थितिः क्षुल्लकभवग्रहणमबाधाऽन्तर्मुहूर्तकाल इति ॥८-२०॥

**ટીકાર્થ—** नामगोत्रप्रकृत्योः ઇત્યાદિ ભાષ્યનો અર્થ સમજાઇ ગયેલો જ છે. આ પ્રમાણે આ સડસઠ (૬૭) પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ, જઘન્ય સ્થિતિ કહી. હવે ગોત્રકર્મની ઉત્તરપ્રકૃતિની જઘન્યસ્થિતિ કહેવાય છે- ઉચ્ચગોત્રની જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત છે. અબાધાકાળ અંતર્મુહૂર્ત છે. અહીં પણ સૂત્રનો પ્રવેશ છે. જ્ઞાનાવરણની પાંચ પ્રકૃતિઓ, દર્શનાવરણની ચક્ષુ વગેરે ચાર પ્રકૃતિઓ અને અંતરાયકર્મની પાંચ પ્રકૃતિઓની જઘન્યસ્થિતિ અંતર્મુહૂર્ત છે. અબાધાકાળ પણ અંતર્મુહૂર્ત જ છે. દર્શનાવરણમાં નિદ્રાપંચકની જઘન્યસ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી ન્યૂન એક સાગરોપમના સાત ભાગના ત્રણ ભાગ છે. મોહનીયપ્રકૃતિમાં મિથ્યાત્વની જઘન્યસ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી ન્યૂન એક સાગરોપમના સાતમા ભાગે છે. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાનાવરણ એ બાર કષાયોની જઘન્ય સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન એક સાગરોપમના સાત ભાગના ચાર (૪/૭) ભાગ છે. સંજ્વલન ક્રોધની જઘન્યસ્થિતિ બે મહિના છે. અબાધાકાળ અંતર્મુહૂર્ત છે. સંજ્વલનમાનની જઘન્ય સ્થિતિ એક માસ છે. અંતર્મુહૂર્ત અબાધાકાળ છે. સંજ્વલનમાયાની જઘન્યસ્થિતિ અર્ધમાસ

છે. અંતર્મુહૂર્ત અબાધાકાળ છે. સંજ્વલન લોભની અંતર્મુહૂર્તકાળ જઘન્યસ્થિતિ છે. અબાધાકાળ પણ અંતર્મુહૂર્ત જ છે. પુરુષવેદની જઘન્યસ્થિતિ આઠ વર્ષ છે. અબાધાકાળ અંતર્મુહૂર્ત છે. હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રીવેદ, નપુંસકવેદની જઘન્યસ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગથી ન્યૂન સાગરોપમના સાત ભાગના બે ભાગ છે. અંતર્મુહૂર્ત અબાધાકાળ છે. દેવાયુ-નરકાયુની જઘન્યસ્થિતિ દશ હજાર વર્ષ છે. અબાધાકાળ અંતર્મુહૂર્ત છે. તિર્યંચાયુ-મનુષ્યાયુની જઘન્યસ્થિતિ ક્ષુલ્લકભવગ્રહણ છે. અબાધાકાળ અંતર્મુહૂર્ત છે. (૮-૨૦)

**टीकावतरणिका–** एवमेषां ज्ञानदर्शनावरणमोहायुषां कर्मणां यत्रान्त-र्मुहूर्तकाला स्थितिः तत्रेदं सूत्रमुपतिष्ठते–

**ટીકાવતરણિકાર્થ–** આ પ્રમાણે આ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહ, આયુષ્ય કર્મોની જ્યાં અંતર્મુહૂર્તકાળ જઘન્ય સ્થિતિ છે. ત્યાં આ સૂત્ર પ્રાપ્ત થાય છે–

**બાકીના કર્મોની જઘન્ય સ્થિતિ–**

## शेषाणामन्तर्मुहूर्तम् ॥८-२१॥

**સૂત્રાર્થ–** શેષ કર્મોની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત છે. (૮-૨૧)

**भाष्यं–** वेदनीयनामगोत्रप्रकृतिभ्यः शेषाणां ज्ञानावरणदर्शनावरण-मोहनीयायुष्कान्तरायप्रकृतीनामपरा स्थितिरन्तर्मुहूर्तं भवति ॥८-२१॥

**ભાષ્યાર્થ–** વેદનીય, નામ, ગોત્ર પ્રકૃતિઓથી શેષ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, આયુષ્ય, અંતરાય પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત છે. (૮-૨૧)

**टीका–** 'वेदनीये'त्यादि भाष्यं सुगममिति ॥८-२१॥

**ટીકાર્થ–** 'वेदनीय' ઇત્યાદિ ભાષ્ય સુગમ છે. (૮-૨૧)

## સ્થિતિબંધનું કોષ્ટક

| પ્રકૃતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|
| જ્ઞાના૦ દર્શના૦ વેદનીય, અંતરાય | ૩૦ કોડા૦ સા૦ |
| મોહનીય | ૭૦ કોડા૦ સા૦ |
| નામ-ગોત્ર | ૨૦ કોડા૦ સા૦ |
| આયુષ્ય | ૩૩ કોડા૦ સા૦ |

| પ્રકૃતિ | જઘન્ય સ્થિતિ |
|---|---|
| વેદનીય | ૧૨ મુહૂર્ત |
| નામ-ગોત્ર | ૮ મુહૂર્ત |
| જ્ઞાના૦ દર્શના૦ મોહ૦ આયુ૦ અંતરાય | અંતમુહૂર્ત |

**भाष्यावतरणिका–** उक्तः स्थितिबन्धः । अनुभावबन्धं वक्ष्यामः ॥

**ભાષ્યાવતરણિકાર્થ–** સ્થિતિબંધ કહ્યો. હવે અનુભાવ(=રસ)બંધને કહીશું.

**टीकावतरणिका–** सम्प्रत्यनुभावबन्धविवक्षया आह–उक्तः स्थिति-बन्धः, अनुभावबन्धं वक्ष्याम इति । प्रतिज्ञातनिरूपणायाह–

**ટીકાવતરણિકાર્થ–** હવે અનુભાવબંધને કહેવાની ઇચ્છાથી કહે છે- સ્થિતિબંધ કહ્યો. અનુભાવબંધને કહીશું. જેની પ્રતિજ્ઞા કરી છે તેનું નિરૂપણ કરવા માટે કહે છે–

**રસબંધની વ્યાખ્યા–**

## विपाकोऽनुभावः ॥८-२२॥

**સૂત્રાર્થ–** કર્મનો વિપાક(=ફળ આપવાની શક્તિ) એ અનુભાવ (=રસ) છે. (૮-૨૨)

**भाष्यं–** सर्वासां प्रकृतीनां फलं विपाकोदयोऽनुभावो भवति । विविधः पाको विपाकः, स तथा चान्यथा चेत्यर्थः । जीवः कर्मविपाक-मनुभवन् कर्मप्रत्ययमेवानाभोगवीर्यपूर्वकं कर्मसङ्क्रमं करोति, उत्तर-प्रकृतिषु सर्वासु मूलप्रकृत्यभिन्नासु, न तु मूलप्रकृतिषु सङ्क्रमो विद्यते, बन्धविपाकनिमित्तान्यजातीयकत्वात् । उत्तरप्रकृतिषु च दर्शनचारित्र-

मोहनीययोः सम्यग्मिथ्यात्ववेदनीयस्यायुष्कस्य च जात्यन्तरानुबन्ध-विपाकनिमित्तान्यजातीयकत्वादेव सङ्क्रमो न विद्यते । अपवर्तनं तु सर्वासां प्रकृतीनां विद्यते । तदायुष्केण व्याख्यातम् ॥८-२२॥

**ભાષ્યાર્થ–** સર્વપ્રકૃતિઓનું ફળ, વિપાકોદય, અનુભાવ થાય છે. વિવિધ પાક તે વિપાક. તે વિપાક તે પ્રમાણે અને બીજી રીતે થાય.

મૂલપ્રકૃતિઓથી અભિન્ન એવી સર્વ ઉત્તરપ્રકૃતિઓમાં સંક્રમ થાય છે. પણ મૂલપ્રકૃતિઓમાં સંક્રમ થતો નથી. કારણ કે મૂલપ્રકૃતિઓ બંધનિમિત્તથી અને વિપાકનિમિત્તથી અન્ય જાતિવાળી છે.

ઉત્તરપ્રકૃતિઓમાં દર્શનમોહ, ચારિત્રમોહનો, સમ્યગ્મિથ્યાત્વ-વેદનીયનો અને આયુષ્યનો સંક્રમ થતો નથી. કેમકે જાત્યંતરનું અનુસરણ કરનાર વિપાકનું નિમિત્ત ભિન્ન છે.

અપવર્તન તો બધી પ્રકૃતિઓનો થાય છે. આનું આયુષ્ય વડે (અ.૨ સૂ.૫૨માં) વ્યાખ્યાન કર્યું છે. (૮-૨૨)

**टीका–** विपचनं विपाकः-उदयावलिकाप्रवेशः, कर्मणः विशिष्टो नानाप्रकारो वा पाको विपाकोऽप्रशस्तपरिणामानां तीव्रः शुभपरिणामानां मन्दः, यथोक्तकर्मविशेषानुभवनमनुभावः "कृत्यल्युटो बहुलम् (पा.अ.३ पा.३ सू.११३ इति) वचनात्, अथवाऽऽत्मनाऽनुभूयते येन करणभूतेन बन्धेन सोऽनुभावबन्धः "करणाधिकरणयोश्च" (पा.अ.३ पा.३ सू.११७) इति घञ्, अनुभावशब्दस्य समुदायार्थप्रदर्शनं, अनुगतो वा भावोऽनुभाव इति, प्रादिसमासः क्रियालोपी, सर्वासां हि प्रकृतीनां फलं विपाको-दयानुभावबन्धाज्जीवस्यानुसमयं कर्मानुभवनमिच्छानिच्छापूर्वकं, तद्यथा-ज्ञानावरणस्य फलं ज्ञानाभावः दर्शनावरणस्यापि फलं दर्शनशक्त्युपरोध इति, एवं सर्वकर्मणां स्वकार्यप्रबन्धानुभूतिरिति ।

सर्वासां प्रकृतीनामित्यादि भाष्यं, सर्वासामिति कात्स्न्र्यग्रहणं, कर्मबन्धस्य फलं विपाकः तस्योदयोऽनुभाव इति पर्यायकथनेन व्याख्या

भवतीति, विद्यते अवश्यं भावी विपाकः सर्वस्य कर्मणः, विशब्दार्थमाचष्टे-विविधो नानाप्रकारः पाको विपाकः स उच्यते, तद्द्वैविध्यं निरूपयति-तथा चान्यथा चेत्यर्थः, यथा येनाध्यवसायप्रकारेण यादृगनुभावबन्धकर्म तत्तथा तेनैव प्रकारेण विपच्यते, अन्यथा प्रकारान्तरेणापीत्यर्थः, अनुभावो विपाको रस इति पर्यायाः, स च तीव्रमन्दमध्यावस्थाभेदः, शुभोऽशुभश्चैकैकः, तत्र कदाचिच्छुभमप्यशुभरसतयाऽनुभूयतेऽशुभं च शुभरसतयेति द्वैविध्यार्थः, तथा चाह-

"तासामेव विपाकनिबन्धो यो नामनिर्वचनभिन्नः ।
स रसोऽनुभावसञ्ज्ञः तीव्रो मन्दोऽथ मध्यो वा ॥१॥"

तत्र चाष्टप्रकारे कर्मणि किञ्चित् कर्म पुद्गलेष्वेव विपच्यते, तत्पुद्गलान् परिणमयति नानाकारं, किञ्चिद्भवविपाकि प्राप्तजन्मन आत्मनः शरीरवतो विपच्यते, अपरं तु क्षेत्रविपाकि, क्षेत्रान्तरे विपच्यत इत्यर्थः, अन्यज्जीवविपाकी, जीव एव विपच्यते इत्येवं चतुर्द्धा विपच्यते, तथा चाह-

"संहननं संस्थानं वर्णस्पर्शरसगन्धनामानि ।
अङ्गोपाङ्गानि तथा शरीरनामानि सर्वाणि ॥१॥
अगुरुलघुपराघातोपघातनामातपोद्योतनामानि ।
प्रत्येकशरीरस्थिरशुभनामानीतरैः सार्धम् ॥२॥
प्रकृतय एताः पुद्गलपाकाः भवपाकयुक्तमायुष्कम् ।
क्षेत्रफलमानुपूर्वी जीवविपाकाः प्रकृतयोऽन्याः ॥३॥"

कथं पुनरन्यथा बन्धोऽन्यथा विपाकरूपो रस इति प्रतिपादनायाह-जीवः कर्मविपाकमनुभवन्नित्यादि, स्थित्युत्पत्तिव्ययपरिणाम्यात्मा कर्मणो ज्ञानावरणादिकस्य विपाकमुपभुञ्जानो रसमनुभवन्-वेदयमानः प्रकृतीनां सङ्क्रमं करोति, स च सङ्क्रमः कर्म्महेतुक एव, निर्निमित्तः यः स्यादनाभोगो हि ज्ञानावरणोदयः, अनाभोगवीर्यपूर्वकमिति कर्मसङ्क्रमो-

ऽभिसम्बध्यते, करोतिक्रियापेक्षः, आभुञ्जतः-अध्यवस्यतश्चेष्टाऽऽत्मनो या तदाभोगवीर्यम्, अनाभुञ्जतः-अनध्यवस्यतः सामर्थ्य-विशिष्टक्रिया-परिणामः अनाभोगवीर्यं, तत्पूर्वकं-तद्द्वारकं कर्मसंक्रमं विधत्ते,

स पुनः सङ्क्रमः कासु प्रकृतिषु कासां वा प्रकृतीनामित्याह-उत्तरप्रकृतिष्वित्यादि, मूलप्रकृत्यपेक्षया उत्तरप्रकृत्यभिधानं, अष्टौ मूल-प्रकृतयो ज्ञानावरणादिकाः, उत्तरप्रकृतिस्तु पञ्चभेदं ज्ञानावरणमित्यादिकाः, तत्रोत्तरप्रकृतीनामेवोत्तरप्रकृतिषु सङ्क्रमः, सर्वासु इत्युत्सर्गः, कासाञ्चिन्न भवतीत्यर्थः, अपवदिष्यते चोपरिष्टात्, पञ्चप्रकारं ज्ञानावरणं चक्षुर्दर्शनावरणादिप्रकृतिष्वप्यविशेषेण सर्वासु सङ्क्रामतीति प्राप्तं अत आह-मूलप्रकृत्यभिन्नास्विति मूलप्रकृतिभ्यः अभिन्नासु-अपृथग्भूतासु मूलप्रकृतीरजहतीषु, यथा मूलप्रकृतिरेका ज्ञानावरणमिति, उत्तरप्रकृतयः पञ्च, तत्रैताः पञ्चाप्यन्योऽन्यमेव सङ्क्रामन्ति, नान्यमूलप्रकृत्युत्तरप्रकृतिषु, एनमेवार्थं सावधारणकं दर्शयति न तु मूलप्रकृतिषु सङ्क्रमो विद्यते इति, तुशब्दोऽवधारणार्थः, नैव मूलप्रकृतिषु सङ्क्रमोऽस्ति, न हि ज्ञानावरणं दर्शनावरणे सङ्क्रामति, नापि दर्शनावरणं ज्ञानावरणे इत्येवमन्यत्रापि योज्यं, अमुमेवार्थं युक्त्या प्रतिपादयन्नाह-बन्धविपाकनिमित्तान्यजातीयानि भिन्नजातीयानीत्यर्थः, अन्यद् बन्धनिमित्तं ज्ञानावरणस्य 'तत्प्रदोष-निह्नवादि' अन्यद्वेदनीयादेः 'दुःखशोकादि' ज्ञानदर्शनावरणयोर्बन्ध-निमित्तमभिन्नमपि सदाशयविशेषाद्भेदमुपाश्नुत एव, विपाकनिमित्तमपि भिन्नमेव, कार्यभेदो हि निमित्तभेदमेव कल्पयति, ज्ञानावरणविपाको हि ज्ञानमावृणोति-स्थगयति विशेषग्राहि, दर्शनावरणं तु सामान्यमात्रग्राहि सामान्योपयोगमेवान्तर्धत्ते, एवं बन्धनिमित्तभेदाद्विपाकनिमित्तभेदाच्च भिन्नासु मूलप्रकृतिषु सङ्क्रमो नास्ति, पूर्वं सर्वासु इत्युक्तं यत् तत् सम्प्रत्यपोद्यते 'उत्तरप्रकृतिष्वि'त्यादि(ना), कासाञ्चिदुत्तरप्रकृतीनामपि कासुचित् तत्प्रकृतिषु सङ्क्रमो नास्तीति दर्शयति, तत्र दर्शनमोहः-

चत्वारोऽनन्तानुबन्धिनः क्रोधादयः मिथ्यात्वं सम्यग्मिथ्यात्वं सम्यक्त्व-मिति, शेषश्चारित्रमोहोऽप्रत्याख्यानादिः, तत्र दर्शनमोहो न सङ्क्रामति चारित्रमोहे, नापि चारित्रमोहो दर्शनमोहे इति, सम्यग्मिथ्यात्वस्यासत्यपि बन्धे सम्यक्त्वेऽस्ति सङ्क्रमः, सम्यक्त्वं तु सम्यग्मिथ्यात्वे न सङ्क्रामति, तथा सम्यक्त्वसम्यग्मिथ्यात्वयोर्मिथ्यात्वं सङ्क्रामति, आयुष्कस्य च नारकतिर्यङ्मनुष्यदेवभेदस्य परस्परं नास्ति सङ्क्रम इति, उक्तं च-

"मूलप्रकृत्यभिन्नाः सङ्क्रमयति गुणत उत्तराः प्रकृतीः ।
नन्वात्माऽमूर्तत्वादध्यवसानप्रयोगेण ॥१॥

शिथिलयति दृढं बद्धं शिथिलं द्रढयति च कर्म ननु जीवः ।
उत्कृष्टाश्च जघन्याः स्थितीर्विपर्यासयति चापि ॥२॥"

सङ्क्रमस्थित्युदीरणात्रयस्य दृष्टान्तत्रयोपप्रदर्शनायाह-

"तारीकरणं ताम्रस्य शोषणस्तेमने मृदः क्रमशः ।
आम्रपरिपाचनं वा काले तेषूपदृष्टान्ताः ॥३॥"

यथासङ्ख्यमभिसम्बन्धः कार्यः ।

"अनुभावाँश्च विपर्यासयति तथैव प्रयोगतो जीवः ।
तीव्रान्वा मन्दान्वा स्वासु प्रकृतिष्वभिन्नासु ॥४॥

यद् यद्वा मन्दं सत् क्षारीक्रियते हरिद्रया चूर्णम् ।
वातातपादिभिश्च क्षारं मन्दीक्रियेत यथा ॥५॥

तीव्रानुभावयोगो भवति हि मिथ्यात्ववेदनीयस्य ।
सम्यक्त्वे त्वतिमन्दो मिश्रे मिश्रोऽनुभावश्च ॥६॥"

अत्र प्रतिज्ञातार्थे युक्तिमाह-जात्यन्तरानुबन्धविपाकनिमित्तान्य-जातीयकत्वादेव सङ्क्रमो न विद्यत इति जात्यन्तरस्यानुबन्धनम्-

अनुवर्त्तनं यः करोति विपाकस्तस्य निमित्तं तदन्यजातीयकं-भिन्नं तथा च दर्शनमोहनीयादीनामाश्रवा भिन्ना एव पठिताः प्रवचन इति,

अपवर्त्तनं त्वित्यादि, सर्वासामेव प्रकृतीनां सम्भवत्यपवर्तनं, द्राघीयस्याः कर्मस्थितेरल्पीकरणमपवर्तनं, सर्वासामेव प्रकृतीनां तत् सम्भवति, अध्यवसायविशेषात्, तच्च प्राग्व्याख्यातमेवेति तत्प्रतिपाद-नायाह-तदायुष्केण व्याख्यातमिति, तद्-अपवर्तनमायुष्ककर्मणा द्वितीयेऽध्याये व्याख्यातमिति ॥८-२२॥

**ટીકાર્થ–** પાકવું તે વિપાક. વિપાક એટલે કર્મોનો ઉદયાવલિકામાં પ્રવેશ. કર્મનો વિશિષ્ટ પાક અથવા વિવિધ પ્રકારનો પાક તે વિપાક. અપ્રશસ્ત પરિણામોનો વિપાક તીવ્ર અને પ્રશસ્ત પરિણામોનો વિપાક મંદ હોય. યથોક્તકર્મવિશેષનો અનુભવ કરવો તે અનુભાવ. कृत्यल्युटो बहुलम् (પા.અ.૩ પા.૩ સૂ.૧૧૩) એ સૂત્રથી અનુભાવ શબ્દ બન્યો છે. અથવા જે કરણરૂપ બંધથી આત્માથી અનુભવાય તે અનુભાવ બંધ. करणाधिकरणयोश्च (પા.અ.૩ પા.૩ સૂ.૧૧૭) એ સૂત્રથી ઘઞ્ પ્રત્યય થયો છે. અહીં અનુશબ્દનો સમુદાયાર્થ(=અનુ+ભવ એ બંને સાથે હોય તે સમુદાયનો અર્થ) બતાવ્યો છે. (અનુને અલગ કરીને થતો અર્થ આ પ્રમાણે છે-) અથવા અનુગત ભાવ તે અનુભાવ. અહીં ક્રિયાના લોપવાળો પ્રાદિ તત્પુરુષ સમાસ છે. વિપાકોદયવાળા[1] અનુભાવના બંધથી(=વિપાકથી ઉદયમાં આવે તેવા અનુભાવનો બંધ થવાના કારણે) જીવને પ્રત્યેક સમયે ઇચ્છાથી કે અનિચ્છાથી કર્મનો અનુભવ થાય એ બધી પ્રકૃતિઓનું ફળ છે. જેમકે જ્ઞાનાવરણનું ફળ જ્ઞાનનો અભાવ, દર્શનાવરણનું ફળ દર્શનશક્તિની રુકાવટ. એ પ્રમાણે સર્વ કર્મોનો સ્વકાર્યને અનુરૂપ અનુભવ થાય.

सर्वासां प्रकृतीनाम् ઇત્યાદિ ભાષ્ય છે. सर्वासां એમ બધી પ્રકૃતિઓનું ગ્રહણ કર્યું છે. કર્મબંધનું ફળ, વિપાકોદય, અનુભાવ એ પ્રમાણે

૧. આનો અર્થ એ થયો કે કર્મોનો રસહીન કેવળ પ્રદેશોદય થાય તેમાં ફળ મળતું નથી.

પર્યાયોના કથનથી[1] વ્યાખ્યા છે. સર્વકર્મોનો ભવિષ્યમાં અવશ્ય વિપાક થાય. (વિપાકમાં રહેલા) વિ શબ્દના અર્થને કહે છે- વિવિધ=જુદા જુદા પ્રકારનો પાક(=ફળ) તે વિપાક કહેવાય છે. વિપાકના બે પ્રકારોનું નિરૂપણ કરે છે. **तथा चान्यथा चेत्यर्थः** જે કર્મનો જેવા પ્રકારના અધ્યવસાયથી જેવા રસવાળો બંધ થયો હોય તે કર્મ તે જ રીતે ફળ આપે છે અથવા બીજી રીતે પણ ફળ આપે છે. અનુભાવ, વિપાક, રસ એ પ્રમાણે પર્યાયો છે. રસના તીવ્ર, મંદ અને મધ્યમ અવસ્થા એમ ભેદો છે. તે એક એક શુભ અને અશુભ છે. તેમાં ક્યારેક શુભ પણ અશુભરસરૂપે પરિણમે છે, અશુભ શુભરસરૂપે પરિણમે છે. વિપાકના બે પ્રકારો છે એમ જે કહ્યું છે એનો આ અર્થ છે. તે પ્રમાણે કહ્યું છે કે- "તે પ્રકૃતિઓના જ વિપાકનું જ કારણ છે અને નામના વ્યુત્પત્તિથી થતા અર્થથી[2] ભિન્ન છે તે રસ છે. તેની અનુભાવ સંજ્ઞા છે. તે તીવ્ર, મંદ અથવા મધ્યમ છે."

## પ્રકૃતિના પુદ્ગલ વિપાકી વગેરે ચાર પ્રકાર

આઠ પ્રકારના કર્મમાં કોઈક કર્મ પુદ્ગલોમાં જ ફળ આપે છે=કર્મ પુદ્ગલોને વિવિધ આકારે પરિણમાવે છે, (અર્થાત્ જે પ્રકૃતિઓના ફળને આત્મા પુદ્ગલો દ્વારા અનુભવે તે પ્રકૃતિઓ પુદ્ગલવિપાકી કહેવાય છે. જેમકે ઔદારિકશરીર પુદ્ગલવિપાકી છે તો એનું ફળ ઔદારિકશરીરરૂપ પુદ્ગલો દ્વારા આત્મા અનુભવે છે).

કોઈક કર્મ ભવવિપાકી છે. જેણે જન્મને પ્રાપ્ત કર્યો છે તેવા શરીરવાળા આત્માને ફળ આપે છે. (ભવદ્વારા ફળ આપે=વિપાક બતાવે તે ભવવિપાકી.)

બીજું કર્મ ક્ષેત્રવિપાકી છે=અન્યક્ષેત્રમાં ફળ આપે છે.

---

૧. કોઈ પણ શબ્દની તત્ત્વ, ભેદ અને પર્યાયોથી વ્યાખ્યા થાય. તેમાં અહીં ફળ ઈત્યાદિથી પર્યાયોથી વ્યાખ્યા કરી છે. માટે "પર્યાયોના કથનથી વ્યાખ્યા છે" એમ કહ્યું.

૨. નામના વ્યુત્પત્તિથી થતા અર્થથી ભિન્ન છે એ કથનનો ભાવાર્થ આ છે- અસાતાવેદનીયનો વ્યુત્પત્તિથી થતો અર્થ જે અસાતારૂપે વેદાય=અનુભવાય તે અસાતાવેદનીય. હવે સંક્રમણથી અસાતાનો રસ સાતારૂપે થઈ ગયો એથી એ રસ અસાતારૂપે વેદાય એવા વ્યુત્પત્તિથી થતા અર્થથી ભિન્ન થઈ ગયો.

અન્યકર્મ જીવવિપાકી છે=જીવમાં ફળ આપે છે. આ પ્રમાણે ચાર પ્રકારે ફળ આપે છે=વિપાક બતાવે છે. તે પ્રમાણે કહ્યું છે કે-

સંહનન, સંસ્થાન, વર્ણ, સ્પર્શ, રસ, ગંધ, અંગોપાંગ, સર્વશરીર, અગુરુલઘુ, પરાઘાત, ઉપઘાત, ઉદ્યોત, આતપ આ નામપ્રકૃતિઓ તથા ઈતરથી સહિત પ્રત્યેકશરીર, સ્થિર, શુભ. આ નામપ્રકૃતિઓ પુદ્ગલ-વિપાકી છે. આયુષ્ય ભવવિપાકી છે. આનુપૂર્વી ક્ષેત્રવિપાકી છે. શેષ પ્રકૃતિઓ જીવવિપાકી છે. (૧-૨-૩)

કર્મવિપાકનો અનુભવ કરતો જીવ કર્મનિમિત્તે જ અનાભોગવીર્યપૂર્વક કર્મ સંક્રમણ કરે છે.

## સંક્રમ

રસ બીજી રીતે બંધાય અને રસનો વિપાક બીજી રીતે થાય તે કેવી રીતે બને તેનું નિરૂપણ કરવા માટે કહે છે- "जीवः कर्मविपाकमनुभवन्" इत्यादि, સ્થિતિ, ઉત્પત્તિ, વિનાશરૂપ પરિણામવાળો, જ્ઞાનાવરણાદિ કર્મનો ઉપભોગ કરતો અને રસને અનુભવતો આત્મા પ્રકૃતિઓના સંક્રમને કરે છે. તે સંક્રમ કર્મનિમિત્તક જ છે, નિમિત્ત વિના જે સંક્રમ થાય તે અનાભોગ છે. અનાભોગ જ્ઞાનાવરણના ઉદયરૂપ છે. 'अनाभोगवीर्यपूर्वकम्' इति. અહીં કર્મસંક્રમપદનો સંબંધ કરવો. કર્મસંક્રમપદ करोति ક્રિયાની અપેક્ષાવાળો છે. અર્થાત્ અનાભોગવીર્યપૂર્વક કર્મસંક્રમને કરે છે. આભોગવાળા= અધ્યવસાયવાળા=ઉપયોગવાળા આત્માની જે ચેષ્ટા તે આભોગવીર્ય છે. અનાભોગવાળા=અધ્યવસાયથી રહિત=ઉપયોગથી રહિત આત્માનું સામર્થ્ય=વિશિષ્ટ ક્રિયા પરિણામ તે અનાભોગવીર્ય. અનાભોગવીર્યપૂર્વક= અનાભોગવીર્ય દ્વારા કર્મસંક્રમને કરે છે.

તે સંક્રમ કઈ પ્રકૃતિઓમાં કઈ પ્રકૃતિઓનો થાય છે તેને કહે છે—

'उत्तरप्रकृतिषु' इत्यादि, મૂળપ્રકૃતિની અપેક્ષાએ ઉત્તરપ્રકૃતિઓ કહી છે. જ્ઞાનાવરણાદિ આઠ મૂળપ્રકૃતિઓ છે. જ્ઞાનાવરણનાં પાંચ ભેદો વગેરે ઉત્તરપ્રકૃતિઓ છે. તેમાં ઉત્તરપ્રકૃતિઓનો જ સર્વઉત્તરપ્રકૃતિઓમાં સંક્રમ

થાય. અહીં સર્વમાં થાય એ ઉત્સર્ગ છે, અર્થાત્ કેટલીક પ્રકૃતિઓનો સંક્રમ નથી થતો. આગળ અપવાદ કહેશે. જ્ઞાનાવરણના પાંચ પ્રકારનો સામાન્ય નિયમથી ચક્ષુદર્શનાવરણ આદિ સર્વપ્રકૃતિઓમાં સંક્રમણ થાય એમ પ્રાપ્ત થયું. આથી અપવાદને કહે છે- 'मूलप्रकृत्यभिन्नासु' इति, મૂલપ્રકૃતિથી જુદી ન હોય=મૂલપ્રકૃતિઓને છોડતી ન હોય એવી ઉત્તરપ્રકૃતિઓમાં સંક્રમ થાય. જેમકે જ્ઞાનાવરણ મૂલપ્રકૃતિ એક છે. ઉત્તરપ્રકૃતિઓ પાંચ છે. તેમાં આ પાંચેય એકબીજામાં સંક્રમ કરે. પણ અન્ય મૂલપ્રકૃતિઓની ઉત્તરપ્રકૃતિઓમાં સંક્રમ ન કરે. આ જ અર્થને અવધારણપૂર્વક બતાવે છે- 'न तु मूलप्रकृतिषु सङ्क्रमो विद्यते' इति, तु શબ્દ અવધારણ અર્થમાં છે. મૂલપ્રકૃતિઓમાં પરસ્પર સંક્રમ થતો જ નથી. જ્ઞાનાવરણ દર્શનાવરણમાં સંક્રમતું નથી, દર્શનાવરણ જ્ઞાનાવરણમાં પણ સંક્રમતું નથી. આ પ્રમાણે અન્ય કર્મોમાં પણ જોડવું. આ જ અર્થને (युक्त्या=) હેતુ જણાવવાપૂર્વક કહે છે- बन्धविपाकनिमित्तान्यजातीयानि, આનો મુખ્ય અર્થ એ છે કે મૂળ કર્મો ભિન્ન જાતિવાળા છે માટે તેમનો પરસ્પર સંક્રમ થતો નથી. (ભિન્ન જાતિવાળા કેમ છે એ જણાવવા બંધનિમિત્ત અને વિપાકનિમિત્ત ભિન્ન છે એ બે હેતુ જણાવ્યા છે.) જ્ઞાનાવરણનું બંધનિમિત્ત અન્ય છે. तत्प्रदोषनिह्नव० (અ.૬ સૂ.૧૧) વગેરે જ્ઞાનાવરણના બંધ નિમિત્તો છે. વેદનીયનું બંધનિમિત્ત અન્ય છે. दुःखशोक० (અ.૬ સૂ.૧૨) વગેરે વેદનીયના બંધનિમિત્તો છે. જ્ઞાનાવરણ-દર્શનાવરણના બંધનિમિત્ત સમાન હોવા છતાં વિદ્યમાન આશયવિશેષથી ભેદને પામે છે જ. મૂળપ્રકૃતિઓનું વિપાકનિમિત્ત પણ ભિન્ન જ છે. કાર્યભેદ નિમિત્તભેદની કલ્પના કરે જ છે.(=દરેક મૂળપ્રકૃતિનું કાર્ય ભિન્ન હોવાથી કારણ પણ ભિન્ન જ છે એમ કલ્પના કરી શકાય છે.) જ્ઞાનાવરણનો વિપાક(=કાર્ય) વિશેષગ્રાહી જ્ઞાનને આવરે છે=ઢાંકે છે. દર્શનાવરણ તો માત્ર સામાન્ય-ગ્રાહી સામાન્ય ઉપયોગને ઢાંકે છે. આ પ્રમાણે બંધ નિમિત્તના ભેદથી અને વિપાક નિમિત્તના ભેદથી ભિન્ન એવી મૂલપ્રકૃતિઓમાં સંક્રમ થતો નથી.

પૂર્વે સર્વપ્રકૃતિઓમાં સંક્રમ થાય એમ જે કહ્યું તેમાં હવે અપવાદ કહે છે—

'उत्तरप्रकृतिषु' ઇત્યાદિથી કોઇક ઉત્તરપ્રકૃતિઓનો પણ કોઇક ઉત્તરપ્રકૃતિઓમાં સંક્રમ નથી એમ જણાવે છે. તેમાં અનંતાનુબંધી ક્રોધાદિ ચાર કષાયો, મિથ્યાત્વ, સમ્યગ્મિથ્યાત્વ અને સમ્યક્ત્વ દર્શનમોહ છે. શેષ અપ્રત્યાખ્યાન વગેરે ચારિત્રમોહ છે. તેમાં દર્શનમોહનો ચારિત્રમોહમાં સંક્રમ થતો નથી. ચારિત્રમોહનો પણ દર્શનમોહમાં સંક્રમ થતો નથી. સમ્યગ્મિથ્યાત્વનો બંધ ન હોવા છતાં સમ્યક્ત્વમાં સંક્રમ છે પણ સમ્યક્ત્વ સમ્યક્ત્વ-મિથ્યાત્વમાં સંક્રમતું નથી તથા સમ્યક્ત્વ અને સમ્યક્ત્વ-મિથ્યાત્વ એ બેમાં મિથ્યાત્વ સંક્રમતું નથી. નારક, તિર્યંચ, મનુષ્ય, દેવભેદવાળા આયુષ્યનો પરસ્પર સંક્રમ થતો નથી. કહ્યું છે કે- મૂલપ્રકૃતિથી અભિન્ન એવી ગુણથી(=કાર્યથી) ઉત્તરપ્રકૃતિઓને આત્મા પોતે અમૂર્ત હોવાથી અધ્યવસાયના પ્રયોગથી સંક્રમાવે છે, અર્થાત્ અધ્યવસાયના કારણે સંક્રમ થાય છે. (૧) જીવ બાંધેલા દૃઢ કર્મને શિથિલ કરે છે, શિથિલને દૃઢ કરે છે. ઉત્કૃષ્ટ સ્થિતિને જઘન્ય અને જઘન્ય સ્થિતિને ઉત્કૃષ્ટ એમ વિપર્યાસ કરે છે. (૨)

સંક્રમ-સ્થિતિ-ઉદીરણા એ ત્રણના ત્રણ દૃષ્ટાંતોને બતાવવા માટે કહે છે- તાંબાની ચાંદી કરવી, ભિનામાં(=તડકો ન આવતો હોય તેવા સ્થાનમાં) માટીને સૂકવવી, અકાળે(=જલદી) આંબાને પકવવા સંક્રમ-સ્થિતિ-ઉદીરણામાં ઉપદૃષ્ટાંતો(=બધા જલદી સમજી શકે તેવાં દૃષ્ટાંતો) છે. (૩) સંક્રમ આદિના દૃષ્ટાંતોની સાથે યથાસંખ્ય સંબંધ કરવો. (સંક્રમમાં તાંબાની ચાંદી કરવી, સ્થિતિમાં ભિનામાં માટીને સુકવવી, ઉદીરણામાં અકાળે(=જલદી) આંબાને પકાવવા એમ ક્રમશઃ ઘટાવવું. (તાંબાને ચાંદી બનાવવામાં તાંબાનો ચાંદીમાં સંક્રમ થયો. ભિનામાં માટીને સૂકવવામાં સમય વધારે જાય એટલે સ્થિતિ વધી. અકાળે(=જલદી) આંબાને પકાવવામાં ઉદીરણા થઇ.) તે જ પ્રમાણે જીવ પ્રયોગથી(=અધ્યવસાયને તેમાં યોજવાથી) તીવ્રતાને અને મંદતાને આશ્રયીને પોતાની અભિન્ન પ્રકૃતિઓમાં રસોનો વિપર્યાસ કરે છે=મંદ રસને તીવ્ર અને તીવ્ર રસને મંદ બનાવે છે. (૪) અથવા જેવી રીતે જે

ચૂર્ણ મંદક્ષારવાળું હોય તે હળદરથી અધિક ક્ષારવાળું કરાય છે, ક્ષારવાળું દ્રવ્ય પવન, તાપ વગેરેથી અલ્પક્ષારવાળું કરાય છે. (તેવી રીતે પ્રકૃતિઓ મંદરસવાળી તીવ્રરસવાળી અને તીવ્રરસવાળી મંદરસવાળી કરાય છે.) (૫) મિથ્યાત્વવેદનીયમાં તીવ્રરસનો યોગ થાય છે. સમ્યક્ત્વમાં રસ અતિમંદ અને મિશ્રમાં મિશ્રરસ હોય છે. (૬)

અહીં પ્રતિજ્ઞાત અર્થમાં યુક્તિને(=હેતુને) કહે છે- जात्यन्तरानुबन्ध-विपाकनिमित्तान्यजातीयकत्वादेव सङ्क्रमो न विद्यते=જાત્યંતરનું અનુસરણ કરનાર વિપાકનું નિમિત્ત ભિન્ન હોવાથી સંક્રમ થતો નથી. આનો તાત્પર્યાર્થ એ છે કે, અહીં જે પ્રકૃતિઓનો સંક્રમ નિષેધ કર્યો છે તે પ્રકૃતિઓના આસ્રવો ભિન્ન છે, માટે ટીકામાં કહ્યું કે- પ્રવચનમાં દર્શનમોહનીય આદિના આસ્રવો ભિન્ન જ કહ્યા છે. (વિપાકના નિમિત્તો આસ્રવ છે, કેમકે આસ્રવ છે તો બંધ અને વિપાક છે. વિપાક કેવો છે એ જણાવવા जात्यान्तरानुबन्ध એવું વિપાકનું વિશેષણ મૂક્યું છે. અનુબંધનો અર્થ અનુસરણ કર્યો છે. વિપાક જાત્યંતરનું અનુસરણ કરે છે, અર્થાત્ જાત્યંતર પ્રમાણે વિપાક થાય છે. જાત્યંતર પ્રમાણે વિપાક થાય છે માટે વિપાક જાત્યંતરના અનુબંધને=અનુસરણને કરનાર છે.)

'अपवर्तनं तु' इत्यादि, લાંબી કર્મસ્થિતિને ટૂંકી કરવી તે અપવર્તન. અધ્યવસાયવિશેષથી સઘળીય પ્રકૃતિઓનું અપવર્તન સંભવે છે. અપવર્તનનું પૂર્વે વ્યાખ્યાન કર્યું જ છે એ પ્રમાણે તેનું પ્રતિપાદન કરવા માટે કહે છે- 'तदायुष्केण व्याख्यातम्' इति, અપવર્તનનું આયુષ્યકર્મ વડે (આયુષ્યનું અપવર્તન થાય છે એ જણાવવા વડે) બીજા અધ્યાયમાં (અ.૨ સૂ.૫૨ માં) વ્યાખ્યાન કર્યું છે. (૮-૨૨)

**टीकावतरणिका–** विपाकोऽनुभाव इति स्वरूपमात्रमाख्यातं, सम्प्रति तु यथा विपच्यते कर्म तथा प्रतिपादयन्नाह–

**ટીકાવતરણિકાર્થ–** (૨૨મા સૂત્રમાં) કર્મનો વિપાક એ અનુભાવ (=રસ) છે એમ વિપાકના માત્ર સ્વરૂપનું વ્યાખ્યાન કર્યું છે. હમણાં તો કર્મ જે રીતે વિપાક(=ફળ) આપે છે તે રીતે પ્રતિપાદન કરતા સૂત્રકાર કહે છે–

નામ પ્રમાણે કર્મનો વિપાક–

**स यथानाम ॥८-२३॥**

**સૂત્રાર્થ–** સર્વ કર્મોનો વિપાક(=ફળ) પોતપોતાના નામ પ્રમાણે છે. (૮-૨૩)

**भाष्यं–** सोऽनुभावो गतिनामादीनां यथानाम विपच्यते ॥८-२३॥

**ભાષ્યાર્થ–** તે રસ ગતિનામ આદિના નામ પ્રમાણે ફળ આપે છે. (૮-૨૩)

**टीका–** स विपाक उक्तलक्षणो यथानाम भवति, यथाशब्देन वीप्सावाचिनाऽव्ययीभावः, यद्यस्य नाम-संज्ञान्तरं कर्मणस्तत्तथानुरूपमेव विपच्यते, यस्माज्ज्ञानावरणादीनां सविकल्पानां प्रत्येकमन्वर्थनिर्देशः, ज्ञानमाव्रियते येन तज्ज्ञानावरणं, यद्विपच्यमानं ज्ञानाभावं विधत्त इति, इत्थं दर्शनावरणमपि सामान्योपयोगोपरोधि इतियावत्, सुखानुभावः सद्वेद्यं, दुःखानुभावोऽसद्वेद्यं, तथा तथा दर्शनमोहश्चारित्रमोहश्च, दर्शनं-तत्त्वार्थश्रद्धानलक्षणं चारित्रं-मूलोत्तरगुणभेदं तत् मोहयतीति, आयुः-जीवनं प्राणधारणं यदुदयाद्भवति तदायुः, तांस्तान् गत्यादीन् प्रशस्तान् भावान् अप्रशस्तांश्च नामयति प्रापयतीति नाम, यदुदयाद्वेदयति गतिनामाद्यनुभवतीत्यर्थः, तथा प्रतिभेदमपि गतिं नामयतीति गतिनाम, एवं जातिनामाद्यपीति, गोत्रमिति 'कै गै रै शब्दे' गोत्रं संशब्दनं, गीयते-शब्द्यते यस्योदयादुच्चैरयं पूज्यः उग्रो भोज इक्ष्वाकुरिति तदुच्चैर्गोत्रं, तथा यदुदयाद्दरिद्रोऽप्रसिद्धः अप्रतिज्ञातो गर्हितश्चाण्डालादिस्तन्नीचैर्गोत्रं, दानादीनां विघ्नमुदयाद्यस्य सोऽन्तराय इति । एनमेवार्थं भाष्येण प्रतिपादयति-सोऽनुभावो इति अनन्तरप्रस्तुतस्य विपाकस्य तच्छब्देन परामर्शः, अनुभावः कर्मणां सामर्थ्यं, गतिनामादीनामिति यद्ग्रहणं तदशेषकर्माधारताप्रदर्शनार्थं, ज्ञानावरणाद्युदयो भवति गतिजातिशरीरादि-वृत्तेर्जीवस्य, अन्यथा त्वसम्भव एवेति, सप्तम्यर्थे षष्ठी, गतिनामादीनां

गतिनामादिष्विति, गतिनामादीनां वा सर्वकर्मणां स विपाको भवति यथा नाम विपच्यते विपाकम्-उदयमासादयतीतियावत् ॥८-२३॥

**ટીકાર્થ–** જેનું લક્ષણ પૂર્વે(=૨૨મા સૂત્રમાં) કહ્યું છે તે વિપાક યથાનામ=નામ પ્રમાણે થાય છે. વીપ્સાવાચી યથાશબ્દથી અવ્યયીભાવ સમાસ છે. જે કર્મનું જે નામ છે તે કર્મનું નામ પ્રમાણે ફળ છે. કારણ કે ભેદોથી સહિત જ્ઞાનાવરણાદિ પ્રત્યેક કર્મના અર્થને અનુસરતી વ્યુત્પત્તિવાળા (બંધબેસતા અર્થવાળા) નામનો નિર્દેશ છે. જ્ઞાન જેનાથી આવરાય તે જ્ઞાનાવરણ. ફળને આપતું તે કર્મ જ્ઞાનના અભાવને કરે છે. એ પ્રમાણે દર્શનાવરણ પણ સામાન્ય ઉપયોગરૂપ દર્શનને અટકાવે છે. જે સુખનો અનુભવ કરાવે તે સાતાવેદનીય છે. જે દુઃખનો અનુભવ કરાવે તે અસાતાવેદનીય છે. દર્શન તત્ત્વભૂત પદાર્થોની શ્રદ્ધારૂપ છે. ચારિત્ર મૂલગુણ-ઉત્તરગુણરૂપ ભેદવાળું છે. તે તે રીતે દર્શનમાં અને ચારિત્રમાં મુંઝવે તે મોહ. આયુષ્ય એટલે જીવન=પ્રાણોને ધારણ કરવા. જેના ઉદયથી જીવન થાય તે આયુષ્ય. તે તે ગતિ આદિ પ્રશસ્ત અને અપ્રશસ્ત ભાવોને નમાવે=પમાડે તે નામ, અર્થાત્ જીવ ગતિનામ આદિને અનુભવે છે. તથા અવાંતર ભેદમાં પણ ગતિને નમાવે છે=પમાડે છે એથી ગતિનામ એ પ્રમાણે વ્યુત્પત્તિથી થતો અર્થ ઘટે છે. એ પ્રમાણે જાતિનામ આદિ વિષે પણ જાણવું. ગોત્ર શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે- ધાતુપાઠમાં कै गै रै शब्दे એવો ધાતુપાઠ છે. (गै ધાતુને त्र પ્રત્યય લાગીને ગોત્ર શબ્દ બન્યો છે.) गै ધાતુનો બોલવું અર્થ છે. આથી गोत्र એટલે બોલવું. જેના ઉદયથી આ ઉચ્ચ છે, પૂજ્ય છે, ઉગ્ર છે, ભોજ છે, ઈક્ષ્વાકુ છે એ પ્રમાણે બોલાવાય છે તે ઉચ્ચગોત્ર. તથા જેના ઉદયથી આ દરિદ્ર છે, અપ્રસિદ્ધ(=હલકી જાતિનો) છે, નિંદ્ય છે, ચંડાલ છે ઈત્યાદિ રીતે બોલાવાય તે નીચગોત્ર. જેના ઉદયથી દાનાદિમાં વિઘ્ન આવે તે અંતરાય. આ જ અર્થનું ભાષ્યથી પ્રતિપાદન કરે છે–

'सोऽनुभावः' इति, तद् શબ્દથી અનંતર પ્રસ્તુત વિપાકનો પરામર્શ છે. અનુભાવ એટલે કર્મોનું (ફળ આપવાનું) સામર્થ્ય.

**પ્રશ્ન–** કર્મોના ક્રમ પ્રમાણે જ્ઞાનાવરણીય કર્મ પહેલા આવે છે એથી ભાષ્યમાં ज्ञानावरणादीनाम् એમ કહેવાના બદલે गतिनामादीनाम् એમ શા માટે કહ્યું ?

**ઉત્તર–** ગતિનામ વગેરે કર્મ સઘળાય કર્મોનો આધાર છે એમ જણાવવા માટે गतिनामादीनाम् એવો ઉલ્લેખ કર્યો છે. જે જીવ ગતિ, જાતિ, શરીર આદિમાં રહેલો હોય તે જીવનો જ્ઞાનાવરણાદિ કર્મનો ઉદય થાય છે, અન્યથા જ્ઞાનાવરણાદિના ઉદયનો અસંભવ જ છે. અહીં સપ્તમીના અર્થમાં ષષ્ઠી છે. એથી गतिनामादीनाम् એટલે गतिनामादिषु એમ સમજવું. અથવા અન્વય આ પ્રમાણે છે- ગતિનામ આદિ સર્વ કર્મોનો વિપાક નામ પ્રમાણે થાય છે. विपच्यते એટલે વિપાકને=ઉદયને પામે છે. (ફળ આપવું, વિપાક થવો, ઉદયમાં આવવું, ઉદયને પામવો વગેરે શબ્દોનો તાત્પર્યાર્થ એક જ છે.) (૮-૨૩)

**टीकावतरणिका–** यदि विपाकोऽनुभावः प्रतिज्ञायते ततस्तत् कर्मानुभूतं सत् किमावरणवदवतिष्ठते उत निःसारं सत् प्रच्यवते ?, उच्यते, पीडानुग्रहावात्मनः प्रदायाभ्यवहृतौदनादिविकारवन्निवर्त्तते, अवस्थानहेत्वभावाद्, अस्यार्थस्य प्रतिपादनाय सूत्रम्–

**ટીકાવતરણિકાર્થ– પ્રશ્ન–** જો વિપાક એ અનુભાવ છે એવું સ્વીકારવામાં આવે છે તો અનુભવાઇ ગયેલું કર્મ શું આવરણવાળું(=ઢંકાયેલું) રહે છે કે નિઃસાર થયું છતું આત્મામાંથી ખરી જાય છે ?

**ઉત્તર–** તે કર્મ આત્માને પીડા કે અનુગ્રહ આપીને ખાધેલા ભાત આદિના વિકારની જેમ આત્મામાંથી નિવૃત્ત થાય છે=ખરી જાય છે. કારણ કે હવે તેને આત્મામાં રહેવાનું કોઇ કારણ નથી. આ અર્થનું પ્રતિપાદન કરવા માટે આ સૂત્ર છે–

**ફળ આપ્યા પછી કર્મની નિર્જરા–**

**ततश्च निर्जरा ॥८-२४॥**

**સૂત્રાર્થ–** કર્મનું ફળ મળ્યા પછી કર્મની નિર્જરા થાય છે. (૮-૨૪)

**भाष्यं–** ततश्चानुभावात्कर्मनिर्जरा भवतीति । निर्जरा क्षयो वेदनेत्येकार्थम् । अत्र चशब्दो हेत्वन्तरमपेक्षते । तपसा निर्जरा चेति वक्ष्यते ॥८-२५॥

**ભાષ્યાર્થ–** તે અનુભાવ પછી કર્મનિર્જરા થાય છે. નિર્જરા, ક્ષય, વેદના એ પ્રમાણે એક અર્થ છે. અહીં च શબ્દ અન્ય હેતુની અપેક્ષા રાખે છે. તપથી નિર્જરા અને સંવર થાય છે એમ (અ.૯ સૂ.૩માં) કહેશે. (૮-૨૪)

**टीका–** ततश्चेति विरामार्था पञ्चमी, ततो–विपाकात् कर्मणो विरमणं–परिशटनं भवति, ततश्चानुभावादित्यादि भाष्यं, तस्मादनुभावात् विपाकलक्षणात् कर्मणः–ज्ञानावरणादेर्निर्जरा–परिपतनमात्मप्रदेशेभ्यो भवति, निर्जराशब्दार्थमाचष्टे–निर्जरा क्षयो वेदनेति, निर्जरणं निर्जरा, हानिरित्यर्थः, क्षयो–विनाशः परिणतेर्विगमः, वेदना–रसानुभवः आकर्मपरिणामं फलोपभोगपरिसमाप्तेः, इतिकरणाच्छाटव्यपगमपातप्रच्युत्यादयो निर्जराशब्दार्थाः परिज्ञेयाः, सा च द्विविधा–विपाकजा अविपाकजा च, विपाक उदयः, उदीरणा त्वविपाकः, अत्राद्या संसारोदधौ परिप्लवमानस्यात्मनः शुभाशुभस्य कर्मणो विपाककालप्राप्तस्य यथायथमुदयावलिकाश्रोतसि पतितस्य फलोपभोगादुपजाते स्थितिक्षये या निवृत्तिः सा विपाकजा निर्जरा, यत् पुनः कर्माप्राप्तविपाककालमौपक्रमिकक्रियाविशेषसामर्थ्यादनुदीर्णं बलादुदीर्योदयावलिकामनुप्रवेश्य वेद्यते, पनसतिन्दुकाम्रफलपाकवत्, सा त्वविपाकजा निर्जरा, आह च–

"तारीकरणं ताम्रस्य शोषणस्तेमने मृदः क्रमशः ।
आम्रपरिपाचनं वा काले तेषूपदृष्टान्ताः ॥१॥"

यथासङ्ख्यमेते सङ्क्रमस्थित्युदीरणासु योज्याः, अत्र सूत्रे चशब्दो हेत्वन्तरमपेक्षते, विपाकहेतुका निर्जरेत्येको हेतुः, अस्मादन्यो हेतुः

हेत्वन्तरं तत्-प्रदर्शनायाह-तपसा निर्जरा चेति नवमेऽध्याये अभिधास्यते संवराधिकारे तपसा द्वादशप्रकारेण संवरश्च भवति निर्जरा चेति तपो निर्जराहेतुरतो निमित्तान्तरसमुच्चयार्थश्चशब्दः, इह चाष्टमे कर्मविरमणार्थं निर्जराग्रहणं, नवमे संवरार्थमिति ॥८-२४॥

**ટીકાર્થ–** ततश्च એ પ્રમાણે પંચમી વિભક્તિ વિરમવાના અર્થમાં છે. (જેમકે चैत्रः पापाद् विरमते) વિપાક પછી(=ફળ મળ્યા પછી) કર્મનું વિરમણ=પરિશટન(=ક્ષય) થાય છે.

'ततश्चानुभावाद्' इत्यादि, ભાષ્ય છે. વિપાકરૂપ અનુભાવ પછી જ્ઞાનાવરણાદિ કર્મની આત્મપ્રદેશોથી નિર્જરા=પરિપતન થાય છે. નિર્જરા શબ્દના અર્થને કહે છે- 'निर्जरा क्षयो वेदना' इति નિર્જરવું તે નિર્જરા, અર્થાત્ હાનિ થવી. ક્ષય=વિનાશ, પરિણામનું(=ફળનું) દૂર થવું. વેદના એટલે કર્મના પરિણામ સુધી=ફળના ઉપભોગની સંપૂર્ણ સમાપ્તિ થાય ત્યાં સુધી રસનો અનુભવ થવો. ઇતિ શબ્દનો પ્રયોગ કરવાથી શાટ, વ્યપગમ, પાત, પ્રચ્યુતિ વગેરે નિર્જરા શબ્દના અર્થો જાણવા. નિર્જરા વિપાકજ અને અવિપાકજ એમ બે પ્રકારે છે. વિપાક એટલે ઉદય. અવિપાક એટલે ઉદીરણા. તેમાં સંસારસમુદ્રમાં ડૂબકી મારનારા આત્માના વિપાકકાળને પામેલા, ઉચિત રીતે ઉદયાવલિકાના પ્રવાહમાં પડેલા શુભાશુભ કર્મના ફળના ઉપભોગથી સ્થિતિનો ક્ષય થયે છતે કર્મની જે નિવૃત્તિ તે પહેલી વિપાકજ નિર્જરા છે. જે કર્મ વિપાકકાળને પ્રાપ્ત થયું નથી તેથી ઉદયમાં આવ્યું નથી તેને ઉપક્રમ સંબંધી ક્રિયાવિશેષના સામર્થ્યથી બળાત્કારે ઉદીરણા કરીને ઉદયાવલિકામાં પ્રવેશ કરાવીને ફણસ, તિંદુક, આમ્રફળના પાકની જેમ વેદાય(=અનુભવાય) તે અવિપાકજ નિર્જરા છે. કહ્યું છે કે- તાંબાની ચાંદી કરવી, ભિનામાં(=તડકો ન આવતો હોય તેવા સ્થાનમાં) માટીને સૂકવવી, અકાળે(=જલદી) આંબાને પકાવવા સંક્રમ, સ્થિતિ, ઉદીરણાનાં ઉપદૃષ્ટાંતો છે. (૧) સંક્રમ આદિનાં દૃષ્ટાંતોની સાથે યથાસંખ્ય યોજના કરવી. [સંક્રમમાં તાંબાની ચાંદી કરવી, સ્થિતિમાં(=સ્થિતિવૃદ્ધિમાં)

ભિનામાં માટીને સુકવવી, ઉદીરણામાં અકાળે(=જલદી) આંબાને પકવવા એમ ક્રમશઃ ઘટાડવું.]

અહીં च શબ્દ અન્ય હેતુની અપેક્ષા રાખે છે. વિપાકના કારણે નિર્જરા થાય એ એક હેતુ છે. આનાથી બીજો હેતુ તે હેત્વંતર. અન્ય હેતુને બતાવવા માટે કહે છે- તપથી નિર્જરા અને સંવર થાય એમ નવમા અધ્યાયમાં સંવરના અધિકારમાં કહેશે. સંવરના અધિકારમાં બાર પ્રકારના તપથી સંવર અને નિર્જરા થાય છે. એથી તપ નિર્જરાનો હેતુ છે. આથી અન્ય નિમિત્તના સમુચ્ચય માટે च શબ્દ છે. અહીં આઠમા અધ્યાયમાં કર્મોને અટકાવવા માટે નિર્જરા શબ્દનું ગ્રહણ કર્યું છે. નવમા અધ્યાયમાં સંવર માટે નિર્જરા શબ્દનું ગ્રહણ કર્યું છે. (૮-૨૪)

**भाष्यावतरणिका–** उक्तोऽनुभावबन्धः । प्रदेशबन्धं वक्ष्यामः ।

**ભાષ્યાવતરણિકાર્થ–** રસબંધ કહ્યો. (હવે) પ્રદેશબંધ કહીશું.

**टीकावतरणिका–** उक्तोऽनुभावबन्धः । प्रदेशबन्धं वक्ष्याम इति प्रतिजानीते, तत्प्रदर्शनायाह–

**ટીકાવતરણિકાર્થ–** રસબંધ કહ્યો. (હવે) પ્રદેશબંધ કહીશું એમ પ્રતિજ્ઞા કરે છે. પ્રદેશબંધને બતાવવા માટે કહે છે–

**પ્રદેશબંધનું વર્ણન–**

**नामप्रत्ययाः सर्वतो योगविशेषात् सूक्ष्मैकक्षेत्रावगाढस्थिताः सर्वात्मप्रदेशेष्वनन्तानन्तप्रदेशाः ॥८-२५॥**

**સૂત્રાર્થ–** નામનિમિત્તક=પ્રકૃતિનિમિત્તક, સર્વતરફથી, યોગવિશેષથી, સૂક્ષ્મ, એકક્ષેત્રાવગાઢ, સ્થિર, સર્વઆત્મપ્રદેશોમાં, અનંતાનંત-પ્રદેશવાળા અનંતા કર્મસ્કંધો બંધાય છે. (૮-૨૫)

**भाष्यं–** नामप्रत्ययाः पुद्गला बध्यन्ते । नाम प्रत्यय एषां त इमे नामप्रत्ययाः । नामनिमित्ता नामहेतुका नामकारणा इत्यर्थः । सर्वत-स्तिर्यगूर्ध्वमधश्च बध्यन्ते । योगविशेषात् कायवाङ्मनःकर्मयोगविशेषाच्च

बध्यन्ते । सूक्ष्मा बध्यन्ते न बादराः । एकक्षेत्रावगाढा बध्यन्ते, न क्षेत्रान्तरावगाढाः । स्थिताश्च बध्यन्ते, न गतिसमापन्नाः ।

सर्वात्मप्रदेशेषु सर्वप्रकृतिपुद्गलाः सर्वात्मप्रदेशेषु बध्यन्ते । एकैको ह्यात्मप्रदेशोऽनन्तैः कर्मप्रदेशैर्बद्धः । अनन्तानन्तप्रदेशाः कर्मग्रहणयोग्याः पुद्गला बध्यन्ते, न तु सङ्ख्येयासङ्ख्येयानन्तप्रदेशाः । कुतः ? अग्रहणयोग्यत्वात्प्रदेशानामिति । एष प्रदेशबन्धो भवति ॥८-२५॥

**ભાષ્યાર્થ–** નામપ્રત્યયવાળા પુદ્ગલો બંધાય છે. નામ છે પ્રત્યય જેમનું તે નામપ્રત્યયવાળા. નામ નિમિત્તે, નામ હેતુથી, નામના કારણે પુદ્ગલો બંધાય છે એવો અર્થ છે.

તિર્છું, ઉપર અને નીચે એમ બધી દિશાઓમાં પુદ્ગલો બંધાય છે.

યોગવિશેષથી અને કાયા, વચન અને મનના ક્રિયાયોગના ભેદથી કર્મબંધ થાય છે.

સૂક્ષ્મપુદ્ગલો બંધાય છે, બાદર બંધાતા નથી.

એક ક્ષેત્રમાં અવગાઢ પુદ્ગલો બંધાય છે, અન્ય ક્ષેત્રમાં અવગાઢ પુદ્ગલો બંધાતા નથી.

સ્થિત(=સ્થિર) પુદ્ગલો બંધાય છે, ગતિને પામેલા પુદ્ગલો બંધાતા નથી.

સર્વપ્રકૃતિઓના પુદ્ગલો સર્વઆત્મપ્રદેશોમાં બંધાય છે. એક એક આત્મપ્રદેશ અનંતકર્મપ્રદેશોથી(=કર્મસ્કંધોથી) બંધાયેલો છે.

કર્મગ્રહણને યોગ્ય એવા અનંતાનંત પ્રદેશોવાળા પુદ્ગલો બંધાય છે. સંખ્યાત, અસંખ્યાત, અનંતપ્રદેશવાળા સ્કંધો બંધાતા નથી. શાથી? તેવા પ્રદેશો(=સ્કંધો) ગ્રહણને યોગ્ય નથી. આ પ્રદેશ બંધ છે. (૮-૨૫)

**टीका–** अत्राष्टौ प्रश्नाः-कस्य प्रत्ययाः-कारणभूताः किंप्रत्यया वा पुद्गला बन्ध्यन्ते, एकः प्रश्नः१, जीवोऽपि तान् अनुबध्नानः पुद्गलान् किमेकेन दिक्प्रदेशेन बध्नात्युत सर्वदिक्प्रदेशैरिति ग्रहणमात्रं विवक्षितं२, सोऽपि बन्धः किं सर्वजीवानां तुल्यः आहोश्वित् कुतश्चिन्निमित्तादतुल्यः३,

किंगुणाः केवलाः पुद्गलाः बन्धास्पदं भवन्ति४, यत्र वाऽऽकाशप्रदेशे व्यवस्थिताः पुद्गलास्तत्रैवावगाढा ये जीवप्रदेशाः किं तेषामेव पुद्गलानां तत्र बन्धः ? आहोश्विज्जीवप्रदेशानवगाढगगनप्रदेशवर्त्तिनोऽपि बध्यन्ते५, किं वा स्थितिपरिणता बध्यते अथ च गतिपरिणताः६, ते च किमात्मनः सर्वप्रदेशेषु श्लिष्यन्ति७, स्कन्धा वा किं सङ्ख्येयासङ्ख्येयानन्तप्रदेशा बध्यन्ते उतानन्तानन्तप्रदेशा इति८,

एषामष्टानां प्रश्नानां क्रमेणैवाष्टाभिः सूत्रावयवैर्निराकाङ्क्षीकरणं-नामप्रत्ययाः सर्वतो योगविशेषात् सूक्ष्मा एकक्षेत्रावगाढाः स्थिताः सर्वात्मप्रदेशेष्वनन्तानन्तप्रदेशा इति नामप्रत्यया इत्यादि भाष्यं, संज्ञा नामान्वर्थं सर्वकर्म उक्तं ज्ञानावरणाद्यन्तरायपर्यवसानं तस्य प्रत्ययाः-कारणानीति षष्ठी समासो, न हि तानन्तरेण तदाख्योदयादिसम्भवो, मुक्तस्य यथाऽऽत्मनः संसारिणः, प्रथमप्रश्नः, एवं द्वितीयविकल्पः-किंप्रत्यया वेति द्वितीयभेदाश्रयेण भाष्यं, नाम प्रत्ययो येषां ते इमे नामप्रत्यया इति बहुव्रीहिः, अन्यपदार्थश्च, गतिजात्यादिभेदं नामकर्म, औदारिकशरीरादयो योगाः कर्मणो निमित्ततां प्रतिपद्यन्ते, पारम्पर्येण गत्यादयोऽपीति अतो नामकर्मकारणाः पुद्गला बध्यन्त इति । प्रत्ययशब्दस्य पर्यायशब्दाख्यापनायाह-नामनिमित्ता इत्यादि, नाम निमित्तं-हेतुः कारणमेषां ते इमे नामनिमित्तादयः, इतिशब्दः प्रकारवाची, अपरे नामप्रत्यया बन्धननाम व्याचक्षते, नामकर्मण उत्तरप्रकृतिः शरीरनामान्तर्गता बन्धननाम तत्प्रत्ययाः किल पुद्गला इति, तच्च गृहीतगृह्यमाणपुद्गलानामन्यशरीरपुद्गलैर्वा सम्बन्धो यस्य कर्मण उदयाद्भवति काष्ठद्वयभेदैकध्यकरणे जतुवदिति, अथवाऽयमर्थः-प्रत्याययतीति प्रत्ययः, नाम प्रत्ययः कर्मैषामिति नामप्रत्ययाः, नाम्नैव प्रत्याय्यन्ते यादृशाः पुद्गलाः प्रदेशबन्धस्य कारणीभवन्ति । ज्ञानावरणं दर्शनावरणमित्यादि नाम तेन नाम्ना स्वरूपमाख्यायते तेषां,

ज्ञानावरणसमर्थाः पुद्गला येन बध्यन्ते दर्शनावरणसमर्थाश्चेत्येवमन्यत्रापि योज्यं । ननु चैकाकारा एव पुद्गलाः समादीयन्ते, न तु ज्ञानावरणादिविशिष्टाः केचिद्बहिः सन्तीति ?, उच्यते, सत्यमेतत्, वयं त्विदमभिदध्महे-ज्ञानावरणादिकानां सर्वासां मूलप्रकृतीनां कर्मभेदानां सामर्थ्येन योगानां कर्मवर्गणानां ग्रहणमाम्नायते, ततः सामान्य-गृहीतानामध्यवसायविशेषात् पृथक् पृथग्ज्ञानावरणादिभेदत्वेन परिणमयत्यात्मेति ॥

सर्वतस्तिर्यगूर्ध्वमधश्च बध्यन्ते, योगविशेषात्कायवाङ्मनःकर्म-विशेषाच्च बध्यन्ते । सर्वत इति-सर्वासु दिक्षु आत्मावधिकासु व्यवस्थितान् पुद्गलानादत्ते, सप्तम्यन्तात् तसिः । एतत्प्रतिपादयन्नाह-तिर्यगूर्ध्वमधश्च बध्यन्त इति, तिर्यगष्टौ काष्ठाः ऊर्ध्वमधश्चैकैकेति, अतः सर्वासु दिक्ष्ववस्थितान् स्कन्धान् लाति, नैकदिक्प्रतिष्ठान्, सर्वजीवप्रदेशैः सर्वजीवप्रदेशस्थानितियावत्, अपरे व्याचक्षते-सर्वत इति सर्वैरात्मप्रदेशैः कर्मपुद्गलान् गृह्णाति, तृतीयान्तात् तसिः, एते चात्मप्रदेशाः शरीरिणो-जीवस्य केचिदूर्ध्वं केचिच्चाधस्तादिति, न चास्ति पुनरुक्तता दोषः, सर्वात्मप्रदेशेष्वित्यत्रानन्तानन्तप्रदेशाभिसम्बन्धादिति,

नापि सर्वेषां बन्धकानां सम्बन्धस्तुल्यः, कुतः ?, योगविशेषादित्याह, आत्मना युज्यत इति योगः-कायादिचेष्टा, योगानां विशेषो भेदः तीव्रमन्दादिकः तस्माद् योगविशेषादतुल्यं बन्धनं, एतदेवाह-कायवाङ्-मनःकर्मयोगाच्च बध्यन्त इति, कायस्य वाचो मनसश्च क्रिया-कर्म अनुष्ठानभाषणचिन्तनादिका तयाऽऽत्मनो योगः-सम्बन्धः, क्रिया-क्रियावतोः कथञ्चिदनन्यत्वात्, तस्य क्रियायोगस्य विशेषस्तीव्रस्ती-व्रतरस्तीव्रतम इत्येवं बन्धोऽपि प्रकृष्टादिभेदो मन्तव्यः ।

किंगुणाः के वेत्यत्राह-सूक्ष्मा बध्यन्ते न बादरा इति सूक्ष्मशब्दो ह्यापेक्षिकत्वाद्बहुभेदः, परमाणोरारभ्य यावदनन्तप्रदेशाः स्कन्धास्ता-

वदप्यतिसूक्ष्मत्वान्न बन्ध्या भवन्ति, अनन्तानन्तप्रदेशवर्गणायामपि भूयोऽनन्तराशिप्रदेशात् केचिद्ग्रहणयोग्याः केचिन्नेत्यतः सूक्ष्मग्रहणं, एवं क्रमेणौदारिकवैक्रिया-ऽऽहारकतैजसभाषाप्राणापानमनोवर्गणाः समुल्लङ्घ्य कर्मवर्गणायोग्याः सूक्ष्मपरिणतिरूपा एव बध्यन्ते, न बादरपरिणतिभाज इति, एवं क्रमेण सूक्ष्मपरिणतिभाजः केचिदग्रहणयोग्याः केचिद्ग्रहणयोग्याः पुनरपि केचिदग्रहणयोग्या इति ॥

पञ्चमप्रश्नप्रतिवचनार्थमाह-एकक्षेत्रावगाढा इत्यादि, एकस्मिन्-अभिन्ने क्षेत्रे जीवप्रदेशैः सह येऽवगाढा-आश्रितास्ते बध्यन्ते, यत्राकाशे जीवोऽवगाढस्तत्रैव ये कर्मयोग्याः पुद्गलास्त एव बध्यन्ते, न क्षेत्रान्तरावगाढाः, तत्र च वर्तमानास्ते रागादिस्नेहगुणयोगादात्मनि लगन्ति, न क्षेत्रान्तरावगाढाः, तद्भावपरिणामाभावादनाश्रितानामिति ।

षष्ठप्रश्नोत्तरमाह, स्थिता इत्यादि, स्थिता एव बध्यन्ते, चशब्द-स्यावधारणार्थत्वात्, सामर्थ्यलभ्यमर्थं दर्शयति-न गतिसमापन्ना, वेगितत्वादिति ।

सप्तमप्रश्नप्रतिभेदायाह-सर्वात्मप्रदेशेष्वित्यादि, सर्वे च ते आत्मप्रदेशास्तेषु, आश्रवाणामविशेषात् सर्वात्मनि श्लिष्यन्ति, सर्वात्मप्रदेशेषु बद्ध्यन्त इति, पुनरेकैकस्य कर्मणो ज्ञानावरणादेर्योग्याः पुद्गलाः कियन्त एकैकस्मिन्नात्म-प्रदेशे बध्यन्त इति स्पष्टं विवृणोति । एकैको हीत्यादि, असङ्ख्येयप्रदेशात्मनो जीवस्य एकैकप्रदेशोऽनन्तैर्ज्ञानावरणकर्मस्कन्धैर्बद्धः, एवं दर्शनावरणादि-कर्मप्रदेशैरिति, प्रदेशशब्दः स्कन्धवचनः, प्रकृष्टा देशा बहवो यत्र स्कन्धेष्विति निर्वचनात् ।

अष्टमप्रश्नभेदायाह-अनन्तानन्तप्रदेशा इति, अनन्ते राशौ भूयोऽनन्त-पुद्गलप्रक्षेपादनन्तानन्ता इति व्यपदेशः, ते चात्मन एकैकस्मिन् प्रदेशे ज्ञानावरणादिपुद्गला अनन्तान्तप्रदेशाः कर्मवर्गणायोग्या बध्यन्ते, श्लेष-मुपयान्तीत्यर्थः, अयोग्यास्तु न बध्यन्ते इति तत्प्रतिपादनायाह-न तु सङ्ख्येयासङ्ख्येयानन्तप्रदेशा इति, नैव सङ्ख्येयादिप्रदेशा बध्यन्त इति,

कुत एतदित्याह-अग्रहणयोग्यत्वात् प्रदेशानामिति, प्रदेशानां-स्कन्धानामेवम्विधानामग्रहणयोग्यत्वादिति । सम्प्रति उपसंहरति-एष प्रदेशबन्धो भवतीति, एतत् प्रदेशबन्धस्य स्वरूपमित्यर्थः ॥८-२५॥

**ટીકાર્થ–** અહીં આઠ પ્રશ્નો છે.

(૧) પુદ્ગલો(=કર્મદલિકો) કોનું કારણ છે? અથવા શાના કારણે પુદ્ગલો બંધાય છે? આ એક પ્રશ્ન છે.

(૨) પુદ્ગલોને બાંધતો જીવ પણ પુદ્ગલોને એક દિશા પ્રદેશથી બાંધે છે? સર્વ દિશા પ્રદેશોથી બાંધે છે? આ પ્રમાણે માત્ર ગ્રહણ વિવક્ષિત છે. આથી જ્યાં જ્યાં બંધાય છે એવા પ્રયોગના સ્થાને ગ્રહણ કરે છે એમ સમજવું.

**ભાવાર્થ-** આત્મા પુદ્ગલોને(=કર્મપુદ્ગલોને) કોઇ એક દિશામાંથી ગ્રહણ કરે છે? કે સર્વ દિશાઓમાંથી ગ્રહણ કરે છે? આ બીજો પ્રશ્ન છે.

(૩) તે બંધ પણ શું સર્વ જીવોનો તુલ્ય છે? કે કોઈક નિમિત્તથી અતુલ્ય છે?

**ભાવાર્થ-** સઘળા જીવો એકસરખા પુદ્ગલો ગ્રહણ કરે છે? કે વધારે-ઓછા પણ ગ્રહણ કરે છે? આ ત્રીજો પ્રશ્ન છે.

(૪) કયા ગુણવાળા કેવળ પુદ્ગલો બંધને યોગ્ય થાય છે? અર્થાત્ સ્થૂલપુદ્ગલો બંધને યોગ્ય છે? કે સૂક્ષ્મ પુદ્ગલો બંધને યોગ્ય છે? આ ચોથો પ્રશ્ન છે.

(૫) કર્મપુદ્ગલો જે આકાશપ્રદેશોમાં રહેલા છે ત્યાં જ અવગાહીને(=આશ્રય કરીને) રહેલા જે જીવપ્રદેશો તે જીવપ્રદેશોમાં તે જ કર્મપુદ્ગલોનો બંધ થાય? કે જીવપ્રદેશોને અવગાહીને ન રહ્યા હોય તેવા આકાશપ્રદેશોમાં રહેલા પણ કર્મપુદ્ગલોનો બંધ થાય?

**ભાવાર્થ-** કયા સ્થળે રહેલા કર્મપુદ્ગલોને જીવ ગ્રહણ કરે છે? આ પાંચમો પ્રશ્ન છે.

(૬) સ્થિતિપરિણત કર્મપુદ્ગલો બંધાય છે ? કે ગતિપરિણત પુદ્ગલો બંધાય છે ?

**ભાવાર્થ-** જીવ ગતિમાન કર્મપુદ્ગલોને ગ્રહણ કરે છે ? કે સ્થિત કર્મપુદ્ગલોને ગ્રહણ કરે છે ? આ છઠ્ઠો પ્રશ્ન છે.

(૭) આત્માના સર્વપ્રદેશોમાં કર્મપુદ્ગલોનો સંબંધ થાય છે ?

**ભાવાર્થ-** ગ્રહણ કરેલા કર્મપુદ્ગલોને આત્માના અમુક જ પ્રદેશોમાં સંબંધ થાય છે ? કે સઘળા પ્રદેશોમાં ? આ સાતમો પ્રશ્ન છે.

(૮) સંખ્યાત, અસંખ્યાત, અનંત પ્રદેશો બંધાય છે ? કે અનંતાનંત પ્રદેશો બંધાય છે ?

**ભાવાર્થ-** એકી સાથે કેટલા પ્રદેશવાળા સ્કંધોનો બંધ થાય છે ? આ આઠમો પ્રશ્ન છે.

આ આઠ પ્રશ્નોના ક્રમશઃ આઠ સૂત્રાવયવોથી ઉત્તર આપ્યા છે. તે આ પ્રમાણે- नामप्रत्ययाः ૧, सर्वतः ૨, योगविशेषाद् ૩, सूक्ष्माः ૪, एकक्षेत्रावगाढाः ૫, स्थिताः ૬, सर्वात्मप्रदेशेषु ૭, अनन्तानन्तप्रदेशाः ૮.

## ઉત્તર-૧

'नामप्रत्ययाः' ઈત્યાદિ ભાષ્ય છે. નામ એટલે સંજ્ઞા. જ્ઞાનાવરણથી પ્રારંભી અંતરાય સુધીના સર્વકર્મોનું નામ અન્વર્થ(=નામની વ્યુત્પત્તિથી સિદ્ધ થતા અર્થવાળું) કહ્યું છે. નામના પ્રત્યયો=કારણો તે नामप्रत्ययाः ષષ્ઠી તત્પુરુષ સમાસ છે. (બંધાયેલા કર્મપુદ્ગલોનું જ્ઞાનાવરણીય આદિ નામ નિશ્ચિત થાય છે. માટે કર્મપુદ્ગલો નામનાં કારણ છે. કર્મપુદ્ગલો વિના કર્મના નામનો ઉદય(=કર્મનું નામ પડવું) વગેરેનો સંભવ નથી. જેવી રીતે સંસારી આત્માના નામનો સંભવ છે તે રીતે મુક્ત જીવના નામનો સંભવ નથી. આ પ્રથમ પ્રશ્ન છે=પ્રથમ પ્રશ્નનો ઉત્તર છે.

અહીં किंप्रत्यया वा એવો બીજો વિકલ્પ છે, અર્થાત્ શાના કારણે કર્મપુદ્ગલો બંધાય છે ? એવો બીજો વિકલ્પ છે. ભાષ્ય બીજા ભેદના આધારે છે. નામ છે પ્રત્યય(=કારણ) જેમનો તે नामप्रत्ययाः આ પ્રમાણે

બહુવ્રીહિ સમાસ છે. (અહીં નામ શબ્દથી તે તે કર્મનું નામ એમ સમજવું.) અહીં બીજો અર્થ પણ છે. (બીજા અર્થમાં નામથી નામકર્મ સમજવું.) ગતિ, જાતિ આદિ ભેદવાળું નામ છે પ્રત્યય(=કારણ) જેમને તે નામપ્રત્યયાઃ, ઔદારિકશરીર વગેરે યોગો કર્મના (કર્મબંધના) નિમિત્ત છે અને પરંપરાએ ગતિ આદિ ભેદો પણ કર્મના નિમિત્ત છે. આથી નામકર્મરૂપ કારણવાળા પુદ્ગલો બંધાય છે. (પહેલા વિકલ્પમાં બંધાયેલા પુદ્ગલોના કારણે કર્મનું તે તે નામ થાય છે એવો અર્થ છે. બીજા વિકલ્પમાં નામકર્મ પ્રદેશબંધનું કારણ છે એવો અર્થ છે.

પ્રત્યય શબ્દના પર્યાય શબ્દોને જણાવવા માટે કહે છે- 'नामनिमित्ता' इत्यादि, નામ છે નિમિત્ત હેતુ-કારણ જેમનું તે નામનિમિત્ત ઇત્યાદિ. इति શબ્દ પ્રકારવાચી છે.

બીજાઓ नामप्रत्यया: એટલે બંધનનામકર્મ એમ કહે છે. બંધનનામ નામકર્મની શરીરનામની અંતર્ગત ઉત્તરપ્રકૃતિ છે. પુદ્ગલો(=પુદ્ગલોનો બંધ) બંધનનામકારણવાળા છે=બંધનનામ કારણ છે જેમનું તેવા છે. જેમ જતુ(=લાખ) કાષ્ઠના બે ભેદોનો એક ભેદ કરે છે=કાષ્ઠના બે ટુકડાઓને જોડીને એક કરે છે તેમ ગ્રહણ કરેલા અને ગ્રહણ કરાતા પુદ્ગલોનો શરીરના અન્ય પુદ્ગલોની સાથે સંબંધ જે કર્મના ઉદયથી થાય તે બંધનનામકર્મ.

અથવા नामप्रत्यया: એ પદનો આ અર્થ છે- જે જણાવે તે પ્રત્યય. નામ છે પ્રત્યય જેમનો તે नामप्रत्यय જેવા પુદ્ગલો પ્રદેશબંધના કારણ(=યોગ્ય) બને છે તે પુદ્ગલો નામથી જ જણાય છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ ઇત્યાદિ નામ છે. તે નામથી જ (પ્રદેશબંધનું કારણ બને તેવા) પુદ્ગલોનું સ્વરૂપ જણાય છે. જેનાથી જ્ઞાનને આવરવામાં સમર્થ પુદ્ગલો બંધાય તે જ્ઞાનાવરણ. જેનાથી દર્શનને આવરવામાં સમર્થ પુદ્ગલો બંધાય તે દર્શનાવરણ. આ પ્રમાણે અન્ય કર્મનામમાં પણ યોજવું.

**પૂર્વપક્ષ–** પુદ્ગલો એક સરખા જ ગ્રહણ કરાય છે. બહાર જ્ઞાનાવરણ આદિથી વિશિષ્ટ કોઇ પુદ્ગલો નથી.

**ઉત્તરપક્ષ–** તમારું કથન સત્ય છે. પણ અમે આ કહીએ છીએ. પ્રસ્તુતમાં યોગના સામર્થ્યથી જ્ઞાનાવરણાદિ સઘળીય મૂલપ્રકૃતિઓના કર્મભેદોની(=કર્મભેદોને યોગ્ય હોય તેવી) કાર્મણવર્ગણાઓનું ગ્રહણ વિચારાય છે. સામાન્યથી ગ્રહણ કરેલા કર્મપુદ્‌ગલોને અધ્યવસાયવિશેષથી અલગ અલગ જ્ઞાનાવરણ આદિ ભેદરૂપે આત્મા પરિણમાવે છે.

## ઉત્તર-૨

તિર્છું, ઉપર અને નીચે એમ બધી દિશાઓમાં બંધાય છે અને યોગવિશેષથી=કાયિક, વાચિક, માનસિક ક્રિયાવિશેષથી બંધાય છે. 'सर्वतः' इति, આત્મા જ્યાં રહેલો છે ત્યાં સુધીની બધી દિશાઓમાં રહેલા પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. સપ્તમી અંતવાળા સર્વ શબ્દથી तस् પ્રત્યય છે. આનું પ્રતિપાદન કરવા માટે કહે છે- 'तिर्यगूर्ध्वमधश्च बध्यन्ते' इति તિર્છી આઠ દિશાઓ, ઉપર-નીચે એક એક, આથી સર્વ દિશાઓમાં રહેલા સ્કન્ધોને ગ્રહણ કરે છે, નહિ કે એક જ દિશાઓમાં રહેલાઓને, અર્થાત્ સર્વ જીવપ્રદેશોથી સર્વજીવપ્રદેશો જેટલા સ્થાનમાં છે તેટલા સ્થાનમાં રહેલા પુદ્‌ગલોને ગ્રહણ કરે છે.

બીજાઓ આ પ્રમાણે કહે છે- सर्वतः એટલે સર્વઆત્મપ્રદેશોથી પુદ્‌ગલોને ગ્રહણ કરે છે. ત્રીજી વિભક્તિના અંતવાળા સર્વ શબ્દથી तस् પ્રત્યય છે. આ આત્મપ્રદેશો કોઇક શરીરધારી જીવના ઉપરના ભાગમાં અને કોઇક જીવના નીચેના ભાગમાં રહેલા છે.

**પૂર્વપક્ષ–** સર્વથી એટલે સર્વઆત્મપ્રદેશોથી એવો અર્થ કરવા પુનરુક્તિ દોષ છે. કારણકે सर्वात्मप्रदेशेषु એ પદનો સર્વઆત્મપ્રદેશોથી એવો અર્થ કર્યો છે.

**ઉત્તરપક્ષ–** सर्वात्मप्रदेशेषु એ પદનો સર્વઆત્મપ્રદેશોથી એવો અર્થ નથી. કારણ કે सर्वात्मप्रदेशेषु એ પદનો अनन्तान्तप्रदेशाः એ પદની સાથે સંબંધ છે. એથી અર્થ આ પ્રમાણે થાય- સર્વાત્મપ્રદેશોમાં અનંતાનંત કર્મપુદ્‌ગલો બંધાય છે.

## ઉત્તર-૩

સર્વ બંધકોનો બંધ સમાન નથી. એના ઉત્તરમાં કહે છે- योगविशेषाद् આત્માની સાથે જોડાય તે યોગ. કાયાદિનો વ્યાપાર યોગ છે. વિશેષ એટલે ભેદ. યોગોનો તીવ્ર-મંદ વગેરે ભેદ તે યોગવિશેષ. તે યોગવિશેષથી બંધ સમાન નથી. આને જ કહે છે- 'कायवाङ्मनःकर्मयोग-विशेषाच्च बध्यन्ते' इति, કાયાનું, વચનનું અને મનનું અનુક્રમે આચરણ, ભાષણ અને ચિંતન વગેરે કર્મ=ક્રિયા તેની સાથે આત્માનો યોગ=સંબંધ તે ક્રિયાયોગનો તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ એવો જે વિશેષ(=ભેદ) તે વિશેષના કારણે બંધ પણ પ્રકૃષ્ટ વગેરે ભેદવાળો જાણવો.

**પૂર્વપક્ષ–** ક્રિયા અને ક્રિયાવાન આત્મા એ બંને અલગ છે. તેથી ક્રિયાની તરતમતાથી આત્મામાં થતા બંધમાં તરતમતા કેવી રીતે થાય ?

**ઉત્તરપક્ષ–** ક્રિયા અને ક્રિયાવાન્ કથંચિત્ એક છે=ક્રિયા અને ક્રિયાવાન એક હોવાના કારણે તેથી ક્રિયાયોગના ભેદના કારણે આત્મામાં થતો બંધ પણ પ્રકૃષ્ટાદિ ભેદવાળો થાય.

## ઉત્તર-૪

પુદ્‌ગલો કયા ગુણવાળા અથવા કયા બંધાય એ વિષે કહે છે–

પુદ્‌ગલો સૂક્ષ્મ બંધાય છે, બાદર બંધાતા નથી. સૂક્ષ્મ શબ્દ અપેક્ષા-વાળો હોવાથી ઘણા ભેદવાળો છે. પરમાણુથી આરંભી જ્યાં સુધી અનંતપ્રદેશવાળા સ્કંધો છે ત્યાં સુધી પણ અતિસૂક્ષ્મ હોવાથી સ્કંધો બંધને યોગ્ય નથી. અનંતાનંત પ્રદેશવાળી વર્ગણામાં પણ ફરી અનંત રાશિપ્રદેશવાળા સ્કંધ સુધી કેટલાક સ્કંધો ગ્રહણ યોગ્ય છે, કેટલાક ગ્રહણ યોગ્ય નથી. આથી 'સૂક્ષ્મ'નું ગ્રહણ કર્યું છે. એ પ્રમાણે ક્રમથી ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, ભાષા, પ્રાણાપાન, મનોવર્ગણાઓને ઓળંગીને સૂક્ષ્મપરિણામવાળા જ કર્મવર્ગણાયોગ્ય સ્કંધો બંધાય છે. બાદર પરિણામવાળા સ્કંધો બંધાતા નથી. આ પ્રમાણે ક્રમથી

સૂક્ષ્મપરિણામવાળા કોઈક સ્કંધો ગ્રહણને અયોગ્ય છે, કોઈક ગ્રહણને યોગ્ય છે. ફરી પણ કોઈક ગ્રહણને અયોગ્ય છે.

### ઉત્તર-૫

પાંચમા પ્રશ્નના ઉત્તર માટે કહે છે–

'एकक्षेत्रावगाढा' इत्यादि, જીવપ્રદેશોની સાથે એકક્ષેત્રમાં રહેલા સ્કંધો બંધાય છે. જે આકાશમાં(=આકાશ પ્રદેશમાં) જીવ રહેલો છે ત્યાં જ જે કર્મયોગ્ય પુદ્ગલો છે તે જ બંધાય છે. અન્યક્ષેત્રમાં રહેલા પુદ્ગલો બંધાતા નથી. ત્યાં રહેલા તે પુદ્ગલો રાગાદિ સ્નેહગુણના યોગથી આત્મામાં લાગે છે. અન્ય ક્ષેત્રમાં રહેલા પુદ્ગલો આત્મામાં લાગતા નથી. કેમકે (આત્માના) આશ્રય વિના રહેલા પુદ્ગલોમાં રાગાદિ સ્નેહભાવનો પરિણામ હોતો નથી.

### ઉત્તર-૬

છઠ્ઠા પ્રશ્નના ઉત્તરને કહે છે–

'स्थिता' इत्यादि, च શબ્દનો અવધારણ અર્થ હોવાથી સ્થિર જ બંધાય છે. સામર્થ્યથી પ્રાપ્ત અર્થને બતાવે છે- ગતિને પામેલા બંધાતા નથી. કેમકે વેગવાળા છે. (વેગવાળા પુદ્ગલો ઝડપથી ત્યાંથી પસાર થઈ જાય તેથી ન બંધાય.)

### ઉત્તર-૭

સાતમા પ્રશ્નના પ્રતિભેદ(=પ્રત્યુત્તર) માટે કહે છે–

'सर्वात्मप्रदेशेषु' इत्यादि આસ્રવો સમાન હોવાથી સર્વઆત્મ-પ્રદેશોમાં=સંપૂર્ણઆત્મામાં પુદ્ગલો સંબંધને પામેલા છે, અર્થાત્ સર્વ-આત્મપ્રદેશોમાં પુદ્ગલો બંધાય છે. વળી જ્ઞાનાવરણાદિ એક એક કર્મને યોગ્ય પુદ્ગલો એક એક આત્મપ્રદેશમાં કેટલા બંધાય છે એ વિષે સ્પષ્ટ વિવરણ કરે છે- 'एकैको हि' इत्यादि, અસંખ્યપ્રદેશસ્વરૂપ જીવનો એક

એક પ્રદેશ અનંત જ્ઞાનાવરણના કર્મસ્કંધોથી બંધાયેલો છે. એ પ્રમાણે દર્શનાવરણાદિના અનંત કર્મપ્રદેશોથી એક એક આત્મપ્રદેશ બંધાયેલો છે. પ્રદેશ શબ્દ સ્કંધને કહેનારો છે, અર્થાત્ સ્કંધના અર્થવાળો છે. કેમકે પ્રકૃષ્ટ(=ઘણા) દેશો જેમાં છે તે પ્રદેશ એવો વ્યુત્પત્તિથી થતો અર્થ છે. સ્કંધોમાં ઘણા દેશો હોય છે.

## ઉત્તર-૮

આઠમા પ્રશ્નને ભેદવા(=ઉત્તર આપવા) માટે કહે છે–

'अनन्तानन्तप्रदेशाः' इति, અનંત રાશિમાં ફરી અનંત પુદ્ગલોનો પ્રક્ષેપ કરવાથી અનંતાનંત એવો વ્યવહાર કરાય છે. આત્માના એક એક પ્રદેશમાં કર્મવર્ગણાને યોગ્ય હોય તેવા પ્રદેશવાળા જ્ઞાનાવરણાદિના પુદ્ગલો બંધાય છે=આત્માની સાથે સંબંધને પામે છે. અયોગ્ય પુદ્ગલો બંધાતા નથી. તેથી તેનું પ્રતિપાદન કરવા માટે કહે છે- 'न तु सङ्ख्येयासङ्ख्येयानन्तप्रदेशाः' इति, સંખ્યાત પ્રદેશવાળા વગેરે પુદ્ગલો બંધાતા નથી. આ શાના કારણે છે તે કહે છે- 'अग्रहणयोग्यत्वात् प्रदेशानाम्' इति કેમકે આવા પ્રકારના પ્રદેશો=સ્કંધો ગ્રહણને યોગ્ય નથી. હવે ઉપસંહાર કરે છે- 'एष प्रदेशबन्धो भवति' इति, આ પ્રદેશબંધનું સ્વરૂપ છે એવો અર્થ છે. (૮-૨૫)

**भाष्यावतरणिका–** सर्वं चैतदष्टविधं कर्म पुण्यं पापं च । तत्र–

**ભાષ્યાવતરણિકાર્થ–** આઠ પ્રકારનું આ સઘળું કર્મ પુણ્યરૂપ અને પાપરૂપ છે. તેમાં–

**टीकावतरणिका–** सर्वं चैतदित्यादिः सम्बन्धग्रन्थः, सर्वमिति सोत्तरप्रकृतिकमष्टप्रकारं ज्ञानावरणाद्यन्तरायपर्यवसानं पौद्गलं कर्म द्विधा विभज्यते-पुण्यं पापं च, शुभं कर्म पुण्यं, अशुभं पापमिति, तत्र द्विप्रकारे कर्मणि (पुण्यकर्म) प्राशस्त्याच्छुभमेवाभिधीयते, तन्निरूपणेन यच्छेषं तत् पापमित्यर्थाद्गण्यते, अतः सूत्रम्–

**ટીકાવતરણિકાર્થ–** सर्वं चैतद् ઇત્યાદિ ગ્રંથ આગળના સૂત્રની સાથે સંબંધ જોડવા માટે છે. 'सर्वम्' इति, ઉત્તરપ્રકૃતિઓથી સહિત જ્ઞાનાવરણથી પ્રારંભી અંતરાય સુધીનું સઘળું પૌદ્‌ગલિકકર્મ પુણ્ય અને પાપ એમ બે પ્રકારનું છે. શુભકર્મ પુણ્ય છે અને અશુભકર્મ પાપ છે. બે પ્રકારના કર્મમાં પ્રશસ્ત હોવાથી શુભ જ કહેવાય છે. જે શેષ(=બાકીનું) છે તે પાપ છે એમ અર્થથી કહેવાય છે, અર્થાત્ શેષ પાપ છે એમ શબ્દથી કહેવાની જરૂર રહેતી નથી, અર્થથી જ એ સિદ્ધ થઇ જાય છે. આથી સૂત્ર આ છે–

**પુણ્યપ્રકૃતિઓનો નિર્દેશ–**

## सद्वेद्यसम्यक्त्वहास्यरतिपुरुषवेदशुभायुर्नामगोत्राणि पुण्यम् ॥८-२६॥

**સૂત્રાર્થ–** સાતાવેદનીય, સમ્યક્ત્વમોહનીય, હાસ્ય, રતિ, પુરુષવેદ, શુભઆયુષ્ય, શુભનામ અને શુભગોત્ર એ પુણ્ય છે=પુણ્યપ્રકૃતિઓ છે. (૮-૨૬)

**भाष्यं–** सद्वेद्यं भूतव्रत्यनुकम्पादिहेतुकम्, सम्यक्त्ववेदनीयं केवलि-श्रुतादीनां वर्णवादादिहेतुकम्, हास्यवेदनीयं रतिवेदनीयं पुरुषवेदनीयं, शुभमायुष्कं मानुषं दैवं च, शुभनाम गतिनामादीनां, शुभं गोत्रमुच्चैर्गोत्रमित्यर्थः । इत्येतदष्टविधं कर्म पुण्यम्, अतोऽन्यत्पापम् ॥८-२६॥

इति तत्त्वार्थाधिगमसूत्रे स्वोपज्ञभाष्यसमेतेऽष्टमोऽध्यायः समाप्तः ॥८॥

**ભાષ્યાર્થ–** ભૂતઅનુકંપા અને વ્રતીઅનુકંપા આદિ જેનું કારણ છે તે સાતાવેદનીય, કેવળી-શ્રુત આદિનો વર્ણવાદ વગેરે જેનું કારણ છે તે સમ્યક્ત્વમોહનીય, હાસ્યવેદનીય, રતિવેદનીય, પુરુષવેદનીય, મનુષ્યનું અને દેવનું શુભ આયુષ્ય, ગતિનામ આદિ શુભનામ, શુભગોત્ર= ઉચ્ચગોત્ર આ આઠ પ્રકારનું કર્મ પુણ્યરૂપ છે, આનાથી બીજું પાપરૂપ છે. (૮-૨૬)

**टीका—** तत्र सद्वेद्यं सुखरूपेणानुभवनीयं, तदुपादानहेतवः प्रागुक्ताः, कारणानुरूपं कार्यं भवतीति स्मरयति 'भूतव्रत्यनुकम्पा दानं सरागसंयमादि योगः क्षान्तिः शौचमिति सद्वेद्यस्य', सम्यक्त्ववेदनीयं तत्त्वार्थश्रद्धानाकारेण अनुभवनीयं, तदपि केवलिश्रुतसङ्घधर्मदेवानां वर्णवादादिहेतुकं, वर्णः-कीर्तिः, यशः-सद्भूतगुणोद्भावनं, भक्तिः पूजा पर्युपासनं आदिग्रहणात्, ते हेतवो यस्य तत्तद्धेतुकं हास्यवेदनीयं हास्याकारेणैवानुभवनीयं, एवं रतिवेदनीयं प्रीत्याकारेण, पुरुषवेदनीयं पुरुषाकारेणेति, शुभायुर्नाम-गोत्राणीति, शुभशब्दः प्रत्येकमभिसम्बन्ध्यते, तत्र शुभमायुष्कं मानुषं दैवं च, भाष्यकाराभिप्रायः, कर्मप्रकृतिग्रन्थानुसारिणस्तु तिर्यगायुरपि शुभमाचक्षते, यदि च तत्तथा ततश्चशब्देनानुकृष्यते, शुभनाम गतिनामादीनां मध्यादुद्धर्त्तव्यं सप्तत्रिंशत्प्रकारं, शुभं गोत्रमाचष्टे-उच्चैर्गोत्रमित्यर्थः, एवमेतदुच्चैर्गोत्रान्तं सद्वेद्यादिकमष्टविधं पुण्यसंज्ञितं, अर्थाल्लभ्यं व्युदसनीयं दर्शयति-अतोऽन्यत् पापमिति ॥

कर्मप्रकृतिग्रन्थानुसारिणस्तु द्विचत्वारिंशत्प्रकृतीः पुण्याः कथयन्ति, तद्यथा-सद्वेद्यं तिर्यङ्मनुष्यदेवायूंषि मनुष्यदेवगती पञ्चेन्द्रियजातिः शरीराणि पञ्च समचतुरस्रं संस्थानं वज्रर्षभनाराचसंहननं अङ्गोपाङ्गत्रयं प्रशस्तवर्णगन्धरसस्पर्शा मनुष्यदेवानुपूर्व्यौ अगुरुलघुः पराघातं उच्छ्वासः आतप उद्योतः प्रशस्तविहायोगतिः त्रसबादरपर्याप्तप्रत्येकस्थिरशुभ-सुभगसुस्वरआदेययशःकीर्तिपर्यवसानाः शुभाः निर्माणं तीर्थकर उच्चैर्गोत्रैः सहेति, आसां च मध्ये सम्यक्त्वहास्यरतिपुरुषवेदा न सन्त्येवेति कोऽभिप्रायो भाष्यकृतः ? को वा कर्मप्रकृतिग्रन्थप्रणिधीनामिति सम्प्रदायविच्छेदान्मया तावन्न व्यज्ञायीति, चतुर्दशपूर्वधरास्तु संविद्रते यथावदिति निर्दोषं व्याख्यानं, द्व्यधिकाशीतिरपुण्यप्रकृतीनां, तद्यथा-पञ्च ज्ञानावरणानि नव दर्शनावरणानि असद्वेद्यं मिथ्यात्वं षोडश कषायाः नव नोकषायाः नरकायुः नरकतिर्यग्गती एकद्वित्रिचतुरिन्द्रियजातयः

आद्यवर्जानि संस्थानानि पञ्च संहननानि पञ्चैव अप्रशस्तवर्णगन्धरसस्पर्शाः नारकतिर्यग्गत्यानुपूर्व्युपघातनामअप्रशस्तविहायोगतिस्थावरसूक्ष्मापर्याप्तक-साधारणास्थिराशुभदुर्भगदुःस्वरानादेयायशःकीर्तय इति, तथा नीचैर्गोत्रं पञ्चविधमन्तरायमिति, सम्यक्त्वादिषूभयथा दर्शनात् संशेते मनः,

सातं तिर्यग्नृसुरायूंषि शरीराणि पञ्च मनुजगतिः ।
देवगतिः पञ्चेन्द्रियताङ्गोपाङ्गानि सर्वाणि ॥१॥

वज्रर्षभनाराचं समचतुरस्रं च तीर्थकरनाम ।
स्पर्शरसगन्धवर्णविहायोगतयः प्रशस्ताश्च ॥२॥

अगुरुलघुपराघातोच्छ्वासोद्योतातपश्च निर्माणं ।
उच्चैर्गोत्रं नरदेवगतिप्रायोग्यानुपूर्व्यौ च ॥३॥

प्रत्येकदेहबादरपर्याप्तादेयसुस्वरत्रसताः ।
स्थिरशुभसुभगयशांसि शुभसंज्ञाः प्रकृतयः प्रोक्ताः ॥४॥

सम्यक्त्वहास्यरतिनरवेदानां पुण्यतामुशन्त्येके ।
न तथा पुनस्तदिष्टं मोहत्वात् देशघातित्वात् ॥५॥

केवलवर्जज्ञानावृद्विघ्नं नोकषायसञ्ज्वलनाः ।
अवधिदृगनक्षिनेत्रावरणानि च देशघातीनि ॥६॥

दृग्ज्ञानावृन्मोहानां शेषं सर्वघातिकर्मोक्तं ।
घाति प्रतिघाति किञ्चित् (किञ्चिद)घात्यन्यदुपदिष्टम् ॥७॥

आचष्टं, अपरस्त्वाहरति-

सम्यक्त्वस्य हास्यादीनां, पुंवेदस्य च पुण्यतां ।
मोहनीयमिति भ्रान्त्या, केचिन्नेच्छन्ति तच्च न ॥१॥

सर्वमष्टविधं कर्म, पुण्यं पापं च निर्वृतं ।
किं कर्मव्यतिरिक्तं स्याद्यस्य पुण्यत्वमिष्यतां ॥२॥

शुभायुर्नामगोत्राणि, सद्वेद्यं चेति चेन्मतं ।
सम्यक्त्वादि तथैवास्तु, प्रसादनमिहात्मनः ॥३॥
पुण्यं प्रीतिकरं सा च, सम्यक्त्वादिषु पुष्कला ।
मोहत्वं तु भवावन्ध्यकारणादुपदर्शितं ॥४॥
मोहो रागः स च स्नेहो, भक्तिरागः स चार्हति ।
रागस्यास्य प्रशस्तत्वान्मोहत्वेऽपि न मोहतेति ॥५॥८-२६॥
इति तत्त्वार्थवृत्तौ बन्धभेदनिरूपकोऽष्टमोऽध्यायः ॥

॥ इति हरिभद्राचार्योद्धृतायां तत्रैवानात्र(०वान्य)कर्तृकायां तत्त्वार्थ-टीकायां अष्टमोऽध्यायः समाप्तः ॥

**ટીકાર્થ–** જે સુખ રૂપે અનુભવવા યોગ્ય છે તે સાતાવેદનીય છે. તેના ઉપાદાનમાં(=બંધનાં) કારણો પૂર્વે કહ્યાં છે. કારણને અનુરૂપ(=કારણ પ્રમાણે) કાર્ય થાય છે. આથી ઉપાદાનનાં કારણોને યાદ કરાવે છે- ભૂત-અનુકંપા, વ્રતીઅનુકંપા, દાન, સરાગસંયમ, સંયમાસંયમ, અકામ-નિર્જરા, બાલતપ, ક્ષમા અને શૌચ એ સાતાવેદનીય કર્મના આસ્રવો છે. (અ.૬ સૂ.૧૩)

જે તત્ત્વભૂત પદાર્થોની શ્રદ્ધારૂપે અનુભવવા યોગ્ય છે તે સમ્યક્ત્વ-વેદનીય છે. તેના પણ કેવલી, શ્રુત, સંઘ, ધર્મ, દેવોનો વર્ણવાદ વગેરે આશ્રવો છે. આદિ શબ્દના ગ્રહણથી વર્ણ એટલે કીર્તિ, યશ, ભક્તિ, પૂજા, ઉપાસનાનું ગ્રહણ કરવું. યશ એટલે સદ્ભૂત ગુણોને પ્રગટ કરવા.

જે હાસ્યરૂપે જ અનુભવવા યોગ્ય છે તે હાસ્યવેદનીય છે. એ પ્રમાણે જે પ્રીતિરૂપે અનુભવવા યોગ્ય છે તે રતિવેદનીય છે. જે પુરુષરૂપે અનુભવવા યોગ્ય છે તે પુરુષવેદનીય છે. 'शुभायुर्नामगोत्राणि' इति, શુભ શબ્દનો પ્રત્યેકની સાથે સંબંધ છે. તેમાં મનુષ્યનું અને દેવનું આયુષ્ય શુભ છે એમ ભાષ્યકારનો અભિપ્રાય છે. 'કર્મપ્રકૃતિ' ગ્રંથને અનુસરનારાઓ તો તિર્યંચ આયુષ્યને પણ શુભ કહે છે. જો તિર્યંચ આયુષ્ય શુભ હોય તો च શબ્દથી તિર્યંચ આયુષ્યનું અનુકર્ષણ કરાય.

ગતિનામ આદિમાંથી સાડત્રીસ (૩૭) પ્રકારના શુભનામનો ઉદ્ધાર કરવો=શુભનામનું ગ્રહણ કરવું. શુભગોત્રને કહે છે- અર્થાત્ ઉચ્ચગોત્ર શુભ છે. આ પ્રમાણે સાતાવેદનીયથી પ્રારંભી ઉચ્ચગોત્ર સુધીના આઠ પ્રકારના કર્મની પુણ્ય એવી સંજ્ઞા છે.

અર્થાપત્તિથી જે કર્મો બાદ કરવા યોગ્ય છે તે કર્મને કહે છે- 'अतोऽन्यत् पापम्' इति આનાથી અન્ય કર્મ પાપરૂપ છે. 'કર્મપ્રકૃતિ' ગ્રંથને અનુસરનારાઓ તો બેતાલીસ (૪૨) પ્રકૃતિઓને પુણ્ય કહે છે. તે આ પ્રમાણે- સાતાવેદનીય, તિર્યંચ-મનુષ્ય-દેવના આયુષ્યો, મનુષ્યગતિ-દેવગતિ, પંચેન્દ્રિયજાતિ, પાંચ શરીરો, સમચતુરસ્રસંસ્થાન, વજ્ર-ઋષભનારાચસંહનન, ત્રણ અંગોપાંગો, પ્રશસ્ત વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, મનુષ્યઆનુપૂર્વી, દેવઆનુપૂર્વી, અગુરુલઘુ, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, પ્રશસ્તવિહાયોગતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય, યશકીર્તિ સુધીની શુભ પ્રકૃતિઓ, નિર્માણ, તીર્થંકર અને ઉચ્ચગોત્ર. આ પ્રકૃતિઓમાં સમ્યક્ત્વ, હાસ્ય, રતિ, પુરુષવેદ નથી જ. આથી ભાષ્યકારનો આમાં શો અભિપ્રાય છે ? અથવા 'કર્મપ્રકૃતિ' ગ્રંથને રચવાનો પ્રયાસ કરનારાઓનો શો અભિપ્રાય છે ? સંપ્રદાયનો વિચ્છેદ થવાથી મારાથી આ જાણી શકાયું નથી. ચૌદ પૂર્વધરો તો જે પ્રમાણે છે તે પ્રમાણે નિર્દોષ વ્યાખ્યાનને જાણે છે.

પાપ પ્રકૃતિઓ બ્યાસી (૮૨) છે. તે આ પ્રમાણે- ૫ જ્ઞાનાવરણ, ૯ દર્શનાવરણ, અસાતાવેદનીય, મિથ્યાત્વ, ૧૬ કષાયો, ૯ નોકષાયો, નરકાયુ, નરક-તિર્યંચગતિ, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય જાતિઓ, પ્રથમ સિવાયના પાંચ સંસ્થાન, ૫ સંહનન, અપ્રશસ્ત વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, નરક-તિર્યંચઆનુપૂર્વી, ઉપઘાત, અપ્રશસ્તવિહાયોગતિ, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અયશકીર્તિ, નીચગોત્ર, ૫ અંતરાય. એ પ્રમાણે બ્યાસી પાપ પ્રકૃતિઓ છે.

સમ્યક્ત્વ(મોહનીય) આદિ કર્મ પુણ્ય અને પાપ એમ બંને રીતે જોવામાં આવતું હોવાથી સમ્યક્ત્વ આદિમાં મન સંશયને પામે છે.

સાતા, તિર્યંચ-મનુષ્ય-દેવના આયુષ્યો, ૫ શરીર, મનુષ્ય-દેવગતિ, પંચેન્દ્રિયપણુ, સર્વ(=ત્રણ)અંગોપાંગ (૧) વજ્રઋષભનારાચ, સમચતુરસ્ર, તીર્થંકરનામ, પ્રશસ્તસ્પર્શ, રસ, ગંધ, વર્ણ, વિહાયોગતિ (૨), અગુરુલઘુ, પરાઘાત, ઉચ્છ્વાસ, ઉદ્યોત, આતપ, નિર્માણ, ઉચ્ચગોત્ર, મનુષ્ય, દેવગતિ પ્રાયોગ્ય આનુપૂર્વી (૩), પ્રત્યેકશરીર, બાદર, પર્યાપ્ત, આદેય, સુસ્વર, ત્રસપણું, સ્થિર, શુભ, સુભગ, યશ, આ પ્રકૃતિઓને પુણ્ય સંજ્ઞાવાળી કહી છે. (૪) કોઈ સમ્યક્ત્વ, હાસ્ય, રતિ, પુરુષવેદને પુણ્યરૂપે ઈચ્છે છે પણ તે તે પ્રમાણે ઈષ્ટ નથી. કેમકે દેશઘાતી મોહ છે. (૫)

કેવળજ્ઞાનાવરણ સિવાય ૪ જ્ઞાનાવરણ, ૫ અંતરાય, ૯ નોકષાય, ૪ સંજ્વલનકષાય, અવધિદર્શન, અચક્ષુદર્શન, ચક્ષુદર્શન એ ત્રણ આવરણ દેશઘાતી પ્રકૃતિઓ છે. (૬) દર્શનાવરણ, જ્ઞાનાવરણ અને મોહનીયની શેષ પ્રકૃતિઓને સર્વઘાતી કહી છે. જે ગુણોનો ઘાત કરે તે કર્મ ઘાતી છે. કોઈક કર્મ ઘાતી છે તે સિવાયનું કર્મ અઘાતી છે એમ કહ્યું છે. (૭)

બીજો તો કહે છે- સમ્યક્ત્વને, હાસ્યાદિને અને પુરુષવેદને મોહનીય છે એવી ભ્રમણાથી પુણ્યરૂપ ઈચ્છતા નથી. તે બરોબર નથી. (૧) આઠ પ્રકારનું કર્મ પુણ્યરૂપ અને પાપરૂપ સિદ્ધ થયું છે. કર્મથી અન્ય શું છે? કે જેને પુણ્યરૂપે ઈચ્છાય ? (૨) શુભઆયુષ્ય, નામ, ગોત્ર અને સાતાવેદનીય પુણ્યરૂપ છે એમ જો અભિપ્રેત(=તમારું માનવું) હોય તો તે જ પ્રમાણે સમ્યક્ત્વાદિ પુણ્યરૂપ હો. સમ્યક્ત્વાદિમાં આત્માની પ્રસન્નતા થાય છે. (૩) જે પ્રીતિને કરે તે પુણ્ય. સમ્યક્ત્વાદિમાં પ્રીતિ ઘણી હોય છે. સંસારનું અવંધ્ય(=નિષ્ફળ ન જાય તેવું) કારણ છે માટે મોહનું મોહપણું બતાવ્યું છે. (૪) મોહ એટલે રાગ. રાગ સ્નેહરૂપ છે. તે સ્નેહ અરિહંતમાં ભક્તિરાગરૂપ છે. આ રાગ પ્રશસ્ત હોવાથી મોહનીયકર્મનું મોહપણું હોવા છતાં મોહપણું નથી. (૫) (૮-૨૬)

આ પ્રમાણે તત્ત્વાર્થવૃત્તિમાં બંધભેદોનું નિરૂપણ કરનાર આઠમો અધ્યાય છે.

## ભાવાનુવાદકારની પ્રશસ્તિ


આ પ્રમાણે પ.પૂ. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજા વડે શરૂ કરાયેલી (અને છઠ્ઠા અધ્યાયના ૨૩મા સૂત્રમાં વિનયસમ્પન્નતા પદ સુધી પૂર્ણ કરાયેલી)


પછી છઠ્ઠા અધ્યાય સુધી આચાર્ય શ્રી યશોભદ્રસૂરિ વડે પૂર્ણ કરાયેલી અને ત્યાર પછી(=સાતમા અધ્યાયથી બાકી રહેલી ટીકા) તેમના શિષ્ય વડે પૂર્ણ કરાયેલી તત્ત્વાર્થાધિગમ સૂત્રની **આઠમા અધ્યાય**ની ડુપડુપિકા નામની ટીકાનો સિદ્ધાંત મહોદધિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પરમ ગીતાર્થ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર ગચ્છસ્થવિર પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિતશેખરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પંચસૂત્ર, પંચવસ્તુ, પંચાશક, ધર્મબિંદુ, યોગબિંદુ, ઉપદેશપદ, ઉપદેશમાલા (પુષ્પમાલા), શ્રાદ્ધદિનકૃત્ય, વીતરાગસ્તોત્ર, શીલોપદેશમાલા, અષ્ટક પ્રકરણ, નવપદ પ્રકરણ, યોગદૃષ્ટિ સમુચ્ચય, શ્રાવકધર્મવિધિપ્રકરણ, ચૈત્યવંદન મહાભાષ્ય, યતિલક્ષણ સમુચ્ચય, ગુરુતત્ત્વવિનિશ્ચય, સંબોધ પ્રકરણ, પ્રશમરતિ પ્રકરણ, શ્રાવક પ્રજ્ઞપ્તિ આદિ અનેક ગ્રંથોના ભાવાનુવાદકાર પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજકૃત ગુર્જર (ગુજરાતી) ભાવાનુવાદ પૂર્ણ થયો.


## પરિશિષ્ટ


| કર્મ | ઉપમા | ફળ |
|---|---|---|
| જ્ઞાનાવરણીય | (આંખના) પાટા જેવું. | વિશેષબોધરૂપ જ્ઞાન ન થાય. |
| દર્શનાવરણીય | પ્રતિહાર જેવું. | સામાન્યબોધરૂપ જ્ઞાન ન થાય. |
| વેદનીય | મધથી લેપાયેલ અસિના તીક્ષ્ણ ધાર જેવું. | સુખ-દુઃખનો અનુભવ, સુખ પણ પરિણામે દુઃખ આપનાર બને. |
| મોહનીય | મદિરાપાન જેવું. | વિવેક અને હિતપ્રવૃત્તિ નહિ. |
| આયુષ્ય | બેડી જેવું. | મનુષ્યગતિ આદિમાં રહેવું પડે. |
| નામ | ચિત્રકાર જેવું. | ગતિ, જાતિ આદિ વિકાર પ્રાપ્ત થાય. |
| ગોત્ર | કુલાલ (કુંભાર) જેવું. | ઉચ્ચ-નીચનો વ્યવહાર થાય. |
| અંતરાય | ભંડારી જેવું. | દાન આદિમાં અંતરાય કરે. |


# વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખર



















































## ...રસૂરીશ્વરજી મહારાજા આદિએ કરેલું સાહિત્ય સર્જન




(બે ભાગ)

Tejas Printers
AHMEDABAD M. 98253 47620